


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



FRIDAY, 15 November, 2019 Vol. 15, No. 46 Pages 30+10 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## બે ધર્મો વચ્ચેના સદીઓ જૂના વિવાદનો અધ્યાય સંપન્ન... બોલો...

# ।। સિયાવર રામચંદ્ર કી જય ।।

## મંદિર : વિવાદિત ૨.૭૭ એકર ભૂમિ રામલલ્લાની, મંદિર બનાવવા માટે ટ્રસ્ટની રચના થશે

## મસ્જિદ : અયોધ્યામાં બીજી જગ્યાએ મસ્જિદ બનાવવા પાંચ એકર જમીન મુસ્લિમોને અપાશે



### કરોડો શ્રદ્ધાળુઓ સાથે સંકળાયેલા સુપ્રીમના ચુકાદાના મહત્ત્વના તારણ

1 બાબરી મસ્જિદ ખાલી જમીન પર બની નહોતી. મસ્જિદની નીચે એક વિશાળ માળકું આવેલું હતું એએસઆઈના ખોદકામમાં મળેલી કલાકૃતિઓ ઈસ્લામિક નથી.

2 ૧૮૫૭ પહેલા મુસ્લિમો વિવાદાસ્પદ સ્થળે નમાઝ અદા કરતા હોવાનું પુરવાર થતું નથી, બાહ્મય પરિસરના રામ ચબૂતરા અને સીતા રસોઈ અંગે હિન્દુઓના કબજાના પુરાવા.

3 અયોધ્યા રામનું જન્મસ્થાન હોવાનો કોઈએ વિરોધ કર્યો નથી, વિવાદિત સ્થળે હિંદુઓ પૂજા કરતાં હોવાનું પૂરવાર, હિંદુ મસ્જિદના ગુંબજને જ રામજન્મ સ્થાન માનતા હોવાની આસ્થાના પુરાવા.

4 કાયદા અંતર્ગત રામલ્લા વિરાજમાનને ન્યાયિક વ્યક્તિત્વ ગણી શકાય છે. જેને દાવો કરવાનો અથવા તો તેના પર દાવો માંડવાનો અધિકાર છે.

5 ૧૦૪૫ પાના ચુકાદામાં ૯૨૯ પાના પૂરા થયા બાદ જજ દ્વારા એન્ડેડમ જોડવામાં આવ્યું હતું. સૌથી મહત્ત્વની વાત એ છે કે, ચુકાદો લખનારા જજ દ્વારા સમગ્ર ચુકાદામાં ક્યાંય સહી કરવામાં આવી નથી.

6 છેલ્લે લખવામાં આવ્યું છે કે અમે તમામ જજ એકમત છીએ. તેમ છતાં અમારામાંથી એક જજ દ્વારા આ કેસમાં વધારાના તથ્યો શોધવામાં આવ્યા છે જેને અહીં જોડ્યા છે તેના પગલે ૧૧૬ પાના એન્ડેડમ તરીકે જાયા હતા.

7 આ એન્ડેડમમાં લખાયું છે કે ૧૫૨૮ પહેલાના ધર્મગ્રંથોમાં પણ રામ જન્મભૂમિનો ઉલ્લેખ છે. તેના આધારે એટલી સાબિતી મળે છે કે હિન્દુઓ વર્તમાનમાં વિવાદિત જગ્યાને જ રામ જન્મભૂમિ માને છે.

### અયોધ્યા : પક્ષકારોની માંગણી અને સુપ્રીમ કોર્ટનો ન્યાય

| હિન્દુ પક્ષ | નિર્મોહી અખાડા | મુસ્લિમ પક્ષ |
|---|---|---|
| શું માગ્યું | શું માગ્યું | શું માગ્યું |
| જમીનનો સંપૂર્ણ અધિકાર | મંદિર ઉપર નિયંત્રણ | જમીનમાંથી હક દાવો ફગાવવામાં ન આવે |
| શું મળ્યું | શું મળ્યું | શું મળ્યું |
| જમીનનો સંપૂર્ણ અધિકાર | અરજી ફગાવી દેવાઈ | વૈકલ્પિક પાંચ એકર જમીન આપવામાં આવી |

૨૦૧૦માં અલ્હાબાદ હાઈકોર્ટે જમીનના ત્રણ ભાગ કરવાનો ચૂકાદો આપ્યો હતો.

### પુરાતત્ત્વ વિભાગના રિપોર્ટમાં શું નિષ્કર્ષ

1 બાબરી મસ્જિદનું નિર્માણ ખાલી જમીન પર કરાયું નહોતું

2 મંદિર તોડીને મસ્જિદ બનાવી હોવાના પૂરતા પુરાવા નથી.

3 ખોદકામ કરતી વખતે મળેલી કલાકૃતિઓ ઈસ્લામિક નહોતી.

### રામલલાને ન્યાયિક વ્યક્તિ ગણાવ્યા

સુપ્રીમ કહ્યું કે, કાયદા અંતર્ગત હિન્દુ દેવતાને ન્યાયિક વ્યક્તિત્વ ગણી શકાય છે. જેને દાવા કરવાનો અથવા તો તેના પર દાવો માંડવાનો અધિકાર છે. હિન્દુ દેવતાને ન્યાયિક વ્યક્તિ ગણાવવાની આ આ ઘટના અસામાન્ય છે.

## સુપ્રીમ કોર્ટમાં ૪૦ દિવસ ચાલેલી સુનાવણીમાં મુખ્ય દલીલોના અંશ

### રામના જન્મસ્થળને લઈને થઈ દલીલ

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન મુસ્લિમ પક્ષના વકીલ રાજીવ ધવને કહ્યું હતું કે, વિવાદ ભગવાનના જન્મસ્થળને લઈને છે કે આખરે જન્મસ્થળ છે ક્યાં? ધવને દલીલ આપી હતી કે, ધર્મ શાસ્ત્રને લઈને જાતે જ કોઈ પરિકલ્પના કરી શકાય નહીં, આ બાબત ખોટી છે. જન્મસ્થળની દલીલ વિશ્વાસ અને આસ્થા પર આધારિત છે અને જો આ દલિલને સ્વિકારી લેવામાં આવી તો તેની વ્યાપક અસર થશે.

### રામના જન્મસ્થળના દાવાનો વિરોધ નથી : સુપ્રીમ કોર્ટ

કોર્ટે કહ્યું છે કે, એએસઆઈએ દર્શાવી શક્યું નથી કે અહીં મંદિર તોડીને જ મસ્જીદ બનાવવામાં આવી હતી. અયોધ્યામાં રામના જન્મસ્થળના દાવાનો કોઈએ વિરોધ કર્યો નથી. વિવાદીત સ્થળ પર હિંદુ પૂજા કરતા હતાં. આ સ્થળનું ક્રોસ એક્ઝામિનેશન કરવામાં આવ્યા બાદ પણ હિંદૂ દાવો ખોટો ઠર્યો નથી. હિંદુ મુખ્ય ગુંબજ ને જ રામનું જન્મસ્થળ માને છે. રામલલ્લાએ ઐતિહાસિક ગ્રંથોનું વિવરણ રજુ કર્યું હતું. હિંદુ પરિક્રમા પણ કરવામાં આવે છે. ચબુતરો, સીતા રસોઈ, ભંડારાને લઈને પણ દાવાનુ પુષ્ટિ થાય છે. ઉલ્લેખનીય છે કે, ઐતિહાસિક સ્કંદ પૂરાણ, પદ્મ પુરાણનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

### ખાલી જમીન પર નહોતી બની મસ્જિદ : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, અમે એએસઆઈના ખોદકામથી હાથ લાગેલા પુરાવાને નજર અંદાજ કરીને જોઈ ના શકીએ. હાઈકોર્ટનો નિર્ણય સંપૂર પારદર્શિતા સાથે થયો હતો. બાબરી મસ્જીદનું નિર્માણ ખાલી જગ્યા પર થયુ હતુ, જમીનની નીચનો ઢાંચો ઇસ્લામિક નહોતો. મસ્જિદની નીચે એક વિશાળ સંરચના હતી. એએસઆઈએ ૧૨મી સદીનું મંદિર જણાવ્યું હતું. જ્યારે મુસ્લીમ પક્ષની સતત દલીલ હતી કે, કોર્ટે એએસઆઈના અહેવાલ પર વિશ્વાસ ના કરવો જોઈએ. જોકે કોર્ટે કહ્યું હતું કે, જમીનની નીચેથી મળી આવેલી વિશાળ સંરચનાથી હિંદુઓના દાવાને ફગાવી ના શકાય.

### મસ્જિદ ક્યારે બની તેનાથી કોઈ ફરક નહીં

શિયા વિરૂદ્ધ સુન્ની કેસમાં એક મતેથી નિર્ણય લેવામાં આવ્યો હતો. શિયા વક્ફ બોર્ડની અપીલ ફગાવી દેવામાં આવી. તેમણે કહ્યું હતું કે, મસ્જિદ ક્યારે બની તેનાથી કોઈ જ ફરક નથી પડતો. ૨૨-૨૩ ડિસેમ્બરે ૧૯૪૯ના રોજ મૂર્તિ રાખવામાં આવી હતી. એક વ્યક્તિની આસ્થા બીજાનો અધિકાર છીનવી ના શકે. નમાજ પઢવાના સ્થળને અમે મસ્જિદ માનવાનો ઈનકાર નથી કરતા. સાથે જ જજે એમ પણ કહ્યું હતું કે આ જમીન સરકારી છે.

# વિવાદિત સ્થળે રામ મંદિર પર સુપ્રીમની મહોર

**અયોધ્યામાં જમીન અધિકાર મુદ્દે પાંચ સદીઓથી ચાલતા વિવાદનો અંતઃ જમીની હક રામલલાને, મસ્જિદ માટે અલગ પાંચ એકર જમીન આપવા આદેશ**

અયોધ્યામાં પાંચ સદીઓથી ચાલતા રામજન્મભૂમિ વિવાદ અંગે શનિવારે ભારતની સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. જેમાં ભારતના ચીફ જસ્ટિસ રંજન ગોગોઇના નેતૃત્વ હેઠળની પાંચ જજની બંધારણીય બેન્ચે સર્વસંમતિથી આપેલા આ ચુકાદામાં સુપ્રીમે હિંદુ સિવાય કોઇ પક્ષકારોને વિવાદિત જમીનના એક્સક્લુસિવ અધિકાર આપ્યાં નથી. કોઇપણ પક્ષના ટાઇટલ ક્લેઇમની તરફેણ કરવાના બદલે સુપ્રીમ કોર્ટે એક્વિઝિશન ઓફ સર્ટેઇન એરિયા એટ અયોધ્યા એક્ટ, ૧૯૯૩ અંતર્ગત ૨.૭૭ એકરની વિવાદાસ્પદ અને તેની આસપાસની ૬૭ એકર જમીન સંપાદિત કરનાર કેન્દ્ર સરકારને રામમંદિરનાં નિર્માણ અને સંપત્તિના મેનેજમેન્ટ માટે ૩ મહિનામાં એક સ્કીમ તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો. સરકાર આ પ્રોપર્ટી નવા રચાયેલા ટ્રસ્ટને સંપત્તિની સોંપણી ન કરે ત્યાં સુધી તેનો કબજો સરકાર પાસે રહેશે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, સુન્ની વક્ફ બોર્ડને મસ્જિદના નિર્માણની સ્વતંત્રતા સાથે પાંચ એકર જમીન આપવા પણ કેન્દ્ર સરકારને આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ૧૯૩૪ના રમખાણો, ૨૨-૨૩ ડિસેમ્બર ૧૯૪૯ની રાત અને ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ મસ્જિદ તોડી પાડીને મુસ્લિમોને ૧૫૦૦ ચોરસવારની મસ્જિદમાંથી બહાર હાંકી કઢાયાં હતાં. સુપ્રીમ કોર્ટ બંધારણના આર્ટિકલ ૧૪૨માં તેને અપાયેલા અધિકાર અંતર્ગત જે ખોટું કરાયું છે તેને સુધારવા પ્રતિબદ્ધ છે. ચીફ જસ્ટિસે ચુકાદો વાંચી સાંભળતા જણાવ્યું હતું કે, કાયદાના શાસનને પ્રતિબદ્ધ એવા બિનસાંપ્રદાયિક દેશમાં મસ્જિદથી વિમુખ કરી દેવાયેલા મુસ્લિમોના અધિકારની અવગણના ન્યાય નહીં ગણાય. કોર્ટે તેના ચુકાદામાં નોંધ્યું હતું કે, ૧૬મી સદીમાં બાબરી મસ્જિદનું નિર્માણ થયું ત્યારથી ૧૮૫૭ સુધી વિવાદિત સ્થળના આંતરિક પરિસર પર પોતાનો કબજો રહ્યો હતો તેવું પુરવાર કરતો કોઇ પુરાવો મુસ્લિમો રજૂ કરી શક્યાં નથી. બીજીતરફ બાબરી મસ્જિદનું નિર્માણ કરાયું હતું તે જ રામજન્મ સ્થાન છે તેવી આસ્થાને સમર્થન આપતાં દસ્તાવેજી અને મૌખિક પુરાવા રજૂ કરાયાં છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ૧૮૫૭માં બ્રિટિશરો દ્વારા ઔધ અમલી બનાવાયા પહેલાં રામ ચબૂતરા અને સીતા રસોઇ આવેલી છે તે બાહ્ય પરિસરમાં હિંદુઓ દ્વારા પૂજા થતી હોવાના પુરાવા છે. હિંદુઓ બાહ્ય પરિસરનો કબજો ધરાવતા હોવાનું પૂરવાર થાય છે. સુપ્રીમ કોર્ટે બાબરી મસ્જિદનું નિર્માણ ખાલી જમીન પર કરાયું નહોતું તેવી ભારતીય પુરાતત્વ વિભાગ (એએસઆઇ) ની દલીલ સ્વીકારી હતી.

**ચીફ જસ્ટિસ રંજન ગોગોઇનાં નેતૃત્વ હેઠળની પાંચ જજની બંધારણીય બેન્ચ દ્વારા ચૂકાદો અપાતા મંદિરના નિર્માણનો માર્ગ મોકળો બન્યો**



## નવા ભારતમાં કડવાશ, નકારાત્મકતા તેમજ ભય માટે કોઈ જગ્યા નથી : મોદી

નવી દિલ્હી: અયોધ્યા જમીનવિવાદને મામલે સુપ્રીમ કૉર્ટે શનિવારે ચુકાદો આપ્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નવા ભારતના નિર્માણ માટે લોકોને કડવાશ, ભય અને નકારાત્મકતા ત્યજી દેવાની વિનંતી કરી હતી. સુપ્રીમ કૉર્ટે આપેલા ચુકાદાનો સમાજના તમામ વર્ગના લોકોએ ખુલ્લા હૃદયથી સ્વીકાર કર્યો હોવાની બાબત ભારતના વિવિધતામાં એકતાના મૂળ મંત્રને સાકાર કરતી હોવાનું જણાઈ રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું. આવો નવી સવારની નવી શરૂઆત કરીએ, એમ તેમણે કહ્યું હતું. સુપ્રીમ કૉર્ટના ચુકાદા બાદ રાષ્ટ્રને સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે જે રીતે સમાજના તમામ વર્ગના લોકોએ સુપ્રીમ કૉર્ટના ચુકાદાને આવકાર્યો છે તે ભારતની મિત્રતા અને કોમી સંવાદિતાની પ્રાચીન પરંપરાનું પ્રતિબિંબ પ



ડે છે. વિવિધતામાં એકતાનો ભારતનો મૂળ મંત્ર આજે તેની સમગ્રતયામાં દૃષ્ટિગોચર થઈ રહ્યો છે, એમ તેમણે કહ્યું હતું. પાંચ ન્યાયાધીશની બનેલી સુપ્રીમ કૉર્ટની ખંડપીઠે સર્વાનુમતીથી આ ચુકાદો આપ્યો હોવા અંગે તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો. ભારતના નવનિર્માણ માટે શાંતિ, એકતા અને મિત્રતા જરૂરી હોવાનું જણાવી તેમણે ૯ નવેમ્બરને દરેક પ્રકારની કડવાશ દૂર કરવાનો દિવસ લેખાવ્યો હતો. બનવાજોગ બર્લિનની દીવાલ તોડી પાડવામાં આવી હતી અને પૂર્વ અને પશ્ચિમ જર્મની ફરી એક થયા હતા તેની ૩૦મી જયંતીના દિવસે જ રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ જમીનવિવાદના રાજકીય રીતે સંવેદનશીલ મુદ્દે સુપ્રીમ કૉર્ટેનો ઐતિહાસિક ચુકાદો આવી પડ્યો હતો.

## રામમંદિરની તરફેણ, વર્ષોથી ચાલતી ખોટી રાજનીતિ બંધ થઈ જશે : કોંગ્રેસ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે અયોધ્યામાં રામમંદિર બાંધવા મુદ્દે આપવામાં આવેલા ચુકાદાને કોંગ્રેસે આવકાર્યો હતો. કોંગ્રેસે કહ્યું હતું પાર્ટી અયોધ્યામાં રામમંદિર બને તેની તરફેણ કરે છે. કોંગ્રેસ પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો કોઈ વ્યક્તિ, ગ્રૂપ, સમુદાય કે રાજકીય પક્ષોને જશ કે અપજશ આપવાનો મુદ્દો નથી. કોંગ્રેસની વર્કિંગ કમિટીએ પક્ષનાં વડા સોનિયા ગાંધીનાં વડપણ હેઠળ પસાર કરેલા ઠરાવમાં દેશમાં સર્વધર્મ સમભાવ અને એકતાનાં મૂલ્યો જાળવવા અને શાંતિ જાળવવા સૌને અનુરોધ કરાયો હતો. તમામ પક્ષો અને સમુદાયને શાંતિ અને ભાઈચારાનાં ઉચ્ચ મૂલ્યો જાળવવા અપીલ કરી હતી. સુપ્રીમના પાંચ જજીસની બંધારણીય બેન્ચે તેમનાં સર્વસંમત ચુકાદામાં વિવાદિત જમીન રામજન્મભૂમિ ટ્રસ્ટને



ફાળવી છે. જ્યારે મુસ્લિમોને મસ્જિદ બાંધવા માટે ૫ એકર વૈકલ્પિક જમીન આપવા આદેશ આપ્યો છે. કોંગ્રેસ વર્કિંગ કમિટીએ તેનાં નિવેદનમાં જણાવ્યું હતું કે, સુપ્રીમના ચુકાદાનું તે સન્માન કરે છે. અમે તમામ સમુદાયને ધર્મનિરપેક્ષ મૂલ્યો જાળવવા અને બંધારણનાં મૂલ્યોની જાળવણી સાથે શાંતિ અને એકતા માટે અપીલ કરીએ છીએ. એકબીજાનું સન્માન જાળવીને આપણા સમાજે સ્થાપેલા વર્ષો જૂના મૂલ્યોનું જતન કરવા અને એકતા જાળવવા અમારી સૌને અપીલ છે. સૂરજેવાલાએ કહ્યું કે રામ વચન અને મર્યાદા માટે ત્યાગનાં પ્રતીક છે. સત્તા ભોગવવા માટેનાં નહીં. વ્યક્તિ અને કોઈ પક્ષો વખતોવખત શ્રીરામના નામે રાજકારણ રમતા હતા. સુપ્રીમ કોર્ટે તેના ચુકાદાથી કાયમ માટે તેના પર પૂર્ણ વિરામ મૂક્યું છે.

## ગુજરાતમાં તલાટીકાકાની રામમંદિર માટે બાધા : આજીવન મૌન વ્રત પાળ્યું

અમદાવાદ: રામમંદિર અયોધ્યામાં જ બને તે માટે ગુજરાત અનેક લોકોએ આકરી બાધાઓ રાખી હતી. બાધા રાખનારા તેવા જ એક કાર્યકર એટલે પેઈન્ટર રમેશ તલાટી. રમેશ તલાટીએ પોતાના જીવનના ૨૦ વર્ષ સુધી મૌન ધારણ કર્યું હતું. આખરે તેમના મૃત્યુના ૯ વર્ષ બાદ રામમંદિર માટે તેમણે રાખેલી બાધા પૂર્ણ થશે, તેવી આશા આ ચુકાદાથી બંધાઈ છે. આ મામલે પ્રદેશ ભાજપ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, રામમંદિર માટે અનેક લોકોએ પોતાનું બલિદાન આપ્યું હશે. અનેક તપસ્વી લોકોએ સંઘર્ષ કર્યો હશે. તે સહુને વંદન કરું છું. સ્વ. રમેશભાઈ તલાટી-ભાજપ ખાનપુર કાર્યાલયમાં રહેતા, વૉલ પેઈન્ટિંગ કરતાં, બૅનરો બનાવતા અને ભૂખ્યા વધુ રહેતા. સતત વિચાર અને બીડી તેમનો ખોરાક. હમેશાં સફેદ ઝભ્ભો-લેંઘો પહેરેલ લાગણીશીલ વ્યક્તિ, તેમને બધા ‘તલાટીકાકા’ કહીને બોલાવતા હતા.

## આરએસએસ કાર્યાલય પર નીરવ શાંતિ

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના મણીનગર સ્થિત કાર્યાલય પર શનિવારે નિરવ શાંતિ જોવા મળી હતી. સવારથી પોલીસ બંદોબસ્ત વચ્ચે કાર્યાલયમાં રૂટિન કાર્યવાહી થઈ હતી. કાર્યકરો પૃચ્છા કરવા આવતા હતા. પરંતુ કાર્યાલય મંત્રી કે કોઈપણ અગ્રણી મીડિયાને મળ્યા નહોતા. સૂત્રોએ જણાવ્યા મુજબ બે દિવસ પહેલાં જ વર્ગ લઇ મિડિય સામે કોઇ નિવેદન ન આપવાની સ્પષ્ટ સુચના હોવાથી નેતાઓએ કંઇ ન બોલવામાં જ શાણપણ માન્યું હતું. કાર્યાલય પર મિઠાઇ ખવડાવી કે ફટકડા ફોડી કોઇ ઉજવણી પણ કરાઈ નહોતી.

## ૯ વર્ષ પછી ગુજરાતમાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ મો મીઠું કર્યું

અમદાવાદ : કેબિનેટ કક્ષાના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ઓફિસમાં ટેબલ ઉપર હંમેશા મીઠાઈ ભરેલી ડીશ રાખેલી હોય છે શિક્ષણ મંત્રીને આવનારા તમામ લોકોને તેઓ મોઢું મીઠું કરાવે છે પરંતુ બાપુના નામથી જાણીતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા મીઠાઈ ખાતા નથી કારણ કે તેઓએ બાધા રાખી હતી કે રામ મંદિર બનાવવાનો નિર્ણય આવશે નહિ ત્યાં સુધી તેઓ મિઠાઇ ખાશો નહીં. છેલ્લા ત્રણ દાયકાથી નિયમિત રીતે સોમનાથ મહાદેવ તથા મા અંબાજી ના મંદિરે તેમજ ભાવનગરના ખોડીયાર માતાના મંદિરે ભુપેન્દ્ર સિંહ દર્શન કરવા જાય છે સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યા બાદ ભુપેન્દ્રસિંહ ની બાધા પૂર્ણ થઈ છે. ચુકાદો આવ્યા બાદ તુરંત જ ચુડાસમાએ પોતાની આસપાસના લોકોનું મોઢું મીઠું કરાવ્યું હતું અને પોતે પણ મોં મીઠું કરીને પોતાની બાધા પૂર્ણ કરી છે.

## ચૂકાદા પછી દેશમાં શાંતિ : ૯૦ની ધરપકડ, સોશિયલ મીડિયાની હજારો પોસ્ટ સામે પગલાં

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટ દ્વારા સદીઓ જૂના અયોધ્યા કેસનો ચૂકાદો અપાયા પછીનો દિવસ દેશભરમાં શાંતિપૂર્ણ રહ્યો. દેશમાં એક પણ અનિચ્છનીય ઘટના બની નથી. હિન્દુ અને મુસ્લીમ પક્ષોએ દેશમાં સૌહાર્દપૂર્ણ વાતાવરણ જાળવી રાખ્યું. ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોવાલે દેશમાં કોમી શાંતિ જાળવી રાખવા લોકોને સમજાવવા રવિવારે હિન્દુ અને મુસ્લિમ ધર્મગુરૂઓ સાથે બેઠક યોજી હતી. આ દરમિયાન પોલીસે શાંતિનું વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરનારા ૯૦ લોકોની ધરપકડ કરી હતી. અયોધ્યા ચૂકાદાને પગલે દેશભરમાં શાંતિનું વાતાવરણ ડહોળાય નહીં તે માટે અયોધ્યા અને દેશભરમાં પોલીસે સોશિયલ મીડિયા પર ચાંપતી નજર રાખી હતી. તંત્રએ શાંતિપૂર્ણ વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરવા બદલ ૮,૦૦૦થી વધુ સોશિયલ મીડિયા પોસ્ટ સામે કાર્યવાહી કરી હતી અને ૯૦થી વધુ લોકોની ધરપકડ કરી હતી. તંત્ર દ્વારા સુપ્રીમ કોર્ટના ચૂકાદા પછી ફેસબૂ, ટ્વીટર, વોટ્સએપ, યુટયુબ પર સતત ચાંપતી નજર રાખવામાં આવી હતી. ગૃહ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે ચૂકાદા પછી દેશમાં ક્યાંય પણ અનિચ્છનીય બનાવ બન્યો નથી. ગૃહ મંત્રી અમિત શાહ સતત બે દિવસ સુધી ટેલિફોન મારફત વિવિધ રાજ્યોના મુખ્ય મંત્રીઓના સંપર્કમાં રહ્યા હતા. ઉત્તર પ્રદેશ પોલીસે સોશિયલ મીડિયા પોસ્ટ મારફત વાતાવરણ બગાડવાના પ્રયાસ બદલ શનિવારે ૩૭ અને રવિવારે ૪૦ એમ કુલ ૭૭ લોકોની ધરપકડ કરી હતી. ઉપરાંત શનિવારે ૩૭૧૨ અને રવિવારે ૪૫૬૩ પોસ્ટ્સ સામે કાર્યવાહી કરી હતી. મધ્ય પ્રદેશમાં પણ સુપ્રીમના ચૂકાદા પછી વાંધાજનક સંદેશા પોસ્ટ કરવા અને ફટાકડા ફોડી ઊજવણી કરવા બદલ સેઓનીમાં આઠ અને ગ્વાલિયરમાં બે લોકોની ધરપકડ કરાઈ હતી. છાવણી વિસ્તારમાં ફટાકડા ફોડવા બદલ ગ્વાલિયર જેલના વોર્ડન મહેશ અવાડને સસ્પેન્ડ કરાયા હતા. અયોધ્યામાં સખત સલામતી બંદોબસ્ત વચ્ચે ભક્તોએ વિવિધ મંદિરોમાં આરતી કરી હતી. દેશમાં શાંતિનું વાતાવરણ જાળવી રાખવાના સરકારના પ્રયાસોના ભાગરૂપે અજિત દોવાલે રવિવારે હિન્દુ અને મુસ્લિમ ધર્મગુરૂઓ સાથે બેઠક કરી હતી. બંને ધર્મના બધા જ ધર્મગુરૂઓએ સમાજમાં શાંતિ અને કાયદો જાળવી રાખવા સરકારને ટેકો આપવા લોકોને વિનંતી કરી હતી.

**એનએસએ અજિત દોવાલે ધર્મગુરૂઓ સાથે બેઠક યોજી : દેશમાં શાંતિ જાળવવા માટે ગૃહમંત્રી અમિત શાહ સતત બે દિવસ સુધી વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓના સંપર્કમાં રહ્યા**

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 15 November, 2019 Vol. 15, No. 46 Pages 30+10 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news




અયોધ્યા કેસ અંગે વિશેષ અહેવાલ માટે જુઓ પેજ નં. V, VI, VII, VIII, IX, X

સબરીમાલા કેસ સાત જજોની બેંચને સોંપાયો PAGE-17



## રાજકારણમાં ચર્ચાને ચકડોળે ચડેલા રાફેલ કેસમાં અરજદારોની દલીલ તર્કવિહિન : સુપ્રીમ

# રાફેલ સોદો કેન્દ્રને ક્લીનચીટ, રિવ્યૂ પિટિશન રદ

### • ફ્રાન્સ સાથે વિમાન ખરીદી કરારમાં તપાસ જરૂરી ન હોવાની અદાલત દ્વારા સ્પષ્ટતા

નવી દિલ્હી : ફ્રેન્ચ કંપની દસોલ્ટ પાસેથી ૩૬ રાફેલ યુદ્ધવિમાન ખરીદવાના સોદામાં મોદી સરકારને અપાયેલી ક્લીનચીટનો પુનરોચ્ચાર કરતાં ગુરુવારે સુપ્રીમ કોર્ટે તેના ૧૪ ડિસેમ્બર ૨૦૧૮ના ચુકાદાની સમીક્ષાની માગ કરતી પિટિશનો તર્કવિહીન ગણાવી રદ કરી નાખી હતી. રૂપિયા ૫૮,૦૦૦ કરોડના વિમાન સોદામાં કથિત ભ્રષ્ટાચારની તપાસ માટે એફઆઈઆર નોંધવાની



જરૂર હોવાની અરજકર્તાઓની દલીલ પણ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ એસ કે કૌલ અને જસ્ટિસ કે એમ જોસેફની બેન્ચે જણાવ્યું હતું કે, અમને રિવ્યૂ પિટિશનમાં કોઈ તર્ક જ જણાતો નથી. અમે એ વાસ્તવિકતા સામે આંખ આડા કાન કરી શકીએ નહીં કે, રાફેલ વિમાનની દેશને કેટલી જરૂર છે. અમે સરકાર પાસે લાંબા સમયથી પડતર એવા કોન્ટ્રાક્ટ પર નિર્ણય કરી રહ્યા છીએ. અરજકર્તાઓ દ્વારા આ સોદામાં એફઆઈઆર નોંધવા અને સીબીઆઈ તપાસની માગ કરવામાં આવી છે. બેન્ચ વતી ચુકાદો વાંચી સંભળાવતા જસ્ટિસ એસ કે કૌલે જણાવ્યું હતું કે, અરજકર્તાઓ દ્વારા મુકાયેલા આરોપોની તપાસ શરૂ કરવાના આદેશ યોગ્ય નહીં ગણાય તેવા તારણ પર આ અદાલત પહોંચી છે. અરજકર્તાઓએ રાફેલ વિમાન સોદામાં એફઆઈઆર નોંધવાની માગ કરી છે. અમે તેને ન્યાયી રજૂઆત ગણતા નથી. એફઆઈઆર નોંધવાનો આદેશ આપવો અમને યોગ્ય લાગતો નથી.

## રાફેલ કેટલામાં ખરીદવા તે નક્કી કરવાનું કામ કોર્ટનું નથી

સીજેઆઇ ગોગોઇ અને જસ્ટિસ કૌલે મુખ્ય ચુકાદામાં જણાવ્યું હતું કે, રાફેલ વિમાન કેટલી કિંમતે ખરીદવા તે નક્કી કરવાનું કામ અદાલતનું નથી. આ કામ સરકાર સારી રીતે કરી શકે છે. દસ્તાવેજોના આધારે અમે એવા તારણ પર પહોંચ્યા છે કે તમે સફરજન અને નારંગીની કિંમતની સરખામણી કરી શકો નહીં. બેઝિક એરક્રાફ્ટની કિંમત સ્વાભાવિક રીતે જ ઓછી હોય છે.

### સીબીઆઈ જેવી સ્વતંત્ર એજન્સી તપાસ કરી શકે

જસ્ટિસ કે એમ જોસેફે અલગ ચુકાદામાં જણાવ્યું હતું કે, હું મુખ્ય ચુકાદા સાથે સહમત છું પરંતુ તપાસ એજન્સીઓ પોતાની રીતે આ મામલામાં તપાસ હાથ ધરી આગળ વધી શકે છે. જો સીબીઆઇને પુરાવા મળે તો તપાસમાં આગળ વધવું જોઇએ.

### સુપ્રીમે આ સોદામાં તપાસના દ્વાર ખોલ્યાં : રાહુલ ગાંધી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, સુપ્રીમના ચુકાદાએ રાફેલ સોદાની તપાસ માટેના દ્વાર ખુલ્લાં મૂકી દીધાં છે. બેન્ચના જસ્ટિસ કે એમ જોસેફે રાફેલ સોદામાં તપાસના દરવાજા ખોલી દીધા છે. જેમ બને તેમ ઝડપથી આ સોદામાં તપાસ શરૂ થવી જોઇએ. કૌભાંડની તપાસ માટે સંયુક્ત સંસદીય સમિતિની પણ રચના થવી જોઇએ.

### શું હતા અરજકર્તાઓના આરોપ અને માગ

૧. કેન્દ્ર સરકારે રાફેલ સોદામાં મહત્ત્વની બાબતો સંતાડીને સુપ્રીમ કોર્ટને ગેરમાર્ગે દોરી હતી જેના આધારે ડિસેમ્બર ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટે સરકારની તરફેણમાં ચુકાદો આપ્યો હતોં ૨. સોદા સામેના વાંધાની માહિતી દબાવી રાખવા માટે કેન્દ્ર સરકાર સામે પરજ્યૂરી પ્રોસિડિંગ્સ કરવામાં આવે ૩. સરકારે રાફેલ સોદાને સંબંધિત મહત્ત્વની ફાઇલ નોટિંગ જાણીજોઇને કોર્ટને જણાવી નહોતી, જેમાં વાંધો ઉઠાવનારા અધિકારીઓની નોંધનો પણ સમાવેશ થાય છે

**કોણે કરી હતી રિવ્યૂ પિટિશન :** પૂર્વ કેન્દ્રીયમંત્રી યશવંત સિંહા, પૂર્વ કેન્દ્રીયમંત્રી અરુણ શૌરી, એક્ટિવિસ્ટ – વકીલ પ્રશાંત ભૂષણ, વકીલ વિનીત ધાંઢા, આપના સાંસદ સંજય સિંહ

Ready to make a move?
Exceptional service from TD
Ready for you
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

એકવાર પધારો, દિલ ખશ ના થઈ જાય તો કહેજો
Ashok Jewellers
સોનાની બંગડીઓ, ચેઈન, બુટ્ટીઓ,
લગ્ન પ્રસંગે પહેરવાના દાગીના...
પોતાનું વિશાળ બિલ્ડીંગ અને પેઢી દર પેઢીનો અનુભવ
દરેક પ્રકારની ડાયમંડની જવેલરીની વિશાળ શ્રૃંખલા...
Authorised dealer of RADO Watches
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
Email: raju1234@aol.com
www.ashokjewellers.ca

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Save Up to 30% on your Auto Insurance
Save when you combine your Home and Auto Insurance
Desjardins Insurance
Call us today : (416) 431-6800
Li Chen Insurance and Financial Services Inc.
123-1200 Markham Road, Scarborough ON M1H 3C3
li.chen@desjardins.com - www.InsureOntario.ca
Auto • Home • Life • Business

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

Life Insurance, Critical Illness, Income Protection Plan (Disability Insurance), Travel Insurance/Super Visa Insurance, Mortgage Insurance, Non Medical Insurance Investments, RESP, RRSP, RRIF,TFSA, ANNUITY.
WE PROVIDE BETTER RATE FOR SUPER VISA INSURANCE

SECURING YOUR FAMILY'S FUTURE

CAN YOUR FAMILY AFFORD TO BE UNINSURED?
MAKE AN APPOINTMENT TODAY FOR YOUR FINANCIAL NEEDS
Jay Gandhi
Financial Advisor
647.894.5727
jaygandhi1102@gmail.com
www.jayfinancial.ca

TO SERVE THE COMMUNITY BETTER FOR THEIR LEGAL NEEDS
LAW OFFICE OF DHANANJAY SHAH
BARRISTER, SOLICITOR & NOTARY PUBLIC

AREA OF PRACTICE
REAL ESTATE LAW
(RESIDENTIAL, COMMERCIAL & REFINANCING)
WILL & POWER OF ATTORNEY
CRIMINAL LAW
IMMIGRATION LAW
PERSONAL INJURY LAW
FAMILY LAW
CORPORATE LAW
NOTARIZATION OF DOCUMENTS, AFFIDAVITS & STATUTORY DECLARATION
Open seven days a week and flexible hours
318 B Painted Post Drive, Toronto, ON M1G 2M3
PHONE: 1-647-350-1497
FAX: 1-647-350-1498, CELL: 1-647-928-1497
Email: djay2justice@gmail.com
WE ALSO SPEAK GUJARATI AND HINDI

# દક્ષિણ-પશ્ચિમ ઓન્ટેરિયોમાં બરફવર્ષાને કારણે વાહનો અથડાવાના ૨૦૦ બનાવ




**• માત્ર કલાકમાં જ મોટી સંખ્યામાં અકસ્માતો, ઘરે પરત ફરતી વેળા ચાલકોએ ઉતાવળ કરતા ઘટનાઓ ઘટી**

ઓન્ટેરિયો : અઠવાડિયા પહેલા ઓન્ટેરિયોમાં પહેલી બરફ વર્ષા દરમિયાન ૧૨ કલાકમાં ૨૦૦ વાહનો અથડાઈ પડ્યા હતા. સાંજના સમયે મોટાભાગની અથડામણ થઈ હોવાનું જાણવા મળ્યું છે. કારણ કે આ સમયે લોકો પોતાના ઘરે પાછા ફરવાની ઉતાવળમાં હોય છે.

ઓપ મીડિયા રિલેશન્સ કોર્ડીનેટર ડેરેક રોજર્સે જણાવ્યું હતું કે, પશ્ચિમના વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી અને એવી આશા વ્યક્ત કરી હતી કે, વાહન ચાલકોએ પોતાની આદતમાં સુધારો કર્યો છે. પરંતુ પહેલા અઠવાડિયામાં બરફવર્ષા દરમિયાન મોટેપાયે વાહનોની અથડામણ સૂચવે છે કે, ડ્રાઈવિંગ કરી રહેલા લોકોની આદતોમાં કોઈ સુધારો થયો નથી અને એટલું જ નહિ પરંતુ વિન્ડસરથી લઈને જી.ટી.એ. અને ઉત્તરથી લઈને જ્યોર્જિયન-૨ સુધી આ બનાવો બન્યા હોવાનું નોંધાયું છે. આ ૨૧૩ અથડામણો સવારે ૫.૪૫થી સાંજના ૪.૧૫ સુધી નોંધાઈ હતી. આ ઘટનાઓમાં નોંધપાત્ર બાબત એ છે કે, કોઈને જીવલેણ ઈજાઓ થઈ નથી. એક બનાવમાં નોર્ફોક કાઉન્ટીમાં એક એસ.યુ.વી. સાથે ટ્રક અથડાઈ પડતા ત્રણ સપ્તાહની ઉંમરનું એક બાળક બહાર ફેંકાઈ ગયું હતું. જયારે પીકઅપ ટ્રકનો દરેવર ડ્રાઈવર સ્થળ ઉપરથી નાસી છૂટ્યો હતો. બીજી તરફ લોકો જયારે આ બનાવ માટે હવામાનને જવાબદાર ઠેરવી રહ્યા છે ત્યારે રોજર્સે કહ્યું હતું કે, ચાલકોની જવાબદારી આ બનાવોમાં વધુ જવાબદાર છે. જો ચાલકોએ કાળજી રાખી હોત તો આટલા મોટા પ્રમાણમાં વાહન અથડાવવાના બનાવો ના બનત. રોજર્સે ડ્રાઈવરોએ પરિસ્થિતિ પ્રમાણે વાહન ચલાવવું જોઈએ અને ધીમું કરવું જોઈએ અને અકસ્માત થાય ત્યારે તેની ટીકા કરવાના બદલે આપણી જવાબદારી પર ધ્યાન આપવું જોઈએ તેમ પણ જણાવ્યું છે.

The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Visitors Insurance Super Visa Insurance
Travel Insurance
Protect Yourself, your family, investment & your valuable assets through
Life Insurance Critical Illness Insurance
Disability Insurance Supplemental Health Insurance
Make your investment plans, MEANINGFUL
Guaranteed Investment Funds Tax Free Saving Account
Reg. Ed. Saving Plan Reg. Retirement Plans
NO Medical Life Insurance Plans - up to $750,000.
HARD TO INSURE? YOU CAN BE COVERED!
Call today for a free no obligation quote

Jagdish Patel
(President, insurance Advisor)
647-470-1673
northstar.inc19@gmail.com
Hiring new & experienced insurance advisor
◆ Better Commission package ◆ Weekly product training
◆ One on one basis support ◆ Full flexibility







# પ્રજાપતિ પરિવાર કેનેડા દ્વારા દિવાળી નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

**ડાન્સ સહિત વિવિધ કૃતિઓ રજૂ કરાઈ, આરતી બાદ ગરબાની રમઝટ જામી**



ઓન્ટેરિયો : પ્રજાપતિ પરિવાર કેનેડા દ્વારા દિવાળી નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન **Royal Banquet Hall, Mississauga** ખાતે ૩ નવેમ્બરના રોજ કરાયું હતુ. આ અવસરે અંદાજે ૧૫૦ ૫રિવારજનો એકત્ર થયા હતા. જે બાદ કાર્યક્રમના એજન્ડા પ્રમાણે કાર્યવાહી શરૂ થઈ હતી. સૌપ્રથમ સ્વાગતવિધિ થયા બાદ વિવિધ કૃતિઓ ડાન્સ ગીતોની પ્રસ્તૃતિ થઈ હતી. જે બાદ આરતી થયા પછી ગુજરાતીની ઓળખ સમા ગરબા ગવાયા હતા. જેમાં પરિવારના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દિવાળીના સ્નેહમિલનમાં સર્વે સભ્યોએ સક્રિય યોગદાન આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. અંતે આવનારુ નવુ વર્ષ સૌને માટે સુખમય, સમૃદ્ધિમય, આરોગ્યમય, યશસ્વી નિવડે તેવી પ્રભુ પ્રાર્થના સાથે કાર્યક્રમનું સમાપન કરાયું હતુ.






# અયોધ્યાનો ચુકાદો : ભારતમાં સંયમ સાથે સમજદારીના નવા યુગનો પ્રારંભ

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ઈ.સ. ૧૫૨૮માં મોગલ શહેનશાહ બાબરના સેનાપતિ મીર બાંકીએ અયોધ્યામાં રામ મંદિર ધ્વંસ કરીને બાબરી મસ્જીદ બનાવવાની ઘટનાને આજે ૪૯૮ વર્ષ પુરા થયા છે. મંદિરના ધ્વંસ થયા બાદ શરૂ થયેલો વિવાદ વર્ષો સુધી બે સમુદાય વચ્ચે વેરઝેરનું કારણ બનતો રહ્યો. એક વખતે ભારતમાં મોગલોનું શાસન ગયું અને અંગ્રેજોનું શાસન આવ્યું. પરંતુ હિંદુઓની પીડાનો અંત આવ્યો ન હતો. બ્રિટીશરો ગયા અને ભારત આઝાદ થયું આમ છતાં પણ શાસકો પાસે હિંદુઓની તે પીડાનો કોઈ ઉપાય ન હતો. કારણ કે, તેમની આંખો પર દંભી બિનસાંપ્રદાયિકતાના ચશમા પહેરાવી દેવાયા હતા. આખરે ૧૯૯૨ની ૬ ડીસેમ્બરે હિંદુઓમાં વર્ષોથી દબાયેલો રોષ ભભૂકી ઉઠ્યો અને બાબરી મસ્જીદ ધ્વંસ કરી દેવાય. જો કે, દેશના હિંદુઓની આસ્થા તો અયોધ્યામાં જ હોવાથી મંદિર નિર્માણ કરોડો ભક્તોનું સપનું હતુ. ૧૯૯૨માં મસ્જીદ ધ્વંસની ઘટનાને કહેવાતા બોદ્ધિકો દ્વારા ગુનાહિત કૃત્ય જાહેર કરાયું પણ આ લોકોએ કયારેય પણ મીર બાંકી દ્વારા મંદિર પર ઝીંકાયેલા હથોડાની ટીકા કરાઈ નહીં. ખેર, આ દંભી બોદ્ધિકો કે બિનસાંપ્રદાયિકતાનો આચળો ઓંઢનારા તે લોકોએ કદાચ સત્યને સ્વીકારવું ન હતો. પરંતુ તે પછી મામલો કોર્ટમાં ચાલ્યો અને ૨૦૧૦માં સૌપ્રથમ અલ્હાબાદ કોર્ટે વિવાદ જગ્યાને રામનું જન્મસ્થળ માન્યુ. જો કે, કોર્ટે ૨.૭૭ એકરની વિવાદીત જગ્યાને ૩ હિસ્સે વહેંચવાનો આદેશ કર્યો તેથી પક્ષકારો નારાજ થયા અને આખરે સુપ્રિમ કોર્ટમાં અપીલ થઈ. આમ તો ૧૩૪ વર્ષથી જુદી જુદી કોર્ટમાં આ ખટલો ચાલ્યો. પરંતુ હવે મામલો દેશની સર્વોચ્ચ અદાલત સુધી પહોંચ્યો હતો. છેવટે સુપ્રિમ કોર્ટમાં જસ્ટીસ રંજન ગોગાઈની આગેવાની હેઠળની પાંચ જજની બેંચ સમક્ષ દલીલોનો દૌર ચાલ્યો, પુરાવા રજૂ થયા અને પછી ગત શનિવારે કોર્ટે તેનો ચુકાદો જાહેર કર્યો.

આ ચુકાદો હિંદુઓની તરફેણમાં આવશે એવી ધારણા હતી અને તે ધારણા સાચી પડી. સુપ્રીમ કોર્ટે આર્કિયોલિજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ) ના રિપોર્ટને આધારે નિષ્કર્ષ કાઢી સમગ્ર જમીનનો માલિકી હકક રામલલ્લા વિરાજમાનને આપવા આદેશ કર્યો છે. એએસઆઈના રિપોર્ટમાં એવો ઉલ્લેખ હતો કે, બાબરી મસ્જિદ ઊભી હતી તે માળખાની નીચે હિંદુ માળખું અસ્તિત્વમાં હતું તેવા પુરાવા મળ્યા છે. બાબરી મસ્જિદ હિંદુ માળખાને તોડીને બનાવાઈ હતી. આ રિપોર્ટમાં એએસઆઈના અધિકારીઓ અને પુરાતત્ત્વવિદોની સહી છે. આ સિવાય બીજી પણ કેટલીય બાબતો સુપ્રીમ કોર્ટે હિંદુઓની તરફેણમાં ચુકાદો આપવા માટે ધ્યાનમાં લીધી છે. હિંદુઓ આ મંદિરમાં પહેલાં પૂજા કરતા હતા અને સામે મુસ્લિમોએ લાંબા સમયથી આ મસ્જિદમાં નમાઝ પઢવાનું છોડી દીધું હતું. આ વાત ઓન રેકોર્ડ છે અને એ વાત સુપ્રીમ કોર્ટે ધ્યાનમાં લીધી છે. સુપ્રીમ કોર્ટે આ જમીન રામલલ્લાની હોવાનું સ્વીકાર્યુ છે. સવાલ એ છે કે રામલલ્લા એટલે કોણ ? આ કેસ તો જ્યાં રામ જન્મભૂમિ મંદિર ઊભું હતું તે તોડીને બાબરી મસ્જિદ બનાવાઈ તેવો દાવો થતો હતો તે જમીનની માલિકીને લગતો હતો. આ વાત સુપ્રીમ કોર્ટે જ પહેલાં કરી છે. સુપ્રીમે એ વખતે જ સ્પષ્ટતા કરી હતી કે, તેમના માટે આ કેસ જમીનનું ટાઈટલ એટલે કે માલિકી દાવો કોનો તે નક્કી કરવાનો કેસ જ છે, તેનાથી વધારે કશું નથી.

સ્વાભાવિક રીતે જ જમીનની માલિકી કોઈ એવી વ્યક્તિ, સંસ્થા કે સંગઠનની હોય કે જે હયાત હોય કે જેના વારસદારો હયાત હોય. એવું ના હોય તો પછી સરકારની માલિકીની હોય. આ કેસમાં સુપ્રીમ કોર્ટે આ પૈકી કોઈને જમીનના માલિક તરીકે સ્વીકાર્યા નથી. પણ રામલલ્લાને જમીનના માલિક તરીકે સ્વીકાર્યા છે. રામલલ્લા કરોડો હિંદુઓની આસ્થાનું પ્રતીક છે. એ આસ્થાને જમીનની માલિકી સોંપવાનો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો છે. કેન્દ્ર સરકાર એક ટ્રસ્ટ બનાવે અને એ ટ્રસ્ટ જ રામમંદિરના નિર્માણની જવાબદારી પણ અદા કરે તથા તેનો વહીવટ પણ કરે તેવો આદેશ પણ સુપ્રીમ કોર્ટે આપ્યો છે. અલબત્ત કેન્દ્ર સરકારને જમીનની માલિક નથી ઠરાવી, પણ તેને ટ્રસ્ટી બનાવવા કહ્યું છે. આ દેશમાં લોકોની ધાર્મિક આસ્થાના પ્રતીકને દેશની સર્વોચ્ચ અદાલતે જમીનના માલિક તરીકે સ્વીકારી છે એ મોટી વાત છે. કાનૂની રીતે આ વાત બરાબર છે કે નહીં એ ખબર નથી. કાનૂનના નિષ્ણાતો એ વિશે અભિપ્રાય આપી શકે પણ આપણે વિચાર તેની અસરો વિશે કરવો જોઈએ.

ભવિષ્યમાં કાશીની જ્ઞાનવ્યાપી મસ્જિદ કે મથુરાની કૃષ્ણ જન્મભૂમિના સ્થાને બનેલી મસ્જિદ પર હિંદુવાદીઓ દાવો કરે તો એ વખતે પણ આ જ બાબત ધ્યાનમાં લેવાય એવું બને. દેશમાં હજારો મસ્જિદ એવી છે કે જે મંદિરો તોડીને બનાવાઈ છે તેવો દાવો હિંદુવાદી સંગઠનો કરે છે. આ મંદિરો પાછાં લેવાના કેસ થાય એ વખતે રામ જન્મભૂમિ મંદિરના ચુકાદાનો આધાર લેવાય એવું બની શકે. તેથી કાશી અને મથુરાના કેસ અંગે ઉલ્લેખ કરીને તેના પર કોર્ટે પૂર્ણવિરામ મૂક્યું છે. ખેર, એ બધી ભવિષ્યની વાતો છે પણ અત્યારે જે ચુકાદો આવ્યો છે તે વાસ્તવવાદી છે તેમાં શંકા નથી. અયોધ્યા વિવાદના કારણે બહુ વિખવાદ થયા. હિંદુ અને મુસ્લિમો વચ્ચે નફરત ફેલાઈ અને નિર્દોષ લોકોનાં લોહી પણ રેડાયાં. આ ચુકાદાના કારણે આ વિવાદ સમાપ્ત થઈ જશે કેમ કે બહુમતી સમાજને માફક આવે તેવો આ ચુકાદો છે. અલાહાબાદ હાઈકોર્ટે ૨૦૧૦માં જ કહી દીધું હતુ કે, જ્યાં ગર્ભગૃહ છે તે જગ્યા હિંદુઓની છે, એ પછી તેનાથી અલગ ચુકાદો આપવાની કોઈની તાકાત નહોતી. હાઈકોર્ટના ચુકાદા પછી રામમંદિરની જમીન ગમે ત્યારે હિંદુઓને મળશે એ નક્કી હતું. એ ચુકાદા પછી પણ હિંદુવાદી સંગઠનો ગર્ભગૃહની બહાર આવેલી ત્રીજા ભાગની જમીન મુસ્લિમોને આપવા તૈયાર નહોતા. ત્યારે આ સ્થળે રામમંદિર હતું જ નહીં એવો ચુકાદો આપે તો આ દેશ ભડકે બળે એ કહેવાની જરૂર નથી. સુપ્રીમ કોર્ટે આ વાતને પણ ધ્યાનમાં લઈને ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટની એ વાત માટે પણ પ્રશંસા કરવી જોઈએ કે તેમણે મુસ્લિમોને પોતાને અન્યાય થયો છે તેવી લાગણી ના થાય એ વાતનું ધ્યાન રાખ્યું છે. તેથી અયોધ્યામાં જ મુસ્લિમોને મસ્જિદ બાંધવા માટે પાંચ એકર જમીન આપવાનો આદેશ સુપ્રીમ કોર્ટે કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાને મળેલી વિશિષ્ટ સત્તાનો ઉપયોગ કરીને પણ મુસ્લિમોને સાચવી લીધા છે. સુપ્રીમ કોર્ટની સાથે સાથે મુસ્લિમોના વલણની પણ પ્રશંસા કરવી જોઈએ. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના ઝફાબ જિલાનીએ થોડા વાંધા ઊભા કર્યા પણ આ કેસના પક્ષકાર એવા ઉત્તર પ્રદેશ સુન્ની વકફ બોર્ડે સમજદારી બતાવીને તેમને ઝાટકી નાખ્યા. આ ચુકાદા સામે રીવ્યુ પિટિશન કે ક્યુરેટિવ પિટિશન નહીં કરવાની જાહેરાત કરીને તેમણે બતાવેલી ખેલદિલીની પ્રશંસા કરવી જોઈએ. હિંદુઓએ આ ચુકાદાનો જશ્ન નહીં મનાવીને બતાવેલા સંયમનો મુસ્લિમોએ એ જ ભાષામાં જવાબ આપ્યો છે. દિલ્હીની જામા મસ્જિદના શાહી ઈમામ સુધ્ધાંએ આ ચુકાદાને આવકારીને તેની સામે અપીલ નહીં કરવાની વાતને ટેકો આપી દીધો છે.

આ દેશમાંથી હિંદુ અને મુસ્લિમ બંને પક્ષના કટ્ટરવાદીઓ સમજદાર બન્યા છે એ સૌથી મોટી વાત છે. આ દેશમાં કટ્ટરવાદીઓએ ઊભી કરેલી નફરતની દીવાલ એ લોકો જ તોડી રહ્યા છે. આ ચુકાદો ભાજપ માટે મોટી જીત છે. ભાજપે ૧૯૮૦ના દાયકામાં અયોધ્યામાં રામમંદિરના

▶▶ અનુસંધાન પેજ નંબર ૧૯

manoj1968@yahoo.ca






# ક્રિસમસની ખરીદીમાં દેવાની અસર પડવાની સંભાવના

## અનેક કેનેડીયનોની ક્રિસમસની રજાઓમાં કંઈક વિશેષ આયોજન કરવાના મૂડમાં

ઓન્ટેરિયો : ક્રિસમસના તહેવારોને ૫૦ દિવસથી ઓછો સમય બાકી રહ્યો છે. જે સામાન્ય રીતે રજાઓ અને ખરીદીના દિવસો હોય છે. પરંતુ અનેક કેનેડીયનો રજાઓમાં કંઈક વિશેષ આયોજન કરવાનું વિચારી રહ્યા છે. ઈકવીફેસ્ટ કેનેડાએ આ સપ્તાહે જાહેર કરેલા અહવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેનેડાના ૫૫% લોકો નાણાંની તંગીનો સામનો કરી રહ્યા હોવાથી ગિફ્ટ તથા અન્ય ઉપભોક્તા ચીજોમાં કરકસર કરવા ઈચ્છે છે.

ઈકવીફેસ્ટ કેનેડાના કન્ઝ્યુમર એડવોકસી ડિરેક્ટર જુલી કુઝમિક શંકા વ્યક્ત કરતા કહે છે કે, આ પ્રકારના આંકડાઓ છૂટક વેપારીઓને અકળાવનારા છે. આ આંકડાઓ એવું સૂચવતા નથી કે, તેઓની હાલની આર્થિક પરિસ્થિતિ સારી હોવાથી લોકો ખરીદી પર વધુ ધ્યાન આપે. તેના પરિણામે તહેવારોની રજા દરમિયાનની ખરીદીમાં ઘટાડો થવાની શક્યતા છે. તેઓ મીડિયાને જણાવી રહ્યા હતા.



વાસ્તવિક સ્થિતિ એવી છે કે, અનેક કેનેડિયન પરિવારો દેવું ઘટાડવા તરફ ધ્યાન આપી રહ્યા છે. પરંતુ આવક અને જાવકના બે છેડા વચ્ચે ઘણું અંતર રહ્યું છે અને તેથી તેમનું દેવું પણ વધી રહ્યું છે. અમેરિકામાં રહેતા કેનેડીયનોની આવકમાં ઘટાડો થયો છે. કેનેડીયનોની વધારાની આવકમાંથી ૧.૭૯ ડોલર દેવું ચુકવવામાં જાય છે, એમ સ્ટેટિકસ કેનેડા જણાવે છે. દેવું ખરાબ જ હોય એવું નથી. ક્યારેક ઉધાર લેવાનું કામ જરૂરી હોય છે. જેમ કે મકાન ખરીદવામાં લેવામાં આવતી લોન એ ખરાબ વાત નથી. પણ જો લોનની ફેર ચુકવણી કરવા માટેનું જો કોઈ આયોજન ના હોય તો ઉછીના નાણાં લેવા ભારે પડી શકે છે. બુધવારે rates.ca તરફથી એક અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. અહેવાલમાં ગયા વર્ષની ખરીદીના આંકડાઓ આપવામાં આવ્યા હતા. જેમાં જણાવવામાં આવ્યું હતું કે , ૪૦% કેનેડીયનોની પાસે આ ત્રિમાસિક ગાળામાં દેવું ચુકવવાની કોઈ યોજના નહોતી.

ઈકવીફેક્સના અહેવાલ મુજબ ૩૫ અને ૪૪ વર્ષની વય જૂથના કેનેડીયનો તેમના હાલના દેવા વિષે વધુ ચિંતિત હતા. પુરુષો કરતા સ્ત્રીઓએ આ વર્ષે તેમના ખર્ચમાં કાપ મૂક્યો છે.

# મિસીસાગામાં તુલસી વિવાહ અને સત્સંગ

### • મંજીરા અને તબલાની તાલ સાથે યમુનાજીના ભાવ ગીતો ગવાયા

મિસીસાગી : ગત તારીખ ૮ નવેમ્બર ૨૦૧૯ને શુક્રવારના રોજ સુશીલાબેન સૌજાણી અને અનસૂયાબેન પટેલ તરફથી તુલસી વિવાહનો અગિયારસનો સત્સંગ ૧૨૭૫, મિસીસાગા વેલી કોમ્યુનિટી સેન્ટરમા રૂમ નંબર ઈ ૧ યોજાયો હતો. ક્રિષ્નાબેન ગજેરિયા સરસ રીતે તુલસીજીને શણગારીને લાવ્યા હતા.

સત્સંગમાં સ્તોત્રોનું પારાયણ અને મહાપ્રભુજી તથા શ્રી યમુનાજીના ભાવ ગીતો અને પ્રસંગને અનુરૂપ કીર્તન મંજીરા અને તબલાંના તાલ સાથે ગાઈને આનંદ માણવામા આવ્યો હતો.

સત્સંગમાં ૫૫થી વધુ સત્સંગી ભાઈ-બહેનોએ હાજરી આપી હતી. દર અગિયારસે સત્સંગી કુસુમબેન શાહ દ્વારા જુદા જુદા પુસ્તકોનું વાંચન કરી ઘણી કથાઓ સંભળાવાઈ છે. તેઓ રહસ્યમ સ્તોત્રના એક- બે શ્લોકોનું અર્થઘટન કરી સમજાવવાનો પ્રયત્ન કરે છે. દર અગિયારસે સત્સંગનો સમય સાંજના ૭ :૦૦ થી ૯ : ૦૦



કલાક સુધીનો હોય છે. હવે પછીનો અગિયારસ સત્સંગ ૨૩ નવેમ્બર ૨૦૧૯ને શનિવારે મિસીસાગા ખાતે યોજાશે. કોઈ પણ સત્સંગી ભાઈ - બહેનોને સત્સંગ કરાવવો હોય કે વધુ માહિતી જોઈતી હોય તો કીર્તિબેન મિઠીઆ ૬૪૭ ૬૦૭ ૮૩૧૮ તથા રેણુકાબેન પટેલ (૯૦૫ ૨૬૮ ૯૯૪૭)નો સંપર્ક કરી શકશે.

# સિમ સ્વેપિંગ સાથે ઠગાઈના વધતા જતા કિસ્સા ચિંતાજનક

### • ઠગાઈની નવી પદ્ધતિ સામે સાવધ રહેવા નાગરિકોને અપીલ

ઓન્ટેરિયો : હાલમાં ઓન્ટેરિયોના કેટલાક રહેવાસીઓ પ્રમાણમાં નવી એવી સિમ સ્વેપિંગ છેતરપિંડીનો ભોગ બની રહ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ ઠગાઈ સામે ચેતવણી આપતા પોલીસે જણાવ્યું હતું કે, ચોરી કરનારાઓ આવા કિસ્સામાં તેમના સેલફોન દ્વારા અંગત માહિતી મેળવી લઈને ભોગ બનનારના બેંક ખાતા સુધી પહોંચે છે અને ગ્રાહકોના ખાતામાંથી પૈસા ઉઠાવી લે છે.

છેતરપિંડી કરનાર લોકોની અંગત માહિતી મેળવી લઇ મોબાઈલ સેવા પુરી પાડનારને તેનો ફોન ખોવાઈ ગયા હોવાની ફરિયાદ કરે છે એમ ઓન્ટેરિયો પ્રોવિન્સિયલ પોલીસ અને ઓન્ટેરિયો સિરિયસ ફ્રોડ ઓફિસે જણાવ્યું હતું.

વધુમાં ત્યાર પછી આ ઠગાઈ કરનાર પીડિતનો નવા સિમ કાર્ડ દ્વારા સંપર્ક સાધે છે ત્યારે છેતરપિંડી કરનાર સંખ્યાબંધ નવી લોકપ્રિય એપ ડાઉનલોડ કરી તેમાંથી ફોરગેટ પાસ્વર્ડ પસંદ કરી બધાને મેસેજ મોકલે છે અને તેમાંથી જો કોઈ એકાઉન્ટ ફોન અથવા ઈ-મેલ એડ્રેસ સાથે કનેક્ટ થાય તો ઠગને વેરિફિકેશન કોડ મળી જાય છે અને તે કોનું એકાઉન્ટ છે તેની ચોકસાઈ કરી એક નવો પાસ્વર્ડ બનાવે છે.



# કેનેડામાં ઈદે મિલાદ-ઉન-નબીની ઉજવણી કરાઈ

સ્કારબોરો : ૧૨ રબીઉલ અવ્વલ નિમિત્તે સૂફી કાઉન્સીલ દ્વારા ત્રીજું વાર્ષિક જુલુસ-વોક ફોર બીલવ્ડનું આયોજન કરાયું હતુ.

સ્કારબોરો ખાતે ૯ નવેમ્બર ૨૦૧૯ના શનિવારે બપોરે ૧ વાગ્યે સિદારબ્રે મોલથી જુલુસની શરૂઆત થઈ હતી. સુફી કાઉન્સિલ ઓફ ટોરન્ટોના ઓમર કાદરી, મોહસિન પટેલે જુલૂસનું સફળ આયોજન કર્યુ હતુ.

જુલૂસમાં મેમ્બર ઓફ પાર્લામેન્ટ મીત્સી હન્ટર તથા સ્કૂલ બોર્ડના ટ્રસ્ટી ઝાકીર પટેલ તથા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. સાથે સાથે નાતખાં પણ જુલુસમાં હાજર રહ્યા હતા. અને નાત પઢી હતી. કાર્યક્રમના અંતે નિયાઝ (લંગર)ની વ્યવસ્થા કરાઈ હતી. અને નાસ્તો પણ આપવામાં આવ્યો હતો.

આ પ્રકારના કાર્યક્રમ માટે વધુ માહિતી માટે ઓમર કાદરી - ૬૪૭ ૫૨૫ ૬૬૯૨ અને મોહસીન પટેલ (૬૪૭૩૨૮૭૮૬૧)નો સંપર્ક કરવો.







# રાજકારણમાં કેનેડાના અગ્રણી નેતા જસ્ટિન ટ્રુડોનું વલણ મારા જેવું છે : બરાક ઓબામા

## • સ્ટીફન હાર્પરની સરકાર સમયે યુએસ કેનેડા વચ્ચે અનેક સમસ્યાનો ઓબામા દ્વારા એકરાર

ટોરન્ટો : અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના રાજકીય વલણ અને વહીવટની પ્રસંશા કરતા જણાવ્યું હતું કે, તે બંને બાબતોમાં મારા જેવી નીતિ ધરાવે છે.

હાલમાં જ કેનેડામાં પુરી થયેલી રાષ્ટ્રીય ચૂંટણીના પ્રચાર દરમિયાન ટ્રુડોએ જે વલણ અપનાવ્યું હતું તે બદલ એક કલાકના પ્રશ્નોત્તરીના કાર્યક્રમમાં મંગળવારે સાંજે ઓબામાએ ઉપર મુજબનું મંતવ્ય રજુ કર્યુ હતું. આ કાર્યક્રમ સ્કોટિયા બેન્ક સેન્ટર હેલિફેક્સ ખાતે યોજાયો હતો અને તેમાં આશરે ૯૦૦૦ લોકોએ હાજરી આપી હતી. જયારે અમેરિકાના ૫૮ વર્ષીય ભૂતપૂર્વ રાષ્ટ્રપતિને અમેરિકા અને કેનેડા વચ્ચેના પડકારો વિષે પૂછતાં તેમણે ટ્રુડો અને ભૂતપૂર્વ વડાપ્રધાન સ્ટીફન હાર્પરનો ઉલ્લેખ કર્યો હતો. આ નાટ્યાત્મક દ્રશ્ય દરમિયાન ઉપસ્થિત લોકો નિરાશાથી મૂંગા બની ગયા હતા. ઓબામાએ જણાવ્યું હતું કે મેં કેનેડા સાથેના સંબંધોની ક્યારેય ચિંતા કરી નથી અને જયારે અમેરિકા અને કેનેડા વચ્ચેના સંબંધો બહુ સારી સ્થિતિમાં નહોતા. તેનાથી હું પણ નારાજ હતો અને દ્વિપક્ષી સંબંધોમાં ત્યારે કોઈ મહત્વની સમસ્યા નહોતી એમ ન કહી શકાય.

રાજકારણમાં ભારે ચઢાવ-ઉત્તર આવતા હોય છે. જો કે, મારા રાજકીય વિચારો જસ્ટિનના વિચારો સાથે ઘણા મળતાં આવતા હોવાથી અમે સારું કામ કરી શક્યા હતા. પણ સ્ટીફન હાર્પરની સરકાર સાથે ઘણી સમસ્યાઓ રહી હતી.

કેટલાક મુદ્દાઓ પર અસહમતી હતી તો કેટલાક મુદ્દાઓ પર ઘણું અસમંજસ હતું. જોકે અમેરિકા અને કેનેડીયનો મૌલિક રીતે જોડાયેલા છે. ઓબામાએ ઓક્ટોબર ૧૬થી શરુ થતા ચૂંટણી પહેલાના તેના પાંચ દિવસના કેનેડાના પ્રવાસ દરમિયાન જસ્ટિન ટ્રુડોને ટ્વીટર પર પોતાનો ટેકો જાહેર કરતા જણાવ્યું હતું કે જયારે હું અમેરિકામાં રાષ્ટ્રપતિ હતો ત્યારે તેમની સાથે કામ કરવા બદલ હું ગૌરવ અનુભવું છું. તેના આ નિવેદને ઓબામાને અખબારોના માથાળાઓમાં ખુબ ચમકાવ્યા હતા.

# ઓન્ટેરિયોમાં ૯ અને ૧૨ વર્ષના બાળકોની હત્યા : પિતા પર આરોપ

## • પાડોશી પરિવારનો બાળક મિત્રને બોલાવવા જતાં ઘટનાનો ઘટસ્ફોટ

બ્રામ્પ્ટન : ટોરન્ટો વિસ્તારમાંથી મોડી રાત્રે ઓન્ટેરિયોના અધિકારીઓને મેડિકલ રાહત માટે એક સંદેશો મળ્યો હતો અને અધિકારીઓ જયારે સંદેશો મોકલનારને ઘરે પહોંચ્યા ત્યારે તેમને ત્યાં બે બાળકોના મૃતદેહો મળી આવ્યા હતા. એ બાળકોની હત્યા કરવાનો આરોપ તેના પિતા ઉપર મુકવામાં આવ્યો હતો.

પીલ રિજિયોનલ પોલીસે જણાવ્યું હતુ કે, ૫૨ વર્ષીય એડવિન બસ્તીદાસની તેના બે પુત્રોની હત્યાના આરોપ બદલ ધરપકડ કરવામાં આવી હતી. કોન્સ્ટેબલ હીધર કેનોને જણાવ્યું હતું કે, તપાસ કરનારાઓને આ બનાવમાં કોઈ શંકાસ્પદ વાત જણાઈ આવી નથી. કારણ કે, આ હત્યારો બ્રામ્પટનની ઓન્ટેરિયોની એક કમ્યૂનિટીના પરિવારમાં રહેતો હતો.

પોલીસે જણાવ્યું હતું કે, તપાસ ચાલી રહી છે અને આ બનાવ માનવ હત્યા સાથે જોડાયેલો હોવાથી કોઈ તાત્કાલિક માહિતી આપી શકાય તેમ નથી. મૃતકના પાડોશી તેના ઘરે જતા આખી ઘટના બહાર આવી હતી. જે બાદ આ અંગે પોલીસને જાણ થઈ હતી.

કેનોનના જણાવ્યા મુજબ બુધવારે રાત્રે કોઈ સ્થાનિક નાગરિકે ૯૧૧ પર ફોન કરીને બોલાવ્યા હતા. સ્થળ પર પહોંચીને અમે જોયું ત્યારે ૯ અને ૧૨ વર્ષની ઉંમરના બે બાળકો મૃત હાલતમાં મળી આવ્યા હતા. આ બનાવ ક્યાં સ્થળે બન્યો હતો એને ત્યાંથી કોઈ અન્ય લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# શહીદોના દેશ માટેના બલિદાનને કયારેય ભુલવું જોઈએ નહીં : રાજ્યપાલ

## કેનેડામાં રીમેમ્બ્રન્સ-ડે ની ઉજવણીમાં હજારો લોકો ઉમટી પડ્યા : દેશની સલામતી માટે બલિદાન આપનારાઓની યાદમાં બે મિનિટનું મૌન પળાયું

ટોરન્ટો : સોમવારે સવારે પીસ ટાવર પરથી દેશની સલામતી માટે બલિદાન આપનારાઓની યાદમાં બે મિનિટનું મૌન પાળવા માટે સાયરનો વગાડવામાં આવ્યા હતા. પાર્લામેન્ટ હિલ જેવા જ દ્રશ્યો આખા દેશભરમાં આવેલા શહીદ સ્મારકો અને સ્મૃતિ સ્મારકો ખાતે જોવા મળ્યા હતા.

ઘડિયાળના કાંટા જયારે બરોબર ૧૧ વાગ્યા પર સ્થિર થયા કે, તુરંત જ હજારો કેનેડીયનો રીમેમ્બ્રન્સ-ડે દરમિયાન યોજાયેલા સમારંભોમાં શહીદોને બે મિનિટ શ્રદ્ધાંજલિ આપવા માટે ઉમટી પડ્યા હોય, તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ઓટાવામાં નેશનલ વૉર મેમોરિયલ ખાતે ઠંડા પવનથી ધ્રુજી રહેલા હજારો લોકો શ્રદ્ધાંજલિ આપવા માટે પુષ્પ ચક્ર સાથે કતારોમાં ઉભા જોવા મળ્યા હતા. આ પ્રસંગે આયોજિત વરિષ્ઠ લોકોની એક પરેડ પણ આકર્ષણનું કેન્દ્ર બની હતી. ૮૦ વર્ષ પહેલા કિંગ જ્યોર્જ-૬ એ નેશનલ વોર મેમોરિયલનું ઉદ્ધાટન કર્યું હતું. વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને રાજ્યપાલ જુલી પાયેટે પણ સ્મારકો પર કેનેડાની સેવા કરતા શહિદ થયેલા લોકોના માનમાં પુષ્પ-ચક્ર અર્પિત કર્યા હતા .

પાયેટે એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, તેઓએ શાંતિ અને સ્વતંત્રતા માટે લડત ચલાવી હતી. તેમાંના ઘણા લોકો અપંગ બન્યા હતા, અનેક લોકોએ પોતાના કિંમતી જીવ ગુમાવ્યા હતા અને ત્યારે આજે આપણે શાંતિથી રહી શકીએ છીએ. હું તેમના ઋણનો સ્વીકાર કરું છું. આપણે શહીદોએ આપેલા બલિદાનને ભૂલવા જોઈએ નહિ. ટ્રુડોએ પણ પાયેટની લાગણીઓનો જુદા શબ્દોમાં ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે, ગણવેશ ધારીઓએ શાંતિ અને લોકશાહીના રક્ષણ માટે જે ત્યાગ કર્યો છે તેની કલ્પના થઈ શકે તેમ નથી. આજે કેનેડામાં અથવા વિશ્વભરમાં કરોડો લોકો ગરીબીમાં જીવી રહ્યા છે ત્યારે આ દિવસે આપણે તેમને પણ યાદ કરવા જોઈએ. આજે આપણે આપણા પૂર્વજોએ તેની ફરજ બજાવતા જે બલિદાનો આપ્યા છે, તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છીએ. તેમને સ્વંતત્રતા તથા ઉજ્જવળ ભવિષ્ય માટે જે બલિદાનો આપ્યા છે તે આપણને પ્રોત્સાહન અને ગૌરવ અપાવે છે.

તેમનું આ નિવેદન ટ્વીટર પર પોસ્ટ કરવામાં આવ્યું હતું. સોમવારે યોજાયેલા આ પ્રસંગમાં આ વર્ષે સિલ્વર ક્રોસ મધર રેની સેમસન ડો, જેનો યુવાન પુત્ર કેપ્ટ્ન મેથ્યુ ડોની અફઘાનિસ્તાન ખાતે ૨૦૦૭માં પાંચ અન્ય કેનેડીયનો સાથે હત્યા કરવામાં આવી હતી તે પણ હાજર રહ્યા હતા.

SUPER VISA INSURANCE
( Monthly Plan Available)
We represent all Major Insurance Companies of CANADA
WE DEAL WITH
♦ Life Insurance
♦ Mortgage Insurance
♦ Disability Insurance
♦ Critical Illness Insurance
♦ Visitors to Canada Insurance
♦ RRSP ( Retirement Plan)
♦ TFSA
♦ RESP ( Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants
Guaranteed Cash Value Plans/ Non Medical Plans are available
(CALL FOR FREE EVALUATION)

HIREN MODI
Independent Life Insurance Broker
Direct: 416-897-7073
Email: hirenjmodi@yahoo.com
EVERY DREAM NEEDS A PLAN

કથા,હવન,ગાયત્રી યજ્ઞ,
વાસ્તુ પૂજન,ગ્રહશાંતિ,
જીટીએમાં દરેક જગ્યાએ અમો સેવા આપીએ છીએ.

કાલસર્પ યોગ શાંતિ,નક્ષત્ર શાંતિ, વગેરે ધાર્મિક કાર્યો અને લગ્ન, બેબી શાવર, જેવા કાર્યો માટે સંપર્ક કરો.
શશીકાંત ભટ્ટ
૯૦૫ ૪૫૬ ૭૬૨૨
Shashikant Bhatt
Home: 905-456-7622
Cell: 416-258-2750

# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**

$ 6.99 10 items

Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ
સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

Franchise Opportunity in GTA

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,
ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**

**$500**

Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# ગુજરાતમાં ૫૦ હેકટરથી વધુ વિસ્તાર ધરાવતા ટાપુ પ્રવાસન તરીકે વિકસાવાશે

**• ગાંધીનગરમાં આઈલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની દ્વિતીય બેઠક યોજાઈ**

ગાંધીનગર : મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી આઈલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની બીજી બેઠકમાં રાજ્યના ૫૦ હેકટરથી વધુ ક્ષેત્રફળ ધરાવતા આઈલેન્ડ-બેટના પ્રવાસન ધામ તરીકે વિકસાવવાની સંભાવનાઓ અંગે ફળદાયી પરામર્શ કરવામાં આવ્યો હતો.

ગુજરાત ૧૬૦૦ કિ.મી. લાંબો સમુદ્રકિનારો અને ૧૪૪થી વધુ આઈલેન્ડસ-બેટ ધરાવતું દેશનું વિકાસશીલ રાજ્ય છે. તે સંદર્ભમાં ભારત સરકારની આઈલેન્ડ ડેવલપમેન્ટ પોલિસીને સુસંગત રાજ્યના આઈલેન્ડ ટાપુઓના વિકાસ માટે ગુજરાત સરકારે ગત ઓગસ્ટ માસમાં આઈલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના કરેલી છે. મુખ્યમંત્રી આ ઓથોરિટીના અધ્યક્ષ તેમજ નાયબ મુખ્યમંત્રી, પ્રવાસન મંત્રી, વન-પર્યાવરણ મંત્રી સહિત વરિષ્ઠ સચિવો આ ઓથોરિટીના સભ્ય તરીકે સેવાઓ આપે છે. આ ઓથોરિટીનો હેતુ રાષ્ટ્રીય સુરક્ષાની જાળવણી સાથે ટાપૂઓ પર આર્થિક ગતિવિધિ અને પ્રવાસનને પ્રોત્સાહન આપવાનો છે. વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી આ ઓથોરિટીની બીજી બેઠકમાં ટાપૂઓ પર પ્રવાસન સહિતના સર્વગ્રાહી વિકાસની ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જણાવવામાં આવ્યું કે, જિલ્લા કલેકટરો દ્વારા પિરોટન, કાળુભાર, ગાંધીયાકડો, પાનેરો, રોજી, અજાડ, ભાઈદર, શિયાળ, નોરા, પિરમ, વાલવોડ અને આલિયા બેટ તેમજ કેડીયા બેટ જેવા ૧૩ જેટલા ટાપૂઓની વિકાસ સંભાવનાઓ વાળા ટાપૂ તરીકે ઓળખ કરવામાં આવી છે.

# ગુજરાતની મહાનગરપાલિકાઓનું નવુ સીમાંકન ૬ માસમાં પૂરું કરાશે



ગાંધીનગરઃ ગુજરાત સરકાર દ્વારા છ મહિનામાં મનપાનાં નવા સિમાંકનની પ્રક્રિયા પૂર્ણ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો, જેમાં ગાંધીનગર અને જૂનાગઢ સિવાયની મનપા અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત, ભાવનગર અને જામનગરમાં આગામી ઑક્ટોબર મહિનામાં સામાન્ય ચૂંટણી યોજાવાની છે ત્યારે આ ચૂંટણીઓ નવા સીમાંકન સાથે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તમામ મનપાને નવા સીમાંકનની દરખાસ્તો તૈયાર કરી વહેલી તકે સરકારને સોંપવા સૂચના આપવામાં આવી હતી. કેટલીક મહાનગર પાલિકા દ્વારા દરખાસ્ત તૈયાર કરી સરકારને સોંપી દેવાઈ છે. જ્યારે અન્ય કેટલીક મહાનગર પાલિકાઓની કામગીરી બાકી છે. નવા સીમાંકનમા બેઠકોની વધઘટને ધ્યાનમાં રાખી રાજ્ય ચૂંટણી પંચને પુરતો સમય મળે તેવું આયોજન કરાયું છે.

# ગુજરાતમાં આ વર્ષે સ્વાઈન ફ્લૂથી ૧૯૨નાં મૃત્યુ, દેશમાં ચોથા સ્થાને

**• મહારાષ્ટ્રમાં સ્વાઈન ફ્લુથી સૌથી વધુ ૨૪૦નાં મોત : ગુજરાતમાં પાંચ વર્ષમાં ૨૨૯૦૫ વ્યક્તિ સ્વાઈન ફ્લૂની ઝપેટમાં, ૧૨૫૧નાં મૃત્યુ**

અમદાવાદ- ગુજરાતમાં આ વર્ષે નવેમ્બરના પ્રથમ સપ્તાહ સુધી સ્વાઈન ફ્લુના ૪૮૪૧ કેસ નોંધાઈ ચૂક્યા છે અને ૧૫૧ના તેનાથી મૃત્યુ થયા છે. હવે શિયાળાના પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે સ્વાઈન ફ્લુ ફરી માથું ઉંચકે તેવી દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ વર્ષે નવેમ્બરના પ્રથમ સપ્તાહ સુધી સ્વાઈન ફ્લુથી સૌથી વધુ મૃત્યુ નોંધાયા હોય તેવા રાજ્યોમાં ગુજરાત ચોથા સ્થાને છે. બીજી તરફ મહારાષ્ટ્રમાં સ્વાઈન ફ્લુથી સૌથી વધુ ૨૪૦ના મૃત્યુ થયા છે.

આમ, ગુજરાતમાં આ વર્ષે પ્રતિ માસ સરેરાશ ૪૮૪ લોકો સ્વાઈન ફ્લુની ઝપેટમાં આવ્યા છે અને ૧૫ના મૃત્યુ થયા છે. ૨૦૧૫થી ઓક્ટોબર ૨૦૧૯ એમ છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં સ્વાઈન ફ્લુના ૨૨૦૯૦૫ કેસ નોંધાયા છે અને ૧૨૫૧ના મૃત્યુ થયા છે.

જેમાં વર્ષ ૨૦૧૫માં સ્વાઈન ફ્લુથી સૌથી વધુ ૫૧૭ જ્યારે ત્યારબાદ ૨૦૧૭માં ૪૩૧ના મૃત્યુ થયા હતા. આ સિવાય ૨૦૧૮માં ૯૭ અને ૨૦૧૬માં ૫૫ વ્યક્તિએ સ્વાઈન ફ્લુ સામે જીવ ગુમાવ્યો હતો. આમ, સ્વાઈન ફ્લુનું વધતું જતું પ્રમાણ ચિંતાનો વિષય છે. આ વર્ષે સ્વાઈન ફ્લુથી સૌથી વધુ મૃત્યુ થયા હોય તેવા રાજ્યોમાં રાજસ્થાન ૨૦૮ સાથે બીજા, મધ્ય પ્રદેશ ૧૬૫ સાથે ત્રીજા સ્થાને છે.






# SkyRoute
## TRAVEL SERVICES INC.




AIR CANADA · QATAR AIRWAYS القطرية · Lufthansa · Emirates · الاتحاد ETIHAD AIRWAYS

| | | |
|---|---|---|
| **AHMEDABAD** | → | **$1159** |
| **DELHI** | ← | **$999** |

| | | |
|---|---|---|
| **VADODARA** | → | **$1199** |
| **MUMBAI** | ← | **$989** |

24 · 24

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Jasleen Walia – Ext.550*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Mitesh Shrimali – Ext. 506*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*

CONSUMER PROTECTION BC · IATA · tico.ca Travel Industry Council of Ontario Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**
Toll Free **1-877-go to sky**

*we will beat any advertized fares by 10% of the difference*

**OFFICE IN AHMEDABAD**

SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

**SPECIAL FARES FROM**

Edmonton, Calgary, Ottawa,
Montreal, Regina, Winnipeg,
Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# અમદાવાદ - મુંબઇ વચ્ચે ૧૬૦ની સ્પીડે ટ્રેન દોડાવવાનું શક્ય બનશે

- રેલવે ટ્રેકોમાં ટેકનીકલી સુધારા કરી સ્પીડ વધારાશે
- દિલ્હી-મુંબઇ, દિલ્હી-કોલકાતા રૂટને સેમી હાઈસ્પીડ માટે પસંદ કરાતા તેનો લાભ મળશે

અમદાવાદ : રેલવે તંત્ર દ્વારા દિલ્હી-મુંબઇ, દિલ્હી-કોલકાતા રૂટ પર મેલ-એક્સપ્રેસ ટ્રેનો ૧૬૦ની સ્પીડે દોડાવી શકાય તે માટેના કામને મંજૂરી આપી દેવામાં આવી છેઅને આ દિશામાં કામકાજ શરૂ થઈ ગયું છે. આ બંને રૂટોમાં અમદાવાદ, વડોદરાના રૂટને પણ સાંકળી લેવામાં આવ્યા છે. જેને લઈને આગામી વર્ષોમાં

ટ્રેનોના મુસાફરી સમયમાં મહત્તમ ઘટાડો થશે. હાલમાં મેલ-એક્સપ્રેસ ટ્રેનો મહત્તમ એવરેજ ૯૦ કિ.મી.પ્રતિ કલાકની ઝડપે દોડતી હોય છે. તે વધીને સીધી ૧૬૦ સ્પીડથઈ જતા હજારો મુસાફરોને મોટી રાહત મળી જશે.

૧૬૦ કિ.મી.પ્રતિ કલાકની સ્પીડે દોડતી સેમી હાઈસ્પીડ ટ્રેનો દેશના મહત્તમ ભાગોમાં દોડાવવા માટેની રેલવે બોર્ડની મંજૂરી મળી જતા તે અંગેની કામગીરી આરંભી દેવામાં આવી છે. જેમાં હયાત રેલવે ટ્રેકોમાં ટેકનીકલી સુધારા-વધારા કરીને મેલ-એક્સપ્રેસ ટ્રેનો ૧૬૦ ની મહત્તમ સ્પીડે દોડી શકાય તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવનાર છે.

આ અંગે રેલવેના અધિકારીઓના જણાવ્યા મુજબ રેલવે ટ્રેકના પાટા મજબૂત કરવા, મરામત કરવી, ટ્રેકના જોઈન્ટ વધુ મજબૂત કરવા, શહેરી અને ગીચ વિસ્તારોમાં રેલવે ટ્રેકની બંને બાજુએ સલામતી માટે ફેન્સિંગ કરવું, રૂટ પર આવતા વળાંકોને ઓછા કરવા, રેલવે ફાટકોની સંખ્યા ઘટાડવી, ટ્રેક ડબલિંગનું કામ કરવું સહિતના કામો હાથ ધરીને ટ્રેનોની મહત્તમ સ્પીડ વધારવામાં આવશે. દિલ્હી-મુંબઈ અને દિલ્હી-કોલકાતા રૂટ પર આ કામ હાથ ધરાનાર છે. જેનો લાભ અમદાવાદને મળશે. આમ અમદાવાદના મુસાફરોને મુંબઇ જવા-આવવામાં સરળતા રહેશે. હાલમાં આ દિશમાં કામગીરી ચાલુ કરી દેવામાં આવી છે.

# અમદાવાદ એરપોર્ટ પરથી ૧.૧૭ કરોડના સોના સાથે ૧ ઝડપાયો

અમદાવાદઃ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પરથી એર ઈન્ટેલિજન્સ યુનિટે પૂર્વ માહિતીના આધારે બૅંગકોકથી અમદાવાદ આવતી ફલાઈટમાં પેસેન્જરને ત્રણ કિલો સોના સાથે ઝડપી લીધો હતો, જેમાં હાલના ભાવ પ્રમાણે આ સોનાની કિંમત રૂ. ૧.૧૭ કરોડ જેટલી થાય છે.

આ પેસેન્જરે સોનાનું ડિક્લેરેશન ન કરીને ત્રણ કિલો સોનું ડ્યૂટી ભર્યા વગર બહાર લઈ જવા પ્રયાસ કર્યો હતો. આ વ્યક્તિ પાછળ મોટી ગેંગ સંડોવાયેલી છે એમ માનવામાં આવે છે. આ પહેલા પણ અમદાવાદ ઍરપોર્ટ પરથી ૨૫ કિલો સોનું ઝડપાયું હતું. જ્યારથી સોનાના ભાવમાં વધારો, ડ્યૂટીમાં વધારો થવાથી વિદેશથી ટ્રાવેલ કરતા મુસાફરો દ્વારા જ્વેલરી, કોઈન અને ગોલ્ડ બારના રૂપમાં સોનાની ઈમ્પોર્ટ વધી છે. અત્યારે ૩૯ ટકા જેટલી કસ્ટમ ડ્યૂટી લગાવવામાં આવે છે એટલે કે સોનાના ૩૩ ટકા જેટલું ભારણ હોવાથી દાણચોરી વધી છે.

# ગાંધીનગરમાં પણ ભવ્યાતિભવ્ય રામમંદિર બનાવવા માટે હિલચાલ

- તમામ ક્ષેત્રના અગ્રણીઓની તાજેતરમાં મળેલી બેઠકમાં મંદિર માટે એકસૂર સધાયો

ગાંધીનગર : વર્ષોની કાયદાકીય લડત બાદ અયોધ્યામાં હવે ભવ્ય રામમંદિર બનવા જઈ રહયું છે ત્યારે ગાંધીનગરમાં પણ ભવ્ય અને દિવ્ય રામમંદિર બનાવવા માટેની હીલચાલ શરૂ થઈ છે. આ માટે ગાંધીનગરના તમામ ક્ષેત્રના અગ્રણીઓની બેઠક મળી હતી જેમાં આ મંદિર બનાવવા માટે એકસુર સધાયો હતો. આગામી સમયમાં ટ્રસ્ટ બનાવીને સરકાર પાસેથી જમીનની પણ માંગણી કરવામાં આવનાર છે.

ભગવાન રામની જન્મભુમિ અયોધ્યામાં રામમંદિર બનાવવા માટે છેલ્લા ઘણા વર્ષોથી કાયદાકીય લડત ચાલી હતી અને આખરે સુપ્રિમ કોર્ટે ચુકાદો આપીને ભવ્ય રામમંદિર બનાવવા માટે લીલીઝંડી આપી દીધી છે. જેના પગલે સમગ્ર ભારતમાં ઉત્સાહનો માહોલ છવાયો છે. ત્યારે રાજયના પાટનગર ગાંધીનગરની સ્થાપના થયાને વર્ષો વીતી ગયા બાદ પણ શહેરમાં એક ભવ્ય રામમંદિર બની શકયું નથી.

ત્યારે તાજેતરમાં અયોધ્યાના આ ચુકાદા બાદ ગાંધીનગરના તમામ ક્ષેત્રના અગ્રણીઓની એક બેઠક મળી હતી જેમાં ગાંધીનગર શહેરમાં પણ ભવ્ય અને દિવ્ય રામમંદિર બનાવવાનું સૂચન મુકાયું હતું. જેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો હતો અને આ મામલે એકસૂર સધાયો હતો. હવે રામમંદિર બનાવવા માટે એક ટ્રસ્ટની રચના કરવામાં આવનાર છે અને ત્યારબાદ સરકાર પાસે વિધિવત મંદિર માટે જગ્યા પણ માંગવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાવ્યું હતું. ફકત રામમંદિર જ નહીં પરંતુ મંદિરમાં ભગવાન રામના જીવનને લગતી કથાનો સાર પણ રજુ કરવામાં આવે તે પ્રકારની આર્ટ ગેલેરી પણ બનાવવાનો વિચાર રજૂ કરાયો હતો. આવનારી પેઢીને ભગવાન રામ વિશે વિસ્તૃત જાણકારી મળી શકે તે માટે લાઈટ એન્ડ સાઉન્ડ શો પણ તેમા ઉભો કરવાનું નક્કી થયું છે. આગામી રામનવમીએ ગાંધીનગરમાં પણ આ ભવ્ય રામમંદિરનું ભુમિપૂજન થાય તે દિશામાં પ્રયત્ન હાથ ધરવામાં આવી રહયા છે.

# ગુજરાતની ૫૦ નામાંકિત કંપનીઓએ SBIને ૨,૯૪૬ કરોડનો ચૂનો લગાડ્યો

દેશભરમાં ૪૦૧ કંપનીઓએ ૨૦૧૫થી ૨૦૧૯ સુધીના પાંચ વર્ષમાં એસબીઆઈને રુ. ૨૪,૪૬૮.૮૬ કરોડનો ચુનો લગાડયો છે. જેમાં, ગુજરાતની ૫૦ કંપનીઓનો પણ સમાવેશ થાય છે. ગુજરાતની આ કંપનીઓ એસબીઆઈના રુ. ૨૯૪૬. ૧૨ કરોડ ઓહિયા કરી ગયા છે. અમદાવાદના વકીલ નિપુણ સિંઘવીએ એસબીઆઈમાં કરેલી એક ઈૈમાં આ સમગ્ર માહિતી બહાર આવી છે. આ ૪૦૧ કંપનીઓમાં મુંબઈની રુચિ સોયા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે સૌથી વધુ રુ. ૧૬૨૩.૯૮ કરોડ, બેંગલુરુની કિંગફિશર એરલાઈન્સ લિમિટેડે રુ. ૧૨૦૧.૪૦ કરોડ, કટકની કોસ્ટલ પ્રોજેક્ટ્સ લિમિટેડે રુ. ૯૮૧.૩૮ કરોડ, ગ્વાલિયરની કે. સોઈલ્સ લિમિટેડે રુ. ૭૮૩.૯૧ કરોડ, દિલ્હીની ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ રુ. ૫૭૪,૨૩ કરોડ ચાઉં કરી ગયા છે. ગુજરાતની કંપનીઓની વાત કરીએ તો, ૫૦ કંપનીઓએ એસબીઆઈને લૂંટવામાં કંઈ બાકી રાખી રાખ્યું નથી. આ કંપનીઓએ બેંક પાસેથી નાણાં તો લીધા, પરંતુ તેને પરત કરવામાં કે પછી બેંક તેમની પાસેથી જનતાના નાણા વસુલવામાં નિષ્ફળ રહી છે. જો કે, અમદાવાદના વકીલની જાગૃતતાના લીધે, આ સમગ્ર માહિતી બહાર આવી છે. શરુઆતની પછડાટ બાદ પણ, અથાગ પ્રયત્નો થકી, એસબીઆઈના વિલફુલ ડિફોલ્ટર્સની યાદી મેળવવાની બાબતમાં સફળતાં મેળવી છે. અમદાવાદની વિવિધ કોર્ટમાં પ્રેક્ટિસ કરતાં નિપુણે વર્ષ ૨૦૧૫થી વર્ષ ૨૦૧૯ વચ્ચે એસબીઆઈને રુ. એક કરોડથી વધુની રકમનો ચુનો લગાડનારા ડિફોલ્ટર્સની યાદી માટે આરટીઆઈ કરી હતી.

# જયઘોષસૂરીશ્વરજી મહારાજને મુખાગ્નિ માટે રૂ. ૪.૫૧ કરોડની બોલી બોલાઈ

- આંબલીમાં લબ્ધિ નિધાન જૈન સંઘ ખાતે તેમના પાર્થિવ દેહને અગ્નિદાહ અપાયો : જૈન સમાજમાં આઘાત

અમદાવાદ : ગચ્છાધિપતિ જયઘોષસૂરીશ્વરજીનો પાર્થિવ દેહ ગુરુવારે પંચમહાભૂતમાં વિલિન થયો હતો. તેઓના અંતિમ સંસ્કાર પૂર્વે પાલખીના કુલ ૧૯ ચઢાવા બોલાવવામાં આવ્યા હતા અને તેઓને મુખાગ્નિ આપવાની અંતિમ બોલી રૂપિયા ચાર કરોડ ૫૧ લાખ રૂપિયા બોલાવવામાં આવી હતી. અમદાવાદના આંબલી ખાતે આવેલા લબ્ધિ નિધાન જૈન સંઘ ખાતે તેમના પાર્થિવ દેહને અગ્નિદાહ આપ વામાં આવ્યો હતો. ૮૪ વર્ષની ઉંમર અને તેમાંથી ૭૦ વર્ષનો દીક્ષાપર્યાય ધરાવતા આચાર્ય જયઘોષસૂરીશ્વરજીનું સ્વાસ્થ્ય છેલ્લા કેટલાક દિવસથી નાદુરસ્ત સ્વાસ્થ્ય ધરાવતા હતા. ફેફસામાં ઈન્ફેક્શન વધી જતાં અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં તેઓ વેન્ટિલેટર પર હતા.

કારતક વદ-૧ બુધવારના સર્વે વોસિરાવવા સાથે છેલ્લા દોઢ કલાક નમસ્કાર મહામંત્રની ધૂન સાંભળતા અત્યંત સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. જયઘોષ સુરીશ્વરજી મહારાજ સાહેબની ચાર પરિવારોએ ભેગા મળીને બોલી બોલ્યા હતા. જેમાં શાંતાબહેન વસંતભાઈ અદાણી પરિવાર, મંજુલાબહેન રમણલાલ ચાણસ્મા વાળા પરિવાર, ધત્રિકા બહેન કલ્પેશભાઈ શાહ પરિવાર અને દિપકભાઈ બારડોલી વાળા પરિવારે ભેગા થઈને બોલી બોલ્યા હતા અને અગ્નિ સંસ્કાર વિધિ કરી હતી.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગૌશાળા-પાંજરાપોળના બહાને મદદનીશ પશુપાલન નિયામકનો કરોડોનો ભ્રષ્ટાચાર

**• પાંજરાપોળને અદ્યતન બનાવવા ૧૨૫ અરજીઓ મંજૂર કરી કરોડો ચુકવી દીધા**

અમદાવાદ : ગાંધીનગરમાં મદદનીશ પશુપાલ નિયામક ડૉ. એસ.ડી.પટેલે ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડના સભ્ય સચિવની સત્તાનો દુરપયોગ કરીને ગૌશાળા-પાંજરાપોળને અદ્યતન બનાવવાની યોજના હેઠળ પોતાના મળતીયાઓની ૧૨૫ અરજીઓ મંજુર કરીને રૂા. ૧૦.૧૫ કરોડાનો ભ્રષ્ટાચાર આચર્યો હતો. ડી.પી. ચૂડાસમાના જણાવ્યા મુજબ મદદનીશ પશુપાલન નિયામક (ઈન્ચાર્જ નાયબ પશુપાલન નિયામ ક) ડૉ.એસ.ડી.પટેલ દ્વારા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડના સભ્ય સચિવની સત્તાનો દુરપયોગ કરીને પોતાની પાસે સત્તા ન હોવા છતાં ગૌચર સુધારણા યોજના હેઠળના ચુકવણા કર્યા હતા તથા ગૌચર સુધારણા યોજના આંતર માળખાકીય સુવિધા તેમજ ગૌશાળા-પાંજરાપોળને અદ્યતન બનાવવા યોજનાની કામગીરી તેઓએ સૈધ્ધાંતિક મંજૂરી આપી સહાયના ચુકવણા કરી સત્તાનો દુરપયોગ કર્યો હોવાની કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ અને પશુપાલન વિભાગ તરફથી એસીબીને રજુઆત કરવામાં આવી હતી. એસીબીએ દસ્તાવેજી પુરાવા આધારે તપાસ કરતાં પશુપાલન વિભાગનાઓની પ્રાથમિક તપાસમાં ડૉ. એસ.ડી.પટેલ, મદદનીશ પશુપાલન નિયામકે કુલ ત્રણ અલગ અલગ યોજનામાં કુલ ૧૨૫ અરજીઓ માટે બોર્ડના ચેરમેન કે સભ્ય સચિવની સરકારની કોઈપણ પુર્વ મંજુરી વિના તેમજ પોતાની પાસે કોઈપણ પ્રકારની નાંણાકીય સત્તાઓ ન હોવા છતાં સત્તાનો દુરપયોગ કર્યો હતો. તા. ૧૫ મેથી ૨૯ મે દરમિયાન ૮૭ અરજીઓના રૂા. ૮,૬૩,૯૦,૯૧૦ ના ચેક ઈસ્યું કર્યા હતા.

# ભાજપ સરકારની નીતિથી આવેલી મંદીના વિરોધમાં જનવેદના આંદોલન

**• કોંગ્રેસ આગામી દિવસોમાં સુરતના તમામ વિસ્તારમાં આંદોલનના કાર્યક્રમો માટે રણનીતિ તૈયાર કરાઈ**

સુરત : કેન્દ્રની ભાજપ સરકારની નિષ્ફળતાના કારણે દેશમાં મંદી-મોંઘવારી અને બેદરકારીની સ્થિતિ સામે કાગ્રેસ આગામી દિવસોમાં જન વેદના આંદોલન કરવા જઈ રહી છે. રણનીતિ માટે મળેલી બેઠકમાં મ્યુનિ. વેરા અને પાણીના બિલમાં વધારાના મુદે પણ આંદોલનમાં જોડવા નિર્ણય કરાયો છે.

સુરત મ્યુનિ.ના ભટાર વિસ્તારમાં કોંગ્રેસની એક બેઠક મળી હતી જેમાં આગામી દિવસોમાં સુરત શહેરના તમામ વોર્ડમાં જન વેદના આંદોલન કરવા માટેની ચર્ચા કરવામાં આવી હતી. હાલની ભાજપની સરકારની નિષ્ફળતાને કારણે દેશમાં આર્થિક મંદી, બેરોજગારી, ખેડુતોની હાલાકી, આર.ટી.ઓ.નો કાળો કાયદો, બેન્કીંગ વહેવારમાં મુશ્કેલી જેવા મુદાની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત હાલ સુરત મહાનગરપાલિકાના વેરા બિલ અને પાણી બિલ બેફામ આવી રહ્યાં છે તેનો પણ વિરોધ કરવામા ંઆવશે. મ્યુનિ.ના તમામ ૨૯વોર્ડમાં જન વેદના આંદોલન કરવા માટેની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

# ભણે ગુજરાતઃ હાયર એજ્યુ. માટે જાન્યુઆરીથી કેમ્પેઈનનો પ્રારંભ

અમદાવાદ : આ વર્ષે ટેકનિકલ કોલેજો અને ઉચ્ચ શિક્ષણમાં મોટા પ્રમાણમાં સીટ ખાલી રહી ગઈ છે. ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી, ફાર્મસી, એમબીએ, એમસીએ સહિતના પ્રોફેશનલ કોર્સની કુલ ૨,૪૦,૦૦૯ સીટમાંથી ૧,૨૯,૩૮૮ ખાલી, ગત વર્ષ કરતા ખાલી સીટ રહી છે. જ્યારે ગુજરાત યુનિવર્સિટીમાં સાયન્સ, આર્ટસ, કોમર્સમાં ૯,૦૦૦ જેટલી સીટ ખાલી રહી છે. ખાલી સીટ ભરવા માટે શિક્ષણ વિભાગ વાઈબ્રન્ટ ગુજરાતની તર્જ પર હાયર એજ્યુકેશન કેમ્પેઈન જાન્યુઆરીથી ચાલુ કરશે. જેમાં અન્ય રાજ્યો તથા વિદેશમાં જઈને સરકારી, ખાનગી યુનિવર્સિટીઓ પ્રચાર-પ્રસાર કરીને વિદ્યાર્થીઓને ગુજરાતમાં અભ્યાસ કરવા પ્રોત્સાહન આપશે. આ સંદર્ભમાં ૧૪મીના રોજ ગુજરાત યુનિવર્સિટી ખાતે તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓનું સ્નેહમિલન શિક્ષણ વિભાગ દ્વારા ૧૪મીએ યોજાયું હતું. જેમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ખાનગી અને સરકારી યુનિવર્સિટીઓના કુલપતિઓની બેઠકમાં સ્ટડી ઈન ગુજરાત કેમ્પેઈન અંગે જાણકારી અપાઈ હતી. સવારે ૧૧ થી ૧.૩૦નું સેશન તમામ યુનિ. માટે કોમન રખાયું હતું. બપોર પછીનું સેશન માત્ર સરકારી યુનિ. માટે રહ્યું હતું.

# દેવદિવાળી : મંદિરોમાં રોશની, અન્નકૂટ



અમદાવાદઃ ગુજરાતના દ્વારકા, સોમનાથ, ડાકોર, જગનાથ મંદિર તથા શામળાજી, અંબાજી સહિતના મંદિરોમાં દેવદિવાળી નિમિતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના અનેક મંદિરો દ્વારા 'પર્યાવરણ બચાવો' થીમ પર મહા અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અન્નકૂટ ઉત્સવમાં ૧૫૫૧ જેટલી જુદી-જુદી વાનગીઓનો ભોગ ભગવાનને ધરાવવામાં આવ્યો હતો. આ મહા અન્નકૂટો ઉત્સવ માટે વિવિધ વાનગી તૈયાર કરવા માટે મંદિરમાં હજારો સેવાભાવી યુવક-યુવતીઓ કામે લાગ્યાં હતાં. રાજ્યમાં ડાકોર, સોમનાથ, દ્વારકા, શામળાજી અંબાજીમાં ગઈ કાલના મંગળવારે પૂનમ હોવાથી ભક્તોની ખાસ્સી ભીડ જામી હતી. મોટી સંખ્યામાં દર્શનાર્થીઓનો ધસારો જોવા મળ્યો હતો. અનેક મંદિરોમાં પ્લાસ્ટિક ફ્રી તથા 'પર્યાવરણ બચાવો' થીમ મુજબ મહા અન્નકૂટનો ભોગ ભગવાનને ધરાવવામાં આવ્યો હતો. આમ મહા અન્નકૂટમાં દર્શન અર્થે આવનાર ભક્તજનો તેમની સાથે બેંગ-ઝભલા કોથળીઓ લઈને આવ્યા હતા તેમને કાપડની થેલી આપવામાં આવી હતી. દ્વારકામાં રણછોડજી મંદિર, બેઠક મંદિર, મોટી ખોડિયાર મંદિર, રાધાકૃષ્ણ મંદિર વગેરેને ભવ્ય રોશનીથી સજાવવામાં આવ્યા હતા. વહેલી સવારથી ધાર્મિક કાર્યક્રમ સહિત મહાઆરતીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.







# ગુજરાતના ખેડૂતો માટે ૭૦૦ કરોડની સહાયનું પેકેજ

## • ૩૩ ટકા કરતા વધુ નુકસાન માટે સહાય કરાશે : રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલ મહત્વનો નિર્ણય

ગાંધીનગર- આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા ખેડૂતો માટે ૭૦૦ કરોડના સહાય પેકેજની જાહેરાત કરવામાં આવી છે. બિન પિયતમાં હેકટર દીઠ ૬,૮૦૦ રૂ. સહાય અપાશે. પાકવીમા સિવાય પણ રાજ્ય સરકારે સહાય જાહેર કરી છે. ૨ લાખ કરતા વધુ ખેડૂતોને સહાય મળશે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્?યુ છે કે, રાજ્યના ખેડૂતોને સહાયરૂપ થવા રાજ્ય સરકાર હંમેશા પ્રયત્નશીલ છે ત્યારે રાજ્યમાં થયેલ ભારે તથા કમોસમી વરસાદને કારણે જે ખેડૂતોને ખેતીના પાકમાં નુકશાન થયુ છે તે સંદર્ભે અંદાજે રૂ.૭૦૦ કરોડની સહાય રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવશે. આ ખાસ સહાય પેકેજનો લાભ ૪ લાખથી વધુ ખેડૂતોને મળશે.

પાકને થયેલ નુકશાન સંદર્ભે ચર્ચા-વિચારણા કર્યા બાદ આ મહત્વનો નિર્ણય કરાયો છે. કેન્દ્ર સરકારના કેલીમીટી રીલીફ ફંડના ધારાધોરણ મુજબ જે પાકમાં ૩૩% થી વધારે નુકશાન થયુ હોય ત્યાં પિયત પાકોમાં પ્રતિ હેક્ટર રૂ.૧૩૫૦૦ અને બિન-પિયત પાકોમાં પ્રતિ હેક્ટર રૂ.૬૮૦૦ ની સહાય ચુકવવામાં આવશે. પટેલે ઉમેર્યુ કે, રાજ્યમાં ચાલુ વર્ષે થયેલ ભારે વરસાદ તથા કમોસમી વરસાદને પરિણામે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં જુલાઈ-ઓગસ્ટ-સપ્ટેમ્બર માસ દરમ્યાન થયેલ ભારે વરસાદ તેમજ ઓક્ટોબર અંતિત અને નવેમ્બરના પ્રથમ અઠવાડીયામાં થયેલ ખેડૂતોના પાકને નુકશાન થયુ હતુ તે સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા ત્વરિત સરવેની કામગીરી શરૂ કરી હતી જે પૂર્ણતાના આરે છે. ઉપરાંત કમોસમી વરસાદના સરવેમાં ખેડૂતોના પાકને જે નુકશાન થયુ છે પરંતુ નુકશાન નિર્ધારીત ધોરણ ૩૩% કરતા ઓછુ છે તે ખેડૂતોને પણ રાજ્ય સરકાર દ્વારા સહાય કરવાનો નિર્ણય કરાયો છે.

## સરકારે ૭૦૦ કરોડની જાહેર કરેલી સહાય ખેડૂતો માટે અપુરતીઃ હાર્દિક

પડધરી– સૌરાષ્ટ્રમાં અનિયમિત અને ભારે વરસાદ બાદ વાવાઝોડા અને માવઠાનાં કારણે કપાસ, મગફળી, કઠોળ સહિતનાં પાકને મોટા પ્રમાણમાં નુકશાન થવાથી ખેડૂતોને મોટો આર્થિક ફટકો લાગ્યો છે, ત્યારે પડધરીમાં 'ખેડૂત સત્યાગ્રહ' નામે હાર્દિક પટેલની આગેવાનીમાં ઉપવાસ આંદોલન કરવામાં આવ્યું હતું. ખેડૂતોનું દેવું માફ કરવા અને તાત્કાલિક પાક વીમો પુરેપુરો ચુકવી આપવા સહિતની માગણીઓ સાથે આજે સવારે શરૂ થયેલા ઉપવાસ આંદોલન સમયે સરકારને શાબ્દિક ચાબખા મારતા હાર્દિક પટેલે જણાવ્યું કે, અનિયમિત ચોમાસા અને માવઠા – વાવાઝોડાનાં કારણે ખેડૂતોની સ્થિતિ દિવસે – દિવસે ખરેખર કપરી બનતી જાય છે. આમ છતાં સરકાર આંખ મીચામણા કરે છે. ધરતીપુત્રો આપઘાતનાં માર્ગે વળશે તો સરકાર જવાબદાર ગણાશે. આવા સંજોગોમાં ખેડૂતોએ એક થવાની જરૂરી છે. સરકારને જગાડવા માટે ખેડૂતોએ હક્કની લડાઇ લડવી પડશે. હાર્દિકે સરકારની સરકારની સહાયને અપૂરતી ગણાવી હતી.

# હનીફ દાઢી હત્યા : પત્ની દ્વારા સીબીઆઈ તપાસની માંગણી

અમદાવાદ : જમાલપુરની નવી ચાલી ચાર રસ્તા પાસે દુર્ગા ટીમ્બર માર્ટ પાસે બિલ્ડર હનીફ દાઢીની ત્રણ વર્ષ પહેલા થયેલ હત્યામાં હજુ સુધી હત્યારા નહીં પકડાતા મૃતકની પત્નીએ પોલીસ અધિકારીઓ સહિત અન્યો સામે ગંભીર આક્ષેપો કરીને રાષ્ટ્રપિતને દરમિયાનગીરી કરી આખી તપાસ સીબીઆઈને સોંપવા વિનંતી કરી છે. આ ગુનાની તપાસ કરનાર પોલીસ અધિકારી અને જેમની સામે આક્ષેપો હતા એજ તપાસ કરનાર અધિકારીને સીઆઈડી ક્રાઈમમાં તપાસ સોંપાવામાં આવી હતી. બિલ્ડર હનીફ દાઢીના પત્ની શમશાદબાનુ મોહમદહનીફ શેખે પોલીસ અધિકારી સહિત આઠ જણા સામે ગંભીર આક્ષેપો કરતી અરજી કરી છે. જેમાં એવો ઉલ્લેખ કર્યો છે કે, જમાલપુરની નવી ચાલી ચાર રસ્તા પાસે દુર્ગા ટીમ્બર માર્ટ પાસે ગતતા.૧૬-૯-૨૦૧૬ના રોજ રાત્રે મારા પતિ હનીફ દાઢી બહાર બેઠા હતા ત્યારે એક્ટિવા ઉપર આવેલા બે શખ્સો ફાયરિંગ કરીને નાસી ગયા હતા.

આ અંગે પોલીસને સીસીટીવી ફૂટેજ આપવામાં આવ્યા હોવા છતા તેની આજદિન સુધી કોઈ તપાસ કરવામાં આવી નથી. ઉલટાનું તપાસનીશ અધિકારી તેમને માહિતી આપી દેતા હતા.

# અમદાવાદના ઉદ્યોગપતિની હત્યા કેસનો ભેદ ઉકેલાયો, ૩ શખ્સની ધરપકડ થઈ

ભાવનગર જિલ્લાના સિહોર પંથકના રબારિકા ગામે અમદાવાદના ઉદ્યોગપતિની થયેલી હત્યાના બનાવની તપાસ કરી રહેલી પોલીસે આજે હત્યા પ્રકરણે દેવગાણા ગામના ત્રણ શખસોની ધરપકડ કરી હતી. પોલીસ આ ત્રણેય શખસોને તા.૯-૧૧ના રોજ કોર્ટમાં રજૂ કરી વધુ પૂછપરછ માટે રીમાન્ડની માગણી કરશે.

સિહોર પોલીસે જણાવ્યું હતું કે, મૂળ સિહોર પંથકના રબારિકા ગામના અને હાલ અમદાવાદના નારણપુરા સરદાર પટેલ કોલોની વિસ્તારમાં ફ્લેટમાં રહેતા અને દૂધેશ્વર રોડ પર ખોડિયાર ઈલેક્ટ્રો પ્લેટ્સ નામનું કારખાનું ધરાવતા ભૂપતભાઈ અમરજીભાઈ જાની (ઉ.વ.૫૫) અને તેમના પરિવારજનો દિવાળી અને નૂતન વર્ષના તહેવારોની ઉજવણી કરવા માટે તા. ૨૮-૧૦ના રોજ અમદાવાદથી રબારિકા ગામે આવ્યા હતા. બાદમાં, ગઈ તા. ૩-૧૧ના રોજ ભૂપતભાઈના પત્ની કામિનીબહેન, તેમના પુત્રો અને પુત્રવધુઓ પરિવાર સાથે અમદાવાદ પરત ગયા હતા. જ્યારે ભૂપતભાઈ રબારિકા ગામે ઘરે રોકાઈ ગયા હતા.

દરમિયાનમાં, ભૂપતભાઈ અને તેમના મિત્ર સુરેશભાઈ પંચાલ (રે. અમદાવાદ) ગઈ તા.૫-૧૧ના રોજ રાત્રીના ૧૦.૩૦ વાગ્યે સૂઈ ગયા હતા. રાત્રી દરમિયાન કોઈપણ સમયે ભૂપતભાઈને કોઈ અજાણી વ્યક્તિએ ગળાના ભાગે તીક્ષ્ણ હથિયાર વડે માર મારી ગંભીર ઈજા કરી મોત નિપજાવ્યાની ફરિયાદ મૃતક ભૂપતભાઈના પુત્રએ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા શખસ વિરૂદ્ધ આઈપીસી કલમ ૩૦૨ તથા જીપી એક્ટની કલમ ૧૩૫ અન્વયે ગુનો દાખલ કર્યો હતો. બનાવના પગલે જિલ્લા પોલીસ અધિક્ષક સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો રબારિકા ગામે દોડી ગયો હતો.

# અમદાવાદ બ્લાસ્ટ કેસઃ ૧૧૬૩ સાક્ષીની જુબાની-ઊલટ તપાસ, ૮૪ની ધરપકડ

અમદાવાદ : અમદાવાદમાં ૨૬મી જુલાઈ ૨૦૦૮માં થયેલા સિરિયલ બ્લાસ્ટ કેસમાં આરોપી રફુઉદ્દીન કાપડિયાએ કરેલી જામીન અરજીમાં સુપ્રીમ કોર્ટે ડિસેમ્બર ૨૦૧૯ સુધી કેસ પૂરો કરવા માટે નિર્દેશો આપ્યા છે. જેના પગલે ૧૨૩૭ સાક્ષીઓને પડતા મૂકવાનું નક્કી કર્યું છે.

સાબરમતી જેલમાં વીડિયો કોન્ફરન્સથી ચાલી રહેલા બ્લાસ્ટ કેસમાં અત્યારે ગાંધીનગર જિલ્લાના પોલીસ વડા મયૂર ચાવડાની જુબાની ખાસ જજ એ.આર.પટેલની કોર્ટમાં ચાલી રહી છે. આમ અત્યાર સુધીમાં કુલ ૧,૧૬૩ સાક્ષીઓની જુબાની તથા ઊલટ તપાસ હાથ ધરાઈ છે.

બ્લાસ્ટ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે અત્યાર સુધી ૮૪ આરોપીઓની ધરપકડ કરી હતી.જેમાં ૫૬ આરોપી હાલ સાબરમતી જેલમાં છે, જ્યારે બાકીના આરોપીઓ દિલ્હી,એમપી.,મહારાષ્ટ્ર અને કર્ણાટકની જેલમાં છે. સુપ્રીમ કોર્ટમાં રફુઉદ્દીન કાપડિયાએ કરેલી જામીન અરજીની સુનાવણી દરમિયાન કેસમાં કેટલા સાક્ષીઓની જુબાની થઈ અને હાલ કયા તબક્કે છે તેની માહિતી મેળવી હતી.

બાદમાં સુપ્રીમ કોર્ટે ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં સાક્ષીઓની કાર્યાવાહી પૂરી કરવા માટે નિર્દેશ આપ્યા છે. હવે ૧,૨૩૭ સાક્ષીઓની જુબાનીની પડતી મૂકવામાં આવશે.

ચાર સરકારી વકીલો કેસ ચલાવી રહ્યા છે : બ્લાસ્ટ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સરકારે ચાર ખાસ સરકારી વકીલનોની નિમણૂક કરી હતી.જેમાં સિનિયર એડવોકેટ એચ. એમ.ધ્રુવ,મિતેષ અમીન,સુધીર બ્રહ્મભટ્ટ અને અમિત પટેલની નિમણૂક કરી હતી.આ ચારેય એડવોકેટ બ્લાસ્ટ કેસ વીડિયો કોન્ફરન્સથી ચલાવી રહ્યા છે.

# ગાંધીનગરનાં સિરિયલ કિલર સામે વધુ એક હત્યાનો ગુનો

ગાંધીનગર સિરિયલ કિલરની ધરપકડ બાદ તેણે પોલીસ કસ્ટડીમાં વધુ એક હત્યાની કબૂલાત કરી હતી. ગાંધીનગરનો સિરિયલ કિલર મનિષ નાયક ઉર્ફે મદન માલીએ એક બાદ એક ૩ હત્યાને અંજામ આપ્યો હતો. છ્જીએ આરોપીની ધરપકડ કરી હતી. સીઆઈડી ક્રાઈમે મદનના રિમાન્ડ મેળવ્યા હતા. જે દરમિયાન તેણે વિશાલ પટેલની ચોથી હત્યાની કબૂલાત કરી હતી. જે બાદ સીઆઈડી ક્રાઈમ, કૃષ્ણનગર પોલીસ અને ફાયર વિભાગની ટીમોએ ૩ દિવસ સુધી તપાસ કરી વિશાલ પટેલનાં મૃતદેહનાં કેટલાક અવશેષો કબ્જે કર્યા હતા. આ અવશેષોનો ડીએનએ રિપોર્ટ આવ્યા બાદ પોલીસે આરોપી સામે હત્યાનો વધુ એક ગુનો નોંધ્યો છે. વિશાલ પટેલની હત્યા વિશે મનીશની પુછપરછ કરતાં સામે આવ્યુ હતું કે, વિશાલ પટેલ આરોપી પાસેથી લૂંટનો સામાન ખરીદતો હતો. અને જ્યારે મનીશના ફોટો પોલીસે વાયરલ કર્યા ત્યારે મૃતક વિશાલ પટેલે આરોપી મનીષને ફોન કરી જાણ કરી હતી. મનીશને શંકા હતી કે જો વિશાલ પોલીસ પાસે પહોંચી જશે, તો તેનો ભાંડો ફૂટી જશે અને પોતે ઝડપાઈ જશે. માટે મનીશે કાવતરૂં રચી વિશાલને મળવા બોલાવ્યો અને તેની જ ગાડીમાં ગોળી મારી હત્યા કરી હતી. બાદમાં વિશાલના મૃતદેહને ગટરમાં નાખી પથ્થર વડે છૂંદી દીધો હતો.

# ૨૭મી નવેમ્બરથી અમદાવાદ કંડલા-નાશિકની ફ્લાઈટ શરૂ

ભુજઃ કચ્છમાં કથળેલી હવાઈ સેવા વચ્ચે એર ઈન્ડિયાની સબસીડીયરી કંપની એલાયન્સ એરએ કંડલાથી નાશિક વાયા અમદાવાદ વચ્ચે ફ્લાઈટ શરૂ કરવાની જાહેરાત કરી છે. આગામી ૨૭ નવેમ્બરથી આ ફ્લાઈટ શરૂ થશે. જો, કે એલાયન્સ એર દ્વારા નાશિક-અમદાવાદ વચ્ચે પહેલાંથી જ ફ્લાઈટ ચાલું છે. આ ફ્લાઈટ હવે કંડલા સુધી લંબાવામાં આવશે.

૭૦ સીટરના વિમાનમાં ૫૦ ટકા સીટ રીજનલ કનેક્ટીવીટી સ્કિમ મુજબ હશે સવારે ૮.૨૦ વાગ્યે આ ફ્લાઈટ નાશિકથી અમદાવાદ જવા ઉડાન ભરશે. અમદાવાદમાં ૯.૩૫ વાગ્યે લેન્ડ થયા બાદ તે ૧૦.૦૫ મિનિટે કંડલા માટે ઉડાન ભરશે. કંડલામાં ૧૧.૧૦ મિનિટે લેન્ડ થઈ ૧૧.૪૦ વાગ્યે પુનઃ અમદાવાદ માટે ઉડાન ભરશે. બપોરે ૧૨.૪૫ વાગ્યે અમદાવાદ લેન્ડ થઈ ૧.૧૫ વાગ્યે નાશિક માટે ઉડાન ભરી બપોરે ૨.૧૦ મિનિટે નાશિકમાં લેન્ડ થશે. હાલ કંડલા-મુંબઈ વચ્ચે સ્પાઈસ જેટ અને કંડલા-અમદાવાદ વચ્ચે ટ્રુજેટની ફ્લાઈટ ઉડે છે.

# ગાંધીનગર સીબીઆઈના પીઆઈ સુનીલ નાયર સામે પાંચ કરોડની ખંડણીનો કેસ

અમદાવાદ : સુરતમાં ૧૫૫ કરોડના બિટકોઈનનો તોડ કરી જવાના કેસના મુખ્ય આરોપી શૈલેષ ભટ્ટને ગાંધીનગર સીબીઆઈ કચેરીએ બોલાવી, ઈડી-આઈટીના કેસ કરાવવાની ધમકી આપી દસ કરોડની ખંડણી માગી રૂ. ૪.૬૦ કરોડનું ડીલ કરવાના વિવાદના મુખ્ય સૂત્રધાર ગાંધીનગર સીબીઆઈના તત્કાલિન પીઆઈ સુનિલ નાયર સામે દિલ્હી સીબીઆઈની એન્ટી કરપ્શન બ્રાન્ચે આખરે ગુનો દાખલ કર્યો છે. સુનિલ નાયર ઉપરાંત, કિરીટ પાલડિયા સહિત અન્યો સામે કાવતરૂં રચી ખંડણી માગવી, લાંચ લેવી, ગેરકાયદેસર કાળુ નાણું એકત્ર કરવું, પોતાની સત્તાનો દુરૂપયોગ કરવા સહિતના ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, સીબીઆઈને આ ઘટનાની જાણ દોઢ વર્ષ પહેલા થતા પીઆઈ સુનીલ નાયરની ગાંધીનગરથી મેઘાલય બદલી કરી દીધી હતી. સીબીઆઈના પીઆઈ સુનીલ નાયરે રૂ.૪.૬૦ કરોડ રોકડા આંગડિયા પેઢીમાં આવ્યા હોવાનું ખુલ્યુ છે. જો કે, આ ખંડણી જેની પાસેથી લેવામાં આવી હતી તે શૈલેષ ભટ્ટ, જેની સામે કરોડોનો તોડ કરી જવાનો આરોપ છે, તે સીઆઈડી ક્રાઈમમાં દોઢ વર્ષથી ફરાર છે.

ઉલ્લેખનીય છે કે, ધવલ માવાણી પાસેથી રૂ.૧૩૧ કરોડના બિટકોઈન અને અન્ય મળીને કુલ ૧૫૫ કરોડ શૈલેષ ભટ્ટે પડાવ્યા હતા પણ તેણે તેના પાર્ટનર કીરિટ પાલડિયાને એકપણ રૂપિયો આપ્યો ન હતો જેથી કીરિટ પાલડિયાએ પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાનો સંપર્ક કર્યો હતો.

# બેચરાજીમાં માતાજીને ૪૫ તોલા સોનાનો હાર ચઢાવાયો

**• ગાર્ડ ઓફ ઓર્નર અપાયું: ભૂદેવોના વૈદિક મંત્રોચ્ચાર અને જયઘોષથી મંદિર પરિસર ગુંજી ઉઠયું**

ચાણસ્મા : યાત્રાધામ બહુચરાજીમાં દેવદિવાળીના દિવસે પરંપરાગત લોકમેળો ભરાયો હતો. જેમાં દુર દુરથી હજારો શ્રધ્ધાળુઓ ઉમટી પડયા હતા. પોલીસ દ્વારા રાત્રે ગાર્ડ ઓફ ઓર્નર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે માતાજીને ૫૬ ભોગ અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો. જ્યારે ભુદેવોના પવિત્ર મંત્રોચ્ચાર અને શ્રધ્ધાળુઓના જય ઘોષથી આખુંય મંદિર પરિસર ગુંજી ઉઠયું હતું. વળી, ખેડાના એક માઈભક્તની મનોકામના પૂર્ણ થતાં તેમણે ૫૨૦૦ વર્ષ પ્રાચીન બહુચર માતાજીના આદ્યસ્થાનકે રૂ.૨૧ લાખની કિંમતનો ૪૫ તોલા સોનાનો હાર અર્પણ કર્યો હતો. દેવ દિવાળીને



પૂનમને લઈ વહેલી સવારથી ભક્તોથી માં બહુચરનું ધામ ઉભરાવા લાગ્યું હતું. દિવસભર ભક્તોની ભારે ભીડ વચ્ચે મંદિર પરિસર માતાજીના જય જય કારથી ગુંજતું રહ્યું હતું. દેવદિવાળીએ માતાજીને અન્નકુટ ધરાવવાનું વિશેષ મહત્વ હોઈ અમદાવાદના માઈભક્ત રિમ્પલ હર્ષદભાઈ પટેલ મુખી(કોચરબ) અને અક્ષયાભાઈ પટેલ(વાસણા)દ્વારા બહુચર મૈયાને છપ્પનભોગ અન્નકુટ ધરાવ્યો હતો.

## શામળાજીમાં કાર્તિકી લોકમેળોઃ ભક્તોનું મહેરામણ

ભિલોડા: કારતક સુદ પૂનમના રોજ ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં લોકમેળો યોજાયો હતો. દર વર્ષની આ વર્ષે જણ મેળામાં રાજસ્થાન, ગુજરાત અને મધ્યપ્રદેશથી લાખો ભક્તો કાળિયા ઠાકોરના દર્શનાર્થે ઊમટી પડ્યા હતા. ભાવિકો મેશ્રવો નદીમાં આવેલ પવિત્ર નાગધરા કુંડમાં સ્નાન કરી પિતૃઋણથી મુક્ત થઈ ધન્ય બન્યા હતા. યાત્રાધામ શામળાજીમાં આવેલા નાગધરા કુંડમાં સ્નાન કરવાથી ગત થયેલા પિતૃઓને મોક્ષ મળે છે, એવી વર્ષો પુરાણી માન્યતા રહેલી છે. નાગધરા કુંડ પાસે પૂજારીઓ દ્વારા પૂજાવિધિ કરાવાય છે.

## અંબાજીમાં પણ ૨.૫૦ લાખથી વધુ શ્રદ્ધાળુ ઉમટ્યા

અંબાજી : યાત્રાધામ અંબાજીમાં આજે કાર્તિકી પૂનમ એટલે કે દેવદિવાળીનું પર્વ હોઈ યાત્રિકોનો વહેલી સવારથી જ ભારે ધસારો જોવા મળ્યો હતો. દિવાળીના તહેવારોનો છેલ્લો દિવસ હોઈ જગત જનની મા અંબાના દર્શન માટે લાંબી લાઈનો લાગેલી જોવા મળી હતી. કાર્તિકી પૂનમ એટલે કે દેવદિવાળીના પર્વ હોઈ યાત્રિકોનો ઘસારો જોવા મળતો હતો. અંબાજીમાં દિવાળી વેકેશન દરમિયાન રહેવાની ભારે તકલીફો પડતી હતી. દિવાળી વેકેશનના ધસારાને પહોંચી વળવા દેવસ્થાન ટ્રસ્ટ તરફથી દર્શન માટેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના કારણે યાત્રિકો સરળતાથી દર્શન કરી શક્યા હતા. એક અંદાજ મુજબ અઢી લાખ લોકો દર્શનાથે ઉમટ્યા હતા.

# બોચાસણમાં મહંત સ્વામીની હાજરીમાં પૂર્ણિમા મહોત્સવ

**• દેવદિવાળી નિમિત્તે ભગવાન સ્વામિ નારાયણને કલાત્મક અન્નકૂટ ધરાવાયો**

આણંદ : તા.૧૨ નવેમ્બર મંગળવારે બી.એ.પી.એસ.ના ગાદીસ્થાન બોચાસણમાં મહંત સ્વામી મહારાજના પ્રત્યક્ષ અને દિવ્ય સાનિધ્યમાં કાર્તિકી પૂનમ-દેવદિવાળીનો ઉત્સવ ભવ્યતા અને દિવ્યતાથી ઉજવાયો હતો. મંગળ પ્રભાતે સાડા પાંચ વાગ્યે મંદિર પરિસરમાં સ્વામીની પ્રાતઃપૂજાના દર્શનનો લાભ હરિભક્તોએ લીધો હતો.

વહેલી પરોઢથી બોચાસણનું બીએપીએસ સ્વામિનારાયણ મંદિર વિવિધ રોશનીથી દેદીપ્યમાન શોભી રહ્યું હતું. દેવદિવાળી નિમિત્તે ભગવાન સમક્ષ વિવિધ વાનગીઓનો કલાત્મક અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. કાર્તિક પુર્ણિમાનું વિશેષ મહાત્મ્ય હોઈ વહેલી સવારથી અંતરના ઉમળકા સાથે મંદિર દર્શન અને દેવદિવાળી ઉત્સવનો લાભ લેવા હજારો હરિભક્તો ઉમટયા હતા.

સાંજે પાંચ વાગ્યાથી શ્રી સ્વામિનારાયણ બાગ, બોચાસણ ખાતે આજના ઉત્સવની મુખ્ય સભા શરૂ થઈ હતી. પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના ઉપદેશ ગ્રંથ ‘‘વચનામૃત‘‘ ગ્રંથનું દ્વિશતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે.

# ૫૩ વર્ષના પ્રીતિ કામથ ફુલ આયર્નમેન સ્પર્ધા પૂરી કરનારા પ્રથમ ગુજરાતી મહિલા

વડોદરા : વડોદરાના પ્રીતિ કામથ ફુલ આયર્નમેન સ્પર્ધા સફળતાપૂર્વક પૂરી કરનારા વડોદરાના જ નહી કદાચ ગુજરાતના પણ પહેલા મહિલા બન્યા છે.મહત્વની વાત એ છે કે, પ્રીતિ કામથે ૫૩ વર્ષની વયે આ સિધ્ધિ મેળવી છે.

ફ્લોરિડા ખાતે ગત સપ્તાહે યોજાયેલફુલ આયર્નમેન કોમ્પિટિશનમાં તેમણે ભાગ લીધો હતો નિયમ પ્રમાણે સ્પર્ધકે ૧૭ કલાકની અંદર દરિયામાં ચાર કિલોમીટર સ્વિમિંગ, એ પછી તરત ૧૮૦ કિલોમીટર સાયકલિંગ અને ૪૨ કિલોમીટ રનિંગની ચેલન્જ પૂરી કરવાની હતી.પ્રીતિ કામથે ૧૬ કલાક અને ૧૭ મિનિટમાં આ સ્પર્ધા પૂરી કરી હતી.

અગાઉ ૨૦૧૬માં હંગેરી અને ચાર મહિના પહેલા નોર્વેમાં તેમણે હાફ આયર્નમેન સ્પર્ધામાં સફળતાપૂર્વક ભાગ લીધો હતો.જોકે તેઓ છેલ્લા નવ મહિનાથી ફુલ આયર્નમેન કોમ્પિટિશન માટે તૈયારી કરી રહ્યા હતા.આ માટે તેમણે પૂનાના કોચ કૌસ્તુભ રાડકરનુ પણ માર્ગદર્શન લીધુ હતુ.

વ્યવસાયે ડોક્ટર એવા પ્રીતિ કામથ કહે છે કે, ફુલ આયર્નમેન સ્પર્ધામાં ભાગ લેવાનુ મારુ વર્ષો જુનુ સ્વપ્ન હતુ. સ્પર્ધામાં મારા માટે સૌથી મોટો પડકાર હવામાનને પહોંચી વળવાનો હતો.૨ નવેમ્બરે સવારે સાત વાગ્યે માત્ર ૧૦ ડિગ્રી ટેમ્પરેચરમાં દરિયામાં ચાર કિલોમીટરના સ્વિમિંગ સાથે સ્પર્ધાની શરુઆત થઈ હતી.એ પછી આવા ઠંડા વાતાવરણમાં સાયકલિંગ કરવાનુ આવ્યુ હતુ. તેઓ કહે છે કે, સ્પર્ધાના પાંચ દિવસ પહેલા વાયરલ ઈન્ફેક્શન થયુ હતુ અને શરીરમાં નબળાઈ આવી હતી. આમ છતાં દ્રઢ ઈચ્છા શક્તિના કારણે કોમ્પિટિશનના દિવસે સવારના સાતથી રાતના ૧૧ વાગ્યા સુધીમાં એક પળ માટે મને એવુ લાગ્યુ નહોતુ કે હું આ સ્પર્ધા પૂરી નહી કરી શકુ.

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
Web: www.siis.ca
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
Express Entry and all PNP
Early childhood educator | Medical lab technician
Account technician | Computer programmers and
Interactive media developers | Social workers
STUDY VISA | VISITOR VISA (TRV) | SUPER VISA
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
VADODARA OFFICE
2/A, Wagheshwary Society,
Vip Road, Vadodara.
CANADA OFFICE
94-499 Main Street South;
Brampton, Ontario, Canada.
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca
Website.: www.siis.ca

SHARP TRAVEL
Lowest and Special Fares to
Ahmedabad / Vadodara / Mumbai & Delhi
વ્યાજબી ભાડું... શ્રેષ્ઠ સેવા... વર્ષોનો અનુભવ
Air Ticket
Cruises
Vacation Packages
Insurance
info@sharptravel.ca
www.sharptravel.ca
tico.ca
Ph : 905-230-7855
Shoppers World Mall 94 - 499
Main St S Brampton L6Y1N7
BRITISH AIRWAYS JET AIRWAYS AIR CANADA KLM Emirates ETIHAD



# ॥ સંસ્કૃતિ ॥




હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

### ગ્લોબલ ક્રેડિટ એજન્સી મૂડીઝે ભારતનું ક્રેડિટ રેટિંગ સ્થિરમાંથી નેગેટિવ કરતા ચિંતાનો માહોલ

# મૂડીઝનું રેટીંગ : ભારતમાં આર્થિક સંકટનું પ્રતિબિંબ

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

ભારતનું અર્થતંત્ર દોઢેક વર્ષથી અત્યંત માઠી દશામાંથી પસાર થઈ રહ્યું છે. તેવા સમયે આંતરરાષ્ટ્રીય ક્રેડિટ એજન્સી મૂડીઝે ભારતના ક્રેડિટ રેટિંગ આઉટલુકને સ્થિરમાંથી નેગેટિવ કરી દીધો છે. મૂડીઝનું કહેવું છે કે, આવનારા સમયમાં વિકાસ દરમાં ઘટાડાના જોખમને લઈને આમ કરવામાં આવ્યું છે. મૂડીઝનું રેટિંગ આવ્યા બાદ શેરબજારમાં કડાકો બોલાયો છે. મૂડીઝ દ્વારા આઉટલુક ઘટાડવાનો અર્થ એમ થાય કે, આવનારા સમયમાં રોકાણની દૃષ્ટિએ ભારતનું રેટિંગ નીચે આવી શકે છે. જો આ સ્થિતિ સર્જાય તો દેશમાં આવતું વિદેશી રોકાણ ઘટી શકે છે. અગાઉ મૂડીઝે વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન જીડીપી ગ્રોથમાં અનુમાન ઘટાડીને ૫.૮ ટકા કરી દીધું હતું. પહેલા તેણે જીડીપીમાં ૬.૨ ટકાની વૃદ્ધિનું અનુમાન દર્શાવ્યું હતું. આ પહેલાં પણ અનેક રેટિંગ એજન્સીઓ ભારતની અર્થવ્યવસ્થાને લઈને રેટિંગ ઘટાડી ચૂકી છે. દેશની અર્થવ્યવસ્થાને લઈને લાંબા સમયથી સવાલ થઈ રહ્યાં છે અને દેશવિદેશના અર્થશાસ્ત્રીઓ અને વૈશ્વિક એજન્સીઓ ચેતવણી આપતી રહી છે અને હવે મૂડીઝનું રેટિંગ ચિંતામાં વધારો કરનારું છે. રેટિંગ ઘટાડવા પાછળ મૂડીઝે જે મુખ્ય કારણો ગણાવ્યાં છે એમાં આર્થિક મંદી, વધી રહેલી બેરોજગારી, ગ્રામીણ પરિવારો પર આર્થિક દબાણ, નોનબેન્કિંગ નાણાકીય કંપનીઓ ઉપર વધી રહેલું રોકડનું સંકટ જેવા અનેક કારણ છે.

મૂડીઝે સૌથી વધારે ચિંતા એ વાતે દર્શાવી છે કે, આર્થિક મંદી ઉકેલવા સરકારે છેલ્લા થોડા મહિનામાં જે પગલાં લીધાં છે એ પૂરતા નીવડયાં નથી. આવનારા દિવસોમાં ભારતની આર્થિક પરિસ્થિતિને લઈને જે ચિત્ર ઉપસી રહ્યું છે એ મોટા જોખમનો ઈશારો કરી રહ્યું છે. ભારતના અર્થતંત્રને લઈને મંદીના લક્ષણ તો એક વર્ષ પહેલાં જ જણાવા લાગ્યાં હતાં. પરંતુ સરકારે એને ગંભીરતાથી ન લીધાં. પરંતુ ચાલુ નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિક ગાળાના જીડીપીના આંકડા આવ્યાં ત્યારે ખ્યાલ આવ્યો કે, જીડીપીનો વૃદ્ધિ દર છ વર્ષના તળિયે પહોંચી ગયો. મોદી સરકારના બીજા કાર્યકાળના પહેલાં જ દિવસે બહાર પડેલા આંકડા અનુસાર નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં જીડીપી અર્થાત વિકાસદર ૫.૮ ટકા રહ્યો જે ગયા નાણાકીય વર્ષની સરખામણીમાં ઘણો ઓછો હતો. ગયા વર્ષે આ જ સમયગાળામાં વિકાસદર ૭.૨ ટકા હતો. વર્ષ ૨૦૧૩-૧૪માં જીડીપીનો દર ૬.૪ ટકા જેટલો ઓછો રહ્યો હતો. એ પછી આટલા વર્ષે જીડીપીનો દર આટલો ઓછો રહ્યો. જીડીપીમાં આ ઘટાડો ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય બજારમાં ખપત ઘટવાના કારણે નોંધાયો હોવાનું મનાય છે. આ પહેલાના એટલે કે, વર્ષ ૨૦૧૮-૧૯ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસ દર ૬.૬ ટકા હતો, તો બીજા ત્રિમાસિક ગાળામાં ૭.૧ ટકા અને પહેલા ત્રિમાસિક ગાળામાં ૮.૧ ટકા જેટલો ઊંચો હતો. મતલબ કે, જીડીપી ગ્રોથ રેટમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. અગાઉ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એક રિપોર્ટમાં અનુમાન લગાવવામાં આવ્યું હતું કે, ચોથા ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસ દર ૬.૧થી ૬.૫ ટકા રહી શકે છે. પરંતુ અનુમાન કરતા પણ વિકાસ દર ઘણો નીચો રહેતાં એટલું તો સ્પષ્ટ બન્યું છે કે, દેશની અર્થવ્યવસ્થા સંકટમાં છે. છેલ્લા બે વર્ષમાં પહેલી વખત ભારતનો વિકાસ દર ચીનના વિકાસ દર કરતા પાછળ રહી ગયો.

ચીનની જીડીપીથી ઉલટ ભારતનો વૃદ્ધિ દર ઘરેલુ ખપતના આધારે નક્કી થાય છે. છેલ્લા ૧૫ વર્ષોથી ઘરેલું ખપત જ દેશની અર્થવ્યવસ્થાને વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતી રહી છે. જોકે નવા આંકડાથી સ્પષ્ટ છે કે, ગ્રાહકોની ખરીદક્ષમતા ઘટી રહી છે. કાર અને એસયૂવીનું વેચાણ છેલ્લા સાત વર્ષના તળિયે પહોંચી ગયું છે. મોટરસાઈકલ, સ્કૂટર અને ટ્રેક્ટરના વેચાણમાં પણ ઘટાડો નોંધાયો છે. બેંકો પાસેથી લોન લેવાની માંગ વધી રહી છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લેતા ખ્યાલ આવે છે કે, ગ્રાહકોની ખરીદક્ષમતામાં જ ઘટી ગઈ છે. પ્રાઈવેટ સેક્ટરના એક સર્વેમાં બહાર આવ્યું છે કે, ભારતની સેવા ક્ષેત્રની કામગીરીમાં સતત બીજા મહિને ઘટાડો નોંધાયો છે. સર્વે અનુસાર ફાઈનાન્સ, વીમા, રિયલ એસ્ટેટ અને બિઝનેસ સર્વિસિઝએ ભારતની સેવા ક્ષેત્રની કમજોરીમાં મોટી ભૂમિકા ભજવી છે. સ્થાનિક બજારોમાં માંગની કમી છે. કોર સેકટરના આંકડા પણ નિરાશાજનક છે. ઓગસ્ટમાં ઓદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિ દર ઘટીને ૧.૧ ટકાના છેલ્લા ૨૬ મહિનાના તળિયે પહોંચી ગયો છે. તો સપ્ટેમ્બરમાં પાયાના આઠ ઉદ્યોગોનું ઉત્પાદન પણ ૫.૨ ટકા ઘટયું છે. જોકે ભારત સરકારે મૂડીઝની રેટિંગ પર આકરું વલણ ધારણ કરતા કહ્યું કે દેશની અર્થવ્યવસ્થાનો આધાર મજબૂત છે અને ચિંતાની કોઈ વાત નથી. ભારત આજે પણ દુનિયાની તેજીથી વધી રહેલી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. એટલા માટે જ દેશની આર્થિક સ્થિતિને હજુ સુધી અસર થઈ નથી. ભારત દુનિયાનું એક વિશાળ બજાર છે અને બજારમાં ચડાવઉતાર તો આવતા જ રહે છે. અર્થવ્યવસ્થાને બીજો મોટો ફટકો રોજગારીમાં છે. દેશમાં વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન બેરોજગારીનો દર ૬.૧ ટકા હતો. સ્ટેટેસ્ટિક્સ ડિપાર્ટમેન્ટના અનુસાર દેશમાં બેરોજગારી છેલ્લા ૪૫ વર્ષની ટોચે પહોંચી ગઈ હતી. સ્ટેટેસ્ટિક્સ ડિપાર્ટમેન્ટના પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર ૧૫થી ૨૯ વર્ષની ઉંમરના ગ્રામીણ યુવાનોમાં બેરોજગારી દર ૨૦૧૧-૧૨માં પાંચ ટકા હતો જે ૨૦૧૭-૧૮માં વધીને ૧૭ ટકા થઈ ગયો હતો. આનો અર્થ એ કે ગામડાઓમાં પરિસ્થિતિ વધારે ખરાબ હતી.



પાયાના ૮ ઉદ્યોગોનું ઉત્પાદન ૫.૨ ટકા ઘટયુ, બેરોજગારી દર પણ ૪૫ વર્ષના તળિયે , મૂડીઝે ક્રેડિટ રેટિંગ આઉટલુકને સ્થિરમાંથી નેગેટિવ કરી દેતાં રેટીંગ પર માઠી અસર સંભવ

આ જ વયજૂથના શહેરી યુવાનોની વાત કરીએ તો ૨૦૧૧-૧૨માં બેરોજગારી દર ૮ ટકા હતો જે ૨૦૧૭-૧૮માં વધીને ૧૨ ટકા થઈ ગયો હતો. મતલબ કે, શહેરોમાં પણ પરિસ્થિતિ વણસી રહી છે. બીજી મહત્વની બાબત એ હતી કે લેબર ફોર્સ પાર્ટીસિપેશન રેટ ૨૦૧૧-૧૨ના લગભગ ૪૦ ટકાની સરખામણીમાં ૨૦૧૭-૧૮માં ૩૬ ટકા નોંધાયો હતો. એલએફપીઆર દ્વારા શ્રમબજારમાં લોકોની ભાગીદારી નક્કી થાય છે. આનો અર્થ એ કે લોકોએ હવે નોકરી શોધવાનું જ ઓછું કરી દીધું છે કારણ કે બજારમાં નોકરી જ નથી. મોદી સરકાર ભલે સ્વીકાર ન કરે, પરંતુ નોટબંધીના કારણે બેરોજગારીમાં ભારે વધારો થયો છે. સીએમઆઈઈના ગયા વર્ષના એક રિપોર્ટમાં જણાવાયું હતું કે નોટબંધી બાદ રોજગારીમાં કપાતનો જે ક્રમ શરૂ થયો હતો એ હજુ સુધી અટક્યો નથી. આ દરમિયાન શ્રમ ભાગીદારી દર ૪૮ ટકાથી ઘટીને ત્રણ વર્ષના સૌથી નીચલા સ્તર ૪૨.૪ ટકાએ પહોંચી ગયો છે.

આ પહેલાં પણ સેન્ટર ફોર ઈન્ડિયન ઈકોનોમીના રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે ૨૦૧૭ના શરૂઆતના ચાર મહિનામાં જ ૧૫ લાખ નોકરીઓ ખતમ થઈ ગઈ હતી. મતલબ કે નોટબંધીનો સીધો માર લોકોના રોજગાર ઉપર પડયો હતો. દેશમાં ખેડૂતોની વધી રહેલી સમસ્યા મોદી સરકારના પહેલા કાર્યકાળ માટે માથાનો દુઃખાવો બની ગઈ હતી. જોકે મોદી સરકારે વાર્ષિક ૬ હજાર રૂપિયાની સ્કીમ દેશના તમામ ખેડૂતો માટે લાગુ કરી દીધી છે. અર્થવ્યવસ્થાની મંદીને દૂર કરવા સરકાર નક્કર નીતિઓ લાગુ નહીં કરે તે માઠા પરિણામો ભોગવવા પડશે તે નક્કી છે. જો કે, વૈશ્વિક મંદીના દોરમાં દેશની અર્થવ્યવસ્થાને પણ અસર થયા વગર ન રહે એ સ્વાભાવિક છે પરંતુ ભારતમાં એ તાકાત છે કે તે દરેક પડકારોને પહોંચી વળે. એ માટે સરકારે કેટલીક પાયાની સમસ્યાઓ ઉકેલવી પડે તેમ છે.

# સ્વદેશ

## અમિતાભ બચ્ચન ફિલ્મોમાંથી બ્રેક લેશે



મુંબઈ : અમિતભ બચ્ચન થોડા સમય પહેલા મુંબઈની પારલાની હોસ્પિટલમાં ભરતી થયા હતા. હાલમાં જ તેમણે બેડરેસ્ટ કરતી તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી હતી. તાજેતરમાં અમિતાભ બચ્ચને પોતાનું સ્વાસ્થય હવે સાથ ન આપતું હોવાની વાત પોતાના સોશિલય મીડિયાના એકાઉન્ટ પર શેર કરી હતી. આ સાથે તેમણે બેડરેસ્ટ કરતા હોવાની તસવીર પણ મુકી હતી. હવે એવી વાત આવી છે કે, અમિતાભ એક લાંબો બ્રેક લેવાના છે. એક ન્યુઝ રિપોર્ટના અનુસાર અમિતાભ જલદી જ એક લાંબા બ્રેક પર જવાના છે. તેમણે પોતાની ફિલ્મોના શૂટિંગ હાલ બંધ કરી દીધા છે. નાગરાજ મજુલેની ફિલ્મ ઝુંડ ડિસેમ્બરમાં રિલીઝ થવાની છે. આ પછી પીઢ અભિનેતા બ્રેક લેવાના છે. પરિણામે તેમની આગામી ફિલ્મોના શૂટિંગ માટે નિર્માતા-દિગ્દર્શકોએ રાહ જોવી પડશે. ડોકટરોએ અમિતાભના ખરાબ સ્વાસ્થ્યને કારણે પૂરતો આરામ કરવાની સલાહ આપી હતી. પરંતુ અત્યાર સુધી અમિતાભ આ સલાહની અવગણના કરી રહ્યા હતા. પરંતુ હવે તેમના કથળતી તબિયત જોતાં પત્ની જયા, પુત્ર અભિષેક અને પુત્રી શ્વેતા તેમને કામ ન કરવા અને ડાકટરોની સલાહ અનુસાર આરામ કરવા માટે દબાણ કરી રહ્યા છે.

## હું આલ્કોહોલિક નથી



ચેન્નઈ : સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ટોચની અભિનેત્રી શ્રુતિ હસને એક ટોક શો દરમિયાન શરાબ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, 'જે લોકો મદ્યપાન કરે છે, એ માટે હું કંઈ કોઈ રીતે ચુકાદો ન આપી શકું. દરેક શરાબપાન કરે છે, પણ કોઈ તે કશું કહેવા માગતું નથી, આ આશ્ચર્યજનક છે. કમલ હસન અને સારિકાની પુત્રી શ્રુતિ હસન છેલ્લા કેટલાય સમયથી ફિલ્મોમાં નજરે નથી પડતી. શ્રુતિ લાઈમલાઈટથી દૂર થઈ ગઈ છે. લગભગ ગયા વર્ષે જ તેણે ફિલ્મોમાંથી બ્રેક લીધો છે, પણ શ્રુતિ હસને તેલુગુ ટોક-શોમાં આપેલા એક નિવેદનને પગલે તે ફરી ન્યૂઝમાં આવી ગઈ છે. મદ્યપાન અંગે વાતચીત કરતાં તેણે ટોક-શોમાં કહ્યું હતું કે 'હું હવે શરાબ નથી પીતી, શરાબ છોડીને બે વર્ષ થયા. હું હવે શરાબમુક્ત (સોબર) જિંદગી જીવું છું. આમ છતાં થોડા જ દિવસોમાં એવા અહેવાલ ચમક્યા કે તે શરાબપાન કરે છે. 'મેં ટોક શોમાં કહ્યું હતું કે હું હવે આલ્કોહોલીક નથી હું શરાબમુક્ત બની ગઈ છું.' અને બીજી જ પળે મને એવું જાણવા મળ્યું કે મારા નિવેદન રાયનો પહાડ બનાવી દેવાયો છે. એ અંગે કોઈ પ્રમાણભાન ન જળવાયું. ટૂંકમાં કહીને શ્રુતિએ ઉમેર્યું, 'મદ્યપાન આજની સંસ્કૃતિનો એક હિસ્સો છે. તેની સાથે કોઈ લાંછન લાગેલું નથી, પણ મને હવે એ નથી જોઈતું. હું નશામુક્ત જીવન જીવવા માગું છું.' ગયા વર્ષે શ્રુતિ ફિલ્મોમાંથી એક વર્ષનો બ્રેક લઈ લંડન ગઈ હતી. જ્યાં તે મ્યુઝિક પર ફોકસ કરવા માગતી હતી. ત્યાં તેણે સંખ્યાબંધ પ્રતિષ્ઠિત કાર્યક્રમોમાં હિસ્સો લીધો અને એ પરિપૂર્ણ કર્યાં. એ અભૂતપૂર્વ હતા. બ્રિટનમાં આ અંગે વિશેષ કશું જાણતી નથી. જો કે મારા માટે તો એ ઘરથી દૂરનું ઘર હતું. મ્યુઝિક અંગે સંપર્કો સ્થાપ્યા અને મ્યુઝિક માટે લખવામાં સમય વિતાવ્યો. ત્યાં નવા લોકોને મળવાનું ખૂબ જ રોમાંચક હતું. જેઓ મને જાણતાં જ નહોતા. શ્રુતિ હસન અત્યારે બે તમિળ ફિલ્મો અને પોતાના પરના આલ્બમ પર કામ કરી રહી છે. હોલીવૂડની 'ટ્રેડસ્ટોન' વેબસીરિઝ અને તેને મળેલા પ્રતિસાદથી શ્રુતિ ખુશખુશાલ છે, એમાં એ કોમેડી કરે છે. શ્રુતિ કહે છે કે 'જાસોન બુર્ને શો' નો એક હિસ્સો બની શકું એ માટે આ સીરિઝ કરી છે.

## મી ટુ વિવાદ : અનુ મલિકને ફરીથી રિયાલિટી શોમાંથી બહાર થવું પડી શકે




મુંબઈ : ટચૂકડા પડદાના સંગીતને લગતા રિયાલીટિ શોમાં અનુ મલિક નિર્ણાયક તરીકે દેખાઈ રહ્યો છે. સહુ કોઈ જાણે છે કે તે મી ટુ વિવાદમાં અનુનું નામ આવ્યું હતું. સિંગર સાના મહાપાત્રા હજી પણ તેનો પીછો છોડી નથી રહી. તે આ શોમાં અનુ મલિકના પાછા ફરવા બદલ સતત ટીપ્પણીઓ કરી રહી છે. પરિણામે ચેનલ કદાચ અનુ મલિકને આ શોમાંથી દૂર કરે તેવી શક્યતા છે. સૂત્રની વાત સાચી માનીએ તો, અનુ મલિકને આવતા થોડા અઠવાડિયા માટે આ શોમાંથી દૂર કરવામાં આવે તેવી શક્યતા છે. મીટુ વિવાદ શાંત પડી ગયો છે, તેમ ચેનલે વિચારીને અનુ મલિકને આ શોમાં લીધો હતો. પરંતુ તે જેવો શોમાં પાછો ફર્યો કે સોના મહાપાત્રાએ સતત તેના પર ટીપ્પણી કરવાનું અને તેનો વિરોધ કરવાનું શરૂ કરી દીધું. ચેનલે આ વાતની ગંભીરતાથી નોંધલીધી છે. તેથી કહેવાય છે કે, અનુ મલિકના સ્થાને કોઈ નવા નિર્ણાયકને લેવામાં આવી શકે છે.

## આગામી ફિલ્મમાં હોટ અને સેકસી ટિચર બનશે : અનુષ્કા



મુંબઈ : અનુષ્કા શર્મા જલદી જ રૂપેરી પડદે ફરી ધમાકો કરવાની છે. આ વખતે તે ફરાહ ખાનની સત્તે પે સત્તાની રિમેકમાં જોવા મળશે. સોશિયલ મીડિયાના પોર્ટલના અનુસાર, અનુષ્કા આ ફિલ્મમાં એક હોટ અને સેકસી ટીચરની ભૂમિકા નિભાવાની છે. ફિલ્મની દિગ્દર્શક ફરાહ ખાન પોતાની ડેબ્યુ ડાયરેકટરની ફિલ્મ મૈં હુંની ઈફેક્ટ રિક્રિએટ કરવાની છે. આ માટે ફરાહ ખાસ તૈયારી પણ કરી રહી છે. મૂળ ફિલ્મ સત્તે પે સત્તામાં હેમા માલિની એ પાત્ર હોટ એન્ડ ગ્લેમરસ નર્સનું પાત્ર ભજવ્યું હતું. પરંતુ મીડિયા રિપોર્ટની માનીએ તો પોતાની આ ફિલ્મની રીમેકમાં ફરાહ લીડ અભિનેત્રીને હોટ એન્ડ સેક્સી ટીચરના રોલમાં દેખાડવાની છે. ફિલ્મ મૈં હુ માં સુષ્મિતા સેને પોતાના લટકા-ઝટકા અને સ્ટાઈલિશ અંદાજમાં સાડી પહેરનારી ગ્લેમરસ ટીચરના રોલમાં લોકપ્રિયતા મેળવી હતી. આજે પણ સુષ્મિતાના ચાહકો તેના આ પાત્ર અને લુકને ભૂલી શક્યા નથી આ વખતે પણ ફરાહ દર્શકોની નજરને ફિલ્મની મુખ્ય મહિલા પાત્ર તરફથી હટે નહીં તેવો જાદુ વિખેરવા માંગે છે.

## દિશા પટણી ડાન્સનું શુટિંગ કરતી વેળા ફરી ઘાયલ થઈ



મુંબઈ : બોલીવુડમાં ધીરે ધીરે સફળતાની સીડીઓ ચઢી રહેલી અભિનેત્રી દિશા પટણી પોતાની આગામી ફિલ્મની શુટિંગમાં ડાન્સ કરતી વેળા ઈજાગ્રસ્ત થઈ હતી. દિશા પટણી અગાઉ પણ શુટિંગ દરમિયાન ઘાયલ થઈ ચુકી છે. દિશા પટણી હાલ પ્રભુદેવા સાથે એક ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. ત્યારે તેના પગના ઘૂંટણમાં ઈજા થઈ છે. તેણે આ માટે પ્રભુદેવા પર દોષનો ટોપલો ઢાળ્યો છે. દિશાએ સોશિયલ મીડિયા પર પોતાની તસવીર મુકતાં જણાવ્યું છે કે, મારા ઘૂંટણમાં પ્રભુદેવાને કારણે ઈજા પહોંચી છે. પ્રભુદેવા સરના ડાન્સના સ્ટેપ્સને કારણે મારા ઘૂંટણ ઘાયલ થઈ ગયા. દિશા પટાણી સલમાનની ફિલ્મમાં સાથે કામ કરી રહી છે. છેલ્લે તે સલમાન સાથે ફિલ્મ ભારતમાં જોવા મળી હતી. દિશાએ ઈન્સ્ટાગ્રામના પોતાના અકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો હતો. જેમાં તેનો ગ્લેમરસ અંદાજ જોવા મળતો હતો. આ વીડિયો પોસ્ટ કરતાં તેણે લખ્યું હતું કે, ગ્લેમર જો ગુનો છે તો હું આજીવન આ ગુનો કરવા અને સજા ભોગવવા રાજી છું.

## શ્વાસની તકલીફ વધતાં લતા મંગેશકર હોસ્પિટલમાં દાખલ : તબિયતમાં ધીમો સુધારો

મુંબઈ : હિન્દી ફિલ્મ સંગીતમાં ચાર દાયકા સુધી નંબર વન રહેલી સ્વરકિન્નરી લતા મંગેશકરની સ્થિતિ ગંભીર હોવાની માહિતી જાણકાર સૂત્રો તરફથી મળી હતી.

૩૬ ભાષાઓ અને ૧૦૦૦થી વધારે ગીતને પોતાનો અવાજ આપી ચૂકેલા ભારત રત્ન લતા મંગેશકરની હાલત હાલ પણ નાજુક છે. ફેફસામાં ઇન્ફેક્શન બાદ તેમણે મુંબઇના બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલકરવામાં આવ્યા છે. જ્યાં હાલત વધારે ખરાબ થયા બાદ આઇસીયુમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. લતા મંગેશકરના પરિવાર સમાચાર એજન્સીને ખબર આપી છે કે હાલત હવે સ્થિર છે. જોકે, તેમની બીમારીને લઇને પરિવાર તરફથી કે હોસ્પિટલ તરફથી કોઇ અધિકારીક બુલેટિન જાહેર કર્યું નથી. જ્યારે સોશિયલ મીડિયામાં દીદીની સલામતીને લઇને સતત લોકો પ્રાર્થના કરી રહ્યા છે. તેમના ગીત દેશ જ નહીં



દુનિયાભરમાં કરોડો પ્રશંસક છે, લગભગ ત્રણ પેઢીઓ તેમની ગીતને સાંભળતા મોટા થયા છે. લતા દીદીએ ગીત ભલે બંધ કરી દીધા હતા પરંતુ તે ટ્વિટર પર સતત જોડાયેલા હતા. તેમના ટ્વીટ આવતા રહેતા હતા. પરંતુ ૧૦ નવેમ્બર બાદ તેમનું ટ્વિટર હેન્ડલ પણ ખામોશ છે. દેશભરમાં લોકો તેમની જલદી સારા થવાની પ્રાર્થના કરી કરી રહ્યા છે. ધ્યાન આપવાની વાત એ છે કે આઇસીયુમાં જીંદગી માટે સંઘર્ષ કરી રહેલા લતા દીદી માટે ગીત જ આ સમયે તેમની સૌથી મોટી તાકાત બની રહી છે. ૯૦ વર્ષના લતા મંગેશકરનો ઇલાજ કરી રહેલા ડો. પતિત સમધાનીએ સમાચાર એજન્સીને જણાવ્યું કે હાલત હાલ પણ નાજુક છે. પરંતુ સ્થિતિમાં ધીમે-ધીમે સુધારો આવી રહ્યો છે. તેમને સોમવારે બ્રીચ કેન્ડી હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. તેમણે શ્વાસ લેવમાં તકલીફ થઇ રહી હતી.




# હોલિવુડની હલચલ

## ડાકોટા જોન્સન આગામી ફિલ્મમાં કોમેડી કરશે



લોસએન્જલસ : હોલિવુડની લોકપ્રિય અભિનેત્રી ડકોટા જોન્સન પોતાની આવનારી કોમેડી ફિલ્મ કવર્સને લઈને આશાવાદી છે. આ ફિલ્મનુ શુટિંગ હવે પૂર્ણ થવા આવ્યુ છે. ફિલ્મ આઠમી મે ૨૦૨૦ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મ નિર્દેશક નિશા ગણાત્રા છે. જે એક ભારતીય મુળના છે. ડકોટા છેલ્લે ફેન્ડમાં નજરે પડી હતી. તે સપ્ટેમ્બર ૨૦૧૯માં રજૂ કરવામાં આવી હતી. હાલમાં ક્રિસ માર્ટિનના પ્રેમમાં હોવાનાની ચર્ચા હોલીવુડમાં ચાલી હતી. બન્ને હાલમાં ફ્રાન્સના પાટનગર પેરિસમાં એક સાથે નજરે પડ્યા હતા. પેરિસમાં કેટલાક દિવસ સુધી બન્ને સાથે રહ્યા હતા. ચાર્લ્સ ડી ગોલે એપરોપ્રટ પર બન્ને સાથે નજરે પડતા કેટલાક મિડિયામાં ફોટા પણ પ્રકાશિત કરવામાં આવ્યા છે. ૨૮ વર્ષીય ફિફ્ટી શેડ્સ ઓફ ડાર્ક સ્ટાર ડકોટા જોન્સન ક્રિસની સાથે દેખાઈ હતી. ડોકાટા જોન્સન હોલિવુડમાં હવે મોટી સ્ટાર તરીકે ઉભરી ચુકી છે. ડકોટા જોન્સન પાસે હાલમાં કેટલીક મોટી ફિલ્મ આવી રહી છે. ફિફ્ટી શેડ્સ ઓફ ગ્રેના સ્ટાર સાથે તેની જોડી ફિલ્મમાં તમામ ચાહકોને પસંદ પડી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી.ડકોટા જોન્સનના ચાહકોની સંખ્યા સતત વધી રહી છે. ફિફ્ટી શેડ્સના તમામ ભાગ સુપરહિટ રહ્યા બાદ તેની પાસે મોટા બજેટની ફિલ્મો આવી રહી છે. ડકોટા જોન્સન પોતાની કેરિયરને લઈને ખુબ આશાવાદી છે. તેની પાસે સતત સારી ફિલ્મો આવી રહી છે.

## એન્જેલિના જોલી ટૂંક સમયમાં જ એક્ટિંગ છોડી દેશે



લોસએન્જલસ : હોલીવુડની સૌથી સફળ રહેલી અભિનેત્રી એન્જેલિના જોલીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, તે ટૂંક સમયમાં જ એક્ટિંગ છોડી દેશે અને ફૂલટાઈમ કેમેરા પાછળની ભૂમિકા અદા કરશે. એન્જેલિના જોલીની આ જાહેરાતથી તેના કરોડો ચાહકોને આઘાત લાગ્યો છે. એન્જેલિના જોલી ફિલ્મોમાં ભૂમિકા કરે તેવી ચાહકોની ઈચ્છા છે પરંતુ એન્જેલિનાનું કહેવું છે કે તે હવે વધારે સમય સુધી ફિલ્મોમાં કામ કરવા ઈચ્છતી નથી. તેનું કહેવું છે કે જો મોટી અને સારી ફિલ્મોની ઓફર મળશે નહીં તો તે નિર્દેશનના ક્ષેત્રમાં નવી ઈનિંગ્સ રમશે. એન્જેલિના જોલીને ટાંકીને અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે તેને ફિલ્મોમાં કામ કરવામાં ખૂબ જ રસ છે અને નવી નવી ભૂમિકાઓ કરવા ઈચ્છુક પણ છે પરંતુ તે એમ પણ માને છે કે મોટી પડકારરૂપ ભૂમિકા મળશે નહીં તો તે એક્ટિંગ છોડી દેશે. અભિનેત્રી ફિલ્મ નિર્દેશનના ક્ષેત્રમાં પહેલાંથી જ ઝંપલાવી ચૂકી છે. ઈન દ લેન્ડ ઓફ બ્લડ એન્ડ હની નામની ફિલ્મમાં તે નિર્દેશન કરી રહી છે. આ ફિલ્મ ટૂંક સમયમાં જ રજૂ થનાર છે.ડિરેક્ટર તરીકેની કામગીરીથી એન્જેલિના સંતુષ્ટ દેખાઈ રહી છે. હોલિવૂડની સૌથી મોંઘી અને સૌથી વધુ માંગ ધરાવતી અભિનેત્રીઓમાં એન્જેલિના સામેલ છે. સંયુક્ત રાષ્ટ્રના સામાજિક કાર્યો સાથે પણ એન્જેલિના જોડાયેલી રહી છે. બ્રાડ પીટથી અલગ થયા બાદ તે હાલમાં સિંગલ છે. જો કે તે જુદા જુદા પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. સામાજિક કાર્યો સાથે પણ તે જોડાયેલી છે.

## લોરેન્સ અને કુક હનીમુન માટે ઇન્ડોનેશિયા પહોંચ્યા



લોસએન્જલસ : હાલમાં જ લગ્ન કરી ચુકેલી અને હોલીવુડની સૌથી મોંઘી અભિનેત્રી જેનિફર લોરેન્સ હાલમાં હનીમૂન માણી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ ઈન્ડોનેશિયામાં હનીમૂન માણવા માટે પહોંચેલી જેનિફર લોરેન્સ દ્વારા જે રિસોર્ટમાં રહેવાનો નિર્ણય કર્યો છે તે રિસોર્ટમાં એક રાત્રી માટેનું ભાડુ ૧૨૭૪૫ ડોલર અથવા તો નવ લાખ રૂપિયા રહેલું છે. પાંચ વિલ્લાના એસ્ટેટમાં આ આવાસ ભાડે રાખવામાં આવ્યું છે. રિસોર્ટને દુનિયાના સૌથી મોંઘા રિસોર્ટ તરીકે ગણવામાં આવે છે. આ દંપત્તિએ ઓક્ટોબર મહિનામાં જ રોડ આઈલેન્ડ ખાતે ન્યુપોર્ટમાં લગ્ન કર્યા હતા. લગ્ન કાર્યક્રમમાં પણ તમામ સેલિબ્રિટિઓને એકત્રિત કરવામાં આવી હતી. ૨૯ વર્ષીય ઓસ્કાર વિજેતા અભિનેત્રી અને આર્ટ ડિલરના કારોબાર સાથે જોડાયેલા તેના પતિ કુક મેરોની હાલમાં ઈન્ડોનેશિયામાં સાથે સમય ગાળી રહ્યા છે. ઈન્ડોનેશિયામાં નિહી સુંબા રિસોર્ટમાં આ બંને રોકાયેલા છે. આ રિમોટ આઈલેન્ડને લકઝરી વિલ્લા આવાસ માટે પણ ઓળખવામાં આવે છે. સાથે સાથે અહીંની ખુબસુરત જગ્યાઓ તમામનું ધ્યાન ખેંચે છે. સુત્રોના કહેવા મુજબ લોરેન્સ અને મારોની હોર્સ રાઈડિંગની મજા પણ માણી ચુક્યા છે.






# ખોદકામના અવશેષો ચુકાદામાં મુખ્ય આધાર રહ્યાં

## ઇસ પૂર્વેના ૧૩૦૦ વર્ષથી ૧૨મી સદીના અવશેષો છે જ્યારે મસ્જિદ તો છેક ૧૬મી સદીમાં બની હતી



અયોધ્યા : સુપ્રીમ કોર્ટે વિવાદિત જગા પર રામમંદિર જ બને તેઓ જે ઐતિહાસિક ચૂકાદો આપ્યો તેમાં ભારતના પુરાતત્વ ખાતાના (આર્કિઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા) સંશોધિત રિપોર્ટ પણ નિર્ણાયક ભુમિકા ભજવી છે.

સુપ્રીમ કોર્ટે ચૂકાદામાં પુરાતત્વ ખાતાના પ્રમાણને રજૂ કરી એક મહત્વના તારણનો આધાર લીધો કે જે ભુમિ પર મસ્જિદ બનેલી હતી તે ભૂમિ એમ જ ખાલી પડેલી નહોતી. તેના ખોદકામ અને આજુબાજુના વિસ્તારોમાંથી મંદિરના અવશેષો મળી આવ્યા હતા. જો કે કોર્ટે એમ પણ કહ્યું હતું કે એ પૂરવાર નથી થતું કે કોઈએ મંદિર તોડીને મસ્જિદ બનાવી હતી. આમ છતાં પુરાતત્વ વિભાગે મેળવેલા અવશેષો, ધર્મગ્રંથોનો સંદર્ભ લેતા અયોધ્યા રામજન્મભૂમિ છે તેવું કહી શકાય.

પુરાવાઓ એ વાતને વધુ પુરવાર કરે છે કે આ વિવાદિત જમીનની માલિકી હિન્દુ જુથને મળવી જોઈએ. કોર્ટે એ સ્પષ્ટતા કરી હતી કે પુરાતત્વ વિભાગના રિપોર્ટ તેમજ કોર્ટની દલિલોને જ તેઓએ નજરમાં રાખી છે નહીં કે હિન્દુ ધર્મની શ્રધ્ધા છે એટલે અમે આવો ચૂકાદો આપ્યો છે.

પુરાતત્વ વિભાગે અયોધ્યાની ભૂમિના ખોદકામ દરમ્યાન જે અવશેષો મેળવ્યા તેમાંથી એવું ફલિત થાય છેકે ૧૮૫૬ પહેલા આ ભૂમિના ઢાંચા પરના મંદિરમાં શ્રધ્ધાળુઓ દ્વારા પ્રાર્થના થતી હશે. તે પછી તેઓને અંદર પ્રવેશવાની મનાઈ હતી અને તેઓ બહારથી પ્રાર્થના કરવા આવતા હતા.

૧૯૭૬-૭૭ અને ૨૦૦૩માં એમ બે વખત અયોધ્યાની વિવાદિત ભુમિ પર પુરાતત્વ વિભાગ દ્વારા ખોદકામ હાથ ધરવામાં આવ્યું હતું. ગ્રાઉન્ડ પેનેટ્રેટિંગ રડાર (જીપીઆર) ટેકનોલોજીથી આ પ્રક્રિયા હાથ ધરાઈ હતી અને તે માટેની જગવિખ્યાત તોજો ડેવલપમેન્ટ ઈન્ટરનેશનલની મદદ લેવાઈ હતી. પુરાતત્વ વિભાગે તેમના અવશેષો અને રિપોર્ટમાં જણાવ્યું હતું કે, ઈસુ સવંત અગાઉની ૧૩મી સદીના કુશાન, શુંગ અને ગુપ્ત સમયના એવા અવશેષો મળ્યા છે જેમાં ૧૫ બાય ૧૫ મીટરનું એક પ્લેટફોર્મ છે જેની મધ્યે કોઈ ચીજવસ્તુ મુકાતી હોય તેવી તેની રચના છે. ઉપર ફરતું મંદિર આકારનું શિખર ૭ થી ૧૦મી સદીનું મળી આવ્યું છે. એક ઈમારતના અવશેષો ૧૧-૧૨મી સદીના છે. જે નવું વિવાદિત બાંધકામ (મસ્જિદ) છે તે ૧૬મી સદીની બનેલી છે. તેની આજુબાજુના ખોદકામમાં ૫૦ થાંભલાઓનો કોઈ ઢાંચો હોય તેમ જણાય છે. આ ઉપરાંત બૌધ્ધ અને જૈન ધર્મના ધર્મસ્થળોના અવશેષો પણ ધરબાયેલા હતા. જે મસ્જિદ પહેલાના છે. આવા થોકબંધ પુરાવાને લીધે રામમંદિર તરફી કેસ મજબુત બની ગયો હતો.

### અલ્હાબાદ હાઇકોર્ટે ૨૦૧૦માં ચુકાદામાં શું શું આદેશ કર્યો હતો

અયોધ્યા કેસમાં અલ્હાબાદ હાઇકોર્ટે ૨૦૧૦મા પોતાનો ચુકાદો સંભળાવ્યો હતો. હાઇકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. 30 સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ અલ્હાબાદ હાઇકોર્ટે અયોધ્યાના વિવાદાસ્પદ સ્થળને રામ જન્મભૂમિ ગણાવી હતી. હાઇકોર્ટે ૨.૭૭ એકર જમીનની વહેંચણી કરી દીધી હતી. કોર્ટે સુન્ની વક્ફ બોર્ડ, નિર્મોહી અખાડા અને રામલલાની વચ્ચે જમીન સરખાભાગે વહેંચવાનો આદેશ આપ્યો હતો. કેસ સાથે જોડાયેલી ત્રણ પાર્ટીઓ નિર્મોહી અખાડા, સુન્ની વક્ફ બોર્ડ, અને રામલલા વિરાજમાને આ ચુકાદો માનવાની ના પાડી દીધી હતી. હાઇકોર્ટના આ ચુકાદાની વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં ૧૪ અરજી દાખલ થઇ હતી.

### સરકારને 3 મહિનામાં ટ્રસ્ટ બનાવવા સુપ્રીમ કોર્ટનો આદેશ

અયોધ્યા વિવાદ કેસમાં સુપ્રીમ કોર્ટે શનિવારે ઐતિહાસિક ચુકાદો સંભળાવતા વિવાદિત સ્થળ પર મંદિર નિર્માણનો આદેશ આપ્યો છે. કોર્ટે કેન્દ્ર સરકારને 3 મહિનાની અંદર બોર્ડ ઓફ ટ્રસ્ટીજની રચના કરી વિવાદિત સ્થળને મંદિર નિર્માણ માટે આપવા જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટે નિર્મોહી અખાડાના દાવાને નકારી દીધો પરંતુ કેન્દ્રને આદેશ કર્યો કે મંદિર નિર્માણ માટે બનનારી બોર્ડ ઓફ ટ્રસ્ટીજમાં તેને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવે. મંદિર નિર્માણ કેવી રીતે થશે, આ બોર્ડ ઓફ ટ્રસ્ટી જ નક્કી કરશે. સુપ્રીમ કોર્ટે અયોધ્યા મામલાના મધ્યસ્થો જસ્ટિસ (રિટાયર્ડ) કલીફુલ્લાહ, શ્રીરામ પાંચૂ અને શ્રીશ્રી રવિશંકરની ભૂમિકાની પણ પ્રશંસા કરી હતી.

### મુસ્લિમ પક્ષને બીજી જગ્યાએ જમીન ફાળવવાનો આદેશ

સુપ્રીમ કોર્ટે રામલલાનો દાવો યથાવત રાખતાં મુસ્લિમોને અન્ય જગ્યા પર જમીન આપવાનો સરકરને આદેશ આપ્યો છે. જ્યારે સુન્ની વક્ફ બોર્ડને ૫ એકર જમીન અન્યત્ર આપવા સરકારને આદેશ કર્યો છે. સાથે જ સુપ્રીમ કોર્ટે સરકારને 3 મહિનાની અંદર રામ મંદિર નિર્માણનો એક્શન પ્લાન તૈયાર કરવાનો પણ આદેશ આપ્યો છે. ચુકાદો આપતા પહેલા સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, એએસઆઈ એ સ્થાપિત કરી શક્યું નથી કે મસ્જિદનું નિર્માણ મંદિરને ધ્વસ્ત કરીને કરાયુ હતું. બાબરી મસ્જિદનું નિર્માણ ખાલી જગ્યા પર થયુ હતુ, જમીનની નીચનો ઢાંચો ઇસ્લામિક નહોતો. છજીંના નિષ્કર્ષોથી સાબિત થાય છે કે નષ્ટ કરાયેલા ઢાંચાની નીચે મંદિર હતુ.

## રામમંદિરના કેસ સાથે વડોદરામાં સચવાયેલી હસ્તપ્રતનું કનેક્શન

વડોદરા : અયોધ્યામાં રામ મંદિર અંગે સુપ્રીમ કોર્ટે ઐતહાસિક ચુકાદો આપી દીધો છે. આ પહેલા આ કેસ હાઈકોર્ટમાં ચાલ્યો હતો. લાંબી સુનાવણી બાદ હાઈકોર્ટે ૨૦૧૦માં ચુકાદો આપીને વિવાદીત જમીનને ત્રણ હિસ્સામાં વહેંચવાનો આદેશ આપ્યો હતો. આ ચુકાદાની સામે હિન્દુ અને મુસ્લિમ એમ બંને પક્ષોએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. રસપ્રદ વાત એ છે કે, હાઈકોર્ટમાં હિન્દુ પક્ષે વિવાદીત જગ્યાએ રામ મંદિર હતુ. તેવુ સાબિત કરવા માટે વડોદરાના ઓરિએન્ટલ ઈન્સ્ટિટયુટમાં સચવાયેલી ૩૫૫ વર્ષ જુની અયોધ્યા મહાત્મય નામની એક હસ્તપ્રતનો ઉપયોગ કર્યો હતો. જેને હરિશંકર નામના વિદ્વાને સંસ્કૃત ભાષામાં લખી હતી. આ હસ્તપ્રત ૧૪ સપ્ટેમ્બર, ૧૬૫૫(સંવત ૧૭૧૨)ના દિવસે લખાઈને પૂર્ણ થઈ હતી. હસ્તપ્રત પર આ તારીખનો લેખકના નામ સાથે ઉલ્લેખ છે.

### હસ્તપ્રતમાં રામ જન્મ ભૂમિનુ કરાયેલુ વર્ણન

અયોધ્યા મહાત્મય નામની હસ્તપ્રતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, રામ જન્મભૂમિ વિધ્નેશ્વર આશ્રમની પૂર્વમાં, વશિષ્ઠ આશ્રમની ઉત્તરમાં અને લોમસ આશ્રમની પશ્ચિમમાં સ્થિત છે. લોમસ આશ્રમથી તેનુ અંતર ૫૦ ધનુસ (તે સમયે અંતર દર્શાવવા માટે ઉપયોગમાં લેવાતુ એકમ), વિધ્નેશ્વર આશ્રમથી તેનુ અંતર ૧૦૮ ધનુસ થાય છે.

### ૧૮૯૩થી હસ્તપ્રત ઓરિએન્ટલ ઈન્સ્ટિ. પાસે છે

અયોધ્યા મહાત્મય હસ્તપ્રત ઓરિએન્ટલ ઈન્સ્ટિટયુટની ૧૮૯૩માં રચના થઈ ત્યારથી મોજુદ છે. તે વખતે ૧૦૦૦૦ હસ્તપ્રત સાથે ઈન્સ્ટિટયુટ શરૂ થયુ હતુ. આ કલેક્શનમાં અયોધ્યા મહાત્મય હસ્તપ્રતનો પણ સમાવેશ થતો હતો. મહારાજા સયાજીરાવ ગાયકવાડે વડોદરાના અનંત ક્રિષ્ણ શાસ્ત્રી, સી ડી દલાલ જેવા વિદ્વાનોની એક ટીમ બનાવી હતી. જેને આખા ભારતમાં હસ્તપ્રતો એકઠી કરવા માટે મોકલવામાં આવી હતી. આ દરમિયાન અયોધ્યા મહાત્મય હસ્તપ્રત બીજી હસ્તપ્રતો સાથે વડોદરા લાવવામાં આવી હોવાનુ મનાય છે. ઓરિએન્ટલ ઈન્સ્ટિટયુટ બનાવાયુ તે પહેલા આ હસ્તપ્રતોને સેન્ટ્રલ લાઈબ્રેરીના સંસ્કૃત વિભાગમાં સાચવવામાં આવતી હતી. ઈન્સ્ટિટયુટના હાલના ડાયરેક્ટર ડો.શ્વેતા પ્રજાપતિ કહે છે કે, અયોધ્યા મહાત્મયનુ મહત્વ આ કેસમાં એટલે વધી ગયુ હતુ કે, હસ્તપ્રત ક્યારે લખાઈ તેની તારીખનો તેના પર ઉલ્લેખ છે. હસ્તપ્રતમાં અયોધ્યાનુ અને ત્યાં આવેલા રામ મંદિરનુ વર્ણન કરાયુ છે.

### તારીખના ઉલ્લેખથી હસ્તપ્રતનું મહત્વ વધ્યું

એમ.એસ.યુનિવર્સિટીના ડાયરેક્ટર ડો.શ્વેતા પ્રજાપતિનુ કહેવુ છે કે, અગાઉના સમયમાં તિર્થ સ્થાનોનુ હસ્તપ્રતોમાં વર્ણન કરવાનો રિવાજ હતો. અયોધ્યા અંગે કોર્ટમાં ચાલેલા કેસના સંદર્ભમાં હસ્તપ્રતનું મહત્વ એટલે વધી ગયુ હતુ કે, તેના પર હસ્તપ્રત ક્યારે લખાઈ તે તારીખ અને લખનારના નામનો પણ ઉલ્લેખ છે.

## સુપ્રીમ કોર્ટના પાંચ જજોની સલામતી વધારાઈ







રાજકીય અને ધાર્મિક રીતે અતિ સંવેદનશીલ રામજન્મભૂમિ બાબરી મસ્જિદ જમીન વિવાદ કેસનો ચૂકાદો આપનારા સુપ્રીમ કોર્ટના પાંચ ન્યાયાધીશોની સલામતી રવિવારે વધારવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે પાંચ જજોની બંધારણીય બેન્ચમાં સમાવિષ્ટ ન્યાયાધીશોના નિવાસ બહાર વધારાના દળ, મોબાઈલ એસ્કોર્ટ ટીમ્સ ગોઠવાયા હતા અને બેરીકેડ્સ ઉભા કરાયા હતા. મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈના અધ્યક્ષપદે ન્યાયાધીશો શરદ અરવિંદ બોબડે, ધનંજય ચંદ્રચુડ, અશોક ભૂષણ અને એસ. અબ્દુલ નજીરની બેન્ચે શનિવારે આ કેસમાં ચૂકાદો આપ્યો ત્યારથી તેમની સલામતીમાં વધારો કરાયો છે. આ ચૂકાદા પછી કોઈપણ ન્યાયાધીશ સામે કોઈ ધમકી નહીં મળી હોવા છતાં તકેદારીના ભાગરૂપે સલામતી વધારાઈ હોવાનો અધિકારીઓએ દાવો કર્યો હતો.

## જજોએ વિવિધ ભાષા પુસ્તકોનો અભ્યાસ કર્યો

ચૂકાદો આપવા માટે જજોએ ઈતિહાસ, સંસ્કૃતિ, પુરાતત્વ વિભાગ અને ધર્મ જેવા ક્ષેત્રોમાં સંસ્કૃત, હિન્દી, ઉર્દુ, પર્શિયન, તુર્કીશ, ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષાના પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો. જોકે, આ પુસ્તકોમાંથી અવતરણો તારવવામાં સાવધાની રાખતાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ઈતિહાસનું અર્થઘટન કરવામાં 'જોખમ' રહેલું છે. મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈના અધ્યક્ષપદે ન્યાયાધીશો એસ. એ. બોબડે, ડી.વાય. ચંદ્રચુડ, અશોક ભૂષણ અને એસ. એ. નઝીરની બેન્ચે ઐતિહાસિક ચૂકાદો લખતાં પૂર્વે ધાર્મિક ગ્રંથો, પ્રવાસ વર્ણનો, પુરાતત્વ વિભાગના અહેવાલો, મસ્જિદ તોડી પાડયા પહેલાનાં અને પછીના સ્થળના ફોટોગ્રાફ્સ અને વિવાદિત સ્થળેથી મળી આવેલી કલાકૃતિઓની વિગતો સહિત ૫૩૩ દસ્તાવેજી અહેવાલોનો અભ્યાસ કર્યો હતો. દસ્તાવેજી અહેવાલોમાં સ્તંભો પરના શિલાલેખોના અનુવાદ અને ગેઝેટીયર્સનો પણ સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ તેની રજિસ્ટ્રીને રેકોર્ડ્સની તપાસ કરવા અને જરૂર પડે સત્તાવાર અનુવાદકોને રોકવા નિર્દેશ આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે તેના ૧,૦૪૫ પાનાના ચૂકાદામાં જણાવ્યું હતું કે, ઐતિહાસિક રેકોર્ડમાં અનેક જગ્યાએ સ્પષ્ટ અંતર જોવા મળ્યું છે. અમે મુઘલ શાસકના સંસ્મરણો બાબરનામાથી લઈને અકબરના સમયમાં મંત્રી રહેલા અબુલ-ફઝલ અલામી દ્વારા લિખિત આઈને અકબરી, ફાધર જોસેફ ટીફેનૃથલરના પ્રવાસ વર્ણનો સહિતના પુસ્તકોનો અભ્યાસ કર્યો.

# ત્રણ અદાલતોમાં ૧૩૪ વર્ષ સુધી બંને પક્ષે સંઘર્ષ ચાલ્યો

## અયોધ્યા વૈષ્ણવ ઉપાસનાનું કેન્દ્ર હતું, પાંચમી સદીમાં ગુપ્ત વંશનું રાજ અને સાતમી શતાબ્દીમાં નિર્જન થઈ ગયું

હિન્દુ સંગઠનોએ ૧૮૧૩માં પહેલી વખત બાબરી મસ્જિદ પર દાવો કર્યો હતો. તેમનો દાવો છે કે, અયોધ્યામાં રામમંદિર તોડીને બાબરી મસ્જિદ બનાવાઈ હતી. તેના ૭૨ વર્ષ બાદ આ કેસ પહેલી વખત કોઈ અદાલતમાં પહોંચ્યો હતો. મહંત રઘુબર દાસે ૧૮૮૫માં રામ ચબૂતરા પર છત્રી લગાવવાની પિટિશન કરી હતી, જેને ફૈઝાબાદની જિલ્લા અદાલતે ફગાવી દીધી હતી. ૧૩૪ વર્ષથી ત્રણ અદાલતોમાં આ વિવાદ સાથે જોડાયેલી અરજીઓ પર સુનાવણી બાદ આ કેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. અયોધ્યાનો શાબ્દિક અર્થ અજેય છે. અયોધ્યા પહેલાં વૈષ્ણવ ઉપાસનાનું કેન્દ્ર રહ્યું હતું. પાંચમી સદીમાં અહીં ગુપ્ત વંશનું રાજ હતું. સાતમી શતાબ્દીમાં આ નગર નિર્જન થઈ ગયું. અયોધ્યામાં સબંધ રામના આખ્યાનનો સબંધ રામના આખ્યાન અને સૂર્યવંશ સાથે છે.

### કઇ રીતે શરૂ થયો હતો અયોધ્યા વિવાદ?

મોટા ભાગના ઇતિહાસકારોના મતે ઝહીર ઉદ દીન મોહંમદ બાબર પાણીપત પહેલાં યુદ્ધમાં ઇબ્રાહીમ લોદીને હરાવીને ભારત આવ્યો હતો. તેના કહેવાથી સુબેદાર મીર બાકીએ ૧૫૨૮માં અયોધ્યામાં મસ્જિદ બનાવી હતી. કેટલાક માને છે કે, ઇબ્રાહીમ લોદીના શાસનકાળ (૧૫૧૭-૨૬ ઇસ્વી)માં જ મસ્જિદ બની ગઈ હતી.



### વિવાદ આ રીતે શરૂ થયો

૧૮૧૩માં પહેલી વખત હિન્દુ સંગઠનોએ દાવો કર્યો છે કે, બાબરે ૧,૫૨૮માં રામમંદિર તોડીને મસ્જિદ બનાવી હતી. એમ મનાય છે કે, ફૈઝાબાદના અંગ્રેજ અધિકારીઓએ મસ્જિદમાં હિન્દુ મંદિર જેવી કળાકૃતિઓ મળવાનો ઉલ્લેખ પોતાના રિપોર્ટમાં કર્યો, એ બાદ એ દાવો કરાયો હતો. પૂર્વ આઇપીએસ અધિકારી કિશોર કુણાલે પોતાના પુસ્તક અયોધ્યા રિવિઝિટેડમાં આ ઘટનોનો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે, ૧૮૧૩માં મસ્જિદની શિલાલેખની સાથે જ્યારે છેડછાડ થઈ, ત્યારથી એમ કહેવાયું કે મીર બાકીએ મંદિર તોડીને મસ્જિદ બનાવી હતી. કુણાલે પુસ્તકમાં લખ્યું છે કે, મંદિર ૧૫૨૮માં નહીં તોડાયું હતું, બલ્કે ઔરંગઝેબ દ્વારા નિયુક્ત ફિદાયી ખાને ૧૬૬૦માં તોડી પાડ્યું હતું.

### ॥ વિવાદનો વિસ્તૃત ઘટનાક્રમ ॥

**વર્ષ ૧૫૨૮ :** પ્રથમ મોગલ સમ્રાટ બાબરે બાબરી મસ્જિદનું નિર્માણ કરાવ્યું હોવાનું માનવામાં આવે છે. ત્યાર બાદથી બાબરી મસ્જિદને લઈને હજુ સુધી સતત ચર્ચાઓ રહી હતી

**વર્ષ ૧૮૮૫ :** મહંત રઘબીર દાસ દ્વારા ફેઝાબાદની કોર્ટમાં અપીલ કરીને બાબરી મસ્જિદની જગ્યામાં મંદિરનું નિર્માણ કરવા માટે પરવાનંગી માગી હતી પરંતુ આ અરજીને ફગાવી દેવામાં આવી હતી

**વર્ષ ૧૯૫૦ :** ગોપાલ વિસારદ અને રામચંદ્ર દાસે ફેઝાબાદ કોર્ટમાં અપીલ કરીને મુર્તિઓની પુજા કરવાની પરવાનગી માંગી હતી અને તર્કદાર દલીલો કરી હતી

**વર્ષ ૧૯૫૯ :** નિર્મોહી અખાડ્ડાએ વિવાદાસ્પદ જમીન માટે પરવાનગી માંગીને કોર્ટમાં અપીલ કરી હતી

**વર્ષ ૧૯૬૧ :** સેન્ટ્રલ સુન્ની વક્ફ બોર્ડ દ્વારા વિવાદાસ્પદ જમીનના ટાઈટલને જાહેર કરવા માટે કોર્ટમાં અપીલ કરી હતી અને મસ્જિદની અંદર મુકવામાં આવેલી મુર્તિઓને દુર કરવાની રજુઆત કરી હતી

**ફેબ્રુઆરી ૧૯૮૬ :** ફેઝાબાદ કોર્ટે મુર્તિઓની પુજા કરવા હિંદુ સમુદાયના લોકોને મંજુરી આપી હતી

**ઓગસ્ટ ૧૯૮૯ :** અલ્હાબાદ હાઈકોર્ટે વિવાદાસ્પદ ટાઈટલ મામલામાં જવાબદારી પોતાના હાથમાં લીધી અને યથાસ્થિતિ જાળવી રાખવા માટેનો આદેશ કરવામાં આવ્યો હતો

**નવેમ્બર ૧૯૮૯ :** રાજીવ ગાંધી સરકારે વિવાદાસ્પદ જમીન નજીક પુજા કરવા વિશ્વ હિંદુ પરિષદને મંજુરી આપવામાં આવી હતી

**સપ્ટેમ્બર ૧૯૯૦ :** ભાજપના નેતા લાલકૃષ્ણ અડવાણીએ રથયાત્રા શરૂ કરી હતી જે સમગ્ર દેશમાં નિકળી હતી. આ રથયાત્રામાં લાખોની સંખ્યામાં લોકો જોડાયા હતા, રથયાત્રાને સારો પ્રતિશાદ મળ્યો હતો

**ડિસેમ્બર ૧૯૯૨ :** કાર સેવકોએ બાબરી મસ્જિદને તોડી પાડી હતી. છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે બાબરી મસ્જિદને તોડી પાડવામાં આવી હતી જેનાથી તોફાનો થયા હતા. જસ્ટિસ લિબરહાન પંચની નિમણૂંક આ મામલામાં તપાસ કરવા માટે કરવામાં આવી હતી

**વર્ષ ૧૯૯૩ :** પીવી નરસિંહરાવ સરકારે વિવાદાસ્પદ જમીનની નજીક ૬૭ એકર જમીન મેળવી લીધી હતી. સુપ્રીમ કોર્ટે ડોક્ટર ઈસ્માઈલ ફારુકી સુકાદામાં અધિગ્રહણને જાળવી રાખવાનો આદેશ કર્યો હતો

**એપ્રિલ ૨૦૦૨ :** અલ્હાબાદ હાઈકોર્ટે ટાઇટલ સ્યુટ મામલામાં સુનાવણી હાથ ધરી હતી. જેને લઈને કાયદાકીય નિષ્ણાંતોમાં આની ખુબ જ ચર્ચા-વિચારણાઓ શરૂ થઈ ગઈ હતી

**માર્ચ ૨૦૦૩ :** સુપ્રીમ કોર્ટે મોહમ્મદ અસલમ કેસમાં જમીન મેળવવામાં ધાર્મિક પ્રવૃતિ પર પ્રતિબંધ મુકી દીધો હતો. ધાર્મિક પ્રવૃતિ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો અને પ્રતિબંધ બાદ આને લઈને જોરદાર ચર્ચા શરૂ થઈ ગઈ હતી

## મંદિરના ચુકાદાનો જશ ૯૩ વર્ષના વકીલ કે. પરાસરનને

**અયોધ્યાની વિવાદિત જમીન પર રામ મંદિર જ બનવું જોઈએ તેવો ઐતિહાસિક ફેંસલો સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બનેલી પેનલ સુર્વાનુમતે આપી શકે તે માટેનો મહત્ત્વ જશ આપવો હોય તો તે રમલલ્લા વિરાજમાન ટ્રસ્ટ વતી વિવાદાસ્પદ જમીન પર રામ મંદિર જ બનવું જોઈએ તે માટે તેઓએ રોકેલા વકીલ કે. પરાસરનને જાય છે. જેમની વય ૯૩ વર્ષની છે. ભારતના ઈતિહાસના તેઓ સૌથી વયોવૃદ્ધ કાર્યરત ઊંચા ગજાના વકીલ છે.**

### મારી અંતિમ ઈચ્છા આખરે પૂરી થઈ

૯૩ વર્ષના વયે આ વકીલને યુવાનોને શરમાવે તેવા તરવરાટ સાથે કામ કરી શકવાના જોમનું રહસ્ય પૂંછાતું ત્યારે પરાસરન કહેતા પોતે પરમ રામભક્ત હોઈ સુપ્રીમ કોર્ટમાં રામ જન્મભૂમિ મંદિરના વિવાદનો અંતિમ ફેંસલો જોઈને અને તેમાં પક્ષકાર વતી લડીને જ તે અંતિમ શ્વાસ લે તેવી અંતિમ ઈચ્છા છે અને તે જ તેનું પ્રેરકબળ છે.

### પરાસરન એટોર્ની જનરલ સાંસદ અને પદ્મવિભુષણ

૧૯૨૭માં તમિલનાડુમાં જન્મેલા પરાસરન ૧૯૮૩થી ૧૯૮૯ના અરસામાં સ્વ. ઈન્દિરા ગાંધી અને સ્વ. રાજીવ ગાંધીના વડાપ્રધાન કાળમાં ભારતના એટોર્ની જનરલ રહી ચૂક્યા છે. ૨૦૦૩માં તેમને પદ્મભુષણ અને ૨૦૧૧માં પદ્મવિભુષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૨૦૧૨-૨૦૧૮ દરમિયાન તત્કાલિન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના નોમિનેશન હેઠળ સાંસદ રહી ચૂક્યા છે.



### હરિફ વકીલ રાજીવ ધવન હતાશ થઈ ગયા હતા

પરાસરનની આ જૈફ વયે પણ વેધક દલીલો અને પૂરાવાનો સ્રોત જોઈ એક તબક્કે મુસ્લિમ પક્ષના વકીલ રાજીવ ધવન હતાશ અને ધૂંઆપૂંઆ થઈને વકીલ પરાસરનને પૂરાવા તરીકે રજૂ કરેલો એક નકશો કોર્ટની કાર્યવાહી દરમિયાન ફાડી નાંખ્યો હતો જો કે આમ છતાં પરાસરન વિચલીત નહતા થયા. તેમણે અન્ય પૂરાવા રજૂ કરતા દલીલો આગળ ધપાવી હતી.

### પરાસરન વેદો-ઉપનિષદો, રામાયણના જાણકાર

જો પરાસરન રામલલ્લા વતી કેસ ન લડ્યા હોત તો કદાચ આવો મંદિર તરફી ચૂકાદો ના આવ્યો હોત. પરાસરન પાસે વેદો-ઉપનિષદો, રામાયણ અન સ્થાપત્ય, મંદિરોનું એ હદે જ્ઞાન છે કે તેમણે તેનો કાયદાની ભાષામાં સ્વીકારાય તે રીતે દલીલોમાં સમાવેશ કર્યો. મૂર્તિની સ્પષ્ટ ઓળખ અંગે નિર્ણાયક તબક્કે જ્યારે તેમની સાથે દલીલ થઈ ત્યારે તેમણે જસ્ટિસ અશોક ભૂષણને કહ્યું કે એમ તો હિન્દુઓ સૂર્યને પણ ભગવાન માનીએ છીએ. પણ તેની કોઈ મૂર્તિ નથી. સવાલ નમાજ પઢવાનો જ હોય તો અયોધ્યામાં ૫૫-૬૦ મસ્જિદો છે, જ્યાં મુસ્લિમો જઈ શકે છે. જ્યારે હિંદુ ધર્મગ્રંથ પણ સદીઓથી એ સ્વીકારે છે કે અયોધ્યામાં ભગવાન રામનો જન્મ થયો હતો. પરાસરને ભગવાન રામ, અયોધ્યા, રામાયણ અને હિન્દુ શ્રદ્ધાના ઢગલાબંધ પૂરાવા, નકશા તેમજ પૂર્વજોના અવતરણો રજૂ કર્યા હતા.

### ॥ વિવાદનો વિસ્તૃત ઘટનાક્રમ ॥

**વર્ષ ૨૦૦૯ :** લિબરહાટ પંચે તેમનો તપાસ અહેવાલ સુપ્રત કરી દીધો હતો. બાબરી મસ્જિદને તોડી પાડવામાં આવ્યા બાદ આ મામલામાં તપાસ કરવા પંચની રચના કરવામાં આવી હતી

**૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૦ :** હાઈકોર્ટે હિંદુ, મુસ્લિમ અને નિર્મોહી અખાડ્ડાની અંદર વિવાદાસ્પદ જમીનને ત્રણ ભાગમાં વહેચી દેવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. ત્યારબાદ પણ આને લઈને વિવાદ અકબંધ રહ્યો હતો

**મે ૨૦૧૧ :** સુપ્રીમ કોર્ટે જુદા જુદા પક્ષો દ્વારા દાખલ કરવામાં આવેલી ક્રોસ અપીલ પર હાઈકોર્ટના ચુકાદા પર મનાઈ હુકમ મુકી દીધો હતો. ત્રણ ભાગમાં જમીનને વહેચી દેવાના હાઈકોર્ટના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો

**ઓગસ્ટ ૨૦૧૭ :** જસ્ટિસ દિપક મિશ્રાના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બેચે અપીલો પર સુનાવણી હાથ ધરી હતી. મેન ટાઈટલ વિવાદ સાઇટ ટ્રેક રહ્યો હતો. મુસ્લિમ પક્ષોએ ફારુકી ચુકાદાના કરવામાં આવેલા જટીલ કારણોના રેફરન્સની માંગ કરીને મુસ્લિમ પક્ષોએ પ્રતિક્રિયા માંગી હતી. આમા દલીલ કરવામાં આવી હતી કે, મસ્જિદની અંદર પુજા ઈસ્લામના હિસ્સા તરીકે નથી. આમા બહુમતી ચુકાદો પુજા માટે ઈન્કાર કરતો અપાયો હતો

**જાન્યુઆરી ૨૦૧૯ :** ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેચે ટાઈટલ અરજીઓ પર સુનાવણી હાથ ધરી હતી પરંતુ સાથે સાથે સૌથી પહેલા મધ્યસ્થી મારફતે આ વિવાદને ઉકેલવા પ્રયાસ કરવા માટે પણ કર્યું હતું.

**છઠ્ઠી ઓગસ્ટ ૨૦૧૯ :** સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટિસ કેલિફુલ્લાના નેતૃત્વમાં મધ્યસ્થી કમિટીએ સર્વસહમતી પર પહોંચવામાં નિષ્ફળ રહી હતી. સાથે સાથે કોર્ટે સુનાવણી શરૂ કરી હતી.

**૧૬મી ઓક્ટોબર ૨૦૧૯ :** ૪૦ દિવસ સતત સુનાવણી કરવામાં આવ્યા બાદ ૧૬મી ઓક્ટોબર ૨૦૧૯ના દિવસે સુપ્રીમ કોર્ટે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. જેથી ચુકાદાને લઈને તમામ નિષ્ણાંતોમાં તથા દેશના લોકોમાં ઉત્સુક્તા વધી ગઈ હતી. ચુકાદાને લઈને લોકો રાહ જોઈ રહ્યા હતા.

**નવમી નવેમ્બર ૨૦૧૯ :** સુપ્રીમ કોર્ટની બંધારણીય બેચ દ્વારા ચુકાદો આપ્યો હતો. ઐતિહાસિક ચુકાદો આપતીવેળા કોર્ટે તમામ બાબતોની નોંધ લીધી હતી. છેલ્લા ૭૦ વર્ષથી ચાલી રહેલી કાયદાકીય લડાઇ, ૪૦ દિવસ સુધી સતત ચાલેલી મેરાથોન સુનાવણી બાદ આખરે ગત શનિવારે અયોધ્યા મામલામાં સુપ્રીમે તેનો ઐતિહાસિક ચુકાદો આપી દીધો હતો. આ ચુકાદા પર ભારતભરમાં તમામ લોકોની બાજ નજર રહેલી હતી. રાજકીય રીતે ખુબ જ સંવદેનશીલ ગણાતા રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ પર સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેંચે સર્વસંમંતિથી અથવા તો ૫-૦થી આ ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. નિર્મોહી અખાડાના દાવાને ફગાવી દેવામાં આવ્યો છે. સાથે સાથે સુપ્રીમ કોર્ટે રામલલા વિરાજમાન અને સુન્ની વક્ફ બોર્ડને જ પક્ષકાર તરીકે ગણ્યા હતા.

# ચુકાદો આવકાર્ય, રિવ્યૂ પિટિશન નહીં : સુન્ની વકફ બોર્ડ

## બોર્ડના સભ્ય કે વકીલ રિવ્યૂ પિટિશનની વાત કરતા હોય તો તેને માન્ય ન રાખવું તેવી સ્પષ્ટતા

નવી દિલ્હી- અયોધ્યામાં આખરે રામ મંદિર અને મસ્જિદ બન્ને બનાવવામાં આવશે. તેવો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો છે. જેનું મુસ્લિમ પક્ષકારોએ પણ સ્વાગત કર્યુ છે, સાથે એવી સ્પષ્ટતા પણ કરી દીધી કે જે હવે સુપ્રીમમાં રિવ્યૂ પિટિશન નહીં કરીએ. મુસ્લિમો વતી દલીલો કરનારા કેન્દ્રીય સુન્ની વકફ બોર્ડના ચેરમેન ઝફર અહેમદ ફારૂકીએ જણાવ્યુ હતું કે અમે સુપ્રીમ કોર્ટના આ ચુકાદાનું સ્વાગત કરીએ છીએ. સાથે જ આ ચુકાદાને પડકારતી રિવ્યૂ પિટિશન સુપ્રીમ કોર્ટમાં કરવાનું પણ અમારૂ કોઈ જ આયોજન હવે નથી. જોકે સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે હાલ માત્ર જે ચુકાદો આવ્યો તેને વાંચી રહ્યા છીએ અને તેનો અભ્યાસ કર્યા બાદ જ બોર્ડ દ્વારા સત્તાવાર રીતે કોઈ



નિવેદન જારી કરવામાં આવશે પણ હાલ રિવ્યૂ પિટિશન સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવાનું કોઈ જ આયોજન બોર્ડનું નથી. આ પહેલા બોર્ડના કાઉન્સેલ ઝફરયાબ જિલાનીએ જણાવ્યું હતું કે આ ચુકાદામાં અનેક વિરોધાભાસ છે, અમે તેનાથી સંતુષ્ટ નથી અને રિવ્યૂ પિટિશન અંગે વિચારી રહ્યા છીએ.

### અમારી માગણી સંતોષાઇ ગઇ છેઃ શીયા વકફ બોર્ડ

શીયા વકફ બોર્ડ પણ અયોધ્યા કેસમાં એક પક્ષકાર હતું, જોકે તેની દલીલોને સુપ્રીમ કોર્ટે માન્ય નહોતી રાખી. દરમિયાન જે ચુકાદો આવ્યો તેનું શીયા વકફ બોર્ડે સ્વાગત કર્યું હતું, અને જણાવ્યું હતું કે અમે આ ચુકાદાથી સંતુષ્ટ છીએ અને કોઇ જ રિવ્યૂ પિટિશનની જરૂર નથી. શીયા વકફ બોર્ડના ચેરમેન વસીમ રિઝવીએ જણાવ્યું હતું કે જે પણ લોકો આ કાયદાની લડાઇ લડયા તેમને અને દેશને શૂભ કામના પાઠવીએ છીએ. અમારી માગણી હતી કે વિવાદિત સ્થળે રામ મંદિર બનાવવામાં આવે. તેથી અમારી માગણી સંતોષાઇ ગઇ છે સુપ્રીમ કોર્ટનો ચુકાદો શીયા વકફ બોર્ડની તરફેણમાં જ આવ્યો છે. રિઝવીએ જણાવ્યું હતું કે આજે સુપ્રીમ કોર્ટે જે ચુકાદો આપ્યો તેનાથી સમગ્ર વિવાદનો અંત આવી જશે.

### ૧૫ દિવસની અંદર સુન્ની વકફ બોર્ડની બેઠક, ૫ એકર જમીન પર નિર્ણય લેવાશે

નવી દિલ્હી : અયોધ્યાની રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ પર સુપ્રીમ કોર્ટનો નિર્ણય આવ્યા બાદ પક્ષકારોએ આની પર મંથન કરવાનું શરૂ કરી દીધુ છે. મુસ્લિમ પક્ષ તરફથી સુન્ની વકફ બોર્ડના ચેરમેન જફર ફારૂખીએ કહ્યુ કે જલ્દી જ બોર્ડની બેઠક બોલાવવામાં આવશે. જે ૧૫ દિવસની અંદર જ હશે. તેમના અનુસાર આ બેઠકમાં પાંચ એકર જમીન લેવાના મામલે નિર્ણય લેવામાં આવશે. અયોધ્યા વિવાદ બાદ થનારી આ પહેલી બેઠકમાં સરકારની સાથે મુસ્લિમોના અન્ય હિતોને લઈને પણ ચર્ચા થઈ શકે છે. સુન્ની વકફ બોર્ડ પોતાના અગાઉના મુદ્દા વિશે પણ ચર્ચા કરશે સાથે જ મુસ્લિમ પક્ષના ધાર્મિક સ્થળોની સુરક્ષા, ઈબાદતના અધિકાર પર વાત કરવામાં આવશે.

### રિવ્યુ પિટિશીનનો મોકો હશે

કોર્ટના ચુકાદા બાદ દરેક પક્ષની પાસે રિવ્યુ પિટીશન કરવાની તક રહેશે. કોઇપણ પક્ષકાર ચુકાદાને લઇ સુપ્રીમ કોર્ટમાં રિવ્યુ પિટીશન દાખલ કરી શકે છે તેના પર બેન્ચ સુનવણી કરી શકે છે. જો કે કોર્ટને એ નક્કી કરવું પડશે કે આ પુનર્વિચાર અરજીને કોર્ટમાં સાંભળવી કે પછી ચેમ્બરમાં સાંભળવી. બેન્ચ પોતાના સ્તર પર જ આ અરજીને નકારી શકે છે અથવા તો પછી તેની ઉપર બેન્ચને સ્થળાંતરિત કરી શકે છે. જો કે કોર્ટના ચુકાદાના અત્યાર સુધીનો ઇતિહાસ બતાવે છે કે બેન્ચ પોતાના સ્તર પર જ અરજી પર ફેંસલો લઇ લે છે

## સુપ્રીમ કોર્ટે કાશી તેમજ મથુરાના વિવાદ પર પણ પૂર્ણવિરામ મૂક્યું

### હવે દેશના બધા જ ધાર્મિક સ્થળો પર આઝાદી સમયની યથાસ્થિતિ રહેશેઃ કોર્ટની સ્પષ્ટતા

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ૧,૦૪૫ પાનાના તેના ચૂકાદામાં અયોધ્યાની સાથે કાશી અને મથુરાના મંદિરોના વિવાદ પર પણ પૂર્ણ વિરામ મૂકી દીધું છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે પણ સુપ્રીમ કોર્ટના ચૂકાદાને આવકારતાં કાશી અને મથુરાના વિવાદને પડતો મૂકવાના સંકેત આપી દીધા હતા. સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચે તેના ચૂકાદામાં વર્ષ ૧૯૯૧માં લાગુ થયેલા પ્લેસીસ ઓફ વર્શિપ (સ્પેશિયલ



પ્રોવિઝન) એક્ટ પર વિશેષ ભાર મૂક્યો હતો. બેન્ચે ચૂકાદો સંભળાવતી વખતે દેશના સેક્યુલર ચરિત્રની વાત કરી. ઉપરાંત બેન્ચે વર્તમાન ધાર્મિક સ્થળો પર દેશની આઝાદી સમયની સ્થિતિ જાળવી રાખવાના સંરક્ષણ પર પણ ભાર મૂક્યો હતો. સુપ્રીમ કોર્ટના આ વલણ સાથે હવે કાશી અને મથુરામાં જે વર્તમાન સ્થિતિ છે તેમાં કોઈપણ પ્રકારના ફેરફારની સંભાવનાઓ ખતમ થઈ ગઈ છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના અધ્યક્ષપદે બેન્ચે કહ્યું, દેશે આ કાયદો લાગુ કરીને બંધારણિય કટિબદ્ધતાને મજબૂત કરવા અને બધા ધર્મોને સમાન માનવા તથા સેક્યુલરિઝમ જાળવી રાખવાની પહેલ કરી છે. સંઘ પ્રમુખ મોહન ભાગવતે પણ શનિવારે સુપ્રીમ કોર્ટના ચૂકાદાનું આગમન કરતા કહ્યું હતું કે હવે અમે કાશી અને મથુરામાં મંદિર બનાવવાની માગ કરનારાઓની સાથે નથી. સંઘ ક્યારેય આંદોલનોમાં જોડાતો નથી. અમારૂં કામ માત્ર અને માત્ર ચરિત્ર નિર્માણનું છે. આમ હવે દેશમાં મથુરા અને કાશી મંદિરના વિવાદ પર પણ પૂર્ણ વિરામ મૂકાઈ ગયું છે.

## મસ્જિદ માટે પાંચ એકર જમીનની ભીખ નથી જોઈતી, ઓવૈસીના આકરા તેવર



નવી દિલ્હી : મુસ્લિમ રાજકીય આગેવાન અસદ્દુદ્દીન ઓવૈસીએ ચુકાદા અંગે અસંમતિ વ્યક્ત કરી હતી. ઓવેસીએ કહ્યુ હતું કે, મુસ્લિમોએ મસ્જિદ માટે સુપ્રીમ કોર્ટે સરકારને ૫ એકર જમીન આપવા માટે જે હુકમ કર્યો છે તેને ફગાવી દેવો જોઈએ. સુપ્રીમ કોર્ટ સુપ્રીમ છે પણ અચૂક નથી. હૈદ્રાબાદના સાંસદ ઓવૈસીએ કહ્યુ હતુ કે, મારો સવાલ છે કે, જો ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ મસ્જિદ તોડી ના પડાઈ હોત તો પણ સુપ્રીમ કોર્ટ આ પ્રકારનો ચુકાદો આપત? મને આ ચુકાદાથી સંતોષ નથી. જેમણે બાબરી મસ્જિદ તોડી છે તેમને જ સરકારે ટ્રસ્ટ બનાવવાનો આદેશ આપ્યો છે. ઓવૈસીએ કહ્યુ હતુ કે, મુસ્લિમો સાથે અત્યાચાર થયો છે.મુસ્લિમ એટલો ગરીબ નથી કે પાંચ એકર જમીન પણ ખરીદીના શકે.હું હૈદ્રાબાદની જનતા પાસે ભીખ પણ માંગુ તો આટલી જમીન ખરીદવાના પૈસા ભેગા થઈ જશે. મુસ્લિમોને કોઈની ભીખની જરુર નથી. તેમણે કહ્યુ હતુ કે, જ્યાં સુધી દુનિયા હશે ત્યાં સુધી અમે અમારી કોમને કહેતા રહીશું કે,અયોધ્યામાં ૫૦૦ વર્ષથી મસ્જિદ હતી.

## બાબરી ધ્વશં કેસની સુનાવણી પણ ટૂંક સમયમાં પૂર્ણ થવાની તૈયારીમાં

### એલ કે અડવાણી, ઉમા ભારતી અને મુરલી મનોહર જોશી કેસના મુખ્ય આરોપી છે

નવી દિલ્હી : સીબીઆઇ કોર્ટમાં ૧૯૯૨ના બાબરી ધ્વંશ કેસના ગુનાહિત કાવતરાની સુનાવણી પણ ટૂંક સમયમાં પૂર્ણ થઇ જશે કારણક લખનઉની સેશન કોર્ટે પુરાવા રજૂ કરવાની અંતિમ તારીખ ૨૪ ડિસમ્બર રાખી છે. પાંચ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ સેસન્સ કોર્ટે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર ૨૪ ડિસેમ્બર, ૨૦૧૯ સુધીમાં તમામ પુરાવા રજૂ કરવા પડશે. ભાજપ નેતાઓ એલ કે અડવાણી, ઉમા ભારતી અને મુરલી મનોહર જોશીને મુક્ત કરવાના અલ્લાહાબાદ હાઇકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટે ૧૯ એપ્રિલ, ૨૦૧૭ના રોજ ફગાવી દીધો હતો. જેના પગલે ૨૫ મે, ૨૦૧૭ના રોજ લખનઉની વિશેષ કોર્ટમાં આ ત્રણેય વિરુદ્ધ ફરીથી સુનાવણી થઇ હતી. ઉલ્લેખનીય છે કે ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ બાબરી મસ્જિદને ધ્વશં કરવામાં આવી હતી. તે સમયે કલ્યાણ સિંહ ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન હતાં. સુપ્રીમ કોર્ટે ૧૯ એપ્રિલ, ૨૦૧૭ના રોજ આ કેસની સુનાવણી બે વર્ષમાં પૂર્ણ કરવાનો આદેશ આપ્યો છે. ત્યારબાદ ૧૯ જુલાઇ, ૨૦૧૯ના રોજ સુપ્રીમ કોર્ટે નવ મહિનાની અંદર ચુકાદો આપવાનો આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે સીબીઆઇએ પાંચ ઓક્ટોબર, ૧૯૯૩ના રોજ બાલાસાહેબ ઠાકરે, કલ્યાણ સિંહ, મોરેશ્વર સાવે, ચંપતરાય બંસલ, સતિષ પ્રધાન, મહંત અવૈદ્યનાથ, ધરમ દાસ, મહંત નૃત્ય ગોપાલ દાસ, મહમદલેશ્વર જગદીશ મુની, રામ વિલાસ વાદંતી, વૈકુંઠ લાલ શર્મા, પ્રમા હંસ રામ ચંદ્ર દાસ અને ડો. સતિશ ચંદ્ર નગર સહિતન ૪૮ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી હતી.



# પાંચ એકર જમીનમાં ગુજરાતના મુસ્લિમો સ્વખર્ચે મસ્જિદ બનાવવા તૈયાર

નવીદિલ્હી : અયોધ્યા વિવાદ પર સુપ્રીમ કોર્ટે જે ચુકાદો આપ્યો તેમાં મુસ્લિમોને અલગ સ્થળે પાંચ એકર જમીન ફાળવવાનો જે આદેશ કર્યો છે ત્યાં ભવ્ય મસ્જિદ બનાવવાની જવાબદારી ગુજરાતના સૂફી પંથી મુસ્લિમોએ ઉપાડવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાતમાં શાખાઓ ધરાવતા મુહીબ્બાને એહલેબૈત ફાઉન્ડેશને સુન્ની વકફ બોર્ડને એવો પ્રસ્તાવ આપ્યો છે કે, જો તે આ પાંચ એકર જમીન સ્વીકારવાનો નિર્ણય કરે તો ગુજરાતના સૂફીઓ ત્યાં ભવ્ય મસ્જિદ બનાવવા તૈયાર છે, આનું મોડેલ પણ તૈયાર કરાયું છે અને તેનો સઘળો ખર્ચ પણ તેઓ ઉપાડવા તૈયાર છે.

સુપ્રીમ કોર્ટે મુસ્લિમોને પાંચ એકર જમીન આપવાનો જે આદેશ કર્યો છે તે અન્વયે આ જમીન મેળવવી કે નહીં તેનો નિર્ણય કરવા ૨૬મીએ સુન્ની વકફ બોર્ડની બેઠક યોજાવાની છે. જો કે, ગુજરાતના સૂફી પંથના તમામ લોકોએ સંગઠિત થઈ જો



જમીન લેવાનો નિર્ણય થાય તો ત્યાં મસ્જિદ બનાવવા તેઓ તૈયાર હોવાનું જણાવ્યું છે.

આ મસ્જિદનો પ્લાન અને તેનું મોડેલ પણ તૈયાર કરી દેવાયું છે. જેની સંપૂર્ણ વિગતો પણ વકફ બોર્ડને પહોંચાડાશે. આ માટે પાંચ લાખનો ખર્ચ થાય કે પાંચ કરોડનો, તે બધો ઉપાડવા તેઓ તૈયાર છે. આ મસ્જિદનું સંચાલન વકફ બોર્ડ પાસે રાખે તે માટે પણ તેઓ તૈયાર છે.

આ અંગે મુહીબ્બાને એહલેબૈત ફાઉન્ડેશનના પ્રમુખ અને સૂફી અનવર હુસૈન શેખે જણાવ્યું હતું કે, અયોધ્યામાં કાયમી શાંતિ સ્થપાય અને દેશ ભરમાં કોમી એકતા અને એખલાસ જળવાઈ રહે તે હેતુથી સૂફી પંથ તરફથી મસ્જિદ બનાવવાનો વિચાર આવ્યો છે.

વળી, અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ થાય અને તે માટે કારસેવા યોજાય તો તેઓ પણ તેમાં જોડાવા તૈયાર હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# ન્યાયતંત્રએ અમારા વિશ્વાસને ધ્રૂજાવી દીધો છે : જમિયત ઉલેમા-એ-હિંદ



નવી દિલ્હી : અયોધ્યા વિવાદ અંગે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાએ ન્યાયતંત્ર પરના લઘુમતીઓના વિશ્વાસને ડગાવી દીધો છે એવો અભિપ્રાય જમિયત ઉલેમા-એ-હિંદના મહામંત્રી મૌલાના મહેમૂદ મદનીએ આંસુભરી આંખે વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું, 'આ ચુકાદો અન્યાયપૂર્ણ છે અને વાસ્તવિકતા તથા પુરાવાઓની ઘોર અવગણના કરવામાં આવી છે.' આમ તો મોટા ભાગના લોકોએ આ ચુકાદો સ્વીકારીને એને આવકાર્યો છે પરંતુ લઘુમતીના કેટલાક નેતાઓએ આ ચુકાદા અંગે જુદો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. આંધ્ર પ્રદેશના મુસ્લિમ નેતા અસદુદ્દીન ઓવૈસી અને અન્ય કેટલાક લોકોએ આ ચુકાદા સામે વિરોધ વ્યક્ત કરતાં મંતવ્યો વ્યક્ત કર્યા હતા. ઓવૈસેએ કહ્યું હતું કે પાંચ એકર જમીનની ઑફર મુસ્લિમોએ નકારી કાઢવી જોઈએ. મારે એ પૂછવું છે કે ૧૯૯૨માં જે વિવાદાસ્પદ માળખું તોડી પડાયું એ તોડી ન પડાયું હોત તો પણ સુપ્રીમ કોર્ટ આવો જ ચુકાદો આપત કે ? એ સ્પષ્ટ કરવામાં આવે. કોલકાતાથી પ્રગટ થતા એક અંગ્રેજી અખબારે મુસ્લિમ સમાજના કોમન મેન ગણાતા કેટલાક લોકોના ઈન્ટરવ્યૂ લીધા હતા. એ લોકોએ પણ આ ચુકાદાને અસ્વીકાર્ય ગણાવ્યો હતો. પાટનગર નવી દિલ્હીના એક ઓટો મિકેનિકના શબ્દોને ટાંકતાં આ મિકેનિકે કહ્યું કે અમે અમારી નજર સામે બાબરી મસ્જિદ તૂટતાં જોઈ છે. અમે ન્યાયતંત્ર પર વિશ્વાસ રાખ્યો હતો કે એક દિવસ અમને ન્યાય મળશે. પરંતુ ૨૭ વર્ષથી અમે ટકાવી રાખેલો ન્યાયતંત્ર પરનો વિશ્વાસ આખરે તૂટી ગયો છે. અમને ન્યાય મળ્યો નથી.

## ઓવૈસી સામે સંત સમાજ લાલચોળ, કોર્ટના આદેશનું સન્માન થવું જોઈએ



નવી દિલ્હી : અયોધ્યા મામલે સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે આકરા તેવર બતાવનાર ઓવૈસી પર સંત સમાજ ભડકી ઉઠ્યો છે. અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ મહંત નરેન્દ્ર ગીરીએ તો ઓવૈસીને પાકિસ્તાન જતા રહેવાની સલાહ આપી દીધી છે. મહંત નરેન્દ્ર ગીરીએ કહ્યુ હતુ કે, ઓવૈસી ભારત અને હિન્દુઓ સામે હંમેશા ઝેર ઓકે છે.જો ઓવેસીને ભારતમાં સારૂ ના લાગતુ હોય તો તેમણે પાકિસ્તાન જતા રહેવુ જોઈએ. ઓવૈસી હંમેશા હિન્દુઓ અને સંતોનુ અપમાન કરતા આવ્યા છે. જો ફરી આવી ભાષાનો ઉપયોગ તે કરશે તો સંત સમાજ અને અખાડા પરિષદ સહન નહી કરે. તેણે ભારતમાં હશે તો ભારતના સંવિધાન અને ન્યાય પાલિકાના આદેશનુ સન્માન કરવુ પડશે.

## રામ કોઈ કોમ કે દેશના નથી પણ સમગ્ર વિશ્વના છેઃ મોરારિબાપુ



'સર્વભૂત હિતાય, સર્વભૂત સુખાય તથા સર્વભૂત પ્રિતાય' જે નિર્ણય સર્વોચ્ચ અદાલતે આપ્યો છે એના માટે સર્વોચ્ચ અદાલત, સરકાર તથા દેશની ૧૩૦ કરોડની જનતાને અને સમગ્ર વિશ્વને પૂજ્ય મોરારિબાપુએ વધાઈ આપી છે. ઉત્તરકાશીમાં ચાલી રહેલ રામકથા દરમિયાન પૂજ્ય મોરારિબાપુએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, 'રામ કોઈ એક કોમ કે એક દેશનાં નથી પરંતુ રામ પૂરા વિશ્વના છે.' આથી ફેંસલાને સદ્ભાવ, સંવાદપૂર્ણ, પ્રશાંત અને પ્રસન્નતા સાથે સહુ કબૂલ કરે તેવો તેમણે અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'મારી દષ્ટિએ આ ફેંસલો સૌના મંગળ માટે છે. આ ફેંસલાને આપણે ફાસલામાં ન બદલીએ.

## અયોધ્યામાં રામ મંદિર માટે સવા રૂપિયો ઉઘરાવનાર વ્યક્તિ હું જ હતો : તોગડિયા



સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા અંગે પ્રવિણ તોગડિયાએ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે વિવાદાસ્પદ જગ્યાને રામલલાની ગણાવી છે. આ મામલે પ્રવીણ તોગડિયાએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું છે કે, "હું સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સ્વાગત કરું છુ. કેન્દ્ર સરકારને અયોધ્યામાં જમીનનો કબજો મળ્યો છે. મારી પણ આજ સુધીની ૩૫ વર્ષની યાત્રાનું મહત્વનું કદમ આજે ઉત્સાહ સાથે પૂર્ણ થયું છે. અયોધ્યામાં રામ મંદિર માટે સવા રૂપિયો ઉઘરાવનાર વ્યક્તિ હું જ હતો. ૧૯૮૯માં અમદાવાદમાં મેં મંદિર બનાવ્યું હતું તેને ગાડીમાં નાખીને કુંભ મેળાની ધરમ સાંસદમાં લઇ ગયો હતો.

## સુપ્રીમનો ચૂકાદો દેશની એકતા, અખંડતાને મજબૂત બનાવશે : શાહ



કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે અયોધ્યા ચુકાદાને ભારતના ન્યાયતંત્ર માટે માઇલસ્ટોન સમાન ગણાવ્યો હતો. તેમણે ચુકાદાને આવકારીને દેશના તમામ ધર્મો અને લોકોને શાંતિ, સદ્ભાવના અને એકતા જાળવવા અપીલ કરી હતી. શાહે ટ્વિટ કર્યું હતું કે, શ્રીરામ જન્મભૂમિ અંગે સંર્વસંમતિથી આવેલા ચુકાદાનું હું સ્વાગત કરું છું. તમામ ધર્મ અને સમુદાયના લોકોને ચુકાદો સહજતાથી સ્વીકારીને શાંતિ અને સૌહાર્દ જાળવવા અપીલ કરું છું. તમામ સંસ્થાઓ, સંત સમાજ અજ્ઞાત લોકોએ વર્ષો સુધી કાનૂની વિવાદ ઉકેલવા જે પ્રયાસો કર્યા તે માટે તેમની કૃતઘ્નતા વ્યક્ત કરું છું. આ ચુકાદો ભારતની એકતા, અખંડિતતા અને મહાન સંસ્કૃતિને વધુ પ્રબળ બનાવશે.

## પાંચ એકર જમીન પર મસ્જિદ નહી સ્કૂલ બનાવવી જોઈએઃ સલીમ ખાન



નવી દિલ્હી : સુપરસ્ટાર સલમાનખાનના પિતા સલીમ ખાને સુપ્રીમ કોર્ટે અયોધ્યા અંગે આપેલા ચુકાદા બાદ કહ્યુ હતુ કે, સુપ્રીમ કોર્ટ દ્વારા મસ્જિદ બનાવવા માટે પાંચ એકર જમીન આપવાનો યુપી સરકારને આદેશ આપ્યો છે. આ જમીન પર મસ્જિદની જગ્યાએ સ્કૂલ બનવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, સુન્ની વક્ફ બોર્ડને સુપ્રીમ કોર્ટે મસ્જિદ બનાવવા માટે અયોધ્યામાં અન્ય કોઈ જગ્યાએ પાંચ એકર જમીન અપાશે તેવુ કહ્યુ છે ત્યારે સલીમ ખાને કહ્યુ હતુ કે, ભારતમાં મુસ્લિમોને મસ્જિદ કરતા વધારે જરુર સ્કૂલોની છે. પયંગબર સાહેબે ઈસ્લામની બે ખૂબીઓ બતાવી છે. જેમાં પ્રેમ અને કરૂણાનો સમાવેશ થાય છે. સલીમખાને મુસ્લિમ સમાજને અપીલ કરતા કહ્યુ હતુ કે, હવે જ્યારે આ વિવાદનો અંત આવી ગયો છે. પ્રેમ વ્યક્ત કરો અને માફી આપો. આ મુદ્દાની વધારે ખણખોદકરવાની જરૂર નથી. તેમણે કહ્યુ હતુ કે, ચુકાદો આવ્યા બાદ જે રીતે શાંતિ રહી તે વાત પ્રશંસનીય છે. આ વાતને સ્વીકારવી જોઈએ કે એક વિવાદ ખતમ થયો છે. હું આ ચુકાદાનુ સ્વાગત કરૂ છું. મુસ્લિમોએ પોતાની જે પાયાની સમસ્યાઓ છે તેની ચર્ચા કરીને તેનો ઉકેલ લાવાની કોશિશ કરવી જોઈએ.

## ચુકાદાને આવકારીએ છીએ : ઇકબાલ અન્સારી



રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ કેસના સૌથી જૂના પક્ષકાર હાશિમ અન્સારીના પુત્ર ઇકબાલ અન્સારીએ જણાવ્યું હતું કે, હું સુપ્રીમ કોર્ટના ચુકાદાથી સંપૂર્ણ સંતુષ્ટ છું. અમે ચુકાદો આવ્યો તે પહેલાં જ જણાવ્યું હતું કે, અદાલત જે ચુકાદો આપશે તે અમને સ્વીકાર્ય રહેશે. હવે સરકાર પર છે કે તે ક્યાં અને ક્યારે મસ્જિદ માટેની જમીનની ફાળવણી કરે છે. સરકાર જે નિર્ણય કરશે તે પણ અમને સ્વીકાર્ય રહેશે. હું મારા તમામ દેશવાસીઓને સંદેશ આપવા માગં છું કે આપણે બધાએ ચુકાદાને આવકારવો જોઈએ અને વાતાવરણ ડહોળવું જોઈએ નહીં.

## નિવૃત્ત જજને ચુકાદા સામે વાંધો છે કહ્યુ હુ અપસેટ છુ



નવી દિલ્હી : અયોધ્યા વિવાદના ચુકાદાથી સુપ્રીમ કોર્ટના જ એક નિવૃત્ત જજ અશોક ગાંગુલીએ નારાજી વ્યક્ત કરી હતી. કોલકાતાથી પ્રગટ થતા એક અંગ્રેજી અખબારને આપેલી મુલાકાતમાં જસ્ટિસ ગાંગુલીએ કહ્યું કે સૈકાઓથી લઘુમતી જેને મસ્જિદ તરીકે જોતી આવી હતી એને તોડી પાડવામાં આવી. હવે સુપ્રીમ કોર્ટે એ ૨.૭૭ એકર જમીન પર રામ મંદિર બાંધવાનો અને મુસ્લિમોને અન્યત્ર પાંચ એકર જમીન આપવાની કરેલી ઑફર મને શંકાસ્પદ લાગે છે. તેમણે કહ્યું, 'હું બંધારણનો વિદ્યાર્થી છું. મને આ ચુકાદો ગળે ઊતરતો નથી.

## બાબરી વિધ્વંશના દોષિતોને સજા મળશે?: દિગ્વિજય સિંહ



નવી દિલ્હી : કોગ્રેંસના નેતા દિગ્વિજય સિંહે ટ્વીટ કરીને સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યુ છે પરંતુ તેમણે આની સાથે એક પ્રશ્ન પણ પૂછ્યો છે. દિગ્વિજય સિંહએ લખ્યુ કે, SCએ બાબરી મસ્જિદ તોડવાની બાબતને ગેરકાનુની ગણાવી છે, એવામા શું દોષિતોને સજા મળશે? કોગ્રેસના નેતા દિગ્વિજય સિંહએ પોતાની ટ્વીટમા લખ્યુ કે, રામ જન્મભૂમિના નિર્ણયને તમામ લોકોએ સન્માન આપ્યુ, અમે બધાનો આભાર માનીએ છીએ. કોગ્રેંસે હંમેશાથી એવું કહ્યુ છે કે, દરેક વિવાદનું સમાધાન સંવિધાનમાં સ્થાપિત કાયદા અને નિયમોની અંદર જ શોધવું જોઈએ.

## રામ મંદિર બંધાશે ત્યારે સોનાની ઇંટ આપીશ : પ્રિન્સ યાકુબ તુસી



મોગલ બાદશાહ બાબરના આખરી વંશજ પ્રિન્સ યાકુબ જુસીએ સુપ્રિમકોર્ટના ચુકાદાને આવકાર્યા છે. ચુકાદા બાદ તેમણે એવી પ્રતિક્રિયા આપી કે, રામ મંદિર સાથે કરોડો હિંદુઓની આસ્થા સાથે જોડાયેલી છે ત્યારે આ ઐતિહાસિક ચુકાદાને દેશના મુસ્લિમોએ સર્વમાન્ય ગણીને માથે ચડાવી શાંતિ-સૌહાર્દ અને બાઈચારાનો સંદેશ આપવો જોઈએ. અયોધ્યામાં રામમ મંદિરનું નિર્માણ થશે ત્યારે હું સોનાની ઇંટ દાનમાં આપીશ. મંદિરના નિર્માણ વખતે મુસ્લિમોએ ઉપસ્થિત રહીને દુનિયાભરમાં એકતાનો સંદેશો આપવો જોઈએ.

# વિદેશી મીડિયામાં ચુકાદાના પડઘા : નિર્ણય હિંદુઓના પક્ષમાં ગણાવ્યો

### વડા પ્રધાન મોદીને મોટી સફળતાઃ વોશિંગ્ટન પોસ્ટ

દાયકા જૂના વિવાદમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મોટી સફળતા મળી છે. ભગવાન રામ માટે વિવાદિત સ્થળે મંદિર બાંધવાનો ભાજપનો દાયકાઓથી ઉદ્દેશ હતો. ભારતની સુપ્રીમ કોર્ટે દેશના સૌથી વિવાદિત ધાર્મિક સ્થળને ટ્રસ્ટના હવાલે કરવાનો આદેશ આપ્યો. જ્યાં ક્યારેક મસ્જિદ હતી તે જગ્યાએ હવે હિંદુ મંદિરના નિર્માણનો રસ્તો સાફ થઈ ગયો છે.

### મંદિરનો નિર્ણય ભાજપના રાષ્ટ્રવાદી એજન્ડાનો ભાગ : ધ ગાર્ડિયન

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપનો મોટો વિજય થયો છે. અયોધ્યામાં રામમંદિર બનાવવું તેમના રાજકીય એજન્ડાનો ભાગ હતું. આ ચુકાદો એવા સમયે આવ્યો છે જ્યારે દેશના ૨૦ કરોડ મુસ્લિમો ભારત સરકારથી ડરે છે. ૧૯૯૨માં મસ્જિદ તોડવામાં આવી તે ભારતની ધર્મનિરપેક્ષતાની નિષ્ફળતા સમાન હતું.




### ભારતમાં મસ્જિદ માટે મુસ્લિમોને વૈકલ્પિક જમીન મળશે : ગલ્ફ ન્યૂઝ

સંયુક્ત આરબ અમીરાતની વેબસાઈટ ગલ્ફ ન્યૂઝે જણાવ્યું કે, ૧૩૪ વર્ષનો વિવાદ ૩૦ મિનિટમાં ઉકલી ગયો. હિન્દુઓને અયોધ્યામાં જમીન મળશે. મુસ્લિમોને મસ્જિદ માટે વૈકલ્પિક જમીન મળશે.

### ચુકાદાથી હિન્દુ-મુસ્લિમોના સંબંધો ઉપર અસર પડશે : ધ ડોન

ભારતની સુપ્રીમ કોર્ટ દ્વારા વિવાદિત સ્થળે જ્યાં હિંદુઓ દ્વારા ૧૯૯૨માં મસ્જિદ તોડી પાડવામાં આવી હતી ત્યાં હિન્દુઓની તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો. કોર્ટે જણાવ્યું કે, અયોધ્યાની જમીન ઉપર જ મંદિર બનશે. કોર્ટે માન્યું કે, ૪૬૦ વર્ષ જૂની મસ્જિદ તોડી પાડવી પણ ગેરકાયદે હતું. તેનાથી ભારતમાં હિંદુ અને મુસ્લિમોના સંબંધો ઉપર અસર પડશે.

### મસ્જિદ પાડ્યા પછી મંદિર નિર્માણની યોજના ઘડાઈ : ન્યૂયોર્ક ટાઈમ્સ

સુપ્રીમ કોર્ટના નિર્ણયથી હિન્દુઓને તે જગ્યાએ મંદિર બનાવવાની અનુમતી મળી ગઈ છે, જ્યાં પહેલાં મસ્જિદ હતી. હિન્દુઓએ તેની યોજના ૧૯૯૨માં જ તૈયાર કરી લીધી હતી, જ્યારે બાબરી તોડી પાડવામાં આવી હતી. ભાજપ હિન્દુ રાષ્ટ્રવાદ અને અયોધ્યામાં મંદિર બનાવવાની લહેરના આધારે જ સત્તામાં આવી હતી.

### કરતારપુર કોરીડોરના ઉદ્ઘાટન પ્રસંગે જ ચુકાદાથી દુઃખ : પાક.

પાક.ના વિદેશ મંત્રી શાહ મહેમૂદ કુરેશીએ કહ્યુ છે કે, જ્યારે કરતારપુર કોરિડોરનુ ઉદઘાટન થઈ રહ્યુ છે ત્યારે જ સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે. કરતારપુરના ઉદઘાટનના ખુશીના મોકા પર આ પ્રકારની અસંવેદનશીલતા જોઈને હું દુખી છું. રામ મંદિર પર ચુકાદો આપવા માટે શું થોડા દિવસ રાહ જોઈ શકાય તેમ નહોતી? કરતારપુર જેવા ખુશીના પ્રસંગ તરફથી લોકોનુ ધ્યાન ભટકાવવાની કોશિશ કરવાની જરુર નહોતી.

# અયોધ્યાના ચડાવ-ઉતારમાં વડાપ્રધાનોની ભૂમિકા

**કાર્યકાળ : જવાહરલાલ નહેરુ**

**કામ શું થયું**

## રામ મંદિર પરિસરમાં પ્રવેશ મળ્યો હતો



૧૯૪૯માં ૨૨ અને ૨૩ ડિસેમ્બરે રાતે બાળસ્વરૂપનું પ્રાગટ્ય થયું હોવાનું સાંળીને અસંખ્ય લોકો અયોધ્યામાં વિવાદિત ઢાંચાના ગુંબજમાં મૂર્તિનું સ્થાપન થયું હતું. આ ઘટના પછી ઉત્તર પ્રદેશના મુસ્લિમ આગેવાનોએ આકરી પ્રતિક્રિયા આપીને ઘટનાનો વિરોધ નોંધાવ્યો હતો. એ પછી બંને પક્ષે કોર્ટના દ્વાર ખટખટાવ્યા. એ વખતે દેશના પ્રથમ વડાપ્રધાન જવાહર લાલ નહેરુએ વિવાદને શમાવવા માટે ઉચ્ચ અધિકારીની બદલી કરી હતી. તેમણે કહ્યું હતું કે, દેશના અન્ય કામકાજોમાં વ્યસ્ત હોવાને કારણે તે તુરંત અયોધ્યા આવી શકે તેમ નથી. તેમણે અયોધ્યાના ગોવિંદ વલ્લભપંતને પત્ર લખીને આ ઘટના અંગે વિગતવાર માહિતી મેળવી હતી. સાથે સાથે લખ્યું હતું કે, આ ઘટનામાં જાતદેખરેખ રાખીને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટેના પ્રયાસો કરશો. સરકારી અધિકારીઓએ મૂર્તિઓને ફરી બહાર લાવવાની ભલામણ કરવા નેહરુને જણાવ્યું હતું, પણ નેહરુએ એ સ્થિતિ યથાવત રાખીને પૂજાની પરવાનગી આપવાનું રાજ્ય સરકારને પત્ર લખીને કહ્યું હતું.

**કાર્યકાળ : રાજીવ ગાંધી**

**કામ શું થયું**

## પહેલીવાર શિલાન્યાસની પરવાનગી આપી હતી



નવેમ્બર ૧૯૮૯માં તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીએ અયોધ્યાની વિવાદિત ભૂમિમાં શિલાન્યાસની પરવાનગી આપી હતી. આઝાદી પછી અને મુસ્લિમ પક્ષો કોર્ટમાં પૂજા સામે સ્ટે લઈ આવ્યા તે પછી એવું પ્રથમ વખત બન્યું હતું કે સરકારે મંદિરમાં પૂજાની પરવાનગી ફરીથી આપી હતી. વિહિપની ધર્મસંસદમાં મંદિર બનાવવાનો સંકલ્પ થયો એ જ સમયગાળામાં મંદિરનો મુદ્દે ચૂંટણીઓમાં ઉઠાવવાનું શરૂ કર્યું હતું. બરાબર એ જ અરસામાં અચાનક રાજીવ ગાંધીએ અયોધ્યામાં હિન્દુ સંગઠનોને વિવાદિત ઢાંચાની નજીક શિલાન્યાયસની પરવાનગી આપીને તમામ રાજકીય હરીફોનો દાવ ઊંધો પાડી દીધો હતો. તેમણે આખાય પરિસરમાં રેલિંગથી બે ભાગ પડાવીને હિન્દુ–મુસ્લિમ બંને માટે અલગ વ્યવસ્થા કરાવી હતી. એક તરફથી દર્શન કરવા જઈ શકાતું હતું અને બીજી તરફ મસ્જિદમાં પ્રવેશ કરી શકાતો. એ ઘટનાએ અયોધ્યામાં રામમંદિર બનાવવાની માંગણીને વધુ બળ આપ્યું. સરકારના વલણ પછી સામાન્ય લોકો પણ અયોધ્યામાં રામંદિરના અસ્તિત્વ બાબતે વિચારતા થયા હતા.



**કાર્યકાળ : નરસિમ્હા રાવ**

**કામ શું થયું**



## બાબરી ધ્વસ્તની ઘટના બની



બાબરી મસ્જિદ ધ્વસ્ત થઈ ત્યારે પી. વી. નરસિમ્હા રાવ વડાપ્રધાન હતા. મુસ્લિમ આગેવાનો માનતા હતા કે જો નરસિમ્હા રાવે કડક વલણ બતાવ્યું હોત તો બાબરી મસ્જિદ ધ્વસ્ત થઈ ન હોત. જોકે નરસિમ્હા રાવે એ મુદ્દે બહુ સ્પષ્ટ વલણ દાખવીને કહ્યું હતું કે, તેમણે જે પગલા ભર્યા હતા તે સમય પ્રમાણે યોગ્ય હતા. તેમણે કોઈ જ પૂર્વગ્રહ રાખ્યો ન હતો. છ ડિસેમ્બર ૧૯૯૨માં ધારે બાબરી મસ્જિદ ધ્વસ્ત થઈ તે વખતે કલ્યાણ સિંહ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી હતા. અયોધ્યામાં સ્થિતિ તંગ બનતી જોઈને કેન્દ્રના અધિકારીઓએ વડાપ્રધાનને કેટલાંક સૂચનો કર્યા હતા. પણ કહેવાય છે કે, નરસિમ્હા રાવે ઉતાવળ કરવાની ના પાડી હતી. સલમાન ખુર્શીદે કહ્યું હતું કે, નરસિમ્હા રાવે મંત્રાલયની અને કોંગ્રેસના નેતાઓની આમ સહમતિ લીધી હતી. એમાં તેમને જણાયું હતું કે, સીધો કેન્દ્રને હસ્તક્ષેપ થશે તો વાત વધારે વણસી શકે છે. બાબરી મસ્જિદ પછી સ્થિતિ થાળે પાડવામાં તેમને ભારે ટીકાનો સામનો કરવો પડ્યો હતો. તેમના જીવનચરિત્રોના લેખકોએ નોંધ્યું છે એમ એ દિવસે માત્ર પૂજાનું જ આહવાન હતું અને નેતાઓએ કહ્યું હતું કે, તે કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરશે નહીં. એ નિવેદનો ઉપર નરસિંમ્હા રાવે ભરોસો મૂક્યો હતો.

**કાર્યકાળ : મનમોહન સિંહ**

**કામ શું થયું**

## ૧૯૧૦માં અલ્હાબાદ હાઈકોર્ટનો ચુકાદો આવ્યો



મનમોહન સિંહ વડાપ્રધાન હતા એ દરમિયાન ૨૦૧૦માં અલ્હાબાદ હાઈકોર્ટનો ચુકાદો આવ્યો હતો. એ વખતે હાઈકોર્ટે વિવાદિત ૨.૭૭ એકર જમીનના ત્રણ ભાગ પાડ્યા હતા. એક હિસ્સો નિર્મોહી અખાડાને મળ્યો હતો. એક હિસ્સો સુન્ની વકફ બોર્ડને અપાયો હતો અને ગુંબજની નીચેનો હિસ્સો રામલલ્લાને મળ્યો હતો. એ વખતે ઉત્તર પ્રદેશમાં માયાવતી મુખ્યમંત્રી હતા. મનમોહન સિંહ વડાપ્રધાન હતા. એ સમયે લો એન્ડ ઓર્ડરનો મુદ્દો તો હતો જ. પરંતુ વડાપ્રધાન મનમોહન સિંહે સમયસરની સાવધાની બતાવીને સુરક્ષાદળોને તૈનાત કરાવ્યા હતા. હાઈકોર્ટે ચુકાદાની જાહેરાત કરી પછી મનમોહન સિંહની સરકારે દેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય તે માટે શાંતિની અપીલ કરવાની સાથે તમામ તકેદારીના પગલાભર્યા હતા. કદાચ એટલે જ દાયકાઓ પછી એ વખતે પ્રથમ વખત દેશભરમાં એવો માહોલ સર્જાયો હતો અને એવી સુરક્ષા ગોઠવાઈ હતી કે અયોધ્યા મુદ્દે આટલો મહત્ત્વનો ચૂકાદો આવ્યો છતા દેશ સળગ્યો ન હતો.

**કાર્યકાળ : નરેન્દ્ર મોદી**

**કામ શું થયું**

## સુપ્રીમ કોર્ટનો સર્વોચ્ચ ચુકાદો આવ્યો



વાજપેયી વડાપ્રધાન બન્યા ત્યારેય રામમંદિર ચૂંટણી એજન્ડામાં તો હતું જ, પરંતુ અટલજીને નરેન્દ્ર મોદીને મળી એટલી બહુમતી ન હતી એટલે વાત આગળ વધી નહીં. વડાપ્રધાન તરીકે મોદીના પ્રથમ કાર્યકાળમાં જ ૨૦૧૪થી ૨૦૧૯ દરમિયાન મંદિર બની જશે એવી આશા ભાજપના મતદારો રાખતા હતા. પણ પ્રથમ ટર્મમાં એ શક્ય બન્યું નહીં. બીજા કાર્યકાળમાં એ શક્ય બનશે અને ભાજપની સરકાર હટહુકમ લાવશે એવી એક પ્રબળ શક્યતા જણાતી હતી. રાજ્યસભામાં પણ બહુમતી તરફ અગ્રેસર થયેલી સરકારને એ માટે ખાસ કોઈ મુશ્કેલી નહીં આવે એવું તો ભાજપના સુબ્રમણ્યમ સ્વામી જેવા નેતાઓ કહેતા હતા. ભાજપની સહયોગી પાર્ટી શિવસેનાએ તો પહેલા કાર્યકાળમાં જ મંદિરનો મુદ્દો ઉઠાવ્યો હતો. પરંતુ મોદીએ સ્પષ્ટ રીતે કહ્યું હતું કે મંદિર માટે સુપ્રીમના ચુકાદાની રાહ જોવી રહી. સુપ્રીમના ચુકાદાનો સમયગાળો નજીક આવતો ગયો તેમ તેમ વડાપ્રધાન લોકોને ધીરજ રાખવા અપીલ કરી આખરે ૯ નવેમ્બર ૨૦૧૯એ સુપ્રીમે ચૂકાદો જાહેર કર્યો હતો.

## બાબરી મસ્જિદના વિવાદ પછી એલ. કે. અડવાણી અને યુપીના તત્કાલિન સીએમ કલ્યાણસિંહના રાજીનામા

૧૯૯૧માં પ્રથમ વખત ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર બની. કલ્યાણસિંહ મુખ્યમંત્રી બન્યા તે પછી રામમંદિરનો મુદ્દો વધારે આક્રમક થયો. ૧૯૯૨માં ૩૦-૩૧ ઓક્ટોબરે ધર્મસંસદમાં કારસેવાની ઘોષણા થઈ. યુપી સરકાર ઉપર દબાણ વધતું જતું હતું એટલે સરકારે કોર્ટમાં બાબરી મસ્જિદનું રક્ષણ કરવાનું સોંગદનામું રજુ કર્યું. એ પછી રામભક્તો અને હિન્દુ સંગઠનોએ અયોધ્યામાં પૂજાવિધિ કરવાનું જાહેર કર્યું. એમાં ભાજપના નેતા એલ.કે. અડવાણી, મુરલી મનોહર શોશી, ઉમા ભારતી, વિશ્વ હિન્દુ પરિષદના અશોક સિંઘલ વગેરેની સક્રિય ભૂમિકા હતી. એ વખતે મસ્જિદનો ઢાંચો તૂટવાની કોઈ જ અફવા પણ ન હતી. કારસેવકો કારસેવા માટે પહોંચ્યા હતા. દેશભરમાં આવેલા કારસેવકો ૬ ડિસેમ્બરે બાબરી મસ્જિદના પરિસરમાં એકઠા થયા હતા. ૧૧ ડિસેમ્બરે એ મુદ્દે હાઈકોર્ટમાં સુનાવણી થવાની હતી. તે પહેલા એકત્ર થયેલા કારસેવકોમાંથી અચાનક ટોળું ઉગ્ર બની ગયું હતું. અને મસ્જિદનો ઘુમ્મટ તોડી નંખાયો એ પછી દેશભરમાં કોમી રમખાણો થયા હતા. કલ્યાણ સિંહની સરકાર પડી ગઈ એલ.કે. અડવાણીએ વિપક્ષના નેતા તરીકે રાજીનામું આપી દીધું હતું.

# પરમહંસની પરીકલ્પના, સિંઘલની ઝુંબેશ અને અડવાણીની રથયાત્રા







નવી દિલ્હીઃ ૧૯૯૦માં ભાજપને રાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધિ અપાવનાર રામમંદિરના નિર્માણની કલ્પના રામચંદ્ર પરમહંસે કરી હતી, અશોક સિંઘલે રામમંદિર નિર્માણની ઝુંબશનો આરંભ કર્યો હતો અને લાલકૃષ્ણ અડવાણીએ રથયાત્રા સ્વરૂપે તેને આગળ વધારી હતી. વ્યાવસાયે ઍન્જિનિયર એવા વિશ્ર્વ હિન્દુ પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ અશોક સિંઘલે અયોધ્યામાં જે સ્થળે બાબરી મસ્જિદ હતી ત્યાં રામમંદિરના નિર્માણ માટે વરસો સુધી ઝુંબેશ ચલાવી હતી. એ અગાઉ રામ જન્મભૂમિ ન્યાસ તેમ જ અન્ય નાના હિન્દુ જૂથના વડા સંત રામચંદ્ર પરમહંસે રામ મંદિર નિર્માણની હિમાયત કરી હતી. ૮૦ના દાયકાના અંતમાં ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી આ ઝુંબેશનો રાજકીય ચહેરો બની ગયા હતા અને રથયાત્રા કાઢી તેમણે આ ઝુંબેશને દેશભરમાં વ્યાપક પ્રસિદ્ધિ અપાવી હતી. આ ઝુંબેશ સિંઘલના માનસની ઊપજ હતી. રામચંદ્ર પરમહંસ આ ઝુંબેશના પ્રણેતા હતા અને અડવાણીએ આ ઝુંબેશને રાજકીય સ્વરૂપ આપ્યું હતું. વર્ષ ૧૯૮૪માં વિશ્ર્વ હિન્દુ પરિષદના જૉઈન્ટ સેક્રેટરી તરીકે સૌપ્રથમ વખત ધર્મસંસદનું આયોજન કરી રામમંદિર નિર્માણ ઝુંબેશને ટેકો આપવાના મુદ્દે સંતો, મહંતોને આગળ આવવાનું આહવાન આપી સિંઘલ ઝુંબેશના અગ્રણી નેતા બની ગયા હતા. ત્યાર બાદ સિંઘલ વિશ્ર્વ હિન્દુ પરિષદના કાર્યકારી પ્રમુખ બન્યા હતા અને ઝુંબેશને એવું સ્વરૂપ આપ્યું હતું જે પ્રજામાં સ્વીકૃત બની હતી. વર્ષ ૧૯૮૯ની લોકસભાની ચૂંટણી વખતે રામ જન્મભૂમિ અને રામમંદિર નિર્માણના મુદ્દાને ચૂંટણીઢંઢેરામાં સમાવિષ્ટ કરવા ભાજપને મનાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવનારાઓમાં સિંઘલ પણ એક હતા.

વર્ષ ૨૦૧૫માં સિંઘલનું અવસાન થયું હતું. અડવાણીની આગેવાનીમાં ભાજપે વર્ષ ૧૯૮૯ની લોકસભાની ચૂંટણીનાં ચૂંટણીઢંઢેરામાં રામમંદિર નિર્માણ મુદ્દાનો સમાવેશ કર્યો હતો. વર્ષ ૧૯૮૬માં પક્ષનો હવાલો સંભાળ્યા બાદ અડવાણીએ પક્ષની વિચારધારાને કટ્ટર હિન્દુત્વવાદની દિશા આપી હતી જેને પરિણામે લોકસભાની ચૂંટણીમાં પક્ષની બેઠકની સંખ્યા અગાઉની બે થી વધીને ૮૫ પર પહોંચી ગઈ હતી.

# ૨.૭૭ એકર જમીનનો વિવાદાસ્પદ ભાગ કેવો હતો?

**અલ્હાબાદ હાઈકોર્ટે જ્યારે ચુકાદો આપ્યો હતો ત્યારે કુલ ૨.૭૭ એકર વિવાદિત જમીનના ત્રણ ભાગ પાડ્યા હતા. એ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. તે વખતે હાઈકોર્ટે મૂળ ઢાંચાની માલિકી ત્રણ માલિકોને આપી હતી.**

સૌથી જુની અરજી રામલ્લા વિરાજમાને કરી હતી. અલ્હાબાદ હાઈકોર્ટે તેની અરસજી માન્ય રાખીને મસ્જિદના ગુંબજની વચ્ચે, જ્યાં ભગવાન રામનો જન્મ થયાનો દાવો હતો તેનો અધિકાર રામલલ્લાને આપ્યો હતો. એ ઢાંચાની નીચેથી જ પુરાતત્વ વિભાગને મસ્જિદ સિવાયના બાંધકામના પુરાવા મળ્યા હતા. એ અહેવાલના આધારે હિંદુ પક્ષનો દાવો વધારે મજબૂત થયો હતો.




તે સિવાયનો બધો જ હિસ્સો મુસ્લિમ પક્ષકાર સુન્ની વકફ બોર્ડને આપવાનો આદેશ અલ્હાબાદ હાઈકોર્ટે કર્યો હતો. એમાં રામમંદિરનું કામ ચલાઉ બાંધકામ કરાયું હતું. તેનો પણ સમાવેશ થતો હતો. એ વિસ્તાર અત્યારે ડોમમાં ફેરવવામાં આવ્યો છે. દર્શનાથીઓ લાંબી લોખંડની જાળીઓમાંથી એ સ્ટ્રક્ચરક સુધી જઈ શકે છે. કેસ ચાલતો હતો. ત્યા સુધી તેની વ્યવસ્થા એવી રીતે ગોઠવવામાં આવી હતી કે એમા જનારા શ્રદ્ધાળુઓને ખરા લોકેશનની જાણ જ થાય નથી. કારણ કે આતંકવાદી હુમલાની બે–ત્રણ નાકામ કોશિશ પછી તેનો નકશો ન બને તેની તકેદારી રાખવામાં આવી હતી.

રામ ચબૂતરા, સીતા કી રસોઈ અને ભંડાર તરીકે ઓળખાતા ત્રણ અલગ અલગ ભાગ અલ્હાબાદ હાઈકોર્ટે અન્ય હિન્દુ પક્ષકાર નિર્મોહી અખાડાને ફાળવ્યા હતા. એ રામ જન્મભૂમિની બહારની જગ્યા હતી. એના માટે નિર્મોહી અખાડાએ ૧૯૫૯માં પહેલી વખત કોર્ટમાં અરજી કરી હતી.






## ૧૯૯૦થી જ મંદિર નિર્માણનું કાર્ય ચાલું છે

વીએચપીની મંદિર નિર્માણ કાર્યશાળાથી જોડાયલા આ સુપરવાઇઝરનાં જણાવ્યા પ્રમાણે, “આ સમયે આ કાર્યશાળામાં કોઈ પણ શિલ્પકાર અમારી પાસે નથી. રજનીકાંત સોમપુરાની આગેવાનીમાં આ મંદિર નિર્માણ માટે પથ્થરો પર નકશીકામ ચાલું હતુ, પરંતુ સોમપુરાનું આ જ વર્ષે જુલાઈમાં નિધન થઈ ગયું. વીએચપીની આ કાર્યશાળામાં ૧૯૯૦થી જ મંદિર નિર્માણથી જોડાયલું કાર્ય ચાલું છે.”

## લગભગ ૨૫૦ નિષ્ણાંત કારીગરોની જરૂર

રામ મંદિર નિર્માણનાં આ કાર્યની દેખરેખ કરી રહેલા અન્નુભાઈ સોમપુરાએ જણાવ્યું કે, “અત્યારે મંદિરનાં આ કાર્યસ્થળ પર અહીં કોઈ પણ કારીગર હાજર નથી. જો અહીં કાર્યને ફરી શરૂ કરવું છે તો અમને ઓછામાં ઓછા ૨૫૦ નિષ્ણાંત કારીગરોની જરૂર રહેશે અને મંદિર નિર્માણ માટે ઓછામાં ઓછા ૫ વર્ષનો સમય જોઇશે.

અયોધ્યામાં જે કુલ ૬૭ એકર જમીન રામ મંદિરની આસપાસ પડતર છે, એમાંથી ૨.૭૭ એકર જમીનની માલિકી માટે ય વિવાદ ચાલતો હતો. અત્યાર સુધી વિવાદાસ્પદ જમીનનું સ્ટ્ક્ચર આ રીતે સાચવી રાખવામાં આવ્યું હતું. છેલ્લે ૧૯૯૨માં બાબરી મસ્જિદ તૂટી તે પછી એમાં કોઈ જ ફેરફાર કરવાની મનાઈ હતી એટલે આજ સુધી એ જમીન જેમ છે એમ જ રાખવામાં આવી હતી. એ જમીનની ચારેતરફ ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો હતો. કામચલાઉ સ્ટ્રક્ચરમાં દેશભરમાં આવતા શ્રદ્ધાળુઓએ જ પહેરામાં દર્શન કરી શકતા હતા, પણ એસ્ટ્રક્ચરનો બહારનો ફોટો પાડવાની પણ સખત મનાઈ હતી. હાઈકોર્ટના આદેશ પછી અને સુપ્રીમના સ્ટે પછી આ સ્ટ્રક્ચર આ જ રીતે ત્રણ ભાગમાં ઓળખાતું હતું. એ સ્થિતિ હવે સુપ્રીમના ચુકાદા પછી બદલાઈર રહી છે.

# અયોધ્યામાં આવું બનશે ભવ્યાતિભવ્ય રામ મંદિર

**•અમદાવાદમાંથી સામે આવી મંદિરની બ્લૂ પ્રિંટ, રામમંદિરની જે ડિઝાઈન બનાવવામાં આવી છે તે અમદાવાદના એક જાણીતા આર્કિટેક્ટે બનાવી છે**

અમદાવાદમાં સ્થાયી સોમપૂરા પરિવારના ચંદ્રકાંત સોમપૂરા અને તેમનાં પુત્ર નિખીલ સોમપૂરાએ અયોધ્યાનું રામમંદિર કેવું બનશે તે અંગેની બ્લુ પ્રિન્ટ ૩૦ વર્ષ પહેલાં તૈયાર કરી છે. આ બ્લુ પ્રિન્ટની મદદથી સમજી શકાય છે કે રામમંદિર જ્યારે બનશે ત્યારે તે કેવું ભવ્યાતિભવ્ય હશે. ચંદ્રકાંત સોમપૂરાએ જણાવ્યું કે ભારતવર્ષના તમામ મંદિરોમાંથી સૌથી અજોડ અને અકલ્પનીય રામમંદિર તૈયાર થશે. રામ મંદિર માટે જે ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે તે મુજબ કુલ આશરે ૧.૭૫ લાખ ઘનફૂટ પથ્થરની જરૂર પડવાની છે. તે પૈકી એક લાખ ઘનફૂટ પથ્થર અયોધ્યામાં પહોંચી ગયા છે. આ સાથે ગર્ભગૃહ પણ અષ્ટકોણીય રહેશે. જેની પ્રદક્ષિણા કરી શકાશે. મંદિરમાં ગૂઢ મંડળ અને નૃત્ય મંડપ પણ હશે.

રામમંદિર સકુંલમાં મુખ્ય મંદિર આસપાસ કુલ ચાર મંદિર બનાવાવમાં આવશે. જેમાં ભરત લક્ષ્મણ સીતા અને ગણપતિનું મંદિર હશે. જેના દર્શનનો લ્હાવો પણ ભક્તોને મળશે. આ ચાર મંદિર કોઈ એક દિશામાં નહીં પરંતુ ચારેય દિશામાં બનશે. રામમંદિર પરિસરમાં સુંદર ૨૧૧ જેટલાં કોતરણીવાળો વિજય સ્તંભ પણ જોવા મળશે તે ભગવાન રામના વિજયનું પ્રતિક છે. આ સાથે મદિરમાં રહેવા માટેની ધર્મશાળા હશે. જે ભક્તો આવે તેમની માટે ભોજનશાળા પણ હશે. આ સિવાય મંદિરમાં રિસર્ચ સેન્ટર પણ બનાવાવમાં આવશે. જેમાં રામાયણ અને મહાભારત વિશે જો કોઈને અભ્યાસ કરવો હોય તો તે માટેના પુસ્તકો અહીં મળશે. જેની પાસે એક લાઈબ્રેરી પણ અલગથી બનાવાશે

### મંદિરનું મોડેલ નાગર શૈલીથી બનાવાયું છે

રામમંદિરનું મોડેલ નાગર શૈલીથી બનાવવામાં આવ્યું છે. સોમપુરાએ છ મહિનામાં મંદિરની જુદીજુદી છ ડીઝાઈન પર કામ કર્યું હતું. તેમાંથી નાગર શૈલીની ડીઝાઈન પસંદ કરાઈ છે અને તેની રેપ્લિકા અયોધ્યામાં મુકાઈ છે. ભારતમાં નાગર, દ્રવિડ અને બૈસર શૈલીનાં મંદિરો બનાવ્યા છે. જેમાં ઉ. ભારતમાં નાગર શૈલી પ્રખ્યાત છે.




### આ ગુજરાતી આપશે ૧૧ કરોડ

સુરતમાં અખિલ ભારતીય હિંદુ યુવા મોરચાના રાષ્ટ્રિય અધ્યક્ષ છે શિવ ઓમ મિશ્રાએ અગાવ અયોધ્યામાં રામ મંદિરના નિર્મનને લઈ જાહેરાત કરી હતી. તેઓ ૧૧ કરોડ રૂપિયા આપશે. જ્યારે કમિટીને ૧૧ કરોડ રૂપિયા સુપરત કરશે

# પગની નજાકત નિખારતાં નુપૂર-ઝાંઝર

પગની પાનીને શોભાવતાં નાજુક નમણાં ઝાંઝર કે પાયલને આપણી સંસ્કૃતિના મહત્ત્વનાં અંગ તરીકે સદીઓથી અપનાવવામાં આવ્યા છે. પગમાં પાયલ પહેરી છમ છમ કરતી પતિગૃહ આવતી નવોઢા પાયલની છમ.... છમમાં પોતાનાં હૃદયમાં ઊઠતા અરમાનોને વાચા આપે છે. નવોઢાની પ્રત્યેક છમ... છમ તેના પ્રિયતમનાં દિલમાં અનેક કૂણાં અને મીઠાં સ્પંદનો જગાડે છે. પરિણીત સ્ત્રીના સુહાગની નિશાની સમાં ઝાંઝરે જોતજોતામાં ફેશનના એક અવિભાજ્ય અંગ તરીકે સ્થાન લઈ લીધું છે. ગામડાની ગોરીના ચણિયામાંથી કે શહેરી નારીની માંથી

## ઘૂઘરા વિનાની પાયલ પણ પગની સુંદરતામાં ચાર ચાંદ લગાડી શકે છે

કે પછી કોલેજ કન્યાના સલવારમાંથી. પાયલ પરિધાનની શોભામાં ચાર ચાંદ લગાડી દે છે. બોલીવુડમાં તો ઝાંઝરે તરખાટ જ મચાવી દીધો છે.

પાયલમાં રહેલા નાજુક ઘુંઘરૂઓ હીરોને હમેશાં લલચાવતા આવ્યા છે. પછી એ ગામડાનો ખેડૂત હોય કે શહેરનો નવયુવાન હોય. હીરો તો ઠીક પરંતુ વિલનો પણ ઘુંઘરૂંના આકર્ષણમાંથી અલિપ્ત રહી શક્યા નથી, શેરડીના ખેતરમાં સંતાઈને પ્રિયતમને રિઝવવાનો પ્રયત્ન કરતી





ન

ગામડાની ગોરીને તેની ઝાંઝર જ છતી કરે છે. એમ કહેવું પણ અતિશયોક્તિભર્યું તો નથી જ કે પાયલ વગર કેટલીક ફિલ્મો અપૂર્ણ રહી જાત. ઝનક ઝનક પાયલ બાજેને સફળતા અપાવવા માટે પાયલનો આભાર માનવો જોઈએ. આ ઉપરાંત પાયલની ઝંકારે જ પાકિઝાને મૂર્ત સ્વરૂપ આપ્યું હતું.

ફિલ્મમાં રહસ્ય ઉત્પન્ન કરવા માટે પણ ઝાંઝર સિવાય કોડાં -- ઉપયોગમાં આવી શકે. કહીં દીપ જલે કહીં દિલ બીસ સાલ બાદના રહસ્યને જાળવી રાખવા પાયલનો ફાળો કેટલો હતો એ તો સૌ જાણે જ છે. પાકિઝાની વાત પર પાછા ફરી એ તો મીના કુમારીએ પાયલ ન પહેર્યા હોત તો રાજકુમારનું ધ્યાન તેના પગ પર જાત ખરું? ચાલતી ટ્રેનના અવાજમાં મીના કુમારીની ઝાંઝરના રણકારે જ તેનામાં રહેલા પ્રેમી હૃદયને જાગૃત કર્યો હતો. આપકે પાંવ બહુત હસીન હૈ ઉન્હે જમીન પર રખીયેગા, મૈલે હો જાયેંગે સંવાદની ઝમક મીનાકુમારીના પાયલ વગર સંભવી જ શકત નહીં. ''ઝાંઝરિયા તેરી છનક ગઈ ચુનરી ભી સરસે સરક ગઈ'' પ્રિયતમાની આ હાલત પર તો પ્રેમી જાન ન્યોછાવર કરવા પણ તૈયાર છે.

પ્રેમીઓને કુરબાન



થવા નોતરતી પાયલ જ્યારે ફેશનનું રૂપ ધારણ કરે ત્યારે રસ્તા પર પ્રેમીઓના દિલોના ટુકડા વેરાયેલા નજર પડે તો નવાઈ નહીં. હેન્ડલૂમ સલવાર કમીઝ સાથે કોલ્હાપૂરી ચંપલ અને નાજુક ઝાંઝર એક અનોખું આકર્ષણ ઉત્પન્ન કરે છે. જ્વેલરી ડિઝાઈનરોના ધ્યાનમાં ભારતીયોનો આ ઝાંઝર પ્રેમ આવી ગયો છે. ચાંદીના ઝાંઝરની અવનવી આકર્ષક ડિઝાઈનો જ્વેલરી શૉ રૂમની શોભા બનેલી દેખાય છે. ચાંદીની પાયલ સ્ત્રીઓને ખૂબ જ પ્રિય છે. દરેક ઝાંઝરમાં ઘૂઘરા હોવા જોઈએ એવું નથી. ઘૂઘરા વગરની પાયલ પણ પગની સુંદરતામાં ચાર ચાંદ લગાડી શકે છે. ચાંદીની પાયલ ગરીબ તેમજ મધ્યમ વર્ગના ખિસ્સાને પરવડી શકે તેવી હોય છે જ્યારે શ્રીમંતો સોનાની ઝાંઝર પહેરીને પણ મ્હાલવાનો શોખ પૂરો કરી શકે છે.

એક સમયે દેહાતી તરીકે ખપતી પાયલ આજે ફેશનેબલ ગણાય છે. '૯૦ની સ્ત્રીઓ પાયલ પાછળ ઘેલી છે પછી એ ચાંદીની હોય કે સોનાની હોય, રત્નમઢીત હોય કે મીનાકારી કરેલી હોય. નવરાત્રીના ગરબામાં ચણિયા-ચોળી પહેરી ગરબે ઘૂમતી ગોરીના પગમાં પાયલ તો હોય જ છે. દાંડિયાની રમઝટમાં પાયલનો ઝણકાર એક કર્ણપ્રિય સંગીત ઉત્પન્ન કરે છે. કુટુંબમાં કન્યા જન્મે એટલે તેને પાયલ ભેટમાં આપવાનો રિવાજ છે. નાજુક નાના પગથી પાપા પગલી પાડતી બાળકીના પાયલની છમ છમ દિલને મોહી લે છે. પાયલે માત્ર ભારતીયોને જ નહીં પરંતુ વિદેશીઓને પણ ઘેલા કર્યા છે. વિદેશથી ભારતની મુલાકાતે આવતી નારી ભારતના સંભારણા તરીકે પાયલ લેવાનું ચૂકતી નથી.

વિવિધ સ્ટાઈલમાં મળતી પાયલ જુદા જુદા નામે ઓળખાય છે. ''હવા

## કોલ્હાપૂરી ચંપલ, નાજુક ઝાંઝર એક અનોખું આકર્ષણ ઉત્પન્ન કરે છે

મહલ'' તરીકે ઓળખાતા ઝાંઝર નાજુક અને હલકા હોય છે. 'હજારે' તરીકે ઓળખાતા પાયલ વજનમાં જરા ભારે હોય છે. જ્યારે નાની બાળકીઓ માટે તેમને મનગમતાં મીકી માઉસ જેવા પાયલ પણ ઉપલબ્ધ છે. વર્ષોથી પ્રેમી હૃદયને ડોલાવતાં આવેલા પાયલનું ભાવિ ખૂબ જ ઊજળું છે એમ કહી શકાય છે. આગામી વર્ષો સુધી ઝાંઝરની છમ છમ લાખો દિલોને ઘાયલ કરતી રહેશે એ વાતમાં શંકાને સ્થાન નથી.

# સેક્સ મનમાં હોય છે? શરીરમાં કે પ્રક્રિયામાં હોય છે?

સેક્સ, કહેવાય છે કે સંદર્ભો સહિત જ જોવાવો જોઈએ. જો મલ્લિકા અર્ધા કપડા પહેરીને ફૂટપાથ ઉપર સૂતી હોવાનો પોઝ આપે તો તે અચૂક ઉત્તેજનાત્મક કારણોસર અપાયેલો પોઝ ગણી શકાય. જ્યારે એવી જ ફૂટપાથ ઉપર કોઈક ભિખારણ આથી ય વધુ ફાટેલા અને અલ્પમાત્રામાં વસ્ત્રો પહેરીને રઝળતી હોય તો કોઈ તેને જોઈને ઉત્તેજિત નથી થતું કેમ કે તેનો સંદર્ભ જ ઉત્તેજનાત્મક નથી.

જો જાતીય સંદર્ભથી મૂલવીએ તો સેક્સ ક્યારેક કેવળ મનમાં, ક્યારેક શરીરમાં, તો ક્યારેક કેવળ પ્રક્રિયામાં રહેતો હોઈ શકે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ઘણા પુરુષો સ્ત્રીઓને નિકટથી નિહાળવાના કામધંધામાં જોતરાયેલા હોય છે. માત્ર નિહાળવાના જ નહીં, સ્ત્રીઓને સ્પર્શવાના કામમાં પણ કેટલાક હોય છે. જેમ કે સ્ત્રીઓના અંતઃવસ્ત્રો વેચનાર, મેકઅપ કરનાર, જ્વેલરી વેચનાર, ફેશન ડિઝાઈનર, મહિલા તબીબ, નૃત્ય શીખવનાર, અંગ-કસરતો શીખવનાર, ન્યૂડ પોટ્રેઈટ દોરનાર, મોડેલીંગ ટ્રેઈનર, મોડેલીંગ, તરણશિક્ષક, બોડી મસાજર, ટેટૂ છૂંદનાર, બોડી પેઈન્ટર વગેરે. આ બધા કામધંધા-વ્યવસાયોમાં પુરુષો અનેક સ્ત્રીઓના નિકટતમ શારિરીક સંપર્કમાં આવી શકે છે. આવા વખતે મોટા ભાગની મહિલાઓ તો પોતપોતાની વ્યાવસાયિક જરૂરિયાત (જેવી કે કભા પર મહેંદી મૂકાવવી)ને અનુરૂપજ મનોભાવો રાખીને જે તે કાર્યમાં સામેલ થતી હોય છે. પણ આવા સ્ત્રીઓના નિકટતમ સાનિધ્યમાં જોતરાયેલા પુરુષોમાંના કેટલાક આવા પ્રસંગોમાં જાતીય ઉત્તેજના અનુભવે છે.




અલબત્ત, બધા પુરુષો બધા જ પ્રસગે કંઈ જાતીય સંદર્ભ નથી રચતા હોતા. પણ કેટલાક પુરુષો ક્યારેક આવું અચૂક કરી બેસતા હોય છે.

આમ, જો ન્યૂડ ફોટોગ્રાફીની પ્રક્રિયામાં ધારો કે મોડેલ સ્ત્રી કેવળ વ્યાવસાયિક સંદર્ભે જાળવીને કામ કરતી રહે. પણ ફોટોગ્રાફર ઉત્તેજના અનુભવે તો સેક્સ આ પ્રક્રિયામાં નહીં બલકે પુરુષના મનમાં આકાર લે છે. પ્રક્રિયા નિમિત્તે બની રહે છે. કેમ કે કોઈ પ્રક્રિયા માત્રને ઉત્તેજક ત્યારે જ કહેવાય જ્યારે તેમાં સંડોવાયેલ બેઉ કે બધાના મનમાં તેનો ઉત્તેજક સંદર્ભ અનુભવાયેલો હોય.

(ક્રમશઃ આવતાં અંકે)

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.)**

**E-mail : mukulchoksi@yahoo.co.in**

**પ્રશ્નઃ હું ૩૨ વર્ષની પરિણીતા છું. લગ્નને ૮ વર્ષ થયા અને હું છેલ્લાં ૩ વર્ષથી ગર્ભનિરોધક ગોળી 'ઓવરલ' લઉં છું. મેં સાંભળ્યું છે કે લાંબા સમય સુધી ગર્ભનિરોધક ગોળીઓ લેતા રહેવાથી કેટલીક બીમારીઓ થઇ શકે છે, જેવી કે, ગર્ભાશયમાં રસોળી થવી, લોહી જામી જવું વગેરે. શું આ સાચું છે? સાચી માહિતી આપી મારી આશંકા દૂર કરશો તો તમારી આભારી થઇશ.**

ઉત્તરઃ હાલમાં મળતાં ગર્ભનિરોધકોમાં ગર્ભનિરોધક ગોળીઓ જ સૌથી વિશ્વાસપાત્ર ઉપાય છે. તેમના પર ૯૯ ટકા ભરોસા કરી શકાય છે અને તે રતિક્રિડામાં જરાય અડચણરૂપ નથી. એ તેનો મોટો ફાયદો છે. આથી જ ભણેલી-ગણેલી મહિલાઓમાં તે સૌથી લોકપ્રિય ગર્ભનિરોધક છે. આમ છતાંય હકીકત તે એ જ છે કે આવી ગોળીઓ સિન્થેટિક હોર્મોનમાંથી બને છે, એટલે શરીરની અંદરના અવયવો પર તે ઘણી રીતે અસર કરે છે. એની કેટલીક સારી અસરોની સાથે કેટલીક આડઅસરો પણ જોવા મળે છે. લાંબા સમય સુધી આવી ગોળીઓ લેતાં રહેવાથી ગર્ભાશયનું કેન્સર થવાની વાત વારંવાર ચર્ચાયા કરે છે, પરંતુ સર્વેક્ષણો અને મળતા પુરાવાના આધારે આ વાત ખોટી સાબિત થઈ છે. હા, શિરાઓમાં લોહી જામી જવાના અને લોટી ગંઠાઈ જવાથી ફેંફસામાં લોહીનો પ્રવાહ અવરોધાવાના મામલા ગર્ભનિરોધક ગોળીઓ લેતી મહિલાઓમાં પ્રમાણમાં વધારે જોવા મળે છે, પરંતુ એની સંખ્યા એટલી મોટી નથી હોતી કે એના લીધે ગર્ભનિરોધક ગોળીઓ લેવાનું છોડી દેવાય. ૩૫ થી વધારે વર્ષની અને ધૂમ્રપાન કરતી મહિલાઓ માટે આવું જોખમ ઊભું થઈ શકે છે. ૩૫ વર્ષની ઉંમર પછી બીજું કોઈ ગર્ભનિરોધક અપનાવવામાં જ સમજદારી છે. ડોક્ટરોનું માનવું છે કે જો આવી ગોળીઓ લાંબા સમય સુધી લેવી જ હોય, તો દર વર્ષે બે મહિના માટે એ બંધ કરી બીજું કોઈ સાધન અપનાવવું જેથી શરીરની હોર્મોનલ પ્રણાલિ થોડા સમય માટે પ્રાકૃતિક અવસ્થામાં રહી શકે એટલે મારી સલાહ છે કે તમે થોડા મહિના માટે આ ગોળીઓ લેવાનું બંધ કરી બીજું કોઈ સાધન અપનાવો. જો તમને વાંધો ન હોય તો કોપર-ટી એ માટેનું સારું સાધન છે. તેની પણ ૯૫ થી ૯૭ ટકા વિશ્વાસ કરી શકાય છે અને તે સાધન પણ રતિક્રીડામાં અડચણરૂપ બનતું નથી. કોપર-ટી કાઢી નાખ્યા પછી તમે બહુ જલદી સંતાન ધારણ કરવા માટે સક્ષમ બની જાવ છો.




**પ્રશ્ન : મારી ઉંમર ૧૯ વર્ષ છે. મને મૂત્રમાર્ગમાં ઝીણી ઝીણી લાલ કલરની ફોલ્લી થઇ છે, તે રસોળી જેવી લાગી રહી છે. બહારની તરફ ઉપસેલી અને લાલ છે. આ ફોડકી ક્યારેક બહુ જ દુખ્યા કરે છે. મારે કોઇ ડોક્ટર પાસે નથી જવું. મેં મારાં ભાભીને વાત કરી હતી. તેમણે તેમના એક જાણીતા ફેમિલી ડોક્ટરને વાત કરી હતી. તે ડોક્ટરે એક દવા લખી આપી છે. તેમણે કહ્યું કે ગરમીને કારણે આવું થયું હશે. મને યોગ્ય માર્ગદર્શન આપશો ને આની કોઇ દવા બતાવશો.**

જવાબ : બહેન, તમને જે જગ્યાએ ફોડકી કે રસોળી છે તે ખૂબ જ સેન્સિટિવ જગ્યા છે. આ જગ્યાની દવા તપાસ્યા વગર લેવી એ મૂર્ખામી છે. આ એક પ્રકારનું ઈન્ફેકશન છે. જે વધી જતાં મોટી મુશ્કેલી નોતરી શકે છે માટે શરમાયા કે ગભરાયા વગર ડોક્ટરને બતાવી દો અને સરખી દવા લઈ લો. ડોક્ટરને બતાવ્યા વગર કોઇ ઊંટવૈદું કરવાની ભૂલ ન કરશો. આ અયોગ્ય બાબત છે. આનાથી તમે મુશ્કેલીમાં મુકાઇ શકો છો.

**પ્રશ્ન : મારી ઉંમર ૨૫ વર્ષ છે. મારી છાતીનો ભાગ નોર્મલ છોકરીઓને હોય તેના કરતાં થોડો મોટો છે, મને આ કારણે ખૂબ જ શરમ આવે છે, અમુક પ્રકારનાં ટીશર્ટ હું નથી પહેરી શકતી, શું છાતીના ભાગને નાનો કરવા માટે કોઇ ક્રીમ બજારમાં મળતી હશે? જો હોય તો તેનું નામ જણાવશો, જેમ તે ભાગ મોટો કરવા માટે ક્રીમ હોય તેમ નાનો કરવા માટે ક્રીમ મળે કરી?**

જવાબ : ના બહેન, આવી કોઈ જ ક્રીમ નથી મળતી અને આવી ક્રીમ મળતી હોય તો પણ તેનાથી કોઈ જ ફાયદો નથી થતો. તમે નાહકના તેની પાછળ પૈસા જ બગાડશો. આ ભાગ ઘટાડવા તમે જિમ જોઇન કરીને તે માટેની કસરત કરી શકો છો, તેનાથી તે ભાગ આપોઆપ ઘટશે.

# ૫.૫૧ લાખ યાત્રાળુઓએ જૂનાગઢમાં ગિરનારની લીલી પરિક્રમા પૂર્ણ કરી



જૂનાગઢ: કારતક સુદ દસમને તારીખ ૭મી નવેમ્બરની મધ્યરાત્રીથી જ લીલી પરિક્રમાનો પ્રારંભ કરી દેવાયો હતો. આમ એક દિવસ વહેલી શરૂ થયેલી પરિક્રમા બે દિવસ વહેલી પૂર્ણ થઇ જશે અનુમાન થયું હતું. હાલમાં ગિરનાર જંગલ–પરિક્રમાના રૂટ પર રહેલા પરિક્રમાવાસીઓની સંખ્યા જૂજ હોવાનું જણવા મળ્યું હતું. આ વર્ષે ૫.૫ લાખ ભાવિકોએ પરિક્રમા પૂર્ણ કરી છે.

# સૌરાષ્ટ્રમાં કિસાન આંદોલન: જૂનાગઢ, જામનગર, પડધરીમાં સત્યાગ્રહ, રેલી

## કૉંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન : ખેડૂતોને પાકના નુકસાન બદલ વળતરની માંગ

રાજકોટ: મંદી, મોંઘવનારી, બેરોજગારી, અત્યાચાર, ભ્રષ્ટાચાર, માફિયારાજ, ટ્રાફિક ટેરેરીઝમ સહિતના વિવિધ મુદ્દે સૌરાષ્ટ્રામાં કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. જેમાં જૂનાગઢમાં વિપક્ષી નેતા ધાનાણીની આગેવાનીમાં જનવેદના રેલી, પડધરીમાં હાર્દીક પટેલની આગેવાનીમાં ખેડૂત સત્યાગ્રહ-પ્રતિક ઉપવાસ, જામનગરમાં કૃષિમંત્રીની ઓફિસને તાળાબંધીનો પ્રયાસ કરાયો હતો. રાજકોટમાં ભારતિય કિસાન સંઘે કલેકટર કચેરી સામે દેખાવો કરીને પાઠવાયેલા આવેદનપત્રમાં જણાવાયું હતું કે, પાછોતરા વરસાદને કારણે પાક બગડી ગયો છે. મગફળીનો તૈયાર પાક ધોવાયો છે અને પલળેલી મગફળી સડી ચૂકી છે. કપાસ પણ પલળી ગયો છે ત્યારે સરકાર વીમા કંપની પાસે તાકિદે સર્વે પુરો કરાવીને નુકસાન ભરપાઈ કરાવવા માટે સહાય ચૂકવવા માગ કરી છે.

જૂનાગઢમાં આજે વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીની આગેવાનીમાં ગુજરાતના લોકોના અનેક સળગતા મુદ્દાઓને લઈને જનવેદના રેલી, રામધુન અને આવેદનપત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમરેલીમાં ચાલુ વરસાદે ગુજરાત વિધાનસભાના વિપક્ષી નેતા પરેશ ધાનાણી સહિતે આવેદન પાઠવી જણાવ્યુ હતુ કે કેન્દ્ર તથા રાજય સરકાર તમામ ક્ષેત્રે નિષ્ફળ નિવડી છે. ગુજરાતનો ખેડૂત સતત હાડમારી ભોગવી રહ્યો છે.

# રાજકોટની જ્વેલર્સ પેઢીએ ફેરવ્યું ૪ કરોડનું ફુલેકુ: સોની વેપારી ગાયબ

- માંડવી ચોક નજીકનાં કોમ્પ્લેક્સમાં આવેલી જ્વેલર્સની દુકાનને તાળાં

રાજકોટ : રાજકોટમાં માંડવી ચોક નજીક શાલીન ચેમ્બર્સમાં આવેલી સોનાના દાગીનાના વેપાર સાથે સંકળાયેલી પેઢી બજારમાંથી ૧૦થી ૧૨ કિલોગ્રામ સોનુ લઈને ફરાર થઈ જતા અનેક વેપારીઓમાં ચિંતા ફરી વળી છે.

રાજકોટ એ દેશભરમાં સોનાના દાગીના તૈયાર કરવામાં એક્સપર્ટ ગણાય છે. પરંતુ આ વર્ષે દિવાળીના તહેવારો બાદ સોની બજાર જાણે મંદીની ઝપટમાં આવી ગઈ હોય તેવી સ્થિતિ જોવા મળે છે. આ સ્થિતિમાં અહીં માંડવી ચોક નજીક સોનાના દાગીનાના જાણીતા ધંધાર્થીની માલીકીની જે દુકાન હતી તે વેંચી નાખીને માંડવી ચોક નજીક સાલીન ચેમ્બર્સમાં દુકાન ભાડે રાખીને રાધે જ્વેલર્સના નામે સોના-ચાંદીના દાગીનાનો વેપાર કરતી પેઢીના તાળા દિવાળી પછી નહીં ખુલતા સ્થાનિક વેપારી આગેવાનોએ આ પેઢી બજારમાંથી રૂા. ૪ કરોડની કિંમતનું ૧૦થી ૧૨ કિલોગ્રામ સોનુ લઈને અદ્રશ્ય થઈ ગયાની ફરિયાદો કરી હતી. વેપારી આગેવાનોએ જણાવ્યું હતું કે જ્વેલર્સના ધંધાર્થી દ્વારા ત્રણ વર્ષથી ભાડે દુકાન રાખીને સોના-ચાંદીનો વેપાર કરવામાં આવતો હતો. પરંતુ દિવાળી પછી આ દુકાનના તાળા નહીં ખોલવામાં આવતા દુકાનના માલિકે તાળા તોડીને દુકાનનો કબ્જો લીધો હતો. જ્યારે દુકાન ખોલી ત્યારે અંદરથી એક ચીઠ્ઠી મળી આવી હતી તેમાં દુકાન માલીકને સંબોધીને લખવામાં આવ્યું હતુ કે આ દુકાનમાં મેં ફર્નીચર કરાવ્યું છે. તમને જો ઠીક લાગે તો તમે તેના પૈસા મારી દિકરીને આપી દેજો. બાકી હવે હું પાછો આવવાનો નથી' આ પ્રકારની વિગતો સાથેની ચીઠ્ઠી કબજે કર્યા બાદ સોના-ચાંદીના અન્ય વેપારીઓને જાણ કરાઈ હતી.

# ભાનુશાળી કેસ: મનીષા પાસે ૩૦થી વધુ અશ્લીલ સીડી ચર્ચાનો વિષય

ભૂજ : ભાજપના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાલીની હત્યા કેસમાં પકડાયેલાં મનીષા ગોસ્વામી અને સુરજીત ભાઉના ૧૨ દિવસના રિમાન્ડ દરમિયાન તેમની પાસેની દરેક વસ્તુની ઝીણવટભરી તપાસ ચાલી રહી છે. હાલ આ કેસમાં મનીષા ગોસ્વામી, સુરજિત ભાઉના રિમાન્ડમાં એક ચોંકાવનારી વિગત સામે આવી હોવાનું કહેવાય છે.

મનીષાને ભાનુશાળી સાથે તબેલાનાં વિવાદમાં બદલો લેવાના હેતુથી જ ભાનુશાળીના ભત્રીજાને ફસાવીને તેની અશ્લીલ સીડી બનાવી હોવાનું જાણવા મળ્યું હતું. ઉપરાંત પોલીસ મનીષા સાથે છબીલ પટેલ અને જયંતી ભાનુશાળી સાથેના સંબંધો અંગે પણ પૂછપરછ કરી રહી છે. તેમ જ મનીષા ગોસ્વામીના ભાનુશાળી સાથે સારા સંબંધ હોવા છતાં તે છબીલ તરફ કેમ વળી તે અંગે પણ પોલીસ પૂછપરછ કરી રહી છે. મનીષા ગોસ્વામી, સુરજિત ભાઉના રિમાન્ડમાં પોલીસને જાણવા મળ્યું હતું કે, કેટલાક રાજકારણીઓ અને છબીલ પટેલના મળતિયાએ બન્નેને મદદ કરી હતી. મનીષાએ તબેલા માટે લીધેલી રૂપિયા ૯૦ લાખની લોનના હપ્તા કોણ ભરતું હતું તે મુદ્દે પોલીસ તપાસ કરી રહી છે. મનીષા પાસે પડેલી ૩૦થી વધુ સેક્સ સીડી ક્યાં છુપાવી છે તે મુદ્દે એસઆઈટી તપાસ ચલાવી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### રાજકોટથી મહંત સ્વામીનું બોચાસણ પ્રયાણ

રાજકોટ: મહંત સ્વામિ મહારાજ છેલ્લા બાર દિવસથી રાજકોટના આંગણે બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં હરિભક્તોને પોતાના દર્શન સમાગમનો લાભ આપી રહ્યાં હતા. તેઓને હજારો હરિભક્તોએ રાજકોટથી ભાવભીની વિદાય આપી હતી. મહંત સ્વામિ મહારાજે જણાવ્યું કે અમારી સ્મૃતિ રાખશો તો અમે હંમેશા તમારી સાથે જ છીએ. છેલ્લા બાર દિવસથી ૮૬ વર્ષની જૈફ વયે પણ રાજકોટના હરિભક્તો પર અનરાધાર વરસી, અદભુત લાભ આપી આગળના વિચરણમાં કાર્તિકી પૂર્ણિમાના સમૈયાની ઉજવણી માટે બીએપીએસ ગાદી સ્થાન બોચાસણ તરફ પ્રયાણ કર્યું હતુ. અંતિમ ચરણમાં મંદિરના સંતોએ સ્વામિને કલાત્મક વિદાય હાર પહેરાવી ગુરૂભક્તિ અદા કરી હતી.

### ભાવનગરમાં ૧૬ લાખના ગાંજાના ૪૦૫ છોડ જપ્ત

ભાવનગર: બગદાણા તાબેના મોણપર ગામની સીમમાં ગાંજાનું વાવેતર ઝડપી લઇ ભાવનગર પોલીસે લાખોની કિંમતના ગાંજાના છોડનો જથ્થો કબજે કરી એક શખસની ધરપકડ કરી હતી. સ્પેશિયલ ઑપરેશન ગ્રુપ (એસઓજી)ના સ્ટાફે પૂર્વ બાતમીને આધારે મોણપર ગામની સીમમાં આવેલા સંજયભાઇ ધરમશીભાઇ પાંડવની માલિકીના ખેતરમાં દરોડો પાડી કપાસના પાકની વચ્ચે ગાંજાનું મસમોટું વાવેતર ઝડપી લઈ સંજય પાંડવની ધરપકડ કરી હતી. પોલીસે એફએસએલની ટીમને જાણ કરતાં ટીમ દોડી આવી હતી. રૂપિયા ૧૫.૮૫ લાખની કિંમતના ૩.૧૭ કિલો વજનનાં ૪૦૫ ગાંજાનાં છોડ પોલીસે કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### સુરેન્દ્રનગર-ગોંડલ-કોટડાસાંગાણી પંથકમાં ભૂકંપના હળવા આંચકા અનુભવાયા

રાજકોટ: સુરેન્દ્રનગર, ગોંડલ, કોટડાસાંગાણી પંથકમાં ભૂકંપના હળવા આંચકા આવતાં લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી સેન્ટરના અધિકારીએ જણાવ્યું હતું કે, બપોરે ૧૨.૪૯ વાગ્યે સુરેન્દ્રનગરથી દક્ષિણ દિશા તરફ ૩૦ કિ.મી. દૂર ૨.૦ તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો જ્યારે બપોરે ૧.૦૩ વાગ્યે સુરેન્દ્રનગરથી ૩૨ કિ.મી. દૂર કેન્દ્ર બિન્દુ ધરાવતો ૧.૭ તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. બપોરે ૨.૩૬ વાગ્યે ગોંડલથી ૧૧ કિ.મી. દૂર ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ આંચકો કોટડાસાંગાણીના હડમતાળામાં પણ અનુભવાયો હતું. જોકે, આંચકાની તીવ્રતા ઓછી હોવાથી લોકોમાં હાશકારો થયો હતો. છેલ્લા થોડા દિવસોથી રાજકોટ સહિત સૌરાષ્ટ્ર–કચ્છમાં વારંવાર વાતાવરણમાં અસ્થિરતા જોવા મળી રહી છે. જેમાં કમોસમી વરસાદ, ઝાકળવર્ષા તથા ભૂકંપના હળવા આંચકા અનુભવાઈ રહ્યા છે. છેલ્લા થોડા દિવસોથી જામનગર જિલ્લામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

# રાજકોટ માર્કેર્યાર્ડમાં કરોડોની મગફળી વરસાદમાં પલળી ગઈ

રાજકોટ- રાજકોટ સ્થિત બેડી માર્કેટ યાર્ડમાં ગઈકાલે ભારે વરસાદને કારણે જે ખેડૂતોએ પ્લેટફોર્મ ઉપર મગફળીના ઢગલા કર્યા હતાં તે મગફળીનો મોટો જથ્થો પલળી જતાં ખેડૂતોને મોટુ આર્થિક નુકશાન થયું હતું. રવિવારે રાત્રિનાં આઠ વાગ્યે રાજકોટમાં એકાએક કમોસમી વરસાદ વરસતા બેડી માર્કેટ યાર્ડમાં જે ૨૦ હજાર ગુણી મગફળીનો જથ્થો રાખવામાં આવ્યો હતો.

તે મોટા ભાગનો માલ પલળી ગયો હતો. આ માલ ખરીદવાનો વેપારીઓએ ઈન્કાર કરી દેતા ખેડૂતો મુંઝવણમાં મુકાઈ ગયા હતાં.

# ભુજના સાંધવમા આદિમાનવ યુગના ૧.૪૧ લાખ વર્ષ જૂના અવશેષો મળ્યા

ભુજ: કચ્છ જિલ્લાના સાંધવમાંથી પાષાણ યુગના અવશેષોએ મળી આવ્યા હતા. સાંધવમાંથી મળેલા પાષાણયુગના અવશેષો ૧.૪૧ લાખ વર્ષો જૂના હોવાનું જાણવા મળ્યું હતું. ભારતમાં આ અવશેષોને હોમોસેપિઅન્સના સૌથી જૂના અવશેષો હોવાનું માનવામાં આવે છે. કચ્છમાંથી મળેલાં આ અવશેષો ઈતિહાસના અનેક રહસ્યો પરથી પડદો ઊંચકશે. આફ્રિકાથી આધુનિક માનવીના પૂર્વજ એવા હોમોસેપિઅન્સ ભારત સહિતના એશિયામાં ક્યારે આવ્યા તે અંગે પુરાતત્વવિદોમાં બે મતો છે. અબડાસા તાલુકાનો સાંધવ હાલ દુનિયાભરના પુરાતત્વોવિદોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. વડોદરાની એમએસ યુનિવર્સિટીના આર્કિયોલોજીકલ વિભાગે અન્ય વિદેશી યુનિવર્સિટી સાથે મળી સાંધવ ગામની નદીમાંથી વર્ષ ૨૦૧૭માં આદિમાનવની સાઈટ શોધી હતી. અહીં પાષાણયુગના ઓજારો મળી આવ્યા હતા. આર્કિયોલોજી વિભાગના પ્રોફેસર અજીત પ્રસાદે જણાવ્યું હતું કે, અત્યાર સુધી આફ્રિકાથી આધુનિક માનવીના પૂર્વજ એવા હોમોસેપિઅન્સ ભારત સહિતના વિસ્તારોમાં અંદાજે ૬૦ હજાર વર્ષ પહેલા અથવા અંદાજે ૧.૨૦ લાખ વર્ષ પહેલા આવ્યા હતા, તેવા બે મત હતા.

# અમરેલીમાં પશુપાલકોની બેઠક તોફાની કૌટુંબિક કાકા-ભત્રીજાની ઘાતકી હત્યા

અમરેલી: અમરેલી પાલિકા અને પોલીસ દ્વારા શહેરમાં રખડતા ઢોરને પકડવાની કામગીરી ચાલી રહી છે જે કામગીરીમાં ભરવાડ સમાજના કેટલાક પશુપાલકોની મદદ લેવામાં આવી હતી. જેમા કેટલાક પશુપાલકોના માલિકીના રખડતા મુકાયેલા ઢોર પણ પકડાતા પાંચા રાતડીયા દ્વારા ભરવાડ સમાજના ગઢવાળીમાં મચ્છુ નામના ગૃપમા વોઈસ રેકોડક્લિગ મુકીને પોલીસ સાથે મળીને ઢોર પકડાવનારા લોકોને ભાંડવામાં આવ્યા હતા.

આ મુદે પોલીસ ભરવાડ સમાજના લોકોને ઢોર પકડવાની કામગીરી બાબતે સમજ આપીને તેમની ગેરસમજપ દૂર કરે એ માટે રવિવારે રાતે સાડા દસ કલાકે કુંકાવાવ રોડ પર સોમનાથ મદિર પાસે મચ્છુ માની વાડીની જગ્યામાં બેઠકનુ આયોજન કરાયુ હતુ. પોલીસ સમાજના લોકોને સમજાવવા પહોંચે તે પહેલા જ આ બેઠક તોફાની બની હતી.

**પાલિકા દ્વારા ચાલતી ઢોર પકડવાની કામગીરી મોતનું કારણ બની**

સુરા રાતડીયા, રામકુ રાતડીયા, કરશન રાતડીયા, હાજા રાતડીયા, સંગ્રામ રાતડીયા, ગોપાલ રાતડીયા, નારૂ રાતડીયા, કાળુ રાતડીયા, રાજુ રાતડીયા, પાંચા રાતડીયા, જાગા રાતડીયા, ધર્મેન્દ્ર રાતડીયા અને ભીમા રાતડીયાએ છરી, લોખંડના પાઈપ સહિતના હથિયાર વડે હુમલો કર્યો હતો. ગોવિંદભાઈ રામભાઈ ત્રાડ નામના યુવાનને છાતીમાં છરી મારી દેતા ઘટનાસ્થળે જ તેમનું મોત થયું હતુ. જયારે કરશનભાઈ નનુભાઈ ત્રાડને પડખાના ભાગે છરી મારી દેતા તેમનુ મોત થયું હતુ.

# સબરીમાલા કેસ સાત જજોની બેંચને સોંપાયો

## મંદિરમાં મહિલાઓના પ્રવેશ અંગે વર્ષોથી વિવાદ ચાલે છે : સુપ્રીમમાં ૬૫ અરજીઓ પર સુનાવણી હાથ ધરાઈ

નવીદિલ્હી : ઐતિહાસિક સબરીમાલા મંદિરમાં તમામ વયની મહિલાઓના પ્રવેશને મંજુરી આપવાનો મામલો હવે અટવાઈ પડયો છે. કારણ કે સુપ્રીમ કોર્ટે આજે આ અંગે ચુકાદો આપ્યો ન હતો. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણય પર ફેરવિચારણા કરવા સાથે સંબંધિત મામલાને સુપ્રીમ કોર્ટની જ સાત જજની બેંચને સોંપી દેવાનો આદેશ કર્યો હતો. આની સાથે જ આ નિર્ણય અટવાયો હતો. હવે સુપ્રીમ કોર્ટની સાત જજની બેંચ દ્વારા અંતિમ ચુકાદો આપવામાં આવનાર છે. બે જજની સહમતિ બાદ મામલાને મોટી બેંચને સોંપી દેવાનો ચુકાદો આપવામાં આવ્યો હતો. જસ્ટિસ આરએસ નરિમન, જસ્ટિસ એએમ ખાનવીલકર, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાની બંધારણીય બેંચ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો. કેરળમાં આ ચુકાદાને લઈને અગાઉ હિંસા થઈ હતી જેથી સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે આ મામલાને મહિલાઓના અધિકારોની સુરક્ષા સાથે જોડવામાં



આવ્યો હતો. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૧૮ના દિવસે સુપ્રીમ કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટના ચુકાદાની સામે હિંસક વિરોધ પ્રદર્શન પછી ૫૬ ફેરવિચારણા અરજી સહિત ૬૫ અરજી દાખલ કરવામાં આવી હતી. આ તમામ અરજીઓ પર ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેંચ દ્વારા આજે આ ચુકાદો આપવામાં આયો છે. બંધારણીય બેંચે છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે આ મામલે ચુકાદો સુનાવણી પૂર્ણ કરી લીધા બાદ અનામત રાખ્યો હતો. આ અરજી પર સુનાવણી કરવામાં આવ્યા બાદ હિંસા થઈ હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ કેરળમાં ભારે હિંસા થઈ હતી.

સબરીમાલાના કેસમાં સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૧૮માં ૨૮મી સપ્ટેમ્બરના દિવસે ૧૦થી ૫૦ વર્ષની વયની વચ્ચેની મહિલાની એન્ટ્રી પરના પ્રતિબંધને ઉઠાવી લીધો હતો. આ વર્ષની શરૂઆતમાં ફેબ્રુઆરીમાં કોર્ટ દ્વારા ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો.અત્રે નોંધનીય છે કે ૨૮મી સપ્ટેમ્બર ૨૦૧૮ના દિવસે સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતા કહ્યુ હતુ કે કેરળના સબરીમાલા મંદિરમાં મહિલાઓ એન્ટ્રી કરી શકશે. મહિલાઓને પ્રવેશની મંજુરી આખરે મળી ગઈ હતી. પોતાના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે અમારી સંસ્કૃતિમાં મહિલાનુ સ્થાન આદરણીય છે. અહીં મહિલાઓને દેવીની જેમ પુજવામાં આવે છે અને મંદિરમાં પ્રવેશ કરવાથી રોકવામાં આવી રહી હતી. સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો ૪-૧ની બહુમતિ સાથે આવ્યો હતો.

### ચુકાદા પહેલા કેરળમાં એલર્ટ વચ્ચે ૧૦૦૦૦ જવાનો તૈનાત

નવીદિલ્હી : સબરીમાલા મંદિરના મામલે સુપ્રીમ કોર્ટના ચુકાદા પહેલા જ હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. કેરળ પોલીસે સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરી હતી. પુજા ફેસ્ટિવલ માટે સબરીમાલાની આસપાસ ૧૦૦૦૦ જવાનોની તૈનાતી કરવામાં આવી હતી. ૩૦૭થી વધુ મહિલા પોલીસ પણ તૈનાત કરવામાં આવી હતી. સબરીમાલા મંદિરમાં ૧૦થી ૫૦ વર્ષની વયની મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ સાથે સંબંધિત વ્યવસ્થાને બિનબંધારણીય અને લેંગિંગ રીતે પક્ષપાતપુર્ણ ગણાવીને ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૮ના દિવસે તત્કાલિન ચીફ જસ્ટિસ દિપક મિશ્રાના નેતૃત્વવાળી બંધારણીય પીઠે ૪-૧ની બહુમતિથી ચુકાદો આપ્યો હતો. આ પીઠની એક માત્ર મહિલા સભ્ય જસ્ટિસ ઇન્દુ મલ્હોત્રાએ લઘુમતિમાં ચુકાદો આવ્યો હતો. કેરળમાં આ ચુકાદાને લઇને અગાઉ હિંસા ભડકી ઉઠી હતી. સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરનારમાં નાયર સર્વિસ સોસાયટી, મંદિરના તંત્રી, ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડ અને રાજ્ય સરકારનો સમાવેશ થાય છે. સબરીમાલા મંદિરની વ્યવસ્થા સંભાળનાર ત્રાવણકોર બોર્ડે પણ વલણ બદલીને કોર્ટની વ્યવસ્થાનું સમર્થન કર્યુ હતુ.

### સબરીમાલામાં મહિલા પ્રવેશ પર વિવાદ દશકોથી રહેલો છે

નવી દિલ્હી : સબરીમાલા મંદિરના ઇતિહાસની વાત કરવામાં આવે તો કેરળના પઠનામથીટ્ટા જિલ્લાની પહાડીઓની વચ્ચે ભગવાન અયપ્પાનું મંદિર આવેલું છે જેને સબરીમાલા મંદિર નામથી ઓળખવામાં આવે છે. આ જિલ્લામાં પેરિયાર ટાઇગર અભ્યારણ પણ છે જેની ૫૬.૪૦ હેક્ટર જમીન સબરીમાલાને મળેલી છે. મંદિરમાં દર વર્ષે નવેમ્બરથી જાન્યુઆરી સુધી શ્રદ્ધાળુ અયપ્પા ભગવાનના દર્શન માટે પહોંચે છે. કારણ કે, સમગ્ર વર્ષ દરમિયાન આ મંદિર સામાન્ય શ્રદ્ધાળુઓ માટે બંધ રહે છે. દર વર્ષે નવેમ્બરથી જાન્યુઆરી સુધી જ શ્રદ્ધાળુઓ પહોંચે છે. મકરસંક્રાતિ ઉપરાંત અહીં ૧૭મી નવેમ્બરના દિવસે મંડલમ મકર વિલક્કુ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. મલિયાલમ મહિનાઓમા પ્રથમ પાંચ દિવસ પણ મંદિરના દ્વાર ખોલવામાં આવે છે. સબરીમાલા મંદિર આશરે ૮૦૦ વર્ષથી અસ્તિવત્વમાં છે અને આમા મહિલાઓના પ્રવેશ ઉપર વિવાદ પણ દશકો જુના છે. કારણ એ છે કે, ભગવાન અયપ્પાને બ્રહ્મચારી ગણવામાં આવે છે જેના કારણે તેમના મંદિરમાં આવી મહિલાઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ છે જે માતા બની શકે છે.

## પ્રદર્શન વચ્ચે વિવેકાનંદની મૂર્તિ સાથે ચેડાથી તંગદિલી

નવી દિલ્હી : જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના પ્રદર્શન વચ્ચે તોડફોડની ઘટનાઓ સપાટી ઉપર આવી છે. આમા સ્વામી વિવેકાનંદની એક મૂર્તિ સાથે ચેડા કરવાની ઘટના પણ સપાટી ઉપર આવી છે. પ્રતિમાની આસપાસ ભાજપ માટે અપશબ્દોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એનએસયુઆઈના વિદ્યાર્થીઓનું કહેવું છે કે, અમે આ સમગ્ર ઘટનાની નિંદા કરીએ છીએ. પ્રતિમાની આસપાસ ભાજપ માટે અપશબ્દો પણ લખવામાં આવ્યા હતા. આ હરકત કોના તરફથી કરવામાં આવી છે તે સંદર્ભમાં માહિતી મળી શકી નથી. જો કે, ઘટનાની માહિતી મળ્યા બાદ એ સ્થાનને સાફ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જેએનયુના વિદ્યાર્થીઓ ફીને લઈને હાલ વિરોધ કરી રહ્યા હતા. ફી વધારાને પરત ખેંચવામાં આવ્યા બાદ હવે વિદ્યાર્થીઓ કેટલીક નવી માંગણીઓને લઈને દેખાવ કરી રહ્યા છે.

## કુલભૂષણ મુદ્દે ભારત સાથે સમજૂતી થઈ નથી : પાકિસ્તાને રંગ દેખાડયો

નવીદિલ્હી : આંતરરાષ્ટ્રીય કોર્ટ ઓફ જસ્ટિસે કુલભૂષણ જાધવના કેસને નવેસરથી તટસૃથ રીતે ચલાવવાનો આદેશ કર્યો તે પછી પણ પાકિસ્તાને અસલી રંગ બતાવ્યો છે. પાકિસ્તાને કહ્યું હતું કે કુલભૂષણને સજા તો પાકિસ્તાનના કાયદા પ્રમાણે જ થશે.

પાકિસ્તાન સૈન્યના અધિકારીઓએ કુલભૂષણ જાધવ બાબતે નિવેદન આપ્યું હતું કે કુલભૂષણને કાયદાની કઈ જોગવાઈ મુજબ સજા થઈ શકે તેમ છે તે અંગે વિચાર ચાલી રહ્યો છે. એના પછી તુરંત જ પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે કુલભૂષણ જાધવ બાબતે ભારત સાથે કોઈ જ સમજૂતી થઈ નથી અને તેને સજા પાકિસ્તાનના કાયદા પ્રમાણે જ થશે.

ભારતના પૂર્વ નૌસેના અધિકારી કુલભૂષણ જાધવને પાકિસ્તાનને નકલી જાસૂસી આરોપમાં ૨૦૧૭માં ફાંસીની સજા ફટકારી હતી. તે પછી કુલભૂષણ મુદ્દે ભારતે આંતરરાષ્ટ્રીય કોર્ટ ઓફ જસ્ટિસના દ્વાર ખટખટાવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય કોર્ટે પાકિસ્તાનને લપડાક મારતા કહ્યું હતું કે કુલભૂષણનો કેસ નવેસરથી ચલાવવામાં આવે અને તે પણ નિષ્પક્ષ રીતે તેમ જ આંતરરાષ્ટ્રીય કાયદાને ધ્યાનમાં રાખીને. આંતરરાષ્ટ્રીય કોર્ટે તો કુલભૂષણને સલાહકાર આપવાનો પણ પાકિસ્તાનને આદેશ આપ્યો હતો.

## ઉત્તરપ્રદેશમાં પરિણામ બાદથી બસપમાં ધરખમ ફેરફારો શરૂ

લખનૌ : ઉત્તરપ્રદેશમાં એકપછી એક ચૂંટણી પરિણામોમાં સતત પીછેહટ સાંપડ્યા બાદ બહુજન સમાજવાદી પાર્ટીના વડા માયાવતી જોરદાર રીતે સક્રિય થઈ ગયા છે. પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવા માટે માયાવતીએ તૈયારી કરી લીધા બાદ પાર્ટીમાં ભારે ઉથલપાથલ જારી છે. પેટાચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ બસપના વડા માયાવતીએ એક ડઝનથી વધારે નેતાઓને પાર્ટીમાંથી કાઢી મુક્યા છે. હજુ પાર્ટીમાંથી વધુ કેટલાક મોટા માથાને કાઢી મુકવામાં આવે તેવી શક્યતા છે. પાર્ટીમાં કેટલાક મોટા નેતાઓ પર તવાઈ રહેલી છે તેવા સંકેત વચ્ચે પાર્ટીમાં બેચેની જોવા મળી રહી છે. સુત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો માયાવતીએ આશરે એક ડઝન નેતાઓના કામકાજના રિપોર્ટની માંગ કરી છે. તમામ નેતાઓના કામની સમીક્ષા કરવામાં આવ્યા બાદ નિર્ણય કરવામાં આવનાર છે. સાથે સાથે હાલમાં એવા નેતાઓને પણ પાર્ટીમાં શોધવામાં આવી રહ્યા છે જે વિરોધી દળો ઉપરાંત ભીમ આર્મીના સંપર્કમાં રહેલા છે.

# ‘ચોકીદાર ચોર હૈ’ મુદ્દે રાહુલ ગાંધીને સુપ્રીમની માફી

## રાહુલ ગાંધીને નિવેદન કરતા પહેલા સચેત રહેવા સુપ્રીમ કોર્ટની તાકીદ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ગુરુવારે ‘ચોકીદાર ચોર હૈ’ મુદ્દે રાહુલ ગાંધીને માફી આપીને તેમની સામેનો કોર્ટની અવમાનના અંગેનો કેસ પૂર્ણ કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીની માફી સ્વીકારી હતી અને જણાવ્યું હતું કે, એ દુર્ભાગ્યપૂર્ણ છે કે, કોર્ટની ટિપ્પણીઓને જાણ્યા વગર જ તેનો ઉપયોગ કરવામાં આવે છે. રાહુલે જે રીતે નિવેદનનો ઉપયોગ કર્યો તેનાથી લાગતું હતું કે, કોર્ટ દ્વારા જ કોઈ ખોટી ટિપ્પણી કરવામાં આવી હશે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈની અધ્યક્ષતાવાળી બેન્ચે જણાવ્યું કે, તમે આગળથી સચેત રહેજો. તમે માફી માગી છે એટલે અમે સ્વીકારીને આટલી વખત જવા દઈએ છીએ. ભવિષ્યમાં તમે આ મુદ્દે વિશેષ તકેદારી રાખજો. ઉલ્લેખનીય છે કે, ‘ચોકીદાર ચોર હૈ’ મુદ્દે ભાજપના નેતા મીનાક્ષી લેખીએ સુપ્રીમની અવમાનના થઈ હોવાનો કેસ કર્યો હતો. આ કેસમાં કોર્ટે રાહુલને માફી માગી હતી. સુનાવણી બાદ અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું કે, ઘણી વખત જીભ લપસી જાય છે અને એવા શબ્દો નીકળી જાય છે જેનો ખ્યાલ હોતો નથી. તેનો ઉદ્દેશ કોર્ટની અવમાનના કરવાનો જરાય હોતો નથી. તેમ છતાં ભવિષ્યમાં સતર્કતા દાખવવામાં આવેશે.

ઉલ્લેખનીય છે કે, બેજવાબદાર નિવેદન મુદ્દે રાહુલ ગાંધીએ કોર્ટમાં જવાબ રજૂ કર્યો હતો. તે દરમિયાન તેમણે કોર્ટની માફી પણ માગી હતી. તેમણે જણાવ્યું હતું કે, ચૂંટણી દરમિયાન ઉન્માદની સ્થિતિ હતી. તેના કારણે ભૂલથી આવું નિવેદન અપાઈ ગયું હતું. મારા નિવેદનનો રાજકારણીઓએ દુરુપયોગ કર્યો હતો. તેમણે ટિપ્પણી અંગે કોર્ટની માફી માગી હતી. કોર્ટે આ મુદ્દે ૧૯મેએ નિર્ણય લઈ લીધો હતો પણ ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો.



### કોંગ્રેસ અને તેના નેતાઓ હવે માફી માંગી લે : અમિત શાહ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોર્ટના ચુકાદાને આવકારીને કહ્યું હતું કે, આ ચુકાદો એવા નેતાઓ અને પક્ષોને જડબાતોડ જવાબ તરીકે છે જે લોકો આધારવગરની ઝુંબેશ ચલાવી રહ્યા હતા. બદનામ કરવાના પ્રયાસો કરી રહ્યા હતા. આ પ્રકારના નેતાઓ અને પક્ષોએ હવે માફી માંગવી જોઇએ. આધાર વગરની ઝુંબેશ બદલ કોંગ્રેસે માફી માંગવી જોઇએ. ભાજપ તરફથી કેન્દ્રીયમંત્રી અમિત શાહ ઉપરાંત કેન્દ્રીયમંત્રી રવિશંકર પ્રસાદ તથા અન્યોએ પણ રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટી ઉપર આક્ષેપ કર્યા હતા.



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

તા.૧૫-૧૧-૨૦૧૯ થી તા. ૨૧-૧૧-૨૦૧૯

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી-૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત-૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



## મેષ (અ,લ,ઈ)

આ સપ્તાહમાં મનની મુંઝવણ ધીમે ધીમે ઉકેલાશે નવીન તકો આશા જન્માવશે. અવરોધોમાંથી માર્ગ મળશે. યશ અને પ્રસન્નતા વધે તેવા પરિબળો સર્જાશે. આર્થિક પરિસ્થિતિ સુધારવાના તમારા પ્રયત્નો સફળ થશે. કોઈ આકસ્મિક લાભ મળે. લેણી રકમો મળે. જરૂરીયાતો અંગેની આર્થિક વ્યવસ્થા થાય. નોકરી અંગેના પ્રશ્નોથી ચિંતા જણાય. વ્યવસાયના ક્ષેત્રે પ્રગતિની તક મળે. ઉત્તર દિશામાંથી શુભ સમાચાર મળે. સાનુકૂળ સંજોગો સર્જાશે. દામ્પત્ય જીવનની સમસ્યાઓનો ઉકેલ મળે.



## વૃષભ (બ,વ,ઉ)

આપના આ સપ્તાહમાં તમારી માનસિક ચિંતા યા અશાંતિનો ઉકેલ મળે તેવા સંજોગો સર્જાશે. સામાજિક અને કૈટુંબિક બાબતે અંગે સાનુકૂળતા રહેશે. આર્થિક રીતે સમય ઠીક છે આવક કરતાં ખર્ચ વધુ જણાશે. દેવાનો ભરા જણાય અણધાર્યા ખર્ચનો પ્રસંગ આવશે. મકાન જમીનની સમસ્યા હશે તો તે દૂર થશે. વારસાની મિલ્કત બાબત સુખદ ઉકેલ આવે નોકરીયાત વર્ગને અડચણોમાંથી માર્ગ મળે. શત્રુઓ પાછા પડશે. ધંધાના ક્ષેત્રે તમારો વિકાસ થાય. પ્રગતિ જણાય ગૃહ જીવનમાં ચકમક સર્જાશે.



## મિથુન (ક,છ,ઘ)

આપના આ સપ્તાહમાં તમારા મનની મુંઝવણ અને ચિંતાનો ઉકેલ આવતો જણાશે. અવરોધમાંથી માર્ગ મળે. સરળતા સર્જાશે. પ્રગતિનો માર્ગ ખુલ્લો થાય. નાણાંભીડ જોવાય. ખર્ચનો બોજો વધશે. આવકનું પ્રમાણ ઘટશે. તમારી સમસ્યાના ઉકેલનો કોઈ સાનુકૂળ માર્ગ મળી આવશે. વ્યવસાયિક કાર્યમાં લાભ અને સફળતા મળશે. કોઈ સારી તક પ્રાપ્ત થાય. જમીન મકાનના પ્રશ્નો ગૂંચવાશે. પત્નીનો સહકાર મળી રહેશે. મતભેદોને દૂર કરી શકાય. રમણીય સ્થળોની મુલાકાત લઈ શકાય.



## કર્ક (ડ,હ)

આપના આ સપ્તાહમાં શારીરીક આરોગ્ય અને માનસિક સ્વસ્થતાને જાળવવા તરફ લક્ષ આપજો. પ્રવાસ પર્યટનની તક પણ સાકાર થાય નહીં વિધન્ જણાશે. નાણાંકીય પરિસ્થિતિ સુધરતી જણાશે. અહીં મળનાર લાભો મેળવી શકાશે. વધારાની આવક ઊભી કરવાના પ્રયત્નો થોડા ઘણા વિધ્ને બાદ સફળ થશે. નોકરીયાતોને હજુ માનસિક સંબંધો રહેશે પ્રગતિ બઢતીની તકો અટવાયેલી રહેશે. ધંધાના ક્ષેત્રે મુશ્કેલીઓ આવે પણ તેમાંથી બહાર નીકળી શકશો.



## સિંહ (મ,ટ)

આપના આ સપ્તાહમાં કોઇને કોઇ પ્રકારની અશાંતિ યા વિખવાદોના પ્રસંગો સર્જાય. જેથી શાંતિ અને માનસિક સંયમ કેળવી લેશો. લાગણીઓ પર કોઇ પણ પ્રકારની અસર થવાદેશો નહી. બને તેટલા વ્યવહારિક બનશો. નાણાંકીય દ્રષ્ટિએ આ સમય મુશ્કેલીઓમાંથી બહાર લાવનાર નીકળશે. અચાનક મદદનો યોગ બને છે. કેટલાંક વિશેષ ખર્ચાઓ થશે જેની જોગવાઇઓ પણ કરી શકશો. મહત્વની મુલાકાતો થશે જે લાભદાયી બનશે. હાથ ધરેલી કામગીરીઓ માટે સફળતાસૂચક સમય છે.



## કન્યા (પ,ઠ,ણ)

આપના આ સપ્તાહમાં આ સમયના ગ્રહયોગો આપનાં અધૂરો રહેલા કામકાજો પૂરા કરાવશે અટવાયેલા લાભો મેળવી શકશો અંગત સમસ્યાઓ ઉકેલાશે. ધંધા યા નોકરીને લગતી મુંઝવણ દૂર થશે. નાણાંકીય પરિસ્થિતિ બગડી હશે તો તે સુધારી શકશો. સમસ્યા હલ કરવાનો માર્ગ મળશે અકારણ ખર્ચાઓ અકુંશમાં રાખજો. કૈટુંબિક અને ગૃહજીવનની પરિસ્થિતિ એકંદરે સંવાદિતા રહેશે અંગત પ્રશ્નોનોનું નિરાકરણ આવશે. ગેરસમજો દૂર થાય. આ સમયમાં મકાન મિલ્કતના પ્રશ્નો પર બોજો વધશે.



## તુલા (ર,ત)

આપના આ સપ્તાહમાં આ સમયમાં ધંધા યા નોકરીના ક્ષેત્રે કેટલીક પ્રતિકૂળતાઓ, સર્જાતા માનસિક બોજો જણાશે. આમ છતાંય પરિસ્થિતિ ઝડપથી સુધરવા લાગશે. પરિણામે ચિંતાનો ભાર હળવે થાય. ફક્ત ઉતાવળા અને અધીરા લોકોને વિશેષ અસર છે. આર્થિક સમસ્યાઓમાંથી બહાર નીકળી શકશો. ઉઘરાણીના કાર્યો પતશે. ખર્ચાઓને પહોંચી વળાશે. અણધારી રીતે તમે કોઈને નાણાંકીય સહાયની આશા રાખશો તો તે ફળશે. મહત્વની કામગીરી માટે સફળતા જણાશે વિધ્ને કે અંતરાયોથી ગભરાશો નહીં.



## વૃશ્ચિક (ન,ય)

આપના આ સપ્તાહમાં પ્રગતિ જળવાઈ રહેશે. નોકરી ધંધાકીય ફેરફારોને શક્ય બનાવી શકશો. આ સમય નાણાંકીય બાબતો અંગેના નિર્ણયો લાભકારક બનશે ઉઘરાણી કરજની ચિંતા દૂર થાય. મહત્વના કરારોથી પણ લાભ મેળવી શકશો. નાણાંકીય સ્થિતિને વ્યવસ્થિત રાખવાથી જ લાભ દેખાશે. આ સમયમાં દામ્પત્યજીવનને લગતી સમસ્યાઓને ઉકેલી શકશો. પ્રવાસ વિગેરેથી આનંદ મળે. સામાજિક અને કૈટુંબિક કામકાજો થઈ શકશે. મકાન મિલ્કતમાં મૂડી રોકવાનું વિચાર કરતા હોવ તો દસ વખત વિચારજો.



## ધન (ધ,ભ,ફ,ઢ)

આપના આ સપ્તાહમાં નજીવા કારણોસર અશાંતિનો પ્રસંગ વ્યથાનો અનુભવ કરાવશે. એ સિવાયએકંદરે માનસિક સ્વસ્થતા અને મનોબળ મજબૂથ રહેશે. નાણાંકીય બાબતો અંગે તમારે વિશેષ જાગૃતિ અને કાળજી લેવી પડશે. મહત્વના કામકાજોમાં આર્થિક સમસ્યા તથા ખોટું નાણાંકીય રોકાણ ન થઇ જાય તે બાબતે ખાસ કાળજી રાખવી. આપના વ્યવસાયિક ક્ષેત્રે વિકાસ મંદ થતો જણાશે. નોકરીયાત વર્ગને પ્રમોશન અંગે અવરોધ જણાશે. તમારા જીવનસાથીનું આરોગ્ય સાચવવું. જીવનમાં એકંદરે સંવાદિતા જાળવી શકશો.



## મકર (ખ,જ)

આપના આ સપ્તાહમાં આપના અંગત પ્રશ્નો યા મુંઝવણોનો કોઈ ઉકેલ આવશે. સાથે સાથે કોઈ સર્જનાત્મક ધાર્મિક માંગલિક યા વૈવાહિક પ્રસંગોનો સાનુકૂળ ઉકેલ આવશે. ગૃ હજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થશે. પ્રવાસ બદલીની શક્યતા છે. સાથો સાથ કેટલીક લાભદાયી નવરચનાઓ થશે અભ્યાસ સંતાન અંગે સાનુકૂળતા વધશે. નાણાંકીય બાબતો ગૂંચવાતી જણાશે. અને ધાર્યા નાણાંકીય કામકાજો થાય નહીં. કેટલીક નાણાંભીડ પણ ભોગવવી પડે. કૈટુંબિક કલેશ યા ઘર્ષણ પ્રસંગોથી દૂર રહેજો.



## કુંભ (ગ,સ,શ,ષ)

આપના આ સપ્તાહમાં શુભ ગ્રહોના કારણે ભાગ્યોદયકારક પ્રસંગો ઉન્નતિની તક તેમજ યશ માનમાં વૃદ્ધિ થાય. સામાજિક તથા જાહેર ક્ષેત્રની વ્યકિતઓ માટે સમય સાનુકૂળ પુરવાર થશે. પ્રવાસ અને પ્રયટનો આનંદદાયી નિવડશે. આપના વ્યવસાયિક ક્ષેત્રે પરિવર્તનની શક્યતાઓ જણાય છે. આમ શુભ ગ્રહો ઉન્નતિ, વિકાસ, લાભ અને યશ સૂચવે છે. અશુભ ગ્રહોની અસરથી ભય, વ્યથા, કારણ વિનાની ચિંતાઓ ખર્ચ આર્થિક મુશ્કેલીઓ તેમજ પ્રિયજનોથી વિયોગ સૂચવે છે.



## મીન (દ,ચ,ઝ,થ)

આપના આ સપ્તાહમાં શુભ ગ્રહોના કારણે આપના મહત્વના કામકાજોનો ઝડપી ઉકેલ આવતો જણાશે. અનિશ્ચિતતાને બદલે નિર્ણયાત્મક વલણ વધશે મકાન મિલ્કત લે વેચ ભાડાને લગતા પ્રશ્નો ઉકેલાશે. સારા મકાનમાં રહેવા જઈ શકાશે. ઘર્ષણો હશે તો દૂર થશે. નવી સગવડો વધશે. નોકરી ધંધાના પ્રશ્નોમાં સાનુકૂળતા વધશે. અને લાંબા સમયથી ગુંચવાયેલી બાબતો ઉકેલી શકશો. પ્રગતિકારક તક મેળવી શકશો આ સમયમાં વ્યર્થ આવેશ અને ઉશ્કેરાટના કારણે ગૃહજીવનમાં ઘર્ષણ જાગશે.

# સપનાના ઘરને રંગાવો આ રંગથી જીવનમાં નહીં રહે સમૃદ્ધિની અછત

ઘરમાં સુખ શાંતિથી રહેવા દરેક વ્યક્તિ ઈચ્છે અને તેના માટે વાસ્તુ શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે ઘરના સામાનની ગોઠવણી કરે છે, ત્યારે ઘરને સજાવવાના ભાગ રૂપે એટલે કે ઘરની શોભામાં વધારો કરવામાં આવતા રંગો પણ વાસ્તુનો જ એક ભાગ છે. વાસ્તુ શાસ્ત્ર મુજબ રંગોનું આપણા જીવનમાં ખૂબ મહત્ત્વ હોય છે, તેથી જ્યારે પણ ઘરમાં રંગ કરાવવો, હંમેશાં સમજી- વિચારીને કરાવો કારણ કે તેને વારંવાર બદલવો સરળ હોતો નથી. વાસ્તુ શાસ્ત્રએ જૂનામાં જૂનું શાસ્ત્ર છે, જેમાં અત્યારે લોકો રસ ધરાવે છે, વાસ્તુનું મહત્વ લોકો સમજતા થયા છે. તેથી દરેક લોકો એવો પ્રયત્ન કરે છે, કે ઓફિસ હોય કે ઘર દરેક જગ્યાએ વાસ્તુ શાસ્ત્ર પ્રમાણે સામાનની ગોઠવણી કરીએ, તો વાસ્તુ શાસ્ત્ર પ્રમાણે જ ઘરની દીવાલોમાં રંગની પસંદગી કરો. વાસ્તુ મુજબ લોકો પોતાના ઘરના દરેક રૂમને શણગાર કરે છે તો સારું રહેશે કે તમે પણ વાસ્તુ મુજબ જ પોતાનાં રસોડા, બેઠકરૂમ, બેડરૂમ, બાથરૂમ વગેરેમાં રંગ કરાવો કે જેથી સુખ-શાંતિ જળવાઈ રહે.

## બેડરૂમ

બેડરૂમમાં મોટા ભાગના લોકો પોતાને ગમતો કલર કરાવવો પસંદ કરતા હોય છે. પરંતુ તમારા ગમતા કલરનો વાસ્તુ સાથે મેળ કરાવવો જરૂરી છે. વાસ્તુ શાસ્ત્ર મુજબ બેડરૂમમાં પિન્ક એટલે કે આછો ગુલાબી, આસમાની, તેમજ આછો લીલો રંગ સારો ગણાય છે.

## બાળકોનો રૂમ

બાળકોના રૂમ માટે લીલો રંગ શ્રેષ્ઠ માનવામાં આવે છે.

## રસોડું

રસોડું એવું સ્થળ છે, જ્યાં રંગોની બાબતમાં



તમારી પાસે ઘણી બધી મર્યાદિત ચોઈસ હોય છે, વાસ્તુ મુજબ રસોડામાં સફેદ, પીળો, રોઝ પિન્ક, નારંગી, ચોકલેટ તથા લાલ રંગ સૌથી શ્રેષ્ઠ ગણાય છે.

## ડાયનિંગ રૂમ

ડાયનિંગ રૂમ માટે હળવા રંગ ખૂબ જ સારા ગણાય છે. ગુલાબી, લીલો અને આસમાની રંગ તમને ફ્રેશ કરી દેશે. ધ્યાન રાખો કે આ રૂમમાં કાળો- સફેદ કે કાળા, સફેદથી બનેલો કોઈપણ રંગ ન કરો. આવો રંગ ઘરમાં ક્યાંય ન કરો.

## બાથરૂમ

સફેદ, આસમાની અને પેલગ્રીન વગેરે બાથરૂમને મોટું દેખાડવાની સાથે-સાથે ફ્રેશ લુક આપે છે. બાથરૂમમાં કાળા અને ઘેરા લાલ રંગનો ઉપયોગ ન કરે. તેનાથી બાથરૂમ નાનું દેખાશે.

## ગેસ્ટરૂમ

ગેસ્ટરૂમમાં હંમેશાં આછા રંગ કરવા જોઈએ, પીળો, લીલો, આસમાની, નારંગી અને લવન્ડરને લાઈટ શેડ વાસ્તુ મુજબ સારા ગણાય છે.

# આંકડાઓ પરથી જાણો તમારું આવનારું ભવિષ્ય કેવું રહેશે ?

દરેક વ્યક્તિ પર તેના જન્માંકનો પ્રભાવ પડતો હોય છે. આ અંકની અસર કે પ્રભાવ જીવનભર તેની સાથે રહે છે તેથી જ અંક પરથી વ્યક્તિના ભવિષ્ય અંગેની જાણકારી પણ મેળવી શકાય છે. આ જાણકારી વ્યક્તિને સફળતાની વધારે નજીક લઈ જઈ શકે છે. અંકનું આ મહત્વ અંકશાસ્ત્રમાં સવિસ્તર દર્શાવાયું છે. આ શાસ્ત્ર જ્યોતિષ વિદ્યાનો પ્રમુખ આધાર છે. વ્યક્તિના જન્માંક ૧થી ૯ સુધીના આંકડા હોય છે. તો તમે પણ જાણી લો શું કહે છે તમારો જન્માંક તમારા ભવિષ્ય વિશે.

૧ આ અંક ધરાવતા જાતકો રચનાત્મક અને સૃજનાત્મક કાર્યોમાં અત્યધિક રૂચિ લેનારા હોય છે. સમાજમાં તેમની આગવી ઓળખ અને પ્રતિષ્ઠા હોય છે. તેના કારણે વ્યક્તિને વિશેષ ઉપલબ્ધી પ્રાપ્ત થાય છે. આવા લોકો ઉર્જાવાન અને નવા વિચારોથી પરિપૂર્ણ રહે છે.

૨ જો તમારો મૂળાંક બે હોય તો સમાજ અને પરીવારમાં મૈત્રી, શાંતિ સ્થાપિત કરનારા તેમજ નૃત્ય, સંગીત અને ભોજનના શોખીન હોય છે. આવા જાતકોને તમામ સુખ સરળતાથી મળી જાય છે.

૩ આવા જાતક બોલવામાં ચપળ હોય છે. તેઓ બુદ્ધિવાન, ચતુર હોય છે, તેઓ લેખન, પત્રકારત્વ, તબીબી ક્ષેત્રમાં આગળ વધે છે. તેઓ કોઈપણ કામને પોતાના વાક-ચાતુર્યથી સુધારી લે છે.

૪ આ અંક વાળા જાતકો ક્રોધી હોય છે. તેઓ વચનબદ્ધ અને કર્મથી દાની હોય છે. તેઓ ધન-વૈભવથી પરીપૂર્ણ જીવન જીવે છે. તેઓ આત્મવિશ્વાસથી ભરપૂર હોય છે.

૫ ક્રોધી, સાહસી, તેજસ્વી અને લડાયક સ્વભાવના હોય છે. સમાજમાં તેમની



અંકની અસર કે પ્રભાવ જીવનભર તેની સાથે રહે છે તેથી જ અંક પરથી વ્યક્તિના ભવિષ્ય અંગેની જાણકારી પણ મેળવી શકાય છ

અલગ ઓળખ હોય છે. તેઓ જે પણ ક્ષેત્રમાં આગળ વધે તેમાં ટોચ સુધી પહોંચે છે.

૬ તેઓની વાણી સૌમ્ય હોય છે અને વ્યક્તિત્વ કોમળ હોય છે. તેઓ સમાજ સેવામાં વધારે લિપ્ત રહે છે. તેઓ ઉચ્ચાભ્યાસ કરે છે.

૭ આ જન્માંકવાળા જાતક પણ જ્ઞાની અને વ્યાપાર કરવામાં પારંગત હોય છે. જો કે તેઓ બચત કરતાં વધારે ખર્ચ કરનારા પણ હોય છે.

૮ આ જન્માંકવાળા ઉત્તમ નેતા, સંગઠન કર્તા અને કુશળ નિર્ણાયક બને છે.

# મહારાષ્ટ્રમાં ત્રીજી વખત રાષ્ટ્રપતિ શાસન

**• શરદ પવાર મુખ્યપ્રધાન હતા ત્યારે ફેબ્રુઆરી ૧૯૮૦માં પહેલી વખત રાષ્ટ્રપતિ શાસનનું ભોગ બનવું પડયું હતું**

મુંબઈ : મહારાષ્ટ્રમાં સરકાર રચવા ગત ૧૮ દિવસથી ગૂંચવાયેલું કોંકડું હજી કાયમ રહ્યું છે. એકપણ રાજકીય પક્ષ ગવર્નરે આપેલી મુદતમાં પોતાની બહુમતી સાબિત કરવા અસમર્થ રહી છે. પરિણામે ગવર્નર ભગતસિંહ કોશ્યારીએ મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની ભલામણ રાષ્ટ્રપતિ સમક્ષ કરી હતી. અને તેનો અમલ કરાયો છે. અત્યાર સુધી મહારાષ્ટ્રમાં બે વખત રાષ્ટ્રપતિ શાસન લાગુ કરાયો હતો. બે ત્રીજી વખત રાષ્ટ્રપતિ શાસન લાગુ કરાયું છે. મહારાષ્ટ્રમાં પહેલી વખત ૧૭ ફેબ્રુઆરી ૧૯૮૦માં રાષ્ટ્રપતિ શાસન લાગુ પડયું હતું.

તે વખતે શરદ પવાર મુખ્ય પ્રધાન હતા. તેમની પાસે બહુમતી હતી પરંતુ રાજકીય હાલત યોગ્ય ન હોવાથી વિધાનસભા ભંગ કરી હતી. એવા ૧૭ ફેબ્રુઆરીથી ૮ જૂન ૧૯૮૦ સુધી લગભગ ૧૧૨ દિવસ મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ હતું. આ સિવાય ૨૮ ડિસેમ્બર ૨૦૧૪માં મહારાષ્ટ્ર રાષ્ટ્રપતિ શાસન લાગુ કરાયું હતું. તે વખતે રાજ્યમાં સત્તારૂઢ પાર્ટી કોંગ્રેસ હતી. કોંગ્રેસ પોતાની સાથીદાર પક્ષ એન.સી.પી. સહિત અન્ય ઘટક પક્ષોથી જુદી પડી ગઈ હતી. અને વિધાનસભા ભંગ કરાઈ હતી. આથી ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૪થી ૩૦ ઓક્ટોબર સુધી ૩૨ દિવસ સુધી રાજ્યમાં બીજી વખત રાષ્ટ્રપતિ શાસન લાગુ પડયું હતું.

## બાલાસાહેબના સોગંદ, તેમના રૂમમાં ૫૦-૫૦ સત્તાની વહેંચણીની ચર્ચા કરાઈ હતી : રાઉત

શિવસેનાના નેતા સંજય રાઉતે મહારાષ્ટ્રમાં ૫૦-૫૦ ધોરણે સત્તાની વહેંચણી મુદ્દે ભાજપ પ્રમુખ અમિત શાહે પીએમ મોદીને અંધારામાં રાખ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. શિવસેનાનાં વડા ઉદ્ધવ ઠાકરે સાથે સત્તાની વહેંચણી મુદ્દે સમજૂતી થઈ ત્યારે શાહે તેમને અઢી અઢી વર્ષ સીએમ પદ વહેંચવા ઓફર કરી હોવાનો રાઉતે દાવો કર્યો હતો. બુધવારે અમિત શાહે શિવસેના પર આક્ષેપો કર્યા હતા કે, પીએમ મોદી ચૂંટણી પ્રચાર વખતે જ્યારે વારંવાર દેવેન્દ્ર ફડણવીસ જ મહારાષ્ટ્રનાં સીએમ બનશે તેવી જાહેરાત કરતા હતા ત્યારે શિવસેનાએ કેમ વાંધો ઉઠાવ્યો ન હતો? શાહની આ ટિપ્પણી પર રાઉતે ગુરુવારે પલટવાર કર્યો હતો. તેમણે વળતો સવાલ કર્યો હતો કે ઉદ્ધવ ઠાકરે જ્યારે પ્રચાર કરતા હતા કે મુખ્યપ્રધાન તો શિવસેનાનો જ હશે ત્યારે ભાજપે કેમ વાંધો ઉઠાવ્યો ન હતો? શિવસેનાની નવી શરતો અને નવી માગણીઓ અમને સ્વીકાર્ય નથી.

## કોંગ્રેસ-એનસીપી અને શિવસેનાએ સીએમપીનો ત્રીજો મુસદ્દો તૈયાર

કોંગ્રેસ-એનસીપી અને શિવસેના વચ્ચે ગુરવારે પણ ચર્ચાનો દોર ચાલુ હતો. ત્રણેય પક્ષોએ સાથે મળી કોમન મિનિમમ પ્રોગ્રામ (સીએમપી)ના ત્રીજો મુસદ્દો નક્કી કર્યાનું સામે આવ્યું છે, જેમાં ખેડૂતો અને બેરોજગારીની સમસ્યા મહત્ત્વના મુદ્દા બની રહેશે, તેમ જાણવા મળ્યું હતું. દરમિયાન એનસીપીના વડા શરદ પવાર અને કોંગ્રેસનાં અધ્યક્ષા સોનિયા ગાંધી વચ્ચે દિલ્હી ખાતે રવિવારે મુલાકાત થવાની સંભાવના છે. આ સ્થિતિ જોતા સેના સુપ્રીમો બાળ ઠાકરેની જન્મજયંતી એટલે કે ૧૭મી નવેમ્બરે શપથ લેવાના સેનાના દાવા લગભગ ખોટા ઠર્યા હોય તેમ લાગી રહ્યું છે. વળી, સાંજે મળેલી બેઠકમાં સંભવિત એનસીપીના મુખ્ય પ્રધાન માનવામાં આવતા અજિત પવાર અને ફાયરબ્રાન્ડ નેતા ધનંજય મુંડે હાજર રહ્યા ન હતા. આ અંગે એનસીપીના પ્રવક્તા નવાબ મલિકે જણાવ્યું હતું કે પવાર પુણે ખાતે હોવાથી હાજર રહ્યા ન હતા અને મુંડે પણ અમુક કારણોસર હાજર રહી શક્યા ન હતા. અમે સાથે મળી ડ્રાફ્ટ તૈયાર કર્યો છે, જે તમામ પક્ષના અધ્યક્ષને આપવામાં આવશે.

## રાષ્ટ્રપતિ શાસનનો અમલ દુર્ભાગ્યપૂર્ણ : દેવેન્દ્ર ફડણવીસ

રાજ્યમાં જનતાએ અતિશય સ્પષ્ટ જનાદેશ આપવા છતાં મહારાષ્ટ્રમાં કોઇપણ સરકાર રચી ન શકી આથી રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યો છે. તે અતિશય દુર્ભાગ્ય છે. પણ ટૂંક સમયમાં રાજ્યમાં સ્થિર સરકાર પ્રાપ્ત થશે એવી હું અપેક્ષા વ્યક્ત કરૂં છું એવું ભાજપના વિધિમંડળના ગ્રુપ લીડર દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. આજે રાજ્ય સમક્ષ અનેક જટિલ પ્રશ્ન છે. સૌથી મહત્વ એ છે કે કમોસમી વરસાદને લીધે ખેડૂતો સંકટમાં છે. રાજકીય અસ્થિરતાને લીધે રાજ્યમાં થનારા રોકાણ પર વિપરિત પરિણામ આવશે. સરકારના દૈનિક કામકાજ પર માઠી અસર પડશે. આથી જનતાને તકલીફ થશે. એટલે મારી અપેક્ષા છે કે સર્વ પક્ષે રાજ્યની સ્થિતિ પર ગંભીર વિચાર કરશે.

કલાસીફાઈડ / Classified

PIZZA STORE FOR SALE
"2-4-1 Pizza For Sale in Ajax. Exciting Opportunity! Great Location! Great Profits! Same owner since 1992 now ready to retire. Rent $3,000/month inc HST. Sales $12,000/week.
Please Call Zibby - 416-824-6279."

# ઝારખંડમાં ભાજપને ફટકો એલજેપી અને આજસુએ ગંઠબંધન તોડયાં

નવી દિલ્હી : ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપને મોટો ફટકો લાગ્યો છે. ઝારખંડમાં ભાજપના મુખ્ય વ્હીપે ભાજપને અલદીવા કરી દીધી હતી અને તેઓ ઓલ ઈન્ડિયા ઝારખંડ સ્ટૂડંન્ટ યૂનિયન (આજસૂ)માં સામેલ થઇ ગયા હતા. આ સાથે જ મહારાષ્ટ્રની જેમ ઝારખંડમાં એનડીએમાં તીરાડ પડી ગઇ છે. ભાજપના સાથી પક્ષ એલજેપીએ ઝારખંડમાં ભાજપ સાથે ગઠબંધન કરવાની ના પાડી દીધી છે અને ૫૦ બેઠકો પર પોતાના ઉમેદવાર ઉતારશે, એટલે કે ભાજપની સામે હવે તેની સહીયોગી પાર્ટીની જ ટક્કર જોવા મળશે. મહારાષ્ટ્રમાં શિવસેનાએ પણ એનડીએ સાથે છેડો ફાડી દીધો છે, જે સાથે જ હવે એનડીએની અન્ય સમર્થક પાર્ટીઓ પણ હવે ભાજપથી દુર થવા લાગી છે. ઝારખંડમાં ૩૦મી નવેમ્બરના રોજ પાંચ તબક્કામાં મતદાન શરૂ થશે. જ્યારે પરીણામો ૨૩મી ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે. ઝારખંડમાં કુલ ૮૧ બેઠકો છે જેમાં ૫૦ બેઠકો પર એલજેપી એકલા હાથે ચૂંટણી લડશે અને એવી શક્યતાઓ છે કે ભાજપની સામે પણ પોતાના ઉમેદવારોને ઉતારશે. એલજેપી બિહારમાં અને કેન્દ્રમાં ભાજપની સહીયોગી પાર્ટી છે. પણ હવે શિવસેના બાદ તેણે પણ ભાજપને ઝારખંડમાં રામરામ કરી દીધા છે.

# જમ્મુમાં બસ ૫૦૦ ફુટ નીચે ખીણમાં ખાબકતાં ૩ બાળકો સહિત ૧૬ના મોત

જમ્મુ : ડોડા જિલ્લામાં આજે બપોરે બાતોતે- ડોડા હાઈવેને જોડતાં રોડ પર એક વાહન ૫૦૦ ફુટ નીચે ખાઈમાં પડી જતાં ત્રણ બાળકો અને ચાર મહિલાઓ સહિત સોળ લોકોના મોત થયા હતા. ડોડા જિલ્લાના પોલીસ વડા મુમતાઝ અહેમદે કહ્યું હતું કે દસ મુસાફરોને ક્ષમતા ધરાવતા વાહનમાં વધુ મુસાફરો બેઠા હતા. આ વાહન બપોરે પોણા ત્રણ વાગે બાતોતે-ડોડા હાઈ પર ૫૦૦ ફુટ નીચે ખાઈમાં પડી જતાં આ કરૂણાતિકા સર્જાઇ હતી.આ અકસ્માતમાં માત્ર એક જ વ્યક્તિ બચી હતી. ડ્રાઈવર અને સોળ મુસાફરો સાથેનું આ વાહન ડોડાથી મારમત તરફ જઇ રહ્યું હતું ત્યારે ખેલાની પાસે દુર્ઘટના સર્જાઇ હતી. અકસ્માતની તપાસ કરાશે, પરંતુ પ્રાથમિક દ્રષ્ટીએ લાગે છે કે ડ્રાઈવર વણાંકને પારખવામાં થાપ ખાઇ ગયો હતો. પરિણામે દુર્ઘટના સર્જાઇ હતી. ઉપરાંત વાહન ચલાવતી વખતે ડ્રાઈવરે



મોબાઈલ ફોનનો ઉપયોગ કર્યો હોવાની શક્યતાને પણ નકારી શકાય નહીં. ડ્રાઈવર પણ દુર્ઘટનામાં માર્યો ગયો હતો. દુર્ઘટનામાં માત્ર એક જ વ્યક્તિ બચી હતી જેને સરકારી મેડિકલ કોલેજ અને દવાખાનામાં દાખલ કરાયો હતો.

# પીએમસી બેન્કના કરોડો રૂપિયાના કૌભાંડમાં બે ઓડિટરની ધરપકડ

મુંબઈ : પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ (પીએમસી) બેન્કના કરોડો રૂપિયાના કૌભાંડમાં આર્થિક ગુના શાખાના અધિકારીઓએ બે ઓડિટરની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં પોલીસે અગાઉ પીએમસી બેન્કના ઉચ્ચ અધિકારી એચડીઆઈએલના પ્રમોટર્સની પકડમાં હતા. બીજીબાજુ પીએમસી બેંકના બે ભૂતપૂર્વ સંચાલકની આગોતરા જામીન અરજીને સેશન્સ કોર્ટે ફગાવી હોવાની માહિતી આર્થિક ગુના શાખાએ આપી છે.

મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ ગઈ કાલે રાતે આબેન્કના ઓડિટર જયેશ સંઘાની અને કેતન લાકડાવાલાની ધરપકડ કરી છે. હાલમાં પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેન્કમાં અંદાજે ૪,૩૫૫ કરોડ રૂપિયાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. આ કૌભાંડમાં સંડોવાયેલા બેન્કના ઉચ્ચ અધિકારીને બચાવવા માટે બન્ને ઓડિટરે મહત્ત્વની ભૂમિકા ભજવી હોવાનું કહેવાય છે. પોલીસે જયેશ અને કેતનની કૌભાંડ બાબતે પૂછપરછ કરી હતી. પણ તેઓ સંતોષજનક જવાબ આપી શક્યા નહોતા. છેવટે કેસ નોંધીને બન્નેને પકડવામાં આવ્યા હતા. આ બેન્કમાં નાણાં ફસાઈ જતા હતાશામાં છ જણે જીવ ગુમાવ્યો છે.

# INX કેસઃ ચિદમ્બરમની જ્યુડિ. કસ્ટડી ૨૭ નવેમ્બર સુધી વધી

નવી દિલ્હી : ઈડી દ્વારા દાખલ કરવામાં આવેલા આઈએનએક્સ મીડિયા મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીની કોર્ટે પૂર્વ નાણા પ્રધાન પી ચિદમ્બરમની જ્યુડિશિયલ કસ્ટડી ૨૭ નવેમ્બર સુધી વધારી દીધી છે. જિલ્લા કોર્ટોમાં વકીલોની હડતાળની વચ્ચે ચિદમ્બરમને વીડિયો કોન્ફરન્સ દ્વારા કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા પછી સ્પેશિયલ જજ અજયકુમાર કુહારે આ ચુકાદો આપ્યો હતો. આ અગાઉ ઈડીએ કોંગ્રેસના વરિષ્ઠ નેતાની જ્યુડિશિયલ કસ્ટડી વધારવાની માગ કરી હતી. જેને ધ્યાનમાં રાખીને કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે સીબીઆઈએ આઈએનએક્સ મીડિયા ભ્રષ્ટાચાર કેસમાં ૨૧ ઓગસ્ટના રોજ ચિદમ્બરમની ધરપકડ કરી હતી અને તેઓ હાલમાં મની લોન્ડરિંગ કેસમાં ઈડીની કસ્ટડીમાં છે. ઈડીએ ચાલુ વર્ષે ૧૬ ઓક્ટોબરના રોજ ચિદમ્બરમને પોતાની કસ્ટડીમાં લીધા હતાં. ચિદમ્બરમના નાણા પ્રધાન તરીકેના કાર્યકાળમાં ૨૦૦૭માં આઈએનએક્સ મીડિયા જૂથને ૩૦૫ કરોડ રૂપિયાનું વિદેશી ભંડોળ મેળવવા માટે એફઆઈપીબીની મંજૂરી આપવામાં ગેરરીતિ આચરવા બદલ સીબીઆઈએ એફઆઈઆર દાખલ કરી હતી.

# મહાન ગણિતજ્ઞ નારાયણ સિંઘનું નિધન

પટના : બિહારના વિભૂતિ અને જગવિખ્યાત આઈન્સ્ટાઈનના સિદ્ધાંતને પડકારનારા મહાન ગણિતજ્ઞ વશિષ્ઠ નારાયણ સિંઘનું ટૂંકી માંદગી બાદ તેમના નિવાસસ્થાને અવસાન થયું હતું. વશિષ્ઠ નારાયણ સિંઘ પોતાના પરિવારની સાથે પટણાના કુલ્હરિયા કોમ્પલેક્સમાં રહેતા હતા. ગુરુવારે સવારે તેમની તબિયત બગડતાં તેમને તરત પટણા મેડિકલ હૉસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત ઘોષિત કર્યા હતા. સદ્ગત સિંઘ પટણાની કૉલેજમાં ભણતા હતા ત્યારે જ કેલિફોર્નિયા યુનિવર્સિટીના પ્રોફેસર જ્હૉન કેલીની તેમના પર નજર પડી હતી.

અનુસંધાન પેજ નંબર 04

## અયોધ્યા ચુકાદો : ભારતમાં...

નિર્માણ, કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ની નાબૂદી અને સમાન સિવિલ કોડ એ ત્રણ મુદ્દે હિંદુત્વની લહેર ઊભી કરી હતી. કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ની નાબૂદી થઈ ચૂકી છે. રામમંદિરનો માર્ગ પણ મોકળો થયો છે એ જોતાં હવે ભાજપે હવે સમાન સિવિલ કોડનો અમલ કરાવવાનું એક માત્ર વચન પાળવાનું રહે છે. ભાજપ જે રીતે આગળ વધી રહ્યો છે એ જોતાં હવે પછી ટૂંક સમયમાં ભાજપ સમાન સિવિલ કોડનો અમલ પણ કરી દેશે એવું લાગે છે. જો કે ભાજપ સરકારે સમાન સિવિલ કોડનો અમલ કરવાની સાથે સાથે બીજું પણ કામ ઝડપથી કરવું જોઈએ. રામમંદિર બનાવવાની જવાબદારી હવે કેન્દ્ર સરકારની છે. કેન્દ્ર સરકાર ટ્રસ્ટ રચે અને તે ગમે ત્યારે આ મંદિર બનાવે, કોઈને તેની ચિંતા નથી. પણ આ મંદિર સાથે પાંચ એકર જગ્યામાં મસ્જિદનું નિર્માણ થઈ જાય તો આ દેશની એકતામાં એક નવું પ્રકરણ ઉમેરાશે. નરેન્દ્ર મોદીએ પોતાના રાષ્ટ્રજોગ પ્રવચનમાં આ દેશમાં એક નવા યુગની શરૂઆત થઈ હોવાનું કહ્યું છે. મોદીની વાત સાવ સાચી છે. અયોધ્યા વિવાદના ચુકાદા પછી આખો દેશ સમજદારીથી વર્ત્યો અને ક્યાંય નાનું છમકલું પણ ના થયું એ તેનો પુરાવો છે.

**ક્રોસવર્ડનો ઉકેલ**

**આડી ચાવી :** (૧)સફરનામું (૪) બેકરાર (૭) સદી (૮) વેત (૯) શક (૧૦) હરામ (૧૨) મલમાસ (૧૪) સજા (૧૫) વળોક (૧૬) કસમ (૧૮) લડવાડ (૨૧) થડો (૨૨) ખોડ (૨૩) બર (૨૫) રસિક (૨૮) વડારણ (૩૦) ફલક (૩૨) બીક (૩૩) બરોબર (૩૫) માછી (૩૭) ગજવાડ (૩૮) વાવડી **ઊભી ચાવી :** (૧) સલાહ (૨) રસમ (૩) નાદી (૪) બેતમા (૫) રાશ (૬) રકઝક (૮) વેલ (૧૧) રાક્ષસ (૧૨) મજાલ (૧૩) સવડ (૧૬) કર્કર (૧૭) મથક (૧૯) ડખો (૨૦) વાડવ (૨૩) બરક (૨૪) રણ (૨૬) સિતારો (૨૭) શૈલ (૨૯) ડાલી (૩૦) ફરજ (૩૧) કમાડ (૩૩) બરી (૩૪) બગ (૩૬) વાડી

# અલીબાબાનું એક દિવસમાં ૨.૭૫ લાખ કરોડનું વેચાણ

**• અલીબાબાએ ૧ મિનિટ ૮ સેકન્ડમાં ૭૧૦૦ કરોડ અને ૧ કલાકમાં ૮૫,૬૮૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો**

હેન્ગઝોઉ : ઈ-કોમર્સ જાયન્ટ અલીબાબાએ સોમવારે સિંગલ ડે સેલમાં ૩૮૩ કરોડ ડોલર (૨.૭૪ લાખ કરોડ રૂપિયા)નું વેચાણ કરીને એક જ દિવસમાં સૌથી વધુ વેચાણનો નવો વિક્રમ સૃથાપિત કર્યો છે. અલીબાબાએ આ સાથે તેનો ગયા વર્ષનો ૩૦૮ કરોડ ડોલર (૨.૧૯ લાખ કરોડ રૂપિયા)ના વેચાણનો વિક્રમ તોડયો હતો. ઈ-કોમર્સ વેબસાઈટના ૨૪ ક્લાકના સિંગલ ડે સેલ ફેસ્ટીવલમાં ૨૪ કલાકમાં ૮૧.૨ કરોડથી વધુ ડિલિવરી ઓર્ડર નોંધાયા હતા. આ સમયમાં કંપનીની કુલ ગ્રોસ મર્ચન્ડાઈસ વેલ્યુ (જીએમવી) ૩૮૩ કરોડ (૨૨૩ અબજ આરએમબી, ૨.૭૪ લાખ કરોડ રૂપિયા)ને વટાવી ગઈ હતી. ગયા વર્ષે અલીબાબાની કુલ ગ્રોસ મર્ચન્ડાઈસ વેલ્યુ (જીએમવી) ૩૦૮ અબજ યુએસ ડોલર (૨.૧૯ લાખ કરોડ રૂપિયા) હતી. ૨૪ કલાકમાં ઈ-કોમર્સ વેબસાઈટની ડિલિવરી ઓર્ડરની સંખ્યા ૮૧.૨ કરોડને વટાવી ગઈ હતી. કંપનીએ વર્ષ ૨૦૧૮ ૧૧.૧૧ના ડિલિવરી ઓર્ડરની કુલ સંખ્યાનો વિક્રમ પણ તોડી નાંખ્યો હતો. ચીનની ઈ-કોમર્સ જાયન્ટે જણાવ્યું હતું કે ગયા વર્ષના વિક્રમી વેચાણનો આંક કંપનીએ આ વર્ષે છ ક્લાક અને ૪૫ મિનિટ વહેલો આંબી લીધો હતો. અલીબાબા ગ્રૂપ હોલ્ડિંગ લિ.એ સોમવારે ૨૦૧૯ ૧૧.૧૧ ગ્લોબલ શોપિંગ ફેસ્ટિવલ ચીનના સમય મુજબ રાત્રે ૦૦.૦૦ ક્લાકે શરૂ થયો હતો. ૨૪ ક્લાકના આ ફેસ્ટિવલમાં પહેલી એક મિનિટ અને આઠ સેકન્ડમાં જ અલીપે મારફત અલીબાબાએ ૧૦૦ કરોડ યુએસ ડોલર (૭૦૦ કરોડ આરએમબી, ૭૧૦૦ કરોડ) જ્યારે પહેલા એક ક્લાકમાં ૧૨૦૦ કરોડ (૮૪૦૦ કરોડ આરએમબી, ૮૫ ,૬૮૦ કરોડ રૂપિયા)નો બિઝનેસ કર્યો હતો.

### ૧૧મી નવેમ્બરે ડબલ ૧૧ ફેસ્ટિવલ

અલીબાબા દ્વારા વર્ષ ૨૦૦૯થી ૧૧મી નવેમ્બરે ડબલ ૧૧ તરીકે પણ ઓળખાતા સિંગલ ડે સેલ્સ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે. ચીનમાં ૧૧ નવેમ્બરે કુંવારા યુવાનો સિંગલ ડે સેલિબ્રેશન કરે છે. ૧૧ નવેમ્બરમાં '૧' અંક સિંગલ તરીકે દેખાતો હોવાથી આ દિવસે સિંગલ ડેની ઊજવણી થાય છે. ઉપરંત ચીનમાં લોકો આ દિવસે તેમના સંબંધોની પણ ઊજવણી કરે છે. આથી અલીબાબા ૧૧મી નવેમ્બરે ૧૧.૧૧ (ડબલ ૧૧) સિંગલ ડે સેલ ફેસ્ટિવલનું આયોજન કરે છે. હવે આ ફેસ્ટિવલ દુનિયાનો સૌથી મોટો ઓનલાઈન શોપિંગ ફેસ્ટિવલ બની ગયો છે.

### એમેઝોન-ફ્લિપકાર્ટનું ૬ દિવસમાં ૩ અબજ ડોલર હતું

થોડા સમય પહેલા દિવાળી અને દશેરાના સેલ દરમિયાન કુલ ૬ દિવસમાં એમેઝોન–ફ્લિપકાર્ટ બન્નેએ મળીને ૩ અબજ ડૉલરનું વેચાણ કર્યું હતું. ૩ અબજ ડૉલરનું વેચાણ કરતા બન્ને કંપનીઓને ૬ દિવસ લાગ્યા હતા, જ્યારે અલીબાબાએ એટલું વેચાણ ગણતરીની મિનિટોમાં કરી નાખ્યું હતું.

## વડાપ્રધાન મોદીના કાર્યકાળમાં ૨૦૧૯માં થયું ૮૨,૫૭૫ કરોડનું વિક્રમી FPI રોકાણ

નવી દિલ્હી : ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટમેન્ટની દૃષ્ટિએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકાર માટે આ વર્ષ ખૂબ જ સારું રહ્યું. આ વર્ષે દેશમાં ૮૨,૫૭૫ કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ થયું છે. વિકસતા બજારોમાં ચીન બાદ ભારત વિદેશી રોકાણકારોનું પસંદગીનું સ્થળ બન્યું છે, તેનાથી લાગે છે કે પ્રધાનમંત્રી મોદીએ વિદેશીઓનો ભરોસો જીતી લીધો છે. ઈકોનોમિક્સ ટાઈમ્સના હેવાલ મુજબ મે ૨૦૧૪માં મોદી કાર્યકાળ શરૂ થયા બાદ વિદેશી રોકાણકારોએ આ વર્ષે ભારતમાં સૌથી વધુ રોકાણ કર્યું છે. વિદેશી રોકાણમાં સૌથી મોટી ભૂમિકા યોગ્ય સંસ્થાગત પ્લેસમેન્ટ અને ઓફર ફોર સેલની છે, તેમાંથી બે મોટી વીમા કંપનીઓનું નામ સૌથી ઉપર છે. કોર્પોરેટ ટેક્સના દરોમાં ઘટાડાથી પણ વિદેશી રોકાણ વધ્યું છે. હોંગકોંગમાં વિરોધ પ્રદર્શનોને પગલે પણ ભારતમાં રોકાણ કરવા માટે રોકાણકારોમાં આકર્ષણ વધ્યું છે.

## એજીઆરને ૯૨,૦૦૦ કરોડ ચુકવવાની નોટીસને લીધે ટેલિકોમ શેરોમાં ધબડકો

**• ટેલીકોમ ઓપરેટરોની હાલત કફોડી બનશે : વોડાફોન-આદિત્ય બિરલા ગ્રુપે નવું રોકાણ અટકાવ્યું**

મુંબઈ : ટેલીકોમ કંપનીઓને રૂ.૯૨,૦૦૦ કરોડની એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ(એજીઆર)ની રકમ સરકારને ચૂકવવા આદેશ બાદ હવે ડીપાર્ટમેન્ટ ઓફ ટેલીકોમ(ડોટ) દ્વારા આ રકમ ત્રણ મહિનામાં જ ચૂકવી આપવા આદેશ આપવામાં આવતાં આજે ટેલીકોમ શેરોમાં ફંડોનું ઓફલોડિંગ થયું હતું.

ઉલ્લેખનીય છે કે સુપ્રિમ કોર્ટ દ્વારા ૨૪,ઓકટોબર ૨૦૧૯ના રોજ એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ(એજીઆર) પર સરકારની તરફેણમાં ચૂકાદા આપીને ટેલીકોમ ઓપરેટરો-કંપનીઓને રૂ.૯૨,૦૦૦ કરોડ સરકારને ચૂકવવા આદેશ અપાયો હતો. આ આદેશ બાદ આજે ડીપાર્મેન્ટ ઓફ ટેલીકોમ(ડોટ) દ્વારા ટેલીકોમ ઓપરેટરોને આ રકમ ત્રણ મહિનામાં ચૂકવવા નોટીસ ઈસ્યુ કરાઈ હોવાનું ઉદ્યોગ વર્તુળોએ જણાવતાં આ આદેશથી ટેલીકોમ કંપનીઓની બેલેન્સશીટ પર વધુ મોટો બોજો આવી પડવાના અને તકલીફમાં રહેલી ટેલીકોમ કંપનીઓ વધુ સંકટમાં આવી જવાના એંધાણ વચ્ચે આજે ટેલીકોમ શેરોમાં ધોવાણ થતું જોવાયું હતું. ડોટ દ્વારા ટેલીકોમ ઓપરેટરોને આ તમામ દેવા-બાકી ચૂકવણી સ્વ-આકલન ધોરણે ચૂકવવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે.

## રિટેલ ફુગાવો આસમાને, પરંતુ હોલસેલ ફુગાવો ૪૦ મહિનાનાં તળિયે ૦.૧૬% !

નવી દિલ્હી : દેશમાં શાકભાજી અને ખાદ્યપદાર્થોના ભાવ ભડકે બળતા હોવાથી ઓક્ટોબર મહિનામાં રિટેલ ફુગાવો ૪.૬૨ ટકા પર પહોંચી ગયો હતો પરંતુ જથ્થાબંધ કિંમતો આધારિત ફુગાવો ઓક્ટોબર મહિનામાં ૦.૧૬ ટકા પર ગગડી ગયો હતો. અગાઉ જૂન ૨૦૧૬માં હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ માઈનસ ૦.૧ ટકા નોંધાયો હતો. સપ્ટેમ્બર મહિનામાં જથ્થાબંધ ફુગાવો ૦.૩૩ ટકા નોંધાયો હતો. આમ ઓક્ટોબરમાં જથ્થાબંધ ફુગાવો છેલ્લા ૪૦ મહિનાની સૌથી નીચી સપાટી પર ગગડયો હતો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જારી કરાયેલા આંકડા અનુસાર ઓક્ટોબર મહિનામાં ખાદ્યપદાર્થોની કિંમતોમાં ૯.૮ ટકાના દરે વધારો થયો હતો જ્યારે બિનખાદ્યપદાર્થોની કિંમતોમાં ૨.૩૫ ટકાના દરે વધારો થયો હતો. ઓક્ટોબર ૨૦૧૯માં મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટનો જથ્થાબંધ ફુગાવો માઈનસ ૦.૮૪ ટકા રહ્યો હતો.

# માનવતાના મુક્તિદાતા તથા તારણહાર ઈસ્લામના અંતિમ પયગંબર હઝરત મોહંમદ (સ.અ.વ.)

ભાગ-૩

ઉપરના ગેરમુસ્લીમ લેખકો, ચિંતકો, નેતાઓ તથા ઈતિહાસકારો ઉપરાંત બીજા અસંખ્ય ગેરમુસ્લીમ લેખકો, ચિંતકો, નેતાઓ તથા ઈતિહાસકારોએ હઝરત મોહંમદ સાહેબને ભવ્ય અંજલી આપેલ છે અને તેમને એક મહાન નેતા, આદર્શવાદી તથા સુધારણાના સુત્રધારક તરીકે ગણાવેલ છે. એ ગેરમુસ્લીમોમાંથી અમુકના નામ આ પ્રમાણે છેઃ

– પ્રોફેસર એડવર્ડ ગીબન (FALL OF ROMAN EMPIRE)

– પ્રોફેસર આર્ગો સ્વેટ સ્મીથ (MOHAMMED AND MOHAMMEDISM)

– સર વીલીયમ મુર (LIFE OF MOHAMMED)

– પ્રોફેસર જોન ડેવોનપોઈન્ટ (FOLLOWING MOHAMMED AND QURAN)

– એચ.જી. વેલ્સ (OUTLINE OF HISTORY)

– સરદાર ગુરુદત્ત સીંઘ (મોહંમદ કી સરકાર)

– પ્રોફેસર રઘુનાથ સહાયે (પયગંબરે ઈસ્લામ)



(મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત)

અરબી ભાષામા એક કહેવત છે, જેનો ગુજરાતી ભાવાર્થ એ થાય છે કે 'મહાનતા તે છે, જેનો સ્વીકાર દુશ્મન પણ કરે.' આ મુજબ ઈસ્લામના છેલ્લા પયગંબર હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.) કદાચ જગતની એક જ મહાન વ્યકિત છે, જેમની મહાનતા, જેમના ચરિત્ર તથા જેમના કર્તવ્યની પ્રશંસા ગેરમુસ્લીમોએ પણ કરેલ છે.

**ઇસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

આ મહાચરિત્રવાન વ્યકિત એટલે કે ઈસ્લામના છેલ્લા પયગંબર હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.)નો જન્મ આજથી ૧૪૦૦ વર્ષ પહેલા ઈસ્લામી ત્રીજા મહિના 'રબીઉલ અવ્વલ'ની ૧૨મી તારીખે સઉદી અરેબિયાના શહેર 'મકકા'માં થયેલ હતો. તેમના પિતાનું નામ 'અબ્દુલ્લાહ' હતું. અને માતાનું નામ 'આમેના' હતું. જન્મ પહેલાં જ તેમના પિતાનું નિધન થઈ ગયેલ અને છ વર્ષની વયે માતાનું પણ નિધન થઈ ગયેલ. તે પછી તેમના દાદા 'અબ્દુલ મુત્તલીબે' તેમનું પાલન કરેલ હતું. ચાલીસ વર્ષની વયે તેમને પાલનહાર અલ્લાહ તરફથી પયગંબર નિયુક્ત કરવામાં આવેલ અને સમસ્ત માનવજાત માટેના આદેશો સ્વરૂપે તેમના પર પવિત્ર ધર્મગ્રંથ 'કુરાન મજીદ' ઉતરવું શરૂ થયું, જે ૨૩ વર્ષમાં પુરું થયેલ. ૬૩ વર્ષની વયે તેમણે આ જગતથી વિદાય લીધેલ. તેમનું પુરું જીવન સંસ્કાર, સદ્દ્ગુણ, સદાચાર, શિષ્ટાચાર તથા ઉચ્ચ ચરિત્રનું એક ઉમદા ઉદાહરણ પુરું પાડે છે. તેમના જીવન દરમ્યાન તેમણે જગતમાં ચારેતરફ ઈસ્લામ ધર્મને ફેલાવી દીધેલ. અત્યારે પુરા જગતમાં તેમના અનુયાયીઓની સંખ્યા અંદાજે દોઢ અબજની છે, જેઓ જગતમાં ચારે તરફ ફેલાયેલ છે.

ખુદ પાલનહાર અલ્લાહે તેમને કેવી ભવ્ય અંજલી આપેલ છે, તેના માટે પવિત્ર ધર્મશાસ્ત્ર 'કુરાન મજીદ'માં પાલનહાર અલ્લાહે આ મુજબ કહ્યું છેઃ

'એ પયગંબર, અમોએ તમોને સમસ્ત માનવજાત માટે દયાના મહાસાગર (રહેમત) બનાવીને મોકલ્યા છે.' (પ્રકરણ ૨૧, શ્લોક ૧૦૭)

'એ પયગંબર, નિશંસક તમે નીતિમત્તા (ચરિત્ર તથા સદ્દ્ગુણ)ના ઉચ્ચ આસન પર છો.' (પ્રકરણ ૬૮, શ્લોક ૪)

'એ માનવીઓ, ખરેખર તમારા માટે પાલનહાર અલ્લાહના પયગંબર (કર્તવ્ય અને સદ્દ્કાર્યોમાં) એક સર્વ શ્રેષ્ઠ ઉદાહરણ રૂપે છે.' (પ્રકરણ ૩૩, શ્લોક ૨૧)

ઈરાનના પ્રખ્યાત ફારસીના કવિ હાફીઝ શીરાઝીએ હઝરત મોહંમદ સાહેબ (સ.અ.વ.)ને અરબી ભાષામાં આ મુજબ અંજલી આપેલ છે.

અરબી ભાષામાં (પદ્ય):

બલગલ ઉલા બે કમાલેહી,
કશફદ્દુજા બે જમાલેહી,
હસનત જમીઓ ખીસાલેહી,
સલ્લુ અલયહે વ આલેહી.

ઉર્દુ ભાષામાં પદ્યમાં રૂપાંતરઃ

પહોંચા વોહ બુલંદીયો પર અપને કમાલસે,
નાપેદ ઝુલમતેં હુઈ ઉસ્કે જમાલસે,
હુસ્ને સીફાત ખત્મ હે ઉસ ખુશ ખીસાલ પર,
સલવાત હો ઉસ પર ઓર ઉસ્કી આલ પર.

ગુજરાતી ભાષામાં પદ્યમાં રૂપાંતર :

પરિપુર્ણતાના બળ વડે જે પદ્યવી છે ઉચ્ચત્તર,
થયા જેહ કાન્તિના પ્રભાવે તિમીરતાના રાજયો સર,
સદ્દ્ગુણ છે જેહના શ્રેષ્ઠત્તરને ઉચ્ચત્તર,
સલવાત હો જો તેહ પર ને તેહની આલ પર.

સમાપ્ત

# આશ્લેષા પાછળ તું ગાંડો છે, તે તને ક્યારેક ધિક્કારશે

શહેર પર સલૂણી સંધ્યા આકાર લઈ રહી હતી.

નદીકિનારા પરના એક વિખ્યાત રિસેપ્શન હૉલના દેહ પર હજાર હજાર દીવા ઝગારા મારી રહ્યા હતા. ઝબૂકિયાં કરતી રોશની અને કમ્પાઉન્ડના નાના વૃક્ષો પર લટકતા રંગબેરંગી 'આગિયા' રાહદારીઓ માટે ઘડીવાર આકર્ષણ જમાવી જતા હતા.

હૉલની બહારના રાજમાર્ગ પર મોટરોની કતાર જામી હતી. હજુયે મોટરો આવ્યે જ જતી હતી. આજુબાજુના વિસ્તારમાં ફોરાયેલાં અવનવાં પરફ્યુમ્સ અને અત્તરોનો મઘમઘાટ એ સત્કાર સમારંભને જાણે કે ખૂશ્બુદાર બનાવી રહ્યો હતો.

નવદંપતીને આશીર્વાદ આપવા આવેલા શહેરના અગ્રણી વેપારીઓ, નાગરિકો, અધિકારીઓ અને પત્રકારો વારાફરતી કેમેરામાં ઝિલાઈ જતા હતા.

શુભેચ્છા પાઠવનારાઓની કતાર ચાલુ જ હતી. બિચારા વરવધૂ સૌની સામે સ્મિત ફેંકી ફેંકી થાકી ગયાં હતાં.

'કૉંગ્રેચ્યુલેશન્સ બોથ ઑફ યુ...' એક ટહુકો થયો.

'ઓહ મિસ કેકી... થૅન્ક્યુ વેરી મચ... પ્લીઝ્ડ ટુ સી યુ હિયર... આશુ!

આ છે મિસ કેકી... આપણી કંપનીના કેન્વાસર.' કાર્તિકે નવવધૂ તરફ જોતાં ઓળખાણ આપી.

'પ્લીઝ્ડ ટુ મીટ યુ...' કહેતાં આશ્લેષાએ બે હાથે પ્રણામ કર્યા.

'કાર્તિક, યુ આર એન એક્સપર્ટ જ્વેલર.' કેકી બોલી.

'કેમ એમ ?'

'ભાભીની પસંદગી પરથી કહું છું.' કેકીએ હસીને જવાબ વાળ્યો.

'ઓહ થૅંક્યુ.' કહેતાં કાર્તિક હસી પડ્યો અને આજુબાજુ ઊભેલા પણ સૌ ખડખડાટ હસી રહ્યાં. આશ્લેષાના મોં પર થોડાક શરમના શેરડા પણ તણાયા.

તે પણ આછું હસી રહી.

'શાદી મુબારક કાર્તિક... આશ્લેષા.'

કોઈ ચિરપરિચત અવાજે સૌનું ધ્યાન ખેંચ્યું.

કેકી સહેજ બાજુએ ખસી ગઈ. માર્ગ ખુલ્લો થતાં એક યુવાન આગળ આવ્યો.

'ઓહ ! કેમ છો પ્રકાશ ?' કોઈ વિચિત્ર ટોનમાં કાર્તિકે સામેથી પૂછ્યું.

ગંભીર વદને આશ્લેષાએ કાર્તિક સામે જોતાં પૂછ્યું : 'કાર્તિક, તારી પાસે આમંત્રણપત્રિકાઓ વધી પડી હતી કે શું ?'

'હું આજે સાંજે જ હું અહીં આવ્યો અને મને ઍરપોર્ટ પર જ ખબર પડી કે આજે તમારું રિસેપ્શન છે. તમારો મહેમાન ખરો પણ આમંત્રણ વગરનો.'

કહેતાં પ્રકાશે બંનેને ફૂલના ગુચ્છા અર્પિત કર્યા.

'મુંબઈગરાં નકલી ફૂલ તો નથી લાવ્યા ને ?' આશ્લેષાએ ફરી સીધો ટોણો માર્યો.

'અમદાવાદમાં તો અસલી પતિ મળવા મુશ્કેલ છે તો પછી ફૂલ તો...' પ્રકાશે વાક્ય અધૂરું છોડી દીધું.

કાર્તિકની ભ્રૂકુટિ સહેજ ખેંચાઈ. તે કંઈ ઉત્તર વાળે તે પહેલાં આશ્લેષા બોલી ઊઠી : 'કાર્તિક ! આઈસક્રીમ તો હવે ખલાસ થઈ ગયો હશે કેમ ?

મહેમાનોને નિરાશ કરવા પડશે... જેમણે આઈસક્રીમ ના લીધો હોય એમને કહી દેને કે કાલે ઘેર આવીને ખાઈ જાય !'

'આશ્લેષા !' કાર્તિક એને રોકી રહ્યો છતાં તેની આંખોમાં વિજયનું સ્મિત હતું. પ્રકાશ સામે જોતાં તે બોલ્યો : 'યુ આર મોસ્ટ વેલકમ ટુ અવર પ્લેસ.'

'થૅંક્યુ, આશ્લેષા.' કોઈ બીજા જ સંદર્ભમાં આભાર માનતો પ્રકાશ આશ્લેષા તરફ વેધક દૃષ્ટિ ફેંકતાં ચાલતો થયો.

'બેવકૂફ...! એણે અહીં તો આવવું જોઈતું નહોતું.' પ્રકાશની પીઠ તરફ જોઈ રહેલો કાર્તિક બબડ્યો.




'પોલીસ તપાસ ! તું કાર્તિક, તું તારાં બા-બાપુને ભરમાવી શકે... તારા પૈસાથી દુનિયાને તું ખેલ ખેલાવી શકે પણ પ્રકાશને તો નહીં જ. તું ભલે મને ખરીદી શકીશ, પણ મને અંધારામાં તો રાખી નહીં જ શકે. સ્મગલિંગમાં પ્રકાશ નહીં, પણ તું સંડોવાયેલો છે... મિસ કેકી સંડોવાયેલી છે... આખી કંપનીનો વેપાર સ્મગલિંગના માલ પર ચાલે છે.'

'હજુ કાલે પણ ઘેર આવશે.' આશ્લેષાએ ઠંડો પ્રત્યુત્તર આપ્યો.

'કાલે ઘેર આવશે ! ઘેર આવે તો ખરેખર સારું... એ મુલાકાત એને જિંદગીભર યાદ રહેશે.' કાર્તિક દાંત કચકચાવી રહ્યો.

મોડી રાત્રે થાકીને લોથપોથ થયેલાં બંને મોટરમાં ઘેર આવ્યાં.

આશ્લેષા કપડાં બદલ્યા સિવાય સીધી જ પોતાના રૂમમાં જઈ પલંગમાં પટકાઈ.

'આશુ ? જમવું નથી ?' કાર્તિકે બૂમ પાડી.

'...' આશ્લેષાએ કશો જ પ્રત્યુત્તર આપ્યો નહીં.

'અરે ! તેં તો હજુ કપડાં પણ બદલ્યાં નથી ?'

'ચાલ, જમી લઈએ... ભૂખ લાગી નથી ?'

'તું જમી લે... મને ભૂખ નથી.' આશ્લેષાએ પથારીમાંથી મોં બહાર કાઢ્યા સિવાય જ કહ્યું.

'અરે આશુ ! તું નહીં જમે તો મારે પણ જમવું નથી.' આશ્લેષાએ કશું સાંભળ્યું જ ના હોય એમ પડી રહી.

કાર્તિક વધુ અકળાયો. તે આશ્લેષાની નજીક જઈ બેઠો. તેનો ખભો પકડતાં બોલ્યો : 'આશુ ? શું વાત છે ? ગુસ્સે કેમ જણાય છે ?'

'પ્લીઝ... ડૉન્ટ ટચ મી... મને અડકીશ નહીં.' આશ્લેષાએ દૂર ખસતાં કહ્યું.

'તું શું બોલે છે ! મને સમજાતું નથી... પેલા નાલાયક પ્રકાશના આવ્યા

બાદ તારા વર્તનમાં આટલો બધો ફેરફાર કેમ ?' ગુસ્સે થયેલો કાર્તિક બોલી રહ્યો.

'મહેરબાની કરીને પ્રકાશ માટે એવા શબ્દો વાપરીશ નહીં.' કાર્તિક સામે નજર તાકતાં આશ્લેષાએ કહ્યું.

'વાહ આશ્લેષા ! એકદમ પ્રકાશ પ્રત્યે લાગણી ક્યાંથી થઈ આવી ?

રિસેપ્શન વખતે તો...'

'તને ખુશ કરવા... તારા સંતોષ માટે. તું એ જ ઈચ્છતો હતો ને !'

'હું શું ઈચ્છતો હતો ?'

'એ જ કે હું પ્રકાશનું અપમાન કરું... પ્રકાશને ધુત્કારી કાઢું... પ્રકાશ સાથે ઝઘડો થયા બાદ તેં પ્રકાશને ચૅલેન્જ આપી હતી ને કે, યાદ રાખજે... જે આશ્લેષા પાછળ તું ગાંડો છે તે તને જ એક દિવસ ધિક્કારશે...' હવે તો તને શાંતિ થઈને ! આશ્લેષા એકીશ્વાસે બોલી રહી.

'...પણ આશુ ? પ્રકાશનું કરિયર તું જાણતી નથી... 'સ્મગલિંગ'માં એ સંડોવાયેલો છે... એની પાછળ તો પોલીસ તપાસ ચાલે છે.' કાર્તિક આશ્લેષાને સમજાવી રહ્યો.

'પોલીસ તપાસ ! તું કાર્તિક, તું તારાં બા-બાપુને ભરમાવી શકે... તારા પૈસાથી દુનિયાને તું ખેલ ખેલાવી શકે પણ પ્રકાશને તો નહીં જ. તું ભલે મને ખરીદી શકીશ, પણ મને અંધારામાં તો રાખી નહીં જ શકે. સ્મગલિંગમાં પ્રકાશ નહીં, પણ તું સંડોવાયેલો છે... મિસ કેકી સંડોવાયેલી છે... આખી કંપનીનો વેપાર સ્મગલિંગના માલ પર ચાલે છે.'

'ચૂપ રહે આશ્લેષા...' તારા આ આક્ષેપની તારે કિંમત ચૂકવવી પડશે.' એને ધમકાવતાં કાર્તિક બોલી રહ્યો.

'પ્રકાશને ત્યજીને તારી સાથે પરણવું પડ્યું તે દિવસથી હું કિંમત ચૂકવી રહી જ છું ને... કાલે એની પરાકાષ્ઠા આવશે.' આંખોમાં આંસુ સાથે આશ્લેષા બોલી.

'શાની પરાકાષ્ઠા ?'

'પ્રકાશ કાલે ઘેર આવશે... એક ભગ્ન પ્રેમી તરીકે નહીં... ફરજ પરના અધિકારી તરીકે... દરોડો પાડવા... કાળાં નાણાંની શોધમાં.' આશ્લેષા બોલી રહી.

કાર્તિક સ્તબ્ધ થઈ ગયો.

'પણ તને કેવી રીતે ખબર પડી ?' તે બોલ્યો.

'એ ના પૂછ કાર્તિક...! પ્રકાશ હજુ મારા માટે એ જ લાગણી... એ જ સ્નેહ ધરાવે છે... ગાંડાએ આવી ખાનગી વાત પણ...!!' કહેતાં આશ્લેષા રડી પડી.

ભાંગેલા હૈયે કાર્તિક આશ્લેષા પાસે ફસડાઈ પડ્યો... આશ્લેષા એની સામે દયામણી નજરે જોઈ રહી.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### મગજ જુદી જુદી વસ્તુઓને કેવી રીતે યાદ રાખે છે!

આપણું મગજ શરીરનું સંચાલન કરવા ઉપરાંત જાતજાતના વિષયોનું જ્ઞાન, લોકોની ઓળખ, ભૂતકાળની ઘટનાઓ વગેરે યાદ રાખે છે અને જરૂર પડયે તાત્કાલિક યાદ પણ કરી શકે છે. ભવિષ્યના વિચારો પણ કરે છે. આટલું નાનું મગજ આટલા બધા કામ કેવી રીતે કરી શકે છે તે વિષે વિજ્ઞાનીઓને પણ પુરી ખબર નથી. પરંતુ સંશોધનો અને અવલોકનોના આધારે વિજ્ઞાનીઓ કહે છે કે મગજમાં અબજો જ્ઞાનકોષો હોય છે. તે વૃક્ષની ડાળીઓની જેમ એકબીજા સાથે જોડાઈને મોટું જાળું બનાવે છે. જ્ઞાનકોષ એકબીજા સાથે ટેન્ડ્રાઈટ નામના સૂત્રથી જોડાયેલા છે. આ બધું જોવા માટે માઈક્રોસ્કોપની જરૂર પડે, નરી આંખે દેખાય નહીં. જુદા જુદા કામ માટે મગજમાં જુદા જુદા કેન્દ્ર હોય છે. આંતરિક હિસ્સામાં યાદકેન્દ્ર હોય છે. યાદકેન્દ્ર પણ બે હોય છે તેમાં રહેલા કોષોમાં અગણિત માહિતી હોય છે. કોષો ન્યૂરોટ્રાન્સમીટર નામના વિદ્યુત સિગ્નલ વડે એકબીજાને માહિતી આપે છે. આ જાળા કરોડરજ્જુ દ્વારા શરીરના જુદા જુદા અંગો સાથે જોડાયેલા હોય છે. આંખ, કાન, જીભ અને ચામડી જોયેલું, સાંભળેલું, ચાખેલુ અને સ્પર્શ કરેલું વગેરે માહિતી મગજમાં પહોંચી જાય છે. મગજમાં વાંચેલું, ભણેલું અને અનુભવેલું લાંબા ગાળાની યાદ તરીકે સંઘરાય છે. મગજનું કામ ઘણું જ જટિલ છે. વિવિધ માણસોમાં વિવિધ પ્રકારની માનસિક શક્તિઓ પણ હોય છે.

### ઠંડીથી રક્ષણ આપતું ગરમ કપડું

ઠંડી સામે રક્ષણ મેળવવા ઉનના બનેલા સ્વેટર ટોપી વગેરે ઉપયોગી થાય છે. આ કપડા પહેરવાથી શરીરમાં હૂંફ મળે છે એટલે આપણે તેને ગરમ કપડાં કહીએ છીએ પરંતુ ખરેખર તે ગરમ હોતા નથી. ગરમીના અવાહક હોવાથી શરીરની ગરમીને બહાર જતી રોકે છે. ગરમી રેડિએશન છે. તે આપમેળે માધ્યમમાં આગળ વધે છે. ગરમ ચ્હા ભરેલો કપ થોડી વાર બહાર પડયો રહે તો ચ્હા ઠંડી થઈ જાય. તેમાંની ગરમી વહીને આસપાસની હવામાં ભળી જાય છે. આસપાસનું વાતાવરણ વધુ ઠંડું હોય કે તાપમાન નીચું હોય ત્યારે આ ક્રિયા ઝડપી બને છે એટલું જ નહીં ગરમ ચ્હા વધુ ઠંડી થઈ જાય છે. આ જ રીતે આપણા શરીરમાંથી ગરમી વહીને બહારની ઠંડી હવામાં ભળતી હોય છે. શિયાળામાં આ ક્રિયા વધુ ઝડપથી થાય છે એટલે આપણને ઠંડી લાગે છે. ગરમી હવા અને ધાતુના માધ્યમમાંથી ઝડપથી આગળ વધે છે પરંતુ ઉનના રેસામાંથી ગરમી પસાર થઈ શકતી નથી. કપાસના રેસામાં પણ આવો ગુણ છે પરંતુ તેમાં ઓછી ક્ષમતા છે. આપણા શરીરની આસપાસ ઉનનું આવરણ શરીરની ગરમીને બહાર જતી રોકી ગરમી જાળવી રાખે છે. ઉનના કપડાં વાતાવરણની હવા અને પવનના સીધા સંપર્કથી બચાવે છે. આમ ઉનના કપડાં આપણા શરીરને ત્રણ રીતે ઠંડીથી રક્ષણ આપે છે.

### ઘર્ષણ અને આઘાતમાંથી અગ્નિ ઉત્પન્ન કરવાનો ઇતિહાસ

પાટા પર ચાલતી રેલગાડી જોઈ હોય તો ક્યારેક પાટા અને પૈડાં વચ્ચે તણખાં ઊડતા જોયા હશે. લોખંડની બે ચીજો જોરથી અથડાય તો પણ તણખાં ઝરે છે. કેટલીક જાતના પથ્થરો પણ પરસ્પર અથડાય તો તણખા ઊડે છે. ઘર્ષણ અને આઘાતથી ગરમી ઉત્પન્ન થાય છે. લોખંડની ચીજો અથડાય ત્યારે તેની સૂક્ષ્મ રજકણો ઊડતી હોય છે. આઘાતથી ઉત્પન્ન થયેલી ગરમીથી આ રજકણો પણ ગરમ થાય છે. અને તે સૂક્ષ્મ હોવાથી તરત જ લાલ રંગની થઈ જાય છે. એટલે તણખા એ ખરેખર તો લોખંડની ગરમ થયેલી રજકણો છે. ઘર્ષણ અને આઘાતથી ઊર્જા છૂટી પડે છે. અને તેનું પ્રમાણ વધુ તો નજીકમાં રહેલી વસ્તુને સળગાવે છે. તીવ્ર પવનોને કારણે જંગલના વૃક્ષોની ડાળીઓ સતત ઘસાય ત્યારે પણ તણખા ઉત્પન્ન થઈ જંગલમાં આગ પણ લાગે છે. અગાઉના જમાનામાં ઘર્ષણ દ્વારા જ અગ્નિ પ્રગટ કરવામાં આવતો. આદિ માનવો એક મોટા લાકડામાં નાનકડું છિદ્ર પાડી તેમાં બીજું લાકડું ઝડપથી ફેરવી ઘર્ષણ કરી અગ્નિ મેળવતો. ચકમક લોઢુ અગ્નિ ઉત્પન્ન કરવાનું એક સાધન હતું. જમીન પર રૂ મૂકી લોખંડના બે ટૂકડાને ઘસીને તેના તણખાં રૂ પર ફેંકી અગ્નિ પ્રગટ કરવાની પદ્ધતિ હતી. જુના લાઈટરમાં નાનકડી પથરી આવતી. આ પથરી ઉપર ધાતુનું નાનકડું ચક્ર ઘસાય તે રીતે ફેરવવાથી નજીકમાં રાખેલી રૂની વાટ સળગી ઉઠતી. અગ્નિ હંમેશા ઘર્ષણમાંથી જ મળતો આવ્યો છે. દિવાસળીની શોધ થયા પછી પણ દિવાસળી અને પેટી પરની પટ્ટીના ઘર્ષણથી જ અગ્નિ પ્રગટ થાય છે.

## વુમન વર્લ્ડ

### રોજિંદા જીવનમાં પણ પહેરીને ફરે છે પોતાના લગ્નમાં પહેરેલો ડ્રેસ




સાઉથ ઓસ્ટ્રેલિયનના એડીલેડ શહેરમાં ટેમી હોલ નામના ૪૩ વર્ષના બહેન રોજિંદા જીવનમાં વેડિંગ ડ્રેસ પહેરીને ફરે છે. ફિંશગ કરવા જાય, ફુટ બોલની મેચ જોવા કે રમવા જાય, ટ્રેનમાં ટ્રાવેલ કરતા હો કે પછી કાર્પેન્ટરીનું નાનુ-મોટું કામ કરવાનું હોય ત્યારે પણ તેઓ વેડિંગ ડ્રેસ પહેરે છે. તેમણે પોતાના વેડિંગ ડ્રેસને રોજિંદો પોશાક બનાવી દીધો છે. એનું કારણ પણ ખાસ છે. બહેન પોતે પર્યાવરણપ્રેમી છે. ૨૦૧૬માં ટેમી ભારત ફરવા આવેલી. અહીંના લોકોની કરકસર જોઈને તેને લાગ્યું કે પોતે નવી કપડં અને જૂતા પાછળ બહુ જ પૈસા ખર્ચે છે તેણે પાછા ઓસ્ટ્રેલિયા જઈને કપડાની બાબતે કરકસરપૂર્વક જીવવાનું શરૂ કર્યું. અલબત્ત ૨૦૧૮માં તેમના લગ્ન થયા ત્યારે તેની સામે મીઠી મુંઝવણ આવી. તે લગ્નના દિવસે ખૂબ સુંદર દેખાવા માંગતી હતી. એટલે લગભગ ૮૬૦૦૦ રૂપિયાનો ડ્રેસ સિવડાવ્યો. આટલા બધા રુપિયા ખર્ચીને બનાવેલી ડ્રેસ એક જ વાર પહેરીને પટારામાં મૂકી દેવામાં ટેમીનો અંતરાત્ કોસતો હતો. તેણે વિચાર્યું કે આ ડ્રેસને રોજિંદા જીવનમાં પહેરી પૂરો કસ કાઢી લેશે એટલે તેણે રોજ ડ્રેસ પહેરવાનું રાખ્યું.

### પતંગિયાને મળી નવી પાંખો



અમેરિકાના કેન્સાસમાં આવેલા એક ઝૂમા કેટી વેનબ્લારિકમ નામની ૩૬ વર્ષની વોલન્ટિયરને મોનાર્ક બટરફલાયની તૂટેલી પાંખનો એક ભાગ મળ્યો. પ્રાણીઓ માટે વિશેષ પ્રેમ ધરાવતી કેટીને ચિંતા થઈ કે જો પાંખ તૂટી ગઈ છે તો નક્કી નજીકમાં ક્યાંક પતંગિયું પણ હશે જે ઉડી નહીં શકતું હોય. નજીકમાં જ તેને એ પંતગિયું મળી પણ ગયું. એ પછી તેણે ગાર્ડનમાં બીજા કોઈ પતંગિયા હોય તો એની શોધ ચલાવી. એમા તેને એક મૃત પતંગિયું મળી આવ્યુ. કેટીએ વિચાર્યું કે મરેલા બટરફલાયની પાંછ ઘાયલ પતંગિયાને લગાવી આપી હોય તો કેવું તેણે તરત જ પોતાના પર્સમાંથી ગુંદર અને માઈક્રોપોર ટેપ જેવી ચીજો કાઢી અને ઘાયલ પતંગિયાને નવી પાંખો ચોંટાડી દીધી. પતંગિયુ જો કાચીપાકી ચોંટેલી પાંખ ફપડાવે તો ફરીથી એ નીકળી જાય એટલા માટે તેણે પતંગિયાની આજુબાજુમાં પિન ખોસીને તેનું હલનચલન બંધ કરાવી દીધું. લગભઘ બે દિવસમાં તો તેની પાંખો એકદમ સરસ રીતે ચીપકી ગઈ અને પતંગિયાને છુટું મૂકતા જ ઉડવા પણ લાગ્યું. નવાઈની વાત એ છે આ પતંગયિાને નવજીવન આપનારી કેટી પોતે ઈન્સેક્ટ આર્ટ બનાવે છે એમાં તે મરેલા પતંગિયાને એકઠાં કરીને તેમના બોડીને પ્રિઝર્વ કરે છે અને એમાંથી જ્વેલરી, એક્સેસરીઝ અને ફ્રેમ જેવી ચીજો બનાવે છે.

### કોફી પીધા પછી કપ પણ ખાઈ જવાનો



પ્લાસ્ટિક અને થર્મોકોલને કારણે પર્યાવરણને બેહદ નુકસાન થઈ રહ્યું છે. ત્યારે હૈદરાબાદની એક કંપનીએ એવા કપ બનાવ્યા છે જે કોઈ જ પ્રકારનું પ્રદુષણ કરી શકે એમ નથી. એનું કારણ એ છે કે આ કપમાં ચા-કોફી કે ઠંડા પીણા નાંકીને પીધા પચી એ ખાઈ જઈ શકાય એમ છે. પીણી ૪૦ મિનિટ સુધી રાખી શકાય છે. જો એથી વધુ સમય માટે પીણા મૂકી રાખવામાં આવે તો અનાજમાંથી બનેલા આ કપનો ઘાટ બદલાઈને ઢીલોઢસ થઈ જાય છે. આ કપને જો તમે ખાઓ નહીં અને ફેંકી દો તો પણ એ માટીમાં સૌથી ઝડપથી ભળીને સેન્દ્રિય ખાતરમાં તબદિલ થઈ જાય છે. સંપૂર્ણપણે ઈકો-ફ્રેન્ડલી હોવાની સાથે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

## ચહેરા પર થ્રેડિંગ કરાવ્યા બાદ ન કરો આવી ભૂલ

આપણા ચહેરાની સુંદરતા આપણી આંખો પર નિર્ભર કરે છે અને આપણી આંખોની સુંદરતા આપણી આઈબ્રો પર નિર્ભર કરે છે. લાંબી અને ભરાવદાર આઈબ્રો સુંદરતાને વધારે છે. પરંતુ અનેક વાર તેને બરાબર પોષણ ન મળવાથી આઈબ્રોની ગ્રોથ બરાબર થઈ શકતી નથી. આઈબ્રોને એક સારો શેપ અને સાઈઝ આપવા મહિલાઓ થ્રેડિંગ કરાવો છે. પરંતુ થ્રેડિંગ કરાવ્યા બાદ તેના દુખાવાથી રાહત મેળવવા માટે અનેક ભૂલો કરી બેસે છે. જે કર્યા બાદ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આવો જોઈએ થ્રેડિંગ બાદ કયું કામ ન કરવું જોઈએ.

### જ્વલન

થ્રેડિંગ કરાવ્યા બાદ તે ભાગ પર જ્વલન થવા લાગે છે. એવામાં તમે વારંવાર તે ભાગને અડશો નહી. ચહેરાને ઠંડા પાણીથી ધોઈ લો અને ગુલાબ જળ અને એલોવેરા મિક્સ કરીને તે ભાગ પર હળવા હાથથી મસાજ કરો.

### મોઇશ્ચારાઇઝર

ઘણી મહિલાઓ થ્રેડિંગ કરાવ્યા બાદ તેને એમ જ રહેવા દે છે. જેનાથી ત્વચા શુષ્ક થઈ જાય છે. જેથી તે ભાગ પર ખંજવાળ અને જ્વલન થવા લાગે છે. એવામાં આ મુશ્કેલીથી બચવા માટે તમે થ્રેડિંગ બાદ તે ભાગ પર હળવા હાથે મોઈસ્ચાઈઝર લગાવી મસાજ કરો.

### વારંવાર અડવું નહી

થ્રેડિંગની જગ્યાએ વારંવાર ન અડવું જોઈએ. વારંવાર અડવાથી તમને ઈન્ફેક્શન કે ખંજવાળ આવી શકે છે.

### મેકઅપ

જ્યારે પણ તમે થ્રેડિંગ કરાવો છો તો તમે ૨૪ કલાક બાદ જ મેકઅપ કરો. થ્રેડિંગ કરાવ્યા બાદ તરત જ મેકઅપ કરવાથી ચહેરા પર ખીલની સમસ્યા થઈ શકે છે. જેનાથી તમારી સુંદરતા ઓછી થઈ શકે છે.

## જલેબી



**સામગ્રી :** ૨ વાટકી મેંદો, ૧ ચમચી–બેકિંગ પાવડર, ઘી, ૨ વાટકી ખાંડ, ચપટી ભર કેસર, ૧ નાની ચમચી ગુલાબ જળ, ૨ નાની એલચી

**રીત :** સૌપ્રથમ મેદામાં બૅકિંગ પાવડર મેળવી ચાળી લો. તે પછી મેંદામાં પાણી નાંખી ક્રીમ જેટલું પાતળુ બનાવી લો અને તે ઘોળને ૨૪ કલાક માટે ગરમ સ્થળે મૂકી દો. ત્યારબાદ ૨ વાટકી ખાંડમાં ૨ વાટકી પાણી નાંખો અને એક તારની ચાસણી બનાવી ઉકાળી લો. તે પછી ચાસણીમાં હુંફાળા પાણીમાં ઘોળેલા કેશર ગુલાબ જળ તથા એલચી નાંખો. ચાસણી તૈયાર થઈ ગયા બદા કઢાઈમાં ઘી ગરમ કરો અને મેદાનાં ઘોળને એક નરમ કપડામાં નાંખી બાંધી લો અને નીચેથી નાનકડું કાણુ પાડી દો. ધ્યાન રાખો કે ઘોળ ન વધુ પાતળું હોય કે ન વધુ ગાઢું. તે પછી કપડામાં બાંધેલા ઘોળ દ્વારા કઢાઈમાં ગોળ–ગોળ જલેબીઓ બનાવીને ઉતારી લો. સારી તળેલી જલેબીઓ ચાસણીમાં નાંખો. ૫ મિનિટ બાદ ચાસણીમાંથી કાઢી ગરમ–ગરમ જલેબી પિરસો.

## સિંગદાણાની કઢી



**સામગ્રી :** ૨ ગ્લાસ – છાશ, ૧ કપ – સિંગદાણા, ૧ નંગ – તજ, ૩–૪ નંગ – લવિંગ, ૧ નંગ – તમાલપત્ર, ૧ નંગ – સૂકુ લાલ મરચું, ૧ ચમચી – લીલાં સમારેલા મરચા, ૨ ચમચી – તેલ, ૧/૨ ચમચી – જીરું, ૧ ચમચી – લાલ મરચું, ૧/૨ ચમચી – ધાણાજીરૂ, ૨ ચમચી –ખાંડ, લીમડો, કોથમીર, મીઠું

**રીત :** સૌ પ્રથમ પહેલા સિંગદાણાને શેકી લો અને તેના ફોતરા કાઢી લો. હવે તેને મિક્સરમાં બરાબર ક્રશ કરી લો. હવે એક તપેલીમાં છાશ લો. તેમાં સિંગદાણાનો બધો ભૂક્કો મિક્સ કરી દો. તે બાદ કઢાઈમાં તેલ ગરમ કરો. તેમાં મરચા, જીરું, તજ, લવિંગ અને તમાલપત્ર, આખું લાલ મરચું સાંતળો. હવે તેમાં સિંગદાણાવાળી છાશ ઉમેરી લો. હવે તેમાં કોથમીર, લીમડો, લાલ મરચું, હળદર, મીઠું અને ધાણાજીરું મિક્સ કરો. તે બાદ છાશને બરાબર ઉકળવા દો. પરંતુ તેને સતત હલાવતા રહો, નહિ તો સિંગદાણા નીચે ચોંટી જશે. હવે તમે તમારી મરજી મુજબ કઢીને પાતળી કે ઘટ્ટ રાખી શકો છો. તૈયાર છે તમારી સિંગદાણાની ફરાળી કઢી.

## ક્રોસવર્ડ




**આડી ચાવી :**
(૧) પ્રવાસના વર્ણનનું પુસ્તક (૫)
(૪) બેચેન (૪)
(૭) સૈકો (૨)
(૮) મોખ, ત્રેવડ, તજવીજ (૨)
(૯) વહેમ, શંકા (૨)
(૧૦) અઘટિત, અધર્મી, વગર હકનું (૩)
(૧૨) અધિક માસ (૪)
(૧૪) નસિયત, શિક્ષા (૨)
(૧૫) ઘાટ, મરોડ, વિવેક (૩)
(૧૬) સોગન (૩)
(૧૮) વઢવાડ, ઝઘડો (૪)
(૨૧) દુકાનનો અગ્ર ભાગ (૨)
(૨૨) આદત, કુટેવ, ખો (૨)
(૨૩) જાત, પનો, યોગ્ય (૨)
(૨૫) રસિયું, રસવાળું (૩)
(૨૮) ખવાસણ, રાણીની દાસી (૪)
(૩૦) સ્વર્ગ, આસમાન (૩)
(૩૨) હદ, લીટી (૨)
(૩૩) ખરું, વાજબી, સમાન (૪)
(૩૫) ખલાસી, માછીમાર (૨)
(૩૭) હાથીખાનું (૪)
(૩૮) નાની વાવ (૩)

**ઊભી ચાવી :**
(૧) અભિપ્રાય, શિખામણ (૩)
(૨) રિવાજ, રીત (૩)
(૩) તોરી, છંદી (૨)
(૪) બેદરકાર (૩)
(૫) ઢગલો, વ્યાજ મુદ્દલ (૨)
(૬) તકરાર, ખેંચાખેંચી (૪)
(૮) લતા (૨)
(૧૧) અસુર, દાનવ, દનુજ (૩)
(૧૨) મગદૂર (૩)
(૧૩) અનુકૂળતા, જોગવાઈ (૩)
(૧૬) કઠણ (૩)
(૧૭) મુખ્ય સ્થાન (૩)
(૧૯) ખીચડો, ઝઘડો, વાંધો (૨)
(૨૦) બ્રાહ્મણ, વડવાગ્નિ (૩)
(૨૩) ઊંટના વાળ (૩)
(૨૪) લડાઈનું મેદાન (૨)
(૨૬) ગ્રહ, તારો (૩)
(૨૭) પર્વત (૨)
(૨૯) ટોપલી (૨)
(૩૦) કર્તવ્ય (૩)
(૩૧) બારણું (૩)
(૩૩) ખરેટું (૨)
(૩૪) બક, બગલો (૨)
(૩૬) બગીચો, બાગ (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૧૯

# જાહેર યોજનાઓના ફંડની હેરાફેરી રૂ. ૩૩૦૦ કરોડનું હવાલા રેકેટ ઝડપાયું

**• દિલ્હી, મુંબઇ, હૈદરાબાદ, ગોવા, પૂણે, આગ્રામાં તપાસ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલી કંપનીઓ સામેલ**

નવી દિલ્હી : ઈન્કમટેક્સ વિભાગ દ્વારા દેશના વિવિધ રાજ્યોમાં દરોડા પાડવામાં આવ્યા હતા, આ દરોડા દરમિયાન આશરે ૩૩,૦૦ કરોડ રૂપિયાનું મોટુ હવાલા રેકેડ ઝડપાયું છે.

આ હવાલા રેકેડમાં અનેક લોકો સામેલ છે અને રેકેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલું છે. એક મોટી ગેંગ આ હવાલા રેકેડમાં સંકળાયેલી છે. જેના તાર દિલ્હી, મુંબઇ, હૈદરાબાદ જેવા શહેરોમાં પણ ફેલાયેલા છે.

આઈટી વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ હવાલા રેકેટમાં ટોચના બિઝનેસમેન પણ સામેલ છે. સીબીડીટીએ એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે આશરે ૪૨ જેટલા સ્થળોએ તપાસ અભિયાન ચલાવવામાં આવ્યું હતું, જે દરમિયાન આ મોટો ખુલાસો થયો છે.

આશરે ૩૩૦૦ કરોડ રૂપિયાના આ હવાલા કૌભાંડમાં હજુ પણ તપાસ ચાલી રહી છે અને એક મોટી ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સીબીડીટીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે દિલ્હી, મુંબઇ, હૈદરાબાદ, પૂણે, આગ્રા, ગોવા સહીતના અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. જે દરમિયાન એક મોટુ રેકેડ ઝડપાયું છે.

આ હવાલા કૌભાંડ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવેલા ફંડ સાથે સંકળાયેલુ છે. આ ફંડને એન્ટ્રી કોર્પોરેટો, લોબી કરનારા તથા હવાલા ડીલરો દ્વારા હેરફેર કરવામા આવ્યા હતા. આ નિવેદનમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે આ હેરફેરમાં સામેલ કંપનીઓ દિલ્હી અને મુંબઈમાં સક્રિય છે.

# સપ્ટે.માં ઔદ્યોગિક ઉત્પાદન ૪ ટકા ઘટ્યું, ૮ વર્ષનો સૌથી મોટો ઘટાડો

નવી દિલ્હી : અર્થતંત્રમાં મંદીના સંકેત આપતા સપ્ટેમ્બરમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૪.૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જે છેલ્લા આઠ વર્ષનો સૌથી મોટો ઘટાડો છે. મેન્યુફેકચરિંગ, માઈનિંગ અને ઈલેક્ટ્રિસિટી સેક્ટરના નબળા દેખાવને પગલે સપ્ટેમ્બરમા ઔદ્યોગિક ઉત્પાદનમાં ઘટાડો જોવા મળ્યો છે.

સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (સીએસઓ)ના આંકડા અનુસાર સપ્ટેમ્બરમાં` ઔદ્યોગિક ઉત્પાદનમાં છેલ્લા આઠ વર્ષનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ, ૨૦૧૯માં આઈઆઈપી આધારિત ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧.૪ ટકાનો ઘટાડો થયો હતો. ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન (આઈઆઈપી) આધારિત ઔદ્યોગિક ઉત્પાદન સપ્ટેમ્બર, ૨૦૧૮માં ૪.૬ ટકા વધ્યો હતો. સપ્ટેમ્બર મહિનામાં મેન્યુફેકચરિંગ સેક્ટરના ઉત્પાદનમાં ૩.૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૪.૮ ટકાનો વધારો થયો હતો. સપ્ટેમ્બર, ૨૦૧૯માં વીજળીના ઉત્પાદનમાં ૨.૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. એક વર્ષ અગાઉના સમયગાળામાં આ સેક્ટરમાં ૮.૨ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી.

# પાર્લામેન્ટ કમિટી ઓન ફાઈનાન્સમાં પૂર્વ પીએમ મનમોહન સિંહની નિમણૂક

નવી દિલ્હી : રાજ્યસભા અધ્યક્ષ વેંકૈયા નાયડુએ પૂર્વ વડાપ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા મનમોહન સિંહને સંસદની નાણાકીય બાબતોની સ્ટેન્ડિંગ કમિટીમાં દિગ્વિજય સિંહના સ્થાને સ્થાન આપ્યું છે. રાજ્યસભા દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર દિગ્વિજય સિંહને શહેરી વિકાસ માટે સંસદની સ્ટેન્ડિંગ કમિટીમાં સ્થાન આપવામાં આવ્યું છે. પૂર્વ વડાપ્રધાનને નાણાકીય બાબતોની સ્ટેન્ડિંગ કમિટીમાં સ્થાન મળે તે માટે દિગ્વિજય સિંહે રાજીનામું આપ્યું છે. મનમોહન સિંહ ૧૯૯૧થી ૧૯૯૬ સુધીના દેશના નાણા પ્રધાન હતાં. આ ઉપરાંત સપ્ટેમ્બર, ૨૦૧૪થી મે, ૨૦૧૯ સુધી આ પેનલના સભ્ય પણ હતાં. ચાલુ વર્ષે જૂન મહિનામાં રાજ્યસભામાં મનમોહન સિંહનો કાર્યકાળ સમાપ્ત થયો હતો. જો કે ઓગસ્ટ મહિનામાં તેઓ રાજ્યસભા માટે રાજસ્થાનમાંથી તેઓ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતાં.

# સ્વિસમાં ભારતીયો સહિતના ૨૬૦૦ ખાતામાં ૩૦૦ કરોડના દાવેદાર નથી

નવી દિલ્હી : ભારતમાં કાળા નાણાને લઈને લાંબા સમયથી રાજકારણ ચાલી રહ્યું છે. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પહેલા ભાજપ માટે કાળા નાણાને પરત લાવવા એ સૌથી મોટા મુદ્દાઓ પૈકી એક હતો.

જોકે હવે સત્તામાં આવ્યાને આટલા વર્ષ વીતી ગયા છે ત્યારે જનતા સરકારને પૂછી રહી છે કે કાળુ નાણુ ક્યારે પરત લાવશો. આ પરિસ્થિતિ વચ્ચે હવે એવા અહેવાલો છે કે સ્વિસ બેંકોમાં ભારતીયોના કરોડો રૂપિયા પડયા છે પણ તેને લેવા માટે કોઈ નથી આવી રહ્યું. સ્વિત્ઝર્લેન્ડની બેંકો દ્વારા જ આ માહિતી આપવામાં આવી છે. આ રિપોર્ટ અનુસાર સ્વિસ બેંકોમાં ભારતીયોના અનેક ખાતા છે, જેમાં એવા પણ ખાતા છે કે જેને નિષ્ક્રિય કરી નાખવામાં આવ્યા હોય. આ નિષ્ક્રિય થયેલા ખાતાઓમાં કરોડો રૂપિયા પડયા છે. એવા દાવા થઈ રહ્યા છે કે સ્વિસ બેંકોમાં બધા જ દેશોના જે નિષ્ક્રિય ખાતા છે તેમાં ૪.૫ સ્વિસ ફ્રેંક અથવા તો ૩૦૦ કરોડ રૂપિયા જમા છે. આવા ખાતાની સંખ્યા પણ ૨૬૦૦ જેટલી છે, જેમાં ૧૦ ખાતા ભારતીયોના છે. વર્ષોથી સ્વિસ બેંકના આ ખાતામાં કરોડો રૂપિયા પડયા છે, જોકે તે ગેરકાયદે છે કે કેમ તેની માહિતી જાહેર નથી કરાઈ પણ સ્વિસ બેંકોના નિયમ મુજબ આ પૈસા કાયદેસર હોય તો પણ તેને લેવા માટે કેમ કોઈ નથી આવ્યું તેને લઈને આશ્ચર્યજનક સ્થિતિ ઉભી થઈ છે. ૨૦૧૫થી જ સ્વિસ બેંકોએ જે ખાતા નિષ્ક્રિય અવસ્થામાં પહોંચી ગયા તેની માહિતી જાહેર કરવાનું શરૂ કરી દીધુ હતું.

# YMCA સહિત ૧૮૦૭ NGO શૈક્ષણિક સંસ્થાનાં FCRA રજિસ્ટ્રેશન રદ

ગાંધીનગર : કેન્દ્રીય ગૃહમંત્રાલયના જણાવ્યા અનુસાર વર્તમાન વર્ષમાં વિદેશમાંથી ભંડોળ મેળવવામાં કાયદાનું ઉલ્લંઘન કરવા માટે ૧૮૦૭ એનજીઓ અને શૈક્ષણિક સંસ્થાઓના રજિસ્ટ્રેશન રદ કરી તેમના વિદેશમાંથી ભંડોળ મેળવવા પર પ્રતિબંધ લાદી દેવાયો છે. ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ અંતર્ગત રજિસ્ટ્રેશન ધરાવતી રાજસ્થાન યુનિવર્સિટી, અલ્હાબાદ એગ્રિકલ્ચર ઈન્સ્ટિટયૂટ, યંગ મેન્સ ક્રિશ્ચિયન એસોસિએશન ગુજરાત અને સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન સોસાયટી, કર્ણાટક સહિતની સંસ્થાઓ પર પ્રતિબંધ લદાયો છે. એફસીઆરએ રજિસ્ટ્રેશન રદ થવાના કારણે આ તમામ એનજીઓ અને શૈક્ષણિક સંસ્થાઓના વિદેશમાંથી ભંડોળ મેળવવા પર પ્રતિબંધ લાગી ગયો છે.




Chapel Ridge
FUNERAL HOME & CREMATION CENTRE
416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. (St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત
$4270

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* This is not a general insurance. Applies only in case of a death away from home.

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com

# સુપ્રીમ કોર્ટનો મોટો ચુકાદો, કર્ણાટકના ૧૭ અયોગ્ય MLA લડી શકશે ચૂંટણી

સુપ્રીમ કોર્ટે કર્ણાટકમાં કોંગ્રેસ અને જનતા દળ સેક્યુલર (જેડીએસ)ના ૧૭ અયોગ્ય ધારાસભ્યોને રાહત આપતા તેમને પેટાચૂંટણી લડવાની મંજૂરી આપી દીધી છે. કોર્ટે કર્ણાટક વિધાનસભાના તત્કાલીન સ્પીકર દ્વારા ધારાસભ્યોની અયોગ્યતાના નિર્ણયને યોગ્ય ગણાવ્યો છે. કોર્ટનું કહેવું છે કે જો કે અયોગ્યતા અનિશ્ચિતકાળ માટે હોઈ શકે નહીં.

આપને જણાવી દઈએ કે સુપ્રીમ કોર્ટે અયોગ્ય ધારાસભ્યોની અરજી પર ૨૫મી ઑક્ટોબરના રોજ સુનવણી બાદ પોતાનો નિર્ણય સુરક્ષિત રાખી લીધો હતો. આ ધારાસભ્યોને વિધાનસભાના તત્કાલીન અધ્યક્ષ આર.રમેશ કુમારે અયોગ્ય જાહેર કર દીધા હતા. ન્યાયમૂર્તિ એન.વી.રમણ, ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, અને ન્યાયમૂર્તિ કૃષ્ણ મોરારીની ત્રણ સભ્યવાળી બેન્ચે આ અયોગ્ય ઘોષિત ધારાસભ્યોની અરજી પર ૨૫મી ઑક્ટોબરના રોજ સુનવણી પૂરી કરી હતી.

### ૫ ડિસેમ્બરના રોજ પેટાચૂંટણી

આ ધારાસભ્યોને અયોગ્ય ઘોષિત કરતાં ૧૭માંથી ૧૫ સીટો માટે પાંચ ડિસેમ્બરે પેટાચૂંટણી થઇ રહી છે. અયોગ્ય ધારાસભ્યોએ પોતાની અરજીમાં ૫ ડિસેમ્બરના રોજ યોજાનાર પેટાચૂંટણી પર પ્રતિબંધ મૂકવાની પણ માંગણી કરી હતી.

### બળવાખોર ધારાસભ્યો ભાજપમાં સામેલ

કર્ણાટકમાં કોંગ્રેસ-જેડીએસના ૧૭ બળવાખોર ધારાસભ્યોમાંથી ૧૬ ભાજપમાં સામેલ થયા છે. ગુરુવારે સવારે બેંગ્લુરૂમાં મુખ્યપ્રધાન બી.એસ.યેદિયુરપ્પાની હાજરીમાં આ તમામ ધારાસભ્યોએ ભાજપનો કેસરિયો ખેસ ધારણ કર્યો હતો. ૧૭ માથી એકમાત્ર રોશન બેગ ભાજપમા સામેલ થયા નથી. ભાજપે ૧૩ બળવાખોરોને પણ ટિકિટ આપી દીધી છે.

# ખટ્ટરના કેબિનેટનું વિસ્તરણ કરાયું, ચૌટાલાને ૧૧ મંત્રાલયની ફાળવણી

ચંડીગઢ : હરિયાણામાં લગભગ ૩ અઠવાડિયાથી પેન્ડિંગ પડેલા મંત્રીમંડળનું ગુરુવારે વિસ્તરણ થયું હતું. ગુરુવારે ૬ કેબિનેટ અને ૪ રાજ્યમંત્રી એમ કુલ ૧૦ મંત્રીઓએ શપથ લીધા હતા. ભાજપ ક્વોટામાંથી ૮ ધારાસભ્યોએ મંત્રી પદના શપથ લીધા જ્યારે ભાજપની સહયોગી જેજેપીના એક અને ૧ અપક્ષ ધારાસભ્યે પણ મંત્રીપદના શપથ લીધા હતા. અગાઉ કેબિનેટ મંત્રી રહેલા અનિલ વિજને ફરી તક અપાઈ હતી. તે ઉપરાંત કંવરપાલ ગુર્જર, મુલચંદ શર્મા, રંજિતસિંહ, જેપી દલાલ, બનવારી લાલે કેબિનેટ મંત્રી તરીકે તો ઓમપ્રકાશ યાદવ, કમલેશ ઢાંડા, અનુપ ધાનક અને પૂર્વ હોકી ખેલાડી સંદીપસિંહે સ્વતંત્ર હવાલા સાથેના રાજ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. બીજી તરફ ચૌટાલાને ૧૧ મંત્રાલય મળ્યાં હતાં.

મંત્રીઓની યાદીમાં સૌથી ચોંકાવનારું નામ સંદીપસિંહનું છે. ૩૩ વર્ષીય પૂર્વ હોકી ખેલાડી અને ભારતીય હોકી ટીમના કેપ્ટન રહેલા સંદીપસિંહે રાજ્યમંત્રી તરીકે પંજાબીમાં શપથ લીધા હતા. સંદીપ પિહોવા બેઠકથી ભાજપના ધારાસભ્ય છે. આ બેઠક પર ભાજપને ૫૩ વર્ષમાં પહેલી વાર જીત મળી છે. થોડા સમય પહેલાં સંદીપના જીવન પર સૂરમા નામની ફિલ્મ પણ બની હતી.

# ચેન્નાઈમાં શૈક્ષણિક જૂથ પર ITના દરોડા, ૩૫૦ કરોડની આવક કબજે

- જેપ્પિઆર ગ્રુપ પરના દરોડા દરમિયાન પાંચ રોકડ રકમ અને ત્રણ કરોડની જ્વેલરી પણ જપ્ત કરાઈ

નવી દિલ્હી : આવકવેરા વિભાગે ચેન્નાઈ સ્થિત શૈક્ષણિક સંસ્થામાં દરોડા પાડી ૩૫૦ કરોડ રૂપિયાની જાહેર ન કરેલી આવક શોધી કાઢી છે અને ૮ કરોડ રૂપિયાની રોકડ અને જવેલી જપ્ત કરી લીધી છે તેમ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસે એક નિવેદનમાં જણાવ્યું છે.

આવકવેરા વિભાગ માટે નીતિ ઘડતરનું કાર્ય કરતી સંસ્થા સીબીડીટીએ વધુમાં જણાવ્યું છે કે છેલ્લા ૩૦ વર્ષથી ચેન્નાઈ અને તેની આસપાસના વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થા ચલાવતા ટ્રસ્ટોના એક જૂથ પર સાત નવેમ્બરે દરોડા પાડવામાં આવ્યા હતાં. જો કે બોર્ડે જણાવ્યું ન હતું કે આ દરોડા ક્યાં પાડવામાં આવ્યા હતાં પણ સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર જેપ્પીઆર ગ્રુપ પર આ દરોડા પાડવામાં આવ્યા હતાં. સીબીડીટીના જણાવ્યા અનુસાર આ જૂથ દ્વારા અનેક એન્જિનિયરિંગ, પોલિટેકનિક, ડેન્ટલ અને નર્સિંગ કોલેજ, હોસ્પિટલ, સ્કૂલ ચલાવવામાં આવે છે.

# દિલ્હીમાં પ્રદૂષણની સ્થિતિ અત્યંત ગંભીર બની : એક્યૂઆઈ ૫૦૦ને પાર થઈ ગઈ



નવી દિલ્હી : દિલ્હી-એનસીઆર અને તેની આસપાસના વિસ્તારોમાં બુધવારે વાયુ પ્રદૂષણનું સ્તર અત્યંત ગંભીર સ્તરે પહોંચી ગયું હતું. દિલ્હી-એનસીઆરના ઘણા વિસ્તારોમાં એક્યૂઆઈ ૫૦૦ને પાર થઈ ગયો હતો. જાણકારોએ જણાવ્યું કે, હાલમાં સ્થિતિ ગંભીર છે અને આગામી સમયમાં તે વધારે ખરાબ થઈ શકે છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સિસ્ટમ ફોર એર ક્વોલિટી ફોરકાસ્ટિંગ એન્ડ રિસર્ચે જણાવ્યું કે, સ્થિતિ ખરાબ રહેવાની શક્યતાઓ છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ સુઓમોટો કરતાં સરકારોની ઝાટકણી કાઢી હતી. તેમણે પ્રદૂષણ ઓછું કરવા માટે જાપાનની હાઈડ્રોજન ઉપર આધારિત ઈંધણ પ્રોદ્યોગિકી અંગે ફિઝિબિલિટી રિપોર્ટ માગ્યો હતો. કોર્ટે જણાવ્યું કે, સરકાર અને અન્ય લોકો દ્વારા પ્રદૂષણનો ઉકેલ લાવવા અંગે ખૂબ જ ઓછા પ્રયાસ કરવામાં આવ્યા છે. તેના કારણે કોર્ટને જાતે આ મુદ્દે પગલાં લેવાની ફરજ પડી રહી છે. તેના આધારે જ જાપાની ટેક્નોલોજીનો રિપોર્ટ માગવામાં આવ્યો છે. બુધવારે દિલ્હીમાં ફરીથી પ્રદૂષણનું સ્તર વધી જવાના કારણે શાળા અને કોલેજો દ્વારા રજા જાહેર કરવાની યોજના બનાવવામાં આવી રહી છે.

# પ. બંગાળ અને ઓડિશામાં બુલબુલનો હાહાકાર : ૧૨ના મોત, ભારે તારાજી

- ૧૩૫ કિમી પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું ત્રાટક્યું,બંગાળમાં ૨૪૭૩ મકાન ધરાશયી
- મોદી, અમિત શાહે મમતા બેનર્જી સાથે વાત કરી કેન્દ્ર તરફથી મદદની ખાતરી આપી



નવી દિલ્હી : બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રાવતી બુલબુલ વાવાઝોડું શનિવાર સાંજે બંગાળ અને ઓડિશાના કાંઠા વિસ્તાર પર ત્રાટક્યું છે. ૧૨૦થી ૧૩૫ કિમી પ્રતિ કલાકની ઝડપના પવન સાથે બુલબુલ વાવાઝોડું બંને રાજ્યો પર ત્રાટક્યુ હતું. સાથે જ બંને રાજ્યોનાા કાંઠા વિસ્તારમાં ભયાનક તારાજી પણ સર્જી છે. બુલબુલ વાવાઝોડાને કારણે બંને રાજ્યોમાં થઈને કુલ ૧૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. વાવઝોડું બંને રાજ્યો પર ત્રાટક્યા બાદ ધીમું પડયુ હતું, પરંતુ સાથે જ વિનાશ પણ વેર્યો છે.

વાવાઝોડાને કારણે લાખો લોકોને અસર થઈ છે. એકલા પશ્ચિમ બંગાળમાં જ ત્રણ લાખ લોકો અસરગ્રસ્ત થયા છે. હજારો લોકો બેઘર પણ બન્યા છે. વાવાઝાડાના કારણે બંને રાજ્યોના કાંઠા વિસ્તારોમાં ભારે વરસાદ પણ પડયો છે, તેમજ હજુ પણ વરસાદની શક્યતા બતાવવામાં આવી છે.

# જમ્મુ કાશ્મીરમાં ભારે બરફવર્ષાથી ઠંડી : બેનાં મોત, જનજીવન ઠપ

- બરફવર્ષાને કારણે સફરજનના પાકનો નાશ :
- હજારો બગીચાનો પાક સાફ થઈ ગયો, ખેડૂતોમાં ચિંતા

શ્રીનગર : જમ્મુ કાશ્મીરમાં પાછલા ચાર દિવસથી સતત ભારે બરફવર્ષા થઈ રહી છે. જેણે ત્યાંના જનજીવનને ઠપ કરી દીધું છે. ભારે બરફવર્ષાને કારણે રાજ્યભરમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. રાજ્યમાં વિવિધ જગ્યાઓ પર તાપમાનમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે.

શ્રીનગરનું મહત્તમ તાપમાન ૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ છે. જે સામાન્ય કરતા ૧૪ ડિગ્રી જેટલું ઓછું છે. ઉપરાંત બરફવર્ષાને કારણ બે લોકોએ જીવ પણ ગુમાવ્યો છે. કાશ્મીરના ગુલમર્ગમાં એલઓસી નજીક બે વ્યક્તિઓના હિમ સ્ખલનના કારણે મોત થયા છે. રાજ્યની શિયાળઆની રાજધાની જમ્મુમાં પણ તાપમાનનો પારો સામાન્ય તાપમાન કરતા ૫ ડિગ્રી જેટલો નીચે ગબડયો છે. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન ગુલમર્ગમાં નોંધાયું છે. ગુલમર્ગમાં માઈનસ ૪.૮ ડિગ્રી તાપમાને લોકોને થીજવ્યા હતા. આ સિવાય પહલગામ, સરહદ નજીકનું કુપવાડા અને દક્ષિણ કાશ્મીરનું કોકેરંગ શહેર પણ શૂન્યથી નીચે તાપમાનમાં થીજ્યા છે.

# ઈન્ફોસીસના વધુ એક કર્મચારીનો સીઈઓ સલીલ પારેખ પર આરોપ

બેંગ્લુરુ : ઈન્ફરમેશન ટેકનોલોજી સેક્ટરની અગ્રણી કંપની ઈન્ફોસિસ ફરી એક વખત વિવાદમાં ઘેરાઈ ગઈ છે. કંપનીના બીજા એક કર્મચારીએ પોતાની ઓળખ છુપાવેલી કરેલી અરજીમાં કંપનીના સીઈઓ સલીલ પારેખ વિરૂદ્ધ અનિયમિતતા આચરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે અને તેમની વિરૂદ્ધ કાર્યવાહીની માગ કરી છે. અરજી કરનાર કર્મચારીએ પોતાની ઓળખ ફાઈનાન્સ વિભાગના કર્મચારી તરીકે દર્શાવી છે. આ પત્રમાં જણાવવામાં આવ્યું છે કે તે આ ફરિયાદ સર્વસંમતિથી કરી રહ્યો છે. પોતાની ઓળખ છુપાવવાનો કારણ આપતા વ્હીસલબ્લોઅરે જણાવ્યું છે કે આ કેસ ખૂબ જ સંવેદનશીલ હોવાથી તેની વિરૂદ્ધ બદલાની ભાવનાથી કાર્યવાહી થઈ શકે છે. આ પત્રમાં જણાવવામાં આવ્યું છે કે હું કેટલાક એવા તથ્યો પ્રત્યે ધ્યાન દોરવા માગુ છું જેનાથી મારી કંપની નૈતિકતાની પ્રણાલી નબળી પડી રહી છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે કંપનીના પૂર્વ સીઈઓ વિશાલ સિક્કાના ગયા પછી નવા સીઈઓની પસંદગી વખતે કંપનીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ પદ બેંગાલુરૂ માટે હશે. પારેખને કંપનીના સીઈઓ તરીકે એક વર્ષ અને આઠ મહિનાનો સમય થઈ ગયો હોવા છતાં તે મુંબઈથી કાર્ય કરી રહ્યાં છે.

# ટાટા જૂથનું ઈલેક્ટોરલ ટ્રસ્ટ ભાજપ ઉપર મહેરબાન : ૧ વર્ષમાં ૩૫૬ કરોડ આપ્યા

- ભાજપને ચેક અને ઓનલાઈન પેમેન્ટ દ્વારા ૭૦૦ કરોડનું દાન મળ્યુ

નવી દિલ્હી : નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ટાટા જૂથના ઈલેક્ટોરલ ટ્રસ્ટે ભાજપને ૩૫૬ કરોડ રૂપિયાનું ડોનેશન આપ્યું હતું તેમ ભાજપે ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરેલા દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે.

૩૧ ઓક્ટોબરના રોજ ભાજપે ચૂંટણી પંચને આપેલી માહિતી મુજબ નાણાકીય ૨૦૧૮-૧૯માં તેને ચેક અને ઓનલાઈન ડોનેશન દ્વારા કુલ ૭૦૦ કરોડ રૂપિયાનું ડોનેશન મળ્યું છે . તે પૈકી અડધું ડોનેશન ટાટા જૂથનું અંકુશ ધરાવતા પ્રોગ્રેસિવ ઈલેક્ટોરલ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવ્યું છે. ભારતના સૌથી ધનિક ટ્રસ્ટ પ્રૂડેન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટે ભાજપને ૫૪.૨૫ કરોડ રૂપિયાનું ડોનેશન આપ્યું હતું. પ્રૂડેન્ટ ટ્રસ્ટને ભારતી ગ્રુપ, હીરો મોટોકોર્પ, જ્યુબિલિયન્ટ ફૂડવર્ક્સ, ઓરિએન્ટ સિમેન્ટ, ડીએલએફ, જેકે ટાયર સહિતની કંપનીઓનું સમર્થન પ્રાપ્ત છે. જો કે ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા મળેનલ ડોનશનનો આ રકમમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. આ રકમમાં ચેક અને ઓનલાઈન પેમેન્ટ દ્વારા મળેલી રકમનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે ૨૦,૦૦૦ રૂપિયાથી વધુની રકમનું ડોનેશન ફક્ત ચેક અને ઓલાઈન પેમેન્ટ દ્વારા જ સ્વીકારવામાં આવે છે. ભાજપને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં વ્યકિતઓ, કંપનીઓ અને ઈલેક્ટોરલ ટ્રસ્ટ દ્વારા ડોનેશન પ્રાપ્ત થયું હતું તેમ ભાજપે ચૂંટણી પંચને રજૂ કરેલા દસ્તાવેજમાં જણવવામાં આવ્યું છે.

# પ્રથમ ટેસ્ટ : બાંગ્લાદેશ ૧૫૦માં ઓલઆઉટ: ભારત ૮૬/૧

## બાંગ્લાદેશની છેલ્લી પાંચ વિકેટ માત્ર ૧૦ રનમાં પડી :શમીની ૨૭ રનમાં ત્રણ વિકેટ

ઈન્દોર : બાંગ્લાદેશ સામેની બે ટેસ્ટ મેચની શ્રોણીનો ગુરુવારથી ઈન્દોરના હોલ્કર સ્ટેડિયમ ખાતે પ્રારંભ કરવા માટે મેદાનમાં ઊતરેલી ભારતીય ટીમે પ્રથમ દિવસે ગુરુવારે શિસ્તબદ્ધ બોલિંગ પ્રદર્શન કરીને પ્રવાસી ટીમને બેકફૂટ ઉપર ધકેલી દીધી હતી. પ્રથમ દિવસ સંપૂર્ણપણે ભારતની તરફેણમાં રમ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર બાંગ્લાદેશની પૂરી ટીમ માત્ર ૧૫૦ રનમાં સમેટાઈ ગઈ હતી અને તેણે છેલ્લી પાંચ વિકેટ માત્ર ૧૦ રનના ગાળામાં ગુમાવી હતી. ભારત માટે પેસ બોલર મોહમ્મદ શમીએ ૨૭ રનમાં સર્વાધિક ત્રણ, યાદવ, ઈશાન્ત તથા અશ્વિને બે-બે વિકેટ ઝડપી હતી. પ્રથમ દિવસની રમતના અંતે ભારતે પ્રથમ દાવમાં એક વિકેટે ૮૬ રન બનાવી લીધા હતા. સ્ટમ્પના સમયે ચેતેશ્વર પૂજારા ૪૩ તથા ઓપનર મયંક અગ્રવાલ ૩૭ રને રમી રહ્યા હતા. બંને વચ્ચે બીજી વિકેટ માટે ૭૨ રનની ભાગીદારી નોંધાઈ છે. ભારતને બાંગ્લાદેશના સ્કોરને સરભર કરવા માટે વધુ ૬૪ રનની જરૂર છે.



### ૨૫૦ વિકેટ : અશ્વિનની કમાલ, કુંબલે અને હરભજનની ઇલિટ ક્લબમાં સામેલ

ભારતીય ઓફ સ્પિનર આર. અશ્વિને બાંગ્લાદેશ સામે રમાતી પ્રથમ ટેસ્ટના પ્રારંભિક દિવસે ગુરુવારે પ્રવાસી ટીમના સુકાની મોમિનુલ હકને (૩૭) બોલ્ડ કરીને મેચમાં પોતાની પ્રથમ વિકેટ ઝડપી હતી. ભારતની ધરતી ઉપર આ તેની ૨૫૦મી વિકેટ છે. આ સાથે તે અનિલ કુંબલે તથા હરભજનસિંઘની ઇલિટ ક્લબમાં સામેલ થઈ ગયો છે. તે ભારતમાં ૨૫૦ વિકેટ

### કિદામ્બી શ્રીકાંત હોંગકોંગ ઓપનની ક્વાર્ટર ફાઇનલમાં

હોંગકોંગ : કિદામ્બી શ્રીકાંતે સાત મહિના બાદ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. બીજી તરફ તેના સાથી ખેલાડી એચએસ પ્રણોયનો હોંગકોંગ ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પરાજય થયો હતો. વિશ્વના ભૂતપૂર્વ પ્રથમ ક્રમાંકિત શ્રીકાંતે મેન્સ સિંગલ્સમાં પોતાના જ દેશના સૌરભ વર્માને ભારે રસાકસી બાદ ૨૧-૧૧, ૧૫-૨૧, ૨૧-૧૯ના સ્કોરથી હરાવ્યો હતો. વર્લ્ડ રેન્કિંગમાં ૧૩મા ક્રમાંકિત રહેલા શ્રીકાંતે છેલ્લે એપ્રિલમાં રમાયેલી સિંગાપોર ઓપનની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. પ્રણયનો બીજા રાઉન્ડના મુકાબલામાં ઇન્ડોનેશિયાના જોનાથાન ક્રિસ્ટી સામે ૧૨-૨૧, ૧૯-૨૧થી પરાજય થયો હતો.

### પ્રથમ ટીર૦માં વેસ્ટ ઇન્ડિઝે અફઘાનિસ્તાનને હરાવ્યું

લખનૌ : ઇવિન લુઇસની આક્રમક બેટિંગ બાદ બોલર્સે કરેલી શિસ્તબદ્ધ બોલિંગની મદદથી વેસ્ટ ઇન્ડિઝે અહીં રમાયેલી પ્રથમ ટ્વેન્ટી૨૦ ઇન્ટરનેશનલ મેચમાં અફઘાનિસ્તાનની ટીમને ૩૦ રનથી પરાજય આપ્યો હતો. વેસ્ટ ઇન્ડિઝે પાંચ વિકેટે ૧૬૪ રન બનાવ્યા હતા. જેના જવાબમાં અફઘાન ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૩૪ રન નોંધાવી શક્યું હતું. ત્રણ મેચની શ્રોણીમાં કેરેબિયન ટીમ ૧-૦થી આગળ થઇ છે. વિન્ડીઝની ઇનિંગ્સમાં લુઇસે ૪૧ બોલમાં ચાર બાઉન્ડ્રી અને છ સિક્સર વડે ૬૮ રન તથા પોલાર્ડે ૨૨ બોલમાં ૩૨ રન બનાવ્યા હતા.

### સ્પેનના મહાન ફૂટબોલર તથા વર્લ્ડ ચેમ્પિયન ડેવિડ વિલાની નિવૃત્તિ

ટોક્યો : સ્પેનના મહાન ફૂટબોલર ડેવિડ વિલાએ પ્રોફેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. સ્પેનની નેશનલ ટીમનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલો વિલા હાલમાં જાપાનની ક્લબ વિસેલ કોબે તરફથી રમી રહ્યો છે. વિલાએ બુધવારે ટ્વિટ કરીને પોતાની નિવૃત્તિની જાહેરાત કરી હતી. તે સિઝનમાં બાકીની મેચોમાં રમશે. ૩૭ વર્ષીય વિલા એફસી બાર્સેલોના, એટ્લેટિકો મેડ્રિડ તથા વેલેન્સિયા માટે પણ ફૂટબોલ રમ્યો છે.

# સાઈના હોંગકોંગ ઓપનમાંથી આઉટ

હોંગકોંગ : ભારતીય શટલર સાઈના નેહવાલ તથા સમીર વર્માના અભિયાનનો હોંગકોંગ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપના પ્રથમ રાઉન્ડમાં અંત આવી ગયો હતો. પી વી સિંધૂએ બીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો. આઠમી ક્રમાંકિત સાઈનાનું કંગાળ ફોર્મ જારી રહ્યું છે અને તે છેલ્લી છમાંથી પાંચ ટૂર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં જ હારી ગઈ છે. ચીનની કાઈ યાન યાને સાઈનાને ૨૧-૧૩, ૨૨-૨૦થી હરાવી હતી. યાન યાને સાઈનાને સતત બીજી મેચમાં પરાજય આપ્યો છે. સાઈના પ્રથમ ગેમમાં રિધમ વિનાની જણાતી હતી. બીજી ગેમમાં તેણે લડત આપીને મેચમાં પાછા ફરવાનો પ્રયાસ કર્યો હતો અને એક સમયે તેણે સ્કોર ૩-૦નો કર્યો હતો પરંતુ ચાઈનીઝ ખેલાડીએ સતત સાત પોઈન્ટ હાંસલ કરીને લીડ ૯-૪ની કરી હતી. બ્રેક બાદ તેણે લીડને ૧૭-૧૧ની કરી હતી પરંતુ સાઈનાએ વળતો પ્રહાર કરીને ગેમ પોઈન્ટ મેળવ્યો હતો પરંતુ તે ગેમ જીતવામાં નિષ્ફળ રહી હતી. બીજી તરફ મેન્સ સિંગલ્સમાં ૧૬મા ક્રમાંકિત સમીર ૫૪ મિનિટ સુધી રમાયેલી મેચમાં તાઈપેઈના વાંગ ઝૂ વેઈ સામે ૧૧-૨૧, ૨૧-૧૩, ૮-૨૧થી હારી ગયો હતો.

### પીવી સિંધૂએ ૩૬ મિનિટમાં વિજય મેળવ્યો



વર્લ્ડ ચેમ્પિયન શટલર પી વી સિંધૂ અને એચએસ પ્રણોયે વિજય સાથે પોતાના અભિયાનનો પ્રારંભ કર્યો હતો. સિંધૂએ ૩૬ મિનિટમાં વિશ્વની ૧૯મી ક્રમાંકિત કોરિયાની કિમ ગા યૂનને ૨૧-૧૫, ૨૧-૧૬થી હરાવી હતી. તેનો આગામી મુકાબલો થાઇલેન્ડની બુસાનન ઓંગબામરુંગફાન સામે થશે. સિંધૂ ઉપરાંત પ્રણોયે પ્રભાવશાળી પ્રદર્શન કરીને ચીનના હુઆંગ યૂ શિયાંગને સીધી ગેમમાં ૨૧-૧૭, ૨૧-૧૭થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

### રહાણેએ રાજસ્થાન રોયલ્સનો સાથ છોડ્યો, હવે આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સ માટે રમશે

નવી દિલ્હી : રાજસ્થાન રોયલ્સે ગુરુવારે પોતાના સૌથી અનુભવી ખેલાડી અજિંક્ય રહાણેને દિલ્હી કેપિટલ્સને આપીને તેના બદલે આઈપીએલ પ્લેયર્સ ટ્રાન્સફર વિન્ડોના આધારે લેગ સ્પિનર મયંક માર્કંડેય તથા બોલિંગ ઓલરાઉન્ડર રાહુલ તેવતિયાને પોતાની ટીમમાં સામેલ કર્યા હતા. રહાણે ૨૦૧૧થી ૨૦૧૯ સુધી રાજસ્થાન રોયલ્સ માટે ૧૦૦ મેચ રમ્યો છે અને તેણે ૨૪ મેચમાં કેપ્ટનશિપ પણ કરી હતી. તે ટીમનો સૌથી સફળ બેટ્સમેન પણ રહ્યો હતો. તેણે ૩૪.૨૬ની સરેરાશ અને ૧૨૨.૬૫ના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા હતા. તેણે રાજસ્થાન માટે બે સદી તથા ૧૭ અડધી સદી પણ ફટકારી હતી.

આઈપીએલની ખેલાડીઓની ટ્રાન્સફર વિન્ડોના અંતિમ દિવસે ખેલાડીઓને બીજી ટીમોમાં આપવાની જાહેરાત થઈ હતી. આઈપીએલે યાદીમાં જણાવ્યું હતું કે સફળ સમાધાન બાદ રહાણે હવે દિલ્હી કેપિટલ્સ સાથે જોડાશે.

### વેસ્ટ ઈન્ડિઝનો બેટ્સમેન નિકોલસ પૂરન બોલ ટેમ્પરિંગ મામલે સસ્પેન્ડ

લખનૌ : અફઘાનિસ્તાન સામે સોમવારે રમાયેલી ત્રીજી અને અંતિમ વન-ડે દરમિયાન ફિલ્ડિંગ ભરતી વખતે વેસ્ટ ઈન્ડિઝનો બેટ્સમેન નિકોલસ પૂરન બોલ સાથે ચેડાં કરતો હોવાનો ઘટસ્ફોટ થયો હતો. ગયા વર્ષે બોલ ટેમ્પરિંગના મામલે ઓસ્ટ્રેલિયાના બે સ્ટાર ખેલાડી સ્ટિવ સ્મિથ તથા ડેવિડ વોર્નર એક વર્ષ માટે સસ્પેન્ડ થયા હતા. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાના વધુ એક યુવા ખેલાડી બેનક્રોફ્ટને છ મહિના માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો. વેસ્ટ ઈન્ડિઝના યુવા ખેલાડી નિકોલસ પૂરનનો એક વીડિયો સોશિયલ મીડિયા



ઉપર વાઈરલ થઈ રહ્યો છે જેમાં પૂરન બોલને પોતાના લોઅર સાથે ઘસવા ઉપરાંત નખ દ્વારા તેની ઉપલી સપાટીને ડેમેજ કરવાનો પણ પ્રયાસ કરી રહ્યો છે તે સ્પષ્ટ દેખાય છે. જો તે દોષિત સાબિત થશે તો કેરેબિયન ટીમ માટે આ મોટો ફટકો રહેશે.

# આઈસીસી ૨૦ રેન્કિંગ : ટોચના નવ બોલર્સમાં આઠ સ્પિનર્સ

## દીપક ચહરનો રેકોર્ડ બ્રેક ૮૮ ક્રમાંકની હરણફાળ : બેટિંગમાં રોહિત સાતમા ક્રમે યથાવત્ : મોહમ્મદ નબી ટોચનો ઓલરાઉન્ડર

દુબઈ : બાંગ્લાદેશ સામે માત્ર સાત રન આપીને છ વિકેટ ઝડપીને વર્લ્ડ રેકોર્ડ સર્જનાર ભારતીય પેસ બોલર દીપક ચહરે પોતાના આ રેકોર્ડ બ્રેકિંગ પ્રદર્શન દ્વારા ૮૮ ક્રમાંકની હરણફાળ ભરીને આઈસીસી ટ્વેન્ટી૨૦ રેન્કિંગમાં ૪૨મું સ્થાન હાંસલ કરી લીધું હતું. જોકે આ યાદીમાં ધીમા બોલર્સનો દબદબો જારી રહ્યો હતો. ટોચના પાંચ બોલર્સ અને ટોપ-૯માં આઠ બોલર સ્પિનર છે. ન્યૂઝીલેન્ડના મિચેલ સાન્તેનરે અફઘાનિસ્તાનના રશિદ ખાન બાદ બીજું સ્થાન હાંસલ કર્યું છે. બાંગ્લાદેશ સામેની ત્રીજી અને નિર્ણાયક ટી૨૦ મેચમાં ચહરે ક્રિકેટની સૌથી નાની ફોર્મેટમાં હેટ્રિક ઝડપનાર પ્રથમ ભારતીય બોલર બનવાની સિદ્ધિ હાંસલ કરી હતી. ભારતના અન્ય બોલર્સમાં કૃણાલ પંડ્યાએ (સંયુક્ત ૧૮મા) છ ક્રમાંકની, યુજવેન્દ્ર ચહલે (૨૫મા) નવ તથા વોશિંગ્ટન સુંદરે (૨૭મા) ૨૧ ક્રમાંકની આગેકૂચ કરી છે.

ઈંગ્લેન્ડના ડેવિડ મલાને બેટ્સમેનોની યાદીમાં ત્રીજું સ્થાન મેળવી લીધું હતું. આ યાદીમાં પાકિસ્તાનના બાબર આઝમે ટોચનું તથા ઓસ્ટ્રેલિયાના એરોન ફિન્ચે બીજું સ્થાન જાળવી રાખ્યું છે. બાંગ્લાદેશનો બેટ્સમેન મોહમ્મદ




નઈમ સંયુક્ત રીતે ૩૮મા ક્રમાંકે પહોંચ્યો છે.

ટી૨૦ ઓલરાઉન્ડર્સની યાદીમાં ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલના નહીં રમવાના કારણે અફઘાનિસ્તાનના મોહમ્મદ નબીએ ટોચનું સ્થાન હાંસલ કરી લીધું છે. ઓમાનના જિશાન મકસૂદે છઠ્ઠું સ્થાન મેળવ્યું છે. ટીમ રેન્કિંગમાં પાકિસ્તાને ૨૭૦ પોઈન્ટ સાથે હજુ પણ પ્રથમ ક્રમાંકે છે પરંતુ ઓસ્ટ્રેલિયાએ ત્રણ મેચની શ્રોણી ૨-૦થી જીતીને બંને વચ્ચેનું અંતર હવે માત્ર એક પોઈન્ટનું કરી નાખ્યું છે. ત્યારબાદ ઈંગ્લેન્ડ, સાઉથ આફ્રિકા તથા ભારત યાદીમાં આવે છે.

ભારતીય ઓપનર રોહિત શર્મા ભારતનો ટોચનો બેટ્સમેન રહ્યો છે. તે અગાઉની જેમ સાતમા ક્રમાંકે યથાવત્ રહ્યો છે. રોહિતની કેપ્ટનશિપમાં ભારતે તાજેતરમાં જ બાંગ્લાદેશ સામેની ટી૨૦ શ્રોણીમાં ૨-૧થી વિજય મેળવ્યો હતો. લોકેશ રાહુલે રવિવારે નોંધાવેલી અડધી સદી દ્વારા એક ક્રમાંક આગળ આવીને આઠમું સ્થાન મેળવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી રન બનાવવા માટે ઝઝૂમી રહેલા શિખર ધવન ૧૨મા, બાંગ્લાદેશ સામેની શ્રોણીમાં આરામ કરનાર નિયમિત સુકાની વિરાટ કોહલી ૧૫મા તથા ખરાબ ફોર્મનો સામનો કરી રહેલો વિકેટકીપર બેટ્સમેન રિષભ પંત ૮૯મા ક્રમાંકે સરકી ગયા છે.

# અમેરિકામાં હિમ આફત : ૬૦ મિલિયન લોકોને અસર



ઓસ્ટિન, ટેક્સાસ : અમેરિકામાં ઉત્તર ધ્રુવનાં ઠંડા પવનો ફુંકાતા તેમજ ભારે બરફ વર્ષા થતાં ઉત્તરપૂર્વ અમેરિકાનાં અનેક શહેરો ઠંડાગાર થયા હતા. શિકાગોમાં સોમવારે ભારે હિમવર્ષા થઈ હતી પરિણામે બે એરપોર્ટ પરથી ૧૨૦૦ ફ્લાઈટને રદ કરવામાં આવી હતી.

શિકાગોના ઓહેર એરપોર્ટ ખાતે ૧૧૧૪ અને મિડવે ખાતે ૯૮ ફ્લાઈટ્સ રદ કરાઈ હતી. શિકાગોના રસ્તાઓ પર ક્યાંક અડધો ઈંચથી ૩ ઈંચ સુધી બરફ છવાયો હતો જ્યારે ઈન્ડિયાનામાં ૬ ઈંચ જેટલો બરફ છવાયો હતો. ઉત્તર અને પૂર્વ અમેરિકાનાં રાજ્યો અને શહેરોમાં પારો ગગડીને માઈનસની નીચે ગયો હતો. ૪૮ કલાકમાં ૪૦૦ જેટલા તાપમાનનાં રેકોર્ડ તૂટવાની આગાહી કરાઈ છે. ભારે બરફ વર્ષા થવાની શક્યતાને કારણે ટેક્સાસ, મેરીલેન્ડ અને દરિયાકાંઠાનાં કેટલાક રાજ્યોમાં ખેતીનાં પાકને ભારે નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

હિમવર્ષાને કારણે ૬૦ મિલિયન લોકોને અસર

હવામાન ખાતાના જણાવ્યા મુજબ હિમવર્ષાને કારણે ૬૦ મિલિયન લોકોને અસર થશે. ઈલિનોઈસમાં ૬ ઈંચ અને નોર્થ વેસ્ટ ઈન્ડિયાનામાં તેમજ સાઉથ વેસ્ટ મિશિગનમાં ૧૦ ઈંચ બરફ પડી શકે છે. ઈન્ડિયાના મિશિગન અને વેર્મોન્ટમાં એક ફૂટ કે તેથી વધારે બરફ પડી શકે છે. ડેનવરમાં રસ્તા પર બરફને કારણે કેટલાક વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કેન્સાસમાં હાઈવે પર એક ટ્રક બરફને કારણે રસ્તા પર ઢસડાતા ૮ વર્ષની કિશોરી કેસી રાલ્સ્ટનનું મોત થયું હતું. મિશિગનમાં કેટલીક સ્કૂલો બંધ કરાઈ હતી જ્યારે સેન્ટ લુઈસમાં પણ અનેક સ્કૂલો બંધ કરવાની જાહેરાત કરાઈ હતી.

# પાક.ને આપણા આંતરિક મુદ્દે ટાંગ અડાડવાની બિમારી છે : ભારત

- આતંકવાદના મુદ્દા પર ભારતે પાકિસ્તાનને ઘેરતા કહ્યું કે પાકિસ્તાન પ્રાયોજીત આતંકવાદથી દુનિયા હેરાન

યુનેસ્કો : કાશ્મીર અને અયોધ્યાનો મુદ્દો ઉઠાવા પર યુનેસ્કોમાં ભારતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતે પાડોશી મુલ્કની આલોચના કરતાં કહ્યું કે પાકિસ્તાનને આપણા આંતરિક મામલામાં ટાંગ અડાડવાની માનસિક બીમારી છે.

આતંકવાદના મુદ્દા પર ભારતે પાકિસ્તાનને ઘેરતા કહ્યું કે પાકિસ્તાન પ્રાયોજીત આતંકવાદથી દુનિયા પરેશાન છે. પેરિસમાં યુનેસ્કોના હેડક્વાર્ટરમાં આયોજીત યુનેસ્કોની જનરલ કોન્ફરન્સના ૪૦મા સત્રની સામાન્ય નીતિ ચર્ચા પર પાકિસ્તાનના આરોપોનો જવાબ આપતા ભારતે કહ્યું કે પાકિસ્તાન પ્રોપેગેન્ડા રચી રહ્યું છે અને ભારતના આંતરિક મામલામાં હસ્તક્ષેપ કરી રહ્યું છે. સુપ્રીમ કોર્ટે કાયદાના આધાર પર ચુકાદો આપ્યો છે. પાકિસ્તાન અમારી આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરી રહ્યું છે. તેઓ આ પ્રકારની ધૃણાસ્પદ વાતો ફેલાવી રહ્યા છે તે નિંદનીય છે

# નીતા અંબાણી US મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટના પહેલા ભારતીય ટ્રસ્ટી બન્યા



ન્યૂયોર્ક : રિલાયન્સ ફાઉન્ડેશનનાં અધ્યક્ષ નીતા અંબાણીને ભારતની કળા અને સંસ્કૃતિને સંરક્ષિત કરવા તથા તેનો પ્રચાર કરવામાં તેમની અસાધારણ પ્રતિબદ્ધતા માટે ન્યૂયોર્કના મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટના બોર્ડમાં સામેલ કરાયા છે. તેઓ મ્યુઝિયમના પહેલા ભારતીય માનદ ટ્રસ્ટી બન્યાં છે. દુનિયાના સૌથી મોટા અને સૌથી વધુ દર્શનીય મ્યુઝિયમના ચેરમેન ડેનિયલ બ્રોડસ્કીએ આ જાણકારી મંગળવારે આપી હતી. નીતા અંબાણી છેલ્લા કેટલાંય વર્ષથી મેટ્રોપોલિટન મ્યુઝિયમના પ્રદર્શનોને સપોર્ટ કરતા રહ્યાં છે. નીતા અંબાણીએ ૨૦૧૭માં કહ્યું હતું કે મેટ્રોપોલિટન મ્યુઝિયમ દ્વારા ભારતીય કળાને એક પ્રતિષ્ઠિત સંસ્થામાં પ્રદર્શનની તક મળી અને અમે કળાના ક્ષેત્રમાં કામ ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત થયા. નીતા અંબાણી રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ભારતીય કળા અને સંસ્કૃતિનો દુનિયાભરમાં પ્રચાર કરી રહ્યાં છે. મ્યુઝિયમના ચેરમેન ડેનિયલ બ્રોડસ્કીએ મંગળવારે કહ્યું કે, નીતા અંબાણીની મદદથી મ્યુઝિયમના કળાના અભ્યાસ અને પ્રદર્શનની ક્ષમતામાં વધારો થયો છે. ૨૦૧૭માં પણ મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટે એક ખાસ કાર્યક્રમમમાં નીતા અંબાણીનું સન્માન કર્યું હતું.

# સમિટ ભારત, ચીન, રશિયા અને દ. આફ્રિકા બ્રાઝિલના સંબંધો મજબુત બનાવશે : મોદી

બ્રાસિલિયા : બ્રાઝિલમાં બ્રિક્સ દેશોની વાર્ષીક સમિટ શરૂ થઇ ગઇ છે, જેમાં ભાગ લેવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ પહોંચ્યા હતા. બે દિવસ ચાલનારી આ સમિટમાં બ્રાઝિલ, ચીન, રશિયા, દક્ષિણ આફ્રિકાના વડાઓ પણ આવ્યા છે જેની સાથે મોદી મુલાકાત યોજશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રાઝિલ પહોંચ્યા બાદ ટ્વિટ કરીને તેની જાણકારી આપી હતી, તેમણે કહ્યં હતું કે હું બ્રાઝિલ આવી ગયો છું, અહીં હું બ્રાઝિલના પ્રમુખ જૈર બોલસોનારોની સાથે મુલાકાત કરીશ. બ્રાઝિલ અને ભારત બન્નેમાં કૃષીનું મોટુ યોગદાન રહ્યું છે જેને પગલે કૃષી અંગે પણ આ બન્ને દેશો વચ્ચે કેટલાક કરાર થવાની શક્યતાઓ છે. જ્યારે બ્રાઝિલના સમય અનુસાર નરેન્દ્ર મોદી બુધવારે રશિયાના પ્રમુખ પુતિન સાથે મુલાકાત કરી હતી ત્યારબાદ તેઓ ચીનના પ્રમુખ જિનપિંગને પણ મળે તેવી શક્યતા છે.



મોદીએ જણાવ્યું હતું કે મને પુરી આશા છે કે ૧૧મી બ્રિક્સ સમિટ આ સંગઠન સાથે સંકળાયેલા પાંચેય દેશોને સાંસ્કૃતિકથી લઈને સંરક્ષણ વગેરે મુદ્દે જોડશે. અને વ્યાપાર, કૃષી, અંતરીક્ષ વગેરે મુદ્દે પણ મહત્વનું યોગદાન આપશે.

# કાબુલમાં કાર બોમ્બ વિસ્ફોટ વિદેશીઓ સહિત સાતના મોત

- કાર બોમ્બ વિસ્ફોટને કારણે ૧૦ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા

કાબુલ : કાબુલમાં બુધવારે સવારે ભીડ વાળા વિસ્તારમાં એક નાની વાનમાં વિસ્ફોટ થયો. જેના કારણે ચાર વિદેશી નાગરિકો સહિત સાત લોકોના મોત નીપજ્યા અને ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

આંતરિક મંત્રાલય પ્રવક્તા નસરત રહીમીએ કહ્યુ કે બોમ્બનું લક્ષ્ય એક કનાડાઈ સુરક્ષા કંપની ગાર્ડાવર્લ્ડનુ વાહન હતુ. વિસ્ફોટ જે સ્થળે થયો તે કાબુલ એરપોર્ટના ઉત્તરમાં છે અને આંતરિક મંત્રાલયની પાસે છે.

રહીમીએ કહ્યુ વિસ્ફોટના કારણે અમારા સાત લોકોના મોત થયા અને સુરક્ષા કંપનીના ચાર વિદેશી સભ્યો સહિત દસ લોકો ઈજાગ્રસ્ત થયા છે. રહીમી અનુસાર મૃતક અફઘાન નાગરિક હતા. તેમણે મૃતક વિદેશી વ્યક્તિઓની નાગરિકતાની પુષ્ટિ કરી નથી.

આંતરિક મંત્રી મસૂદ અંદરાબીએ કહ્યુ કે મૃતકોમાં તેર વર્ષનો એક બાળક પણ સામેલ છે. આંતરિક મંત્રાલયના સૂત્રએ જણાવ્યુ કે કારમાં એક આત્મઘાતી હુમલાવરે આ વિસ્ફોટ કર્યો. હુમલાની જવાબદારી હજુ સુધી કોઈએ લીધી નથી.

# સાઉદી અરામકોનો મહાકાય આઈપીઓ ૧૭ નવે.થી ખુલશે

રિયાધ : લાંબા સમયથી જેની રાહ જોવામાં આવી રહી હતી તે સઉદી અરામકોનો આઈપીઓ ૧૭ નવેમ્બરના રોજ ખૂલશે અને ચાર ડિસેમ્બર સુધી આ આઈપીઓમાં ભાગ લઈ શકાશે. પાંચ ડિસેમ્બરના રોજ શેરની કીંમત નક્કી કરવામાં આવશે. શનિવારે અરામકોના આઈપીઓનું પ્રોસ્પેક્ટસ જારી કરવામાં આવ્યું હતું. આ આઈપીઓને વિશ્વનું સૌથી મોટું આઈપીઓ ગણવામાં આવે છે.

વર્ષોના વિલંબ પછી આ આઈપીઓની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. રિયાધ સ્ટોક એક્સચેન્જ અરામકોના શેરનું લિસ્ટિંગ કરવામાં આવશે. અરામકોને વિશ્વની સૌથી નફાકાક કંપની ગણવામાં આવે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર રીટેલ રોકાણકારોને કંપનીના કુલ શેરોના ફક્ત ૦.૫ ટકા જ ફાળવવામાં આવશે. સંસ્થાકીય રોકાણકારોને કેટલા ટકા શેર ફાળવવામાં આવશે તે હજુ સુધી નક્કી કરાયું નથી. ઉલ્લેખનીય છે કે અરામકોએ ગયા વર્ષે ૧૧૧.૧ અબજ ડોલરનો ચોખ્ખો નફો કર્યો હતો. ચાલુ વર્ષના પ્રથમ ૯ મહિનામાં કંપનીનો નફો ૧૮ ટકા ઘટીને ૬૮.૨ અબજ ડોલર રહ્યો છે.

# પાકિસ્તાનમાં મંદીની અસર : રોડ બનાવવા ચીન પાસે ૯ અબજ ડોલરની મદદ માગી

- આતંકવાદને પગલે પાક.ની પડખે ઉભું રહેવા કોઈ તૈયાર નથી

ઈસ્લામાબાદ : આતંકવાદ ફેલાવી રહેલું પાકિસ્તાન હવે ચીન પાસે ભીખ માગવા લાગ્યું છે. પાકિસ્તાન અને ચીન વચ્ચેના સીપીઈસી કોરિડોર માટે પાકિસ્તાને

ચીન પાસેથી મદદ માગી છે. એવા અહેવાલો છે કે પાકિસ્તાને ચીન પાસેથી નવ બિલિયન ડોલરની સહાય માગી છે. આ સહાયનો ઉપયોગ પાકિસ્તાન સીપીઈસી અંતર્ગત રોડ બનાવવા માટે કરી શકે છે.

પાકિસ્તાનના મીડિયામાં જણાવવામાં આવ્યું છે કે સીપીઈસીની નવમી જોઈન્ટ કોઓપરેશન કમિટીની મીટિંગ મળી હતી. આ બેઠકમાં ગ્વાદર સ્માર્ટ સિટી માસ્ટર પ્લાનને મંજૂરી આપવામાં આવી હતી, જે માટે બન્ને દેશો વચ્ચે એમઓયુ પણ થયા હતા.

આ દરમિયાન જ પાકિસ્તાને ચીન પાસે રોડ રસ્તા વગેરેના કામ માટે નવ બિલિયન ડોલરની મદદની માગણી કરી હતી. આ દરમિયાન બેઠકમાં સામેલ થયેલા ડેલિગેશને ૩૯૨ કિમી લાંબા મુલ્તાન સુક્કુર મોટરવેનું ઉદઘાટન પણ કર્યું હતું.

આ જેસીસીની બેઠકમાં પાકિસ્તાનના પ્લાનિંગ મિનિસ્ટર મખદુમ અને ચીનના નેશનલ ડેવલપમેન્ટ રિફોર્મ કમિશનના વીસી નિંગ જિંઝે પણ સામેલ થયા હતા. આ કમિટીએ એક જોઈન્ટ ગ્રુપની પણ રચના કરી હતી જે નાણાકીય વ્યવસ્થા કરવામાં મદદ કરશે. પાકિસ્તાન હાલ આર્થિક મંદીનો સામનો કરી રહ્યું છે.

# વસાહતીઓ માટે નોકરી કરતા ધંધા-ઉદ્યોગનું મહત્વ વધુ

## બિઝનેસ ડેવલપમેન્ટ બેંક ઓફ કેનેડાના અભ્યાસમાં તારણ નીકળ્યું, વેપાર ધંધામાં મૂળ કેનેડાના લોકો કરતા અન્યોની સંખ્યા બમણી

- ૨૦૧૮માં આવા નવા ઉદ્યોગપતિઓની સંખ્યા વધીને ૨૨% એટલે કે ૨,૫૧,૬૦૦ પર પહોંચી

ઓન્ટેરિયો : બિઝનેસ ડેવલપમેન્ટ બેંક ઓફ કેનેડાએ હાથ ધરેલા એક નવા અભ્યાસમાં તારણ નીકળ્યું છે કે, કેનેડાના ધંધા-ઉદ્યોગ ક્ષેત્રમાં મૂળ કેનેડીયનો કરતા વસાહતીઓની સંખ્યા વધુ છે. વસાહતીઓ અહીં આવીને નોકરી કરવાના બદલે પોતાનો જ વ્યવસાય શરુ કરી સ્થાનિક લોકોને રોજી-રોટી આપવાનું પસંદ કરે છે.

આ ક્ષેત્રમાં કેનેડામાં જન્મેલા લોકોનું પ્રમાણ સરખામણીએ ઓછું છે. બી.ડી.સી. કહે છે કે, કેનેડામાં જન્મેલા લોકો કરતા બહારથી આવેલા વસાહતીઓની સંખ્યા કેનેડાના ધંધા-ઉદ્યોગમાં બે ગણી છે અને વસાહતીઓ વધુને વધુ મહત્વના ધંધા-ઉદ્યોગ પર ધ્યાન કેન્દ્રિત કરવા લાગ્યા છે.

અહીં આવનારા વસાહતીઓ મોટા પ્રમાણમાં કોઈ સંશાધનો ખરીદવા અથવા એવા કોઈ પણ વિકલ્પને વધુ પસંદ કરે છે કે, જે છેવટે પોતાના ધંધા-ઉદ્યોગ શરુ કરવામાં મદદરૂપ બને. ૨૦૦૬ કરતા ૨૦૧૮માં આવા નવા ઉદ્યોગપતિઓની સંખ્યા વધીને ૨૨% એટલે કે ૨,૫૧,૬૦૦ પર પહોંચી છે. ૨૦૩૨ સુધીમાં કેનેડાની કુલ વસ્તીના ૮૦% વસાહતીઓ પોતાના ઉદ્યોગ-ધંધા કરતા હશે. બી.ડી.સી.એ આગાહી કરી હતી કે, આગામી દાયકા દરમિયાન બહારથી આવનારા અને ધંધા-ઉદ્યોગ કરનારાઓનું પ્રમાણ મોટા પ્રમાણમાં વધી જશે. કારણ કે, કેનેડામાં આવતા વસાહતીઓ જુદા-જુદા ઔદ્યોગિક અને વેપારી ક્ષેત્રમાં હાથ અજમાવવાનું પસંદ કરે છે. જે લાંબા ગાળે વિવાદો પણ ઉત્પન્ન કરી શકે છે. વસાહતીઓ સાથે સાથે વધુ મહિલાઓ અને વરિષ્ઠ કેનેડીયનો પણ પોતાના વ્યવસાય શરુ કરવાનો આગ્રહ રાખતા થયા છે. બી.ડી.સી.એ નોંધ્યું છે કે, વસાહતીઓ તરફથી જે નોકરીઓ આપવામાં આવે છે તે સ્થિતિ સંતોષકારક છે.

### એક તૃતીયાંસથી વધુ નવા આગંતુકોને પાંચ વર્ષથી પોતાનો વ્યવસાય

હાલમાં ત્રણ ડઝનથી વધુ સાહસિકોનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં મોટાભાગના વ્યવસાયીઓએ આર્થિક સલામતી, અસાધારણ માનસિક કસરત અને કંપની તરફથી રોકવામાં આવેલા કામદારોની સરખામણીમાં પોતાના ઉદ્યોગમાંથી સંતોષકારક વળતર મળે છે તેમ જણાવ્યું હતુ. આશરે એક તૃતીયાંસથી વધુ નવા આગંતુકો પાંચ વર્ષથી પોતાનો વ્યવસાય ચલાવી રહ્યા છે અને ૧૦ વર્ષના અનુભવ પછી બીજા લોકો નવો વ્યવસાય શરુ કરે છે. જો કે, વસાહતીઓમાં રહેલી કેટલીક આવશ્યક કુશળતાઓ તેમને સફળ અને સંતોષકારક ઉદ્યોગ સાહસિક બનાવે છે.

# ચાઈના અયોગ્ય રીતે તેની નાણાકીય અને સૈન્ય તાકાત વધારી રહ્યું છે: નિક્કી હેલી

વોશિંગ્ટન : ભારત અને ચીન વિશ્વના બે ઝડપથી વિકાસ પામતા અર્થતંત્રો છે પણ ચીન સમગ્ર વિશ્વ માટે અને ખાસ કરીને અમેરિકન અર્થતંત્ર માટે વધુ જોખમી છે તેમ ભારતીય મૂળના અમેરિકન નેતા નિક્કી હેલીએ પોતાના નવા પુસ્તકમાં જણાવ્યું છે.

સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના પૂર્વ એમ્બેસેડરે પોતાના નવા પુસ્તક 'વીથ ડયુ રિસ્પેક્ટ'માં જણાવ્યું છે કે અમેરિકાને આજના સમયમાં સૌથી મોટો ખતરો ચીન તરફથી છે. હેલીએ જણાવ્યું છે કે ચીન અયોગ્ય રીતે સમગ્ર વિશ્વમાં પોતાની નાણાકીય અને સૈન્ય તાકાત વધારી રહ્યું છે. ચીન ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીની પણ ચોરી કરી રહ્યું છે. તે ઉત્તર કોરિયાને પણ મદદ કરી રહ્યું છે. બે વખત સાઉથ કેરોલિનાના ગવર્નર રહી ચૂકેલા હેલીએ વધુમાં જણાવ્યું છે કે ચીનની સરકાર દ્વારા સૌથી વખત માનવાધિકારોનો ભંગ કરવામાં આવ્યો છે. ઈરાનને પરમાણુ શસ્ત્રો ન મળે તે માટે અમેરિકા કટિબદ્ધ છે જો ઈરાનને પરમાણુ શસ્ત્રો મળશે તો તે વિશ્વ માટે જોખમી બનશે. હેલીએ ભારતની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે ભારત પણ પરમાણુ દેશ છે પણ તેનાથી વિશ્વના કોઈ પણ દેશને ખતરો નથી કારણકે ભારત એક લોકશાહી દેશ છે.

# હોલ્ટન સિનિયર્સ સમાજનું સ્નેહમિલન

- ગરબા તથા ગીત સંગીતની રમઝટ જામી, ખેલૈયાઓનું સન્માન કરાયું



મિલ્ટનઃ હોલ્ટન ગુજરાતી સિનિયર્સ સમાજનું દિપાવલી સ્નેહમિલન સુભદ્રાબેન પટેલ, રંજનબેન ખંડેરિયા, શ્રુતિબેન દેસાઈ દ્વારા સુશોભિત, મિલ્ટન બાઈબલ ચર્ચમાં તા.૧૦-૧૧-૨૦૧૯ના રોજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સેક્રેટરી હસુબેન સ્થાનકીયાએ, પ્રથમ કમિટીના સભ્યોનો પરિચય આપી, ગત મિટિંગની વાતો કરી હતી. જે બાદ તેમણે દિપાવલી અને નુતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

સમારોહમાં હોલ્ટન પ્રદેશના સામાજિક-રાજકીય મહાનુભાવો મિલ્ટનના મેયર ગોર્ડન ક્રાંત્ઝ, નવનિર્વાચિત એમ. પી. એડમ વાન કોવેર્ડેન, એમ.પી.પી.પરમ ગિલ, ભારતીય કોન્સુલેટના પ્રતિનિધિ મુન્જાલજી, રીજીઓનલ અને કાઉન્સીલર્સ કોલીન બેસ્ટ, માઈક ક્લુઅટ્ટ, રીક ડી લોરેન્ઝો, વગેરેની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી તેમજ કેક કાપી આરંભ કરાયો હતો. કસાંસ્કૃતિક કાર્યક્રમમાં રિદ્ધી ગુપ્તા, બોલીવુડ ફ્યુઝનના દક્ષા પટેલ ગ્રુપ, પ્રતિષ્ઠિત નૃત્ય-કલાકાર અનોખી દળવી, જીયા અને રિયા દેસાઈ, પ્યોર સોઉલ એકેડેમી ગ્રુપ દ્વારા વિવિધ પ્રકારના નૃત્યોને સર્વેએ નિહાળ્યું હતુ. જયારે દર્શના ઠાકરના સ્વરાન્ગીની ગ્રુપે ગરબાની રમઝટ બોલાવી હતી.

# ડીસ્કાઉન્ટની ઓફરને પગલે કેનેડિયનો વેરીએબલ મોરગેજ તરફ વળવા માંડ્યા

ટોરન્ટો : કેનેડિયન મોરગેજ એન્ડ હાઉસિંગ કોર્પોરેશનના નવા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, વિવિધ દર વાળી મોરગેજ બજારમાં પ્રવેશનાર કેનેડીયનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. મોટાભાગના મકાન ખરીદનારા કેનેડીયનો ૫ વર્ષના નિશ્ચિત વર્ષ માટે કરાર કરે છે.

જુદા-જુદા દરવાળી મોરગેજ યોજનામાં વર્ષ ૨૦૧૮માં ૪૪% લોકોની સંખ્યા હતી. જે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સૌથી વધારે હતી એમ સી.એમ.એચ.સી.ના રેસીડેન્સીયલ મોરગેજ ઈન્ડસ્ટ્રીઝ રિપોર્ટ કે જે બુધવારે પ્રકાશિત કરવામાં આવ્યો હતો તેમાં જણાવાયું હતુ. સી.એમ.એચ.સી.ના સિનિયર ઈકોનીમીસ્ટ અને રિસર્ચ એનાલિસ્ટ સિમસ બેન્વેલે જણાવ્યું હતું કે, વિવિધ દર વાળી યોજના તરફ લોકોનું આકર્ષણ ૨૦૧૭ના અંતમાં શરુ થયું હતું અને ૨૦૧૮ની શરૂઆતમાં વિવિધ દર વાળી મોરગેજ યોજનાઓમાં ભારે આકર્ષક ડિસ્કાઉન્ટ આપવામાં આવતું હોવાથી ધસારો વધ્યો હતો.

ભવિષ્યમાં વ્યાજના દરની ગણતરી અને અપેક્ષામાં વધારો થતાં અને અપેક્ષા મુજબ વ્યાજના વળતરમાં વધારો થતા ડિસ્કાઉન્ટ આપવાની પ્રથા શરુ કરવામાં આવી હતી. છેલ્લા પાંચ વર્ષથી બોર્ડ વ્યાજના દરોમાં આકર્ષક વધારો કરતુ હોવાથી વૈવિધ્યવાળા વ્યાજના દર વાળી મોરગેજ યોજનમાં મકાન ખરીદનારોનું પ્રમાણ વધ્યું હતું એમ બેન્વેલે જણાવ્યું હતું. તમારી સામે રહેલા બે વિકલ્પમાંથી કયો વિકલ્પ પસંદ કરવો એ તમારા પર આધાર રાખે છે. તમે જાણતા હો છો કે લોનના સમયગાળા દરમિયાન વ્યાજના દર કેટલા રહેશે. જયારે વિવિધ વ્યાજના દર વાળી લોનમાં એ શક્ય નથી છતાં આ યોજનમાં ડિસ્કાઉન્ટના આકર્ષણના કારણે મકાન મોરગેજ રાખનાર લોકોની પસંદગી વધી છે.

# બાંગ્લાદેશમાં બે ટ્રેનની સામ-સામી ટક્કરઃ ૧૬ના મોત, ૫૦થી વધુ ઘાયલ



બાંગ્લાદેશના બ્રાહ્મણબરિયા જિલ્લામાં મંગળવારે ભીષણ રેલ અકસ્માત થયો હતો જેમાં ઓછામાં ઓછા ૧૬ લોકોના મોત થયા છે અને ૫૦થી પણ વધારે લોકોને ઈજાઓ પહોંચી છે. હાલમાં ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા છે અને મૃતકઆંક વધુ ઉંચો જવાની શક્યતા જણાઈ રહી છે.

# રાધા કૃષ્ણા મંદિરે દિવાળી ડિનરઃ ફિલ્મી ગીતો ગૂંજ્યા

## મંદિરને શણગારી દિવાળીનુ મહત્વ સમજાવાયું, મીમીક્રી અને નૃત્ય રજૂ થયા : અંતાક્ષરીની રમઝટ જામી

ટોરન્ટો : શ્રી રાધા કૃષ્ણ મંદિર સ્કારબોરો, ટોરન્ટો ખાતે ૯મી નવેમ્બર ૨૦૧૯ના રોજ દિવાળી ડિનરના કાર્યક્રમનું આયોજન કરાયું હતુ. કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય થયા બાદ હર્ષિદાબેને ગીત ગાયા હતા. આ સાથે અયોધ્યામા રામમંદિર અંગેના કોર્ટના ચુકાદાને પણ વધાવાયો હતો. સાથે જ કાર્યક્રમમાં રામ ભગવાનની પ્રતિમા પણ મુકાઈ હતી. જે બાદ દિવાળીનું મહત્વ, તેની ઉજવણી તથા વિવિધ વાનગીઓ અંગે ભાવ્યા પટેલ તથા સાર્થક પંડ્યાએ વિસ્તારથી સમજણ આપી હતી. ત્યારબાદ નાના મોટા સૌએ દીપ પ્રગટાવી આખા મંદિરને રોશનીથી ઝગમગાવી દીધું હતુ. પ્રીતી આચાર્ય અને ભરત વ્યાસે નવા જૂના ગીતો ગાઈ મનોરંજન પીરસ્યું હતુ. અજીત પટેલે સુંદર મીમીક્રી કરીને સૌને ખૂબ હસાવ્યા હતા. મહર્ષિ ભાવસાર અને કૃણાલ પંડ્યાએ અંતાક્ષરીની રમઝટ બોલાવી હતી. જે બાદ રાફલ ટીકીટનું વિતરણ કરાયું હતુ. જેમાં ૩ ઈનામો રાધા કૃષ્ણ મંદિર તરફથી અપાયા હતા. ૬ વર્ષની બંસી પટેલ અને ખુશ્બુ દક્ષિણીએ સુંદર નૃત્ય કરી શ્રોતાઓનું દીલ જીતી લીધુ હતુ. જે બાદ જમવાની શરૂઆતમાં સુરતી સ્વીટ માર્ટ તરફથી ઢોંસાનો રોલ અને સમોસાનો સ્વાદ સૌએ માણ્યો હતો. ત્યારબાદ ડીનરમાં ગોવર્ધન થાળનું સ્વાદિષ્ટ ઉંધીયું, પુરી, જલેબી, પુલાવ તથા કઢી પીરસવામાં આવ્યા હતા. કાર્યક્રમના સ્પોન્સર તરીકે સુરતી સ્વીટ માર્ટ, ચંદ્રેશભાઈ, રાજીવ શર્મા, અમન બ્યુટિક, મંદિર ડેકરોશનમાં દિવાળી થીમ અંગે નટરાજ યુથ કલ્ચરલ ઓર્ગોનાઈઝેશન તરફથી સહયોગ અપાયો હતો. રીતેશ પંડ્યા, હર્ષિદાબેન પટેલ સહિત અનેક વોલિયેન્ટર્સે કાર્યક્રમમાં સેવા આપી હતી. જયારે ચિંતન ભાવસાર, રુચી પંડ્યા, સંદિપ વોરા વગેરેએ કાર્યક્રમનું સફળ આયોજન કર્યું હતુ.




HONEST
RESTAURANT
Launching SOON IN ETOBICOKE
bringing you goodness of taste from GUJARAT
Address: 25 Woodbine
Downs Blvd, Unit 5,
Etobicoke, ON,
M9W 6N5, Canada
follow us on HonestRestaurantEtobicoke
HONEST

સસ્તી ટિકીટો અને સરસ સેવા માટે કાયમ નંબર વન

ઓછામા ઓછા ભાડાની ખાતરી આપતું એક માત્ર ટ્રાવેલ્સ

LOWEST FARES GUARANTEED

Rank One Travels & Tours

SPECIAL SEAT SALE

www.rankonetravels.com

એર ઈન્ડિયાની ફ્લાઈટમાં સૌથી સસ્તા દરે મુસાફરી કરો



FARES TO

MUMBAI, AHMEDABAD, VADODRA, KOLKATA, DELHI, BANGALURU, CHENNAI, HYDERABAD

AIRTRAVEL - HOTEL - VACATION PACKAGES - CRUISES - INSURANCE

CALL US TODAY!

905.672.5300 I 1-866.929.5300

Email: rajesh@rankonetravels.com

tico.ca
Travel Industry Council of Ontario
LIC: 50021002

49, Hillcrest Avenue,
Unit - 203, Brampton L6W 4V4

CLIA CRUISE LINES INTERNATIONAL ASSOCIATION, INC.

PSCC

Pharma–Medical
Science College of Canada

416-821-4876
647-996-5876

Start Your Future Career Today!





New Classes Starting Soon

**Diagnostic Medical Sonography**

New class beginning **September 9, 2019.** Our seasoned instructors will equip you with all the skills you need to succeed. 8 months of co-op. Gain practical experience with our modern equipment.

**Personal Support Worker**

New class beginning **October 9, 2019.** Discover a rewarding career on the front-line of healthcare and make a difference in your community. **Post-graduation career counselling incl.**

**Medical & Health Related**

- Diagnostic Cardiac Sonography
- Diagnostic Medical Sonography (Probationary)
- Registered Massage Therapy
- Advanced Esthetics
- Acupuncture
- Medical Lab Technician
- Medical office Administrator
- Pharmacy Assistant
- Personal Support Worker
- Physiotherapist/Occupational Therapist Assistant

**Pharmaceutical &Food Related**

- Pharmaceutical QA & QC
- Pharmaceutical QC
- Pharmaceutical QA & RA
- Pharmaceutical Manufacturing Technology
- Food Safety & Quality
- Food, Nutrition and Health

**Human Services Diploma**

- Early Childcare assistant
- Community Service Worker

Financial Assistance Available for those who qualify

Ready to enroll? Give us a call today!

505 Consumers Road, Suite 100, North York, ON. M2J 4V8
info@pharmamedical.ca, www.pharmamedical.ca

Follow us on: